

અટવીમાં ભૂલાં પડેલાં

ટૉલસ્ટૉયે કેવળ લોકોના મનોરંજનને અર્થે વાર્તાઓ ને નવલકથાઓ લખવાનું છોડી સત્યની શોધ ને તેના પ્રચારનો

કહી શકાય. કલા માણસને રસ આપવાની સાથે તેની આત્મોન્નતિમાં કેવો ફાળો આપી શકે એનાં આ સરસ ઉદાહરણ છે.

કિ. ઘ. અઠી

બે નવલકથા

[‘ જીવનવન ’ તથા ‘ શેઠ અને ચાકર ’]

[લીઓ ટૉલસ્ટૉયની Ivan Ilych તથા Master and Man નામની બે નવલકથાઓનો અનુવાદ]

અનુવાદક

ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

[પુણ્યશ્લોક ગાંધીજી, ગાંધીજી સાથે અઠવાડિયું, ગાંધીજીને જગવંદના, ગાંધીજીના જીવનપ્રસંગ, ગાંધીજીની યુરોપયાત્રા, તથા સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના હિંદુ ધર્મ, વેદની વિચારધારા, ધર્મોનું મિલન, મહાભારત, ગીતાદર્શન, વગેરે ગ્રન્થોના અનુવાદક]

☆

વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ લિમિટેડ

☆

એન. એમ. ઠક્કર ઍન્ડ કંપની

પબ્લિશર્સ ઍન્ડ બુકસેલર્સ

પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

શ્રી. ચંદ્રશંકર શુક્લનાં ઇતર પુસ્તકો

સીતાહરણ (પાંચમી આવૃત્તિ.)

પિરામીડની છાયામાં

☆

અનુવાદો

ચીનનો અવાજ—લોવેઝ ડિકિન્સન (બીજી આવૃત્તિ)

ધર્મસંસ્થાપન—ગાંધીજી

રચનાત્મક કાર્યક્રમ—ગાંધીજી

રચનાત્મક કાર્યક્રમ—રાજેન્દ્રપ્રસાદ

હિંદુ જીવનદર્શન—રાધાકૃષ્ણન

મહાત્મા ગાંધી—રાધાકૃષ્ણન

અહિંસાની તાલીમ—ગ્રેગ

ગાંધીજીને જગવંદના—રાધાકૃષ્ણન (બીજી આવૃત્તિ)

ધર્મોનું મિલન—રાધાકૃષ્ણન

ગાંધીજીના જીવનપ્રસંગ—મીલી પોલાક

પુણ્યશ્લોક ગાંધીજી (લેખસંગ્રહ)

ગાંધીજી સાથે અઠવાડિયું—લુઇ ફીશર

હિંદુ ધર્મ—રાધાકૃષ્ણન

વેદની વિચારધારા—રાધાકૃષ્ણન

યુવાનોની સંસ્કારસાધના—રાધાકૃષ્ણન

ચૂપ નહીં રહેવાય—ટૉલસ્ટૉય

ગાંધીજીની યુરોપયાત્રા—મ્યુરીએલ લેસ્ટર

ગાંધીવાદી આર્થિક યોજના—આચાર્ય અગ્રવાલ

આવૃત્તિ પહેલી : ૧૯૪૫

કિંમત અઢી રૂપિયા

પ્રસ્તાવના

ટૉલસ્ટૉયે ઇ. સ. ૧૮૭૭ માં 'ઍના કૅરેનીના' નામની નવલકથા પૂરી કર્યા પછી, એ જાતનું સાહિત્ય ન લખવાનો સંકલ્પ કર્યો, ને ધર્મગ્રન્થોના ઊંડા અભ્યાસ તથા આત્મપરીક્ષણ તરફ વળ્યા. આ પરિવર્તનથી એમના જીવનની ઉત્તરાવસ્થા શરૂ થઇ ગણાય. તે પછી પણ તેમણે 'એ કન્ફેશન' જેવો આત્મકથારૂપ ગ્રન્થ લખ્યો. એ નાનો છે, છતાં કલા અને આત્મકથનની દૃષ્ટિએ જગતનાં સર્વશ્રેષ્ઠ આત્મવૃત્તોની હારમાં મૂકી શકાય એવો છે, એમ પ્રસિદ્ધ ટીકાકારોનું માનવું છે. એમના ચરિત્રલેખક એલ્મર મૉડ લખે છે કે "ટૉલસ્ટૉયે આ સિવાય બીજું એકેય પુસ્તક ન લખ્યું હોત, તોયે તેમનું નામ મહાન લેખક તરીકે, સ્પષ્ટ વિચારક તરીકે, અને બે છેડા વચ્ચેનો મધ્યમમાર્ગ બતાવી માનવજાતિની કીમતી સેવા કરનાર તરીકે, કાયમ રહી જાત."[૧] 'ત્યારે કરીશું શું ?' એ ગ્રન્થ પણ આ જ કાળમાં લખાયો.

આ આત્મમંથન દરમ્યાન તેમને જે સત્યો જડેલાં તે વાર્તા-સાહિત્ય દ્વારા લોકો સુધી પહોંચાડવાનો આરંભ તેમણે કર્યો, તેને પરિણામે લખાયેલી—સાવ નાની વાર્તાઓને બાદ કરતાં—પહેલી સમર્થ કલાકૃતિ તે 'જીવનવન' ('ધી ડેથ ઑફ ઇવાન ઇલીચ') હતી. માણસને જીવનમાં ગમે તેટલા પૈસા મળે કે ગમે તેટલી સુખસગવડો મળે તોપણ, એ જીવન જો પરાર્થે ન

૧. 'ધી લાઈફ ઑફ ટૉલસ્ટૉય', વૉ. ૧, પૃ ૪૧૨.

વપરાયું હોય તો તે નિરર્થક છે, એળે ગયું છે, એટલું જ નહીં પણ ભયંકર છે, એ ઇવાન ઇલીચની જીવનકથા દ્વારા તેમણે બતાવ્યું છે. તેઓ કહે છે: "જે માણસ પોતાને ખાતર ને પોતાની વિષય-વાસનાઓને સંતોષવા સારુ જીવે છે તેની સ્ત્રી ગમે તેટલી રૂપવતી હોય ને તેને ગમે તેટલી કીર્તિ ને સંપત્તિ પ્રાપ્ત થાય તોપણ તે સુખી થઇ શકે નહીં."[૨] એ જ વસ્તુ વર્ણવતાં મોડ કહે છે: "આ પુસ્તકોમાં તેઓ એવા નિર્ણય પર આવ્યા કે પોતાના જ સ્વાર્થને ખાતર જીવન ગાળનાર કોઇ પણ સમજુ માણસને માટે એ જીવન દુઃખમય નીવડ્યા વિના ન રહે. એમાંથી છૂટવાનો એકમાત્ર રસ્તો એ છે કે માણસે પોતાનું જીવન પરમાત્માના જીવનમાં—આપણાં વ્યક્તિગત જીવનનો અન્ત આવશે ત્યારે પણ ટકી રહેનાર, અને આપણને આપણી બહારથી મળનાર, બુદ્ધિના પ્રકાશમાં—ભેળવી દેવું. ધરતી પર હાલ તુરત સ્વર્ગરાજ્ય સ્થાપવાના પ્રયત્નમાં પરમાત્મા સાથે ભળીને કામ કરનાર માણસને માટે જીવન એ આશીર્વાદરૂપ છે. પોતાનો જ સ્વાર્થ સાધવા મથનારને માટે જીવન એ દુર્ભાગ્યરૂપ છે, કેમકે મૃત્યુ એ પ્રયત્નને હંફાવ્યા વિના રહેતું નથી."[૩] પ્રસ્તુત કથાનો નાયક ઇવાન આના ઉદાહરણરૂપ છે. તેથી તેનું જીવન, સુખ માટેની સર્વ સાધનસામગ્રી તેની પાસે મોજૂદ હોવા છતાં, દુઃખ અને વિષાદથી ભરેલું છે; ને તેથી જ એને માટે 'જીવનવન' એ નામ સાર્થક ઠરે છે. કૌટુંબિક જીવનમાં પણ પતિ અને પત્ની જ્યારે પોતપોતાના વ્યક્તિગત સુખની જ ઝંખના કરે છે ત્યારે ગૃહજીવન કેવું કલેશમય બની જાય છે એનો પણ ચિતાર આમાં આપેલો છે. મૃત્યુ જ એ વેદનાનો અન્ત લાવે છે. પણ મૃત્યુને ટૉલસ્ટૉયે બીપણ નથી આલેખ્યું. પ્રેક્ષકોને જ્યારે જીવનનો ખેલ ખલાસ થતો દેખાય છે ત્યારે મરતો માણસ મૃત્યુને જ મરી જતું

૨. 'ચૂપ નહીં રહેવાય,' પૃ. ૮૮

૩. 'એ કન્ફેશન'ની પ્રસ્તાવના, પૃ ૯.

જુએ છે, 'મૃત્યુ મરી ગયું રે લોલ,' એમ લલકારે છે, ને આ જીવન કરતાં વિશાળ અને અધિક તેજસ્વી એવા નવજીવનમાં પ્રવેશ કરે છે.

જીવનજ્યોતિપૂર રસાળું જગોજગ વ્યાપિયું રે લોલ,
અમરપણું પ્રગટયું પછી તત્ક્ષણ મૃત્યુ મરી ગયું રે લોલ.
(સ્મરણસંહિતા)

કથાના આ કરુણ છતાં પ્રેરક એવા અન્તની સાથે વાચક પણ દુઃખ અને કલેશથી ભરેલા આ લોકની પાર જઈ ક્ષણભર એ અફાટ જીવનસાગરની ઝાંખી કરી શકે છે.

'શેઠ અને ચાકર' (માસ્ટર ઍન્ડ મૅન) એ પહેલેથી છેલ્લે સુધી અત્યંત રસિક એવી સાહસકથા છે. બરફના તોફાનમાં સપડાયેલા શેઠ અને ચાકરનો ચિતાર લેખકે આબેહૂબ ખડો કર્યો છે. નાનાં બાળકો તેમજ મોટેરાં સરખા રસથી વાંચી શકે એવી આ વાર્તા છે. ગમે તેટલા સ્વાર્થી માણસને પણ અન્તકાળે સદ્બુદ્ધિ સૂઝે ત્યારે તે પોતાનું મોત કેવું સુધારી લે છે, એનું જે દૃષ્ટાન્ત એમાં આલેખ્યું છે તે વાંચનારના સ્મરણપટ પરથી કદી ભૂંસાય એવું નથી. એમાં પણ વાસીલીને મૃત્યુ ભીષણ ને અકારું નથી લાગતું, પણ આવકારપાત્ર લાગે છે ને તેની ભેટ કરતાં એને પરમ આનંદ ઊપજે છે. ટૉલસ્ટૉયે પૂર્વાવસ્થામાં, પોતાને ખરેખર થયેલા અનુભવ પરથી, 'બરફનું તોફાન' નામની એક આ જ જાતની વાર્તા લખેલી. તેમાં તો ભૂલા પડેલા મુસાફરો આખી રાત રવડી પહો ફાટયે મુકામે પહોંચી જાય છે. એને જ મળતો બીજો પ્રસંગ આલેખી તેમણે જગતના સાહિત્યમાં કાયમ ટકે એવી એક અમર કલાકૃતિ સરજાવી; અને તેમાં વાસ્તવદર્શન તથા આદર્શનિષ્ઠા બેનો સુભગ સંયોગ સાધી બતાવ્યો. કલા પણ માણસની આત્મોન્નતિમાં કેવો મોટો ફાળો આપી શકે છે એનાં આ બે સરસ દૃષ્ટાન્તો છે.

ગોધરા, ૧૮–૩–૪૫ ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ

અનુક્રમણિકા

બે નવલકથા

★ જીવનવન ★

૧

અદાલતના મોટા મકાનમાં મેલવિન્સ્કીનો મુકદ્દમો ચાલતો હતો. વચલી છુટ્ટીની વેળા હતી. ન્યાયાધીશો ને સરકારી વકીલ ઇવાન શેબેકના ખાનગી ઓરડામાં ભેગા થઇને બેઠા હતા. ત્યાં ક્રાસોવ્સ્કીના પ્રસિદ્ધ મુકદ્દમાની વાત નીકળી. ફેડોર વાસીલીએવીચ સહેજ જુસ્સાથી કહેવા લાગ્યોઃ 'એ કેસ આપણી હકૂમતમાં નથી.' ઇવાન ઇગોરેવીચે એથી ઊલટો મત દર્શાવ્યો. પીટર ઇવાનોવીચ ચર્ચામાં શરૂઆતથી સામેલ થયેલો નહીં, એટલે તેણે એમાં કશો ભાગ ન લીધો, ને તરતમાં જ આવેલું 'ગેઝેટ' વાંચવું ચાલુ રાખ્યું.

'ગૃહસ્થો!' તે એકાએક બોલી ઊઠ્યો, 'ઇવાન ઇલીચ ગુજરી ગયા, જાણ્યું?'

'શી વાત કરો છો? હોય નહીં!'

'લો આ રહ્યું. તમે પોતે વાંચી જુઓ,' કહી પીટરે સંચા પરથી તાજો જ ઊતરેલો છાપાનો અંક ફેડોરના હાથમાં મૂક્યો. કાળી લીટીવાળા ચોકઠાની અંદર આ શબ્દો છાપેલા હતાઃ 'પ્રાસ્કોવિયા ગોલોવીનાને સગાંસંબંધી તથા મિત્રોને તેના પ્રિય પતિ ઇવાન ઇલીચ ગોલોવીન, જે ન્યાયની અદાલતના ન્યાયાધીશ હતા, તેમના ૧૮૮૨ ના ફેબ્રુઆરીની ૪ થી તારીખે થયેલા સ્વર્ગવાસની ખબર

આપતાં ઘણું દુઃખ થાય છે. પાયદસ્તની ક્રિયા શુક્રવારે બપોરે એક વાગે થશે.'

ઈવાન ઇલીચ અહીં ભેગા થયેલા ગૃહસ્થોનો સાથી હતો, ને તેણે સહુનો પ્રેમ સંપાદન કર્યો હતો. કેટલાંક અઠવાડિયાં થયાં તે માંદગીને બિછાને હતો, ને રોગ અસાધ્ય છે એવી લોકવાયકા હતી. અદાલતમાં એની જગા હજુ પૂરવામાં આવી નહોતી. પણ એવી અટકળો થયેલી ખરી કે ઇવાન મરી જાય તો એની જગા એલેક્સીવને મળે, ને એલેક્સીએવની જગા પર વીનીકોવ કે શ્ટાબેલ એમાંથી એક જણ આવે. એટલે ઇવાનના મૃત્યુની ખબર સાંભળતાં વેંત એ ખાનગી ઓરડામાં બેઠેલા દરેક જણને સૌથી પહેલો વિચાર એ જ આવ્યો કે એને લીધે કઇ કઇ નવી નિમણૂંકો થશે, ને પોતામાંથી કે પોતાના ઓળખીતાઓમાંથી કોની કોની બદલી થશે ને કોના કોના પગાર વધશે.

ફેડોર વાસીલીને વિચાર આવ્યોઃ 'મને શ્ટાબેલની કે વીનીકોવ-ની જગા જરૂર મળવાની. એનું વચન મને ક્યારનું મળ્યું છે. એ જગા મળે તો વરસે આઠસો રૂબલનો પગાર વધે. ભથ્થું જુદું.'

પીટર ઇવાનોવ વિચાર કરવા લાગ્યોઃ 'હવે મારે મારા સાળાની કાલુગામાંથી બદલી કરાવવાને અરજી કરવી જોઇએ. મારી બૈરી બહુ રાજી થશે. એનાં સગાં માટે હું કશું કરતો નથી એમ એ પછી નહીં કહી શકે.'

'મને તો લાગતું જ હતું કે એ પથારીમાંથી ફરી બેઠા નહીં થાય,' પીટરે મોટેથી કહ્યું. 'બહુ ખોટું થયું.'

'પણ એમને ખરેખર દરદ શું હતું તે?'

'ડાકટરો કહી શકતા નહોતા. કહી તો શકતા હતા, પણ દરેક જણ જુદું જુદું દરદ બતાવતો હતો. ઇવાનને હું છેલ્લો જોવા ગયો

ત્યારે તો મને લાગેલું કે તબિયત સુધરતી જાય છે.'

'હું તો રજા પછી એમને જોવા ગયો જ નહોતો. જાઉં જાઉં કરતાં રહી ગયું.'

'કંઈ મિલકત બિલકત મૂકી છે ખરી?'

'મને લાગે છે બૈરીની થોડીક મિલકત હતી, પણ તે નહીં જેવી.'

'આપણે બાઈને મળવા જવું પડશે. પણ એ લોકો ઘણાં જ દૂર રહે છે.'

'તમારા ઘરથી દૂર, એમ કહોને. તમારા ઘરથી તો બધું જ દૂર પડે છે.'

'લો જુઓ, હું નદીને સામે પાર રહું છું એ ભાઈસાહેબથી સહન જ થતું નથી,' પીટર ઇવાનોવે શેબેકની સામે મોં મલકાવીને કહ્યું. શહેરના જુદા જુદા ભાગ વચ્ચેનાં અંતરની વાત કરતી કરતી જ મંડળી અદાલતમાં પાછી ફરી.

ઇવાનના મૃત્યુથી કોની બદલી થશે ને કોના પગાર વધશે એની અટકળો ચાલી. તે ઉપરાંત, એક નજીકનો ઓળખીતો મરી ગયાની ખબર સાંભળનાર દરેક જણના મનમાં હંમેશાં થાય છે— એમ—એવી જ લાગણી થઈ કે 'મરી તો ઇવાન ગયો છે, હું નથી મરી ગયો.' એ વિચાર આવતાં દરેક જણને મનમાં ટાઢક વળી, ને દરેક જણે 'હાશ' કરીને સાસ હેઠો મૂક્યો.

દરેક જણને થયું, 'એ મરી ગયો, પણ હું તો જીવતો છું ને!' પણ ઇવાનના ઓળખીતામાંથી જેમની સાથે તેને નિકટનો સંબન્ધ હતો, જેઓ તેના મિત્રો કહેવાતા, તેમને તો એક બીજો વિચાર એ પણ આવ્યો કે 'અમારે હવે પાયદસ્તની ક્રિયામાં હાજરી આપવી પડશે, ને એની વિધવા પાસે ખરખરો કરવા જવું પડશે. જતાં કંટાળો તો બહુ આવશે, પણ શું કરીએ? એટલો વિવેક કર્યા વિના છૂટકો છે?'

ફેડોર વાસીલી અને પીટર ઇવાનોવને એની સાથે વધારેમાં વધારે ઓળખાણ હતી. પીટર કાયદાના અભ્યાસમાં ઇવાનની સાથે હતો, ને પોતે ઇવાનનો ઋણી છે એમ માનતો.

સાંજે જમવા ટાણે તેણે પત્નીને ઇવાન ઇલીચના મૃત્યુની વાત વાત કરી. 'તારા ભાઇની બદલી હવે કદાચ આ જિલ્લામાં કરાવી શકાશે,' એમ પણ કહ્યું. જમ્યા પછી વામકુક્ષી કરવાની રોજની ટેવ હતી, છતાં આજે આડું પાસું ન કરતાં તેણે સાંજનો પોશાક પહેર્યો, ને ગાડી ઇવાનને ઘેર લેવડાવી.

ઘરને દરવાજે એક ખાનગી ને બે ભાડાની ગાડી ઊભી હતી. ભોંયતળિયાના દીવાનખાનામાં ઘડિયાળવાળા ટેબલની પાસે ભીંતને અઢેલીને એક કફનનું ઢાંકણું રાખેલું હતું. તેના પર સોનેરી કપડું ઢાંકેલું હતું, ઉપર સોનેરી દોરી ને ફૂમતાંના શણગાર સજ્યા હતા, ને દોરી ને ફૂમતાં બંનેને ધાતુ સાફ કરવાની ભૂકી ઘસીને ચકચકતાં કર્યાં હતાં. કાળાં કપડાં પહેરીને આવેલી બે સ્ત્રીઓ પોતાના સ્વાર્ટના ડગલા ઉતારતી હતી. એક ઇવાનની બહેન હતી તેને તો પીટરે ઓળખી, પણ બીજીને તે ઓળખી ન શક્યો. એનો અદાલતનો સાથી સ્વાર્ટ્ઝ દાદરા પરથી ઊતરતો હતો, પણ પીટરને પ્રવેશ કરતો જોઇ થંભી ગયો, ને તેણે પીટર સામે જોઇ આંખ મચકારી. એની પાછળ એમ કહેવાનો આશય હતો કે 'ઇવાન ઇલીચે બધો ગોટાળો વાળી મૂક્યો છે—તમારા મારા જેવું નથી.'

સ્વાર્ટ્ઝના મોઢા પર થોભિયા હતા. એની કાયા પાતળી હતી ને ઉપર સાંજે પહેરવાનાં કપડાં ચડાવ્યાં હતાં. એના મોઢા પર હંમેશની પેઠે જે ગૌરવ અને ગાંભીર્યની છાયા હતી તેનો એના રમતિયાળ સ્વભાવ સાથે મેળ બેસતો નહોતો, ને આ વાતાવરણમાં તો એ ગાંભીર્ય વિશેષ ધ્યાન ખેંચતું હતું. અથવા સંભવ છે પીટરની આંખને એવો ભાસ થયો હોય.

પીટરે બાઈઓને આગળ જવા દીધી. પોતે તેમની પાછળ ધીરેધીરે દાદરો ચડવા લાગ્યો. શ્વાર્ટ્ઝ નીચે ન ઊતરતાં, હતો ત્યાં જ ઊભો રહ્યો. પીટર સમજી ગયો કે શ્વાર્ટ્ઝ આજે સાંજે બીજે ક્યાં રમવી એની વાત કરવા માગે છે. બાઈઓ માળ પર વિધવાના ઓરડામાં ગઈ. શ્વાર્ટ્ઝે હોઠ સખત બીડીને પણ આંખમાં સહેજ વિનોદનો ભાવ આણીજ જમણી તરફ ભવાં ફેરવ્યાં, ને ઇવાનનું શબ તે તરફ એક ઓરડામાં પડ્યું છે એમ સંકેતથી બતાવ્યું.

પીટરને એ ઓરડામાં દાખલ થતાં, અંદર શું કરવું પડશે એની ચોક્કસ ખબર નહોતી. આવે પ્રસંગે સહુની એવી જ સ્થિતિ હોય છે. એ તો એટલું જ જાણતો હતો કે આવે પ્રસંગે પોતાના શરીર પર આડો–ઊભો હાથ ફેરવી 'ક્રૉસ'ની નિશાની કરી હોય એટલે બસ. પણ તેમ કરતાં શબ આગળ નીચા પડીને નમન કરવું જોઈએ કે કેમ એની એને ખાતરી ન હતી. એટલે એણે તો વચલો રસ્તો લીધો. ઓરડામાં દાખલ થતાં એણે હાથ ફેરવી પોતાના શરીર પર 'ક્રૉસ'ની નિશાનીઓ કરવા માંડી, ને નમનમાં ગણાઈ જાય એવી રીતે શરીર સહેજ નમાવ્યું. માથું ને હાથ હલાવતાં હલાવતાં પણ ઓરડાનું જેટલું નિરીક્ષણ કરી શકાય તેટલું કરી લીધું. બે જુવાન માણસ—ઇવાનના ભત્રીજા લાગતા હતા, ને તેમાંનો એક તો નિશાળિયો હતો—ઓરડામાંથી બહાર નીકળતા હતા, ને નીકળતી વેળા શરીરે આડાઅવળા હાથ ફેરવી ક્રૉસની નિશાનીઓ કરતા હતા. એક ડોસી હાલ્યાચાલ્યા વિના ઊભી હતી; અને વિચિત્ર ગોળાકાર ભમરોવાળી એક સ્ત્રી તેના કાનમાં કંઈક કહેતી હતી. એક જોરાવર ને દૃઢ નિશ્ચયવાળો પાદરી કોકકોટ પહેરીને આવેલો તે મોટે અવાજે કશાકનો પાઠ કરતો હતો; ને તેના મોઢા પર એવો ભાવ હતો કે એની વિરુદ્ધ બોલવાની કોઈની હિંમત જ ન થાય. રસોઈયાનો મદદનીશ જિરાસીમ હળવે પગલે પીટરની સામે આવી ભોંય પર કશાકની ભૂકી વેરતો હતો એ જોઈ પીટરને તરત જ,

સડતા મડદાની આછી દુર્ગંધ આવતી હતી તેનું ભાન થયું.

પીટર ઇવાનને જોવા છેલ્લીવાર આવેલો ત્યારે તેણે જિરાસીમ-ને અભ્યાસખંડમાં જોયો હતો. ઇવાનનો તે ખાસ માનીતો હતો, ને માંદગીમાં તેની સારવારનું કામ તે જ કરતો.

કફન, પાદરી, અને ઓરડાના ખૂણામાં ટેબલ પર રાખેલી મૂર્તિઓ વચ્ચેની દિશામાં સહેજ માથું નમાવી ક્રૉસની નિશાનીઓ કરવાનું પીટરે ચાલુ રાખ્યું. પછી જ્યારે એને લાગ્યું કે આ ક્રિયા બહુ લાંબી ચાલી, ત્યારે એણે તે બંધ કરી શબ સામે જોવા માંડ્યું.

જેમ બધાં શબ પડે છે તેમ આ શબ પણ સાવ જડ ને ભારે થઇને પડ્યું હતું. તેનાં અકડાઇ ગયેલાં અંગો કફનની નરમ ગાદીઓમાં ઊતરી પડયાં હતાં. માથું ઉસીકા પર કાયમને માટે ઢળી પડ્યું હતું. પીળી સુંવાળી ભમરની ઉપરના ભાગમાં ઊંડા ઉતરી પડેલા લમણા પર કયાંક કયાંક ટાલનાં ધાબાં પડેલાં હતાં; ને શબની ભમર જેવી ખાસ રીતે ઊપસી આવે છે તેવું તેની ભમરનું પણ બન્યું હતું. આગળપડતું નાક ઉપલા હોઠ પર દબાણ કરતું હોય એમ દેખાતું હતું. પીટરે ઇવાનને છેલ્લો જોયો ત્યારપછી તે ઘણો બદલાઇ ગયો હતો, ને સુકાઇ પણ ગયો હતો. પણ મરેલા માણસો-ને વિષે હંમેશાં બને છે તેમ, તેનો ચહેરો તે જીવતો હતો ત્યારના કરતાં વધારે રૂપાળો ને વધારે ગૌરવશાળી દેખાતો હતો. મોઢા પર જે ભાવ હતો તે એમ સૂચવતો હતો કે જે કંઇ કરવા જેવું હતું તે થઇ ગયું છે, ને યોગ્ય રીતે થયું છે. વળી મોઢા પરના એ ભાવમાં જીવતા માણસોને માટે ઠપકો ને ચેતવણી પણ હતાં. એ ચેતવણી પીટરને અસ્થાને લાગી; અથવા એ પોતાને લાગુ પડતી નથી એમ તો થયું જ. એને કંઇક બેચેની થઇ આવી; એટલે એણે ફરી એકવાર ઉતાવળે ક્રૉસની નિશાની કરી, અને ઓરડા બહાર નીકળી ગયો—વધારેપડતી ઉતાવળથી, ને શિષ્ટાચારની હદ

ઓળંગીને નીકળી ગયો એમ એને પોતાને પણ લાગ્યું.

શ્વાર્ટ્ઝ જોડેનો ઓરડામાં તેની રાહ જોતો બેઠો હતો. તેણે પગ ખૂબ પહોળા રાખ્યા હતા, ને તેના બંને હાથ તેની પીઠ પાછળ ટોપા જોડે ગેલ કરતા હતા. એનું રમતિયાળ, સુઘડ ને દેખાવડું શરીર જોતાંવેંત પીટરનું ચિત્ત પ્રસન્ન થયું. તેને લાગ્યું કે શ્વાર્ટ્ઝ આ બધા બનાવોથી પર છે, ને તેનું મન નિરાશા કે ગમગીની જેવી કોઈ પણ લાગણીને વશ થાય એવું નથી. તેના મોઢાનો દેખાવ જ કહી આપતો હતો કે ઇવાનના મરણને અંગે થનારી પ્રાર્થના એ કંઈ એવી વસ્તુ નથી કે તેને લીધે રોજના કાર્યક્રમમાં ફેરફાર કરવો પડે—બીજા શબ્દોમાં કહીએ તો, અગાઉથી ઠરાવ્યા પ્રમાણે સાંજે પાનાંની નવી જોડ કાઢીને ચિપાય, ને એક નોકર આવીને ટેબલ પર ચાર નવી મીણબત્તી મૂકી જાય, એ કાર્યક્રમ તો પડતો મુકાય જ નહીં; વસ્તુતઃ આ મરણને લીધે તેમની સાંજની મોજમજામાં કશી ખલેલ પડશે એમ માનવાનું કશું કારણ નહોતું. પીટર એની આગળ થઈને ગયો ત્યારે શ્વાર્ટ્ઝે એના કાનમાં આ વાત કહી પણ ખરી, અને કહ્યું કે 'આપણે ફેડોરને ઘેર પાનાં રમવા જઈશું.' પણ પીટર-ને તે દહાડે સાંજે 'બ્રીજ' રમવાનો યોગ હોય એમ દેખાયું નહીં. ઇવાનની વહુ પ્રાસ્કોવિયા (તે ઠીંગણી ને જાડી હતી; ને તેણે જાડી ન થવાના બધા પ્રયત્ન કરી જોયેલા છતાં ખભા નીચેથી તેની પહોળાઈ વધ્યે જ જતી હતી; ને જે બાઈ કફન પાસે ઊભી હતી તેની પેઠે એની ભમરો પણ જોનારનું ખાસ ધ્યાન ખેંચે એવી હતી), સાવ કાળાં કપડાં પહેરી ને માથે શાલ વીંટાળીને, કેટલીક બાઈઓને સાથે લઈ પોતાના ઓરડામાંથી નીકળી; શબ પડ્યું હતું તે ઓરડો એમને બતાવ્યો; ને બોલી: 'પ્રાર્થના હમણાં જ શરૂ થશે. અંદર જાઓ.'

શ્વાર્ટ્ઝે એને અડધુંપડધું નમન કર્યું, ચૂપચાપ ઊભો રહ્યો, ને આ નિમંત્રણ ન સ્વીકાર્યું કે ન અવગણ્યું. પ્રાસ્કોવિયાએ પીટર-

ને ઓળખ્યો, એટલે નિસાસો નાખ્યો, તેની પાસે જઇ તેનો હાથ પકડયો, ને કહ્યુંઃ 'હું જાણું છું તમે ઇવાનના સાચા મિત્ર હતા તે.' તેની સામે જોઇ, તેની પાસેથી કંઇક ઉચિત ઉત્તરની રાહ જોતી હોય એમ ઊભી રહી. પીટરને ખબર હતી કે પેલા ઓરડામાં ક્રૉસની નિશાનીઓ કરવી એ જેમ શિષ્ટાચાર હતો, તેમ અહીંયાં વિવેક કરવાની રીત એ હતી કે આ બાઈ સાથે હાથ મિલાવવો, નિસાસો નાખવો, ને કહેવું કે 'હું ખરેખર...' એણે એ બધું કર્યું; ને એમ કરતાં તેના મનમાં એમ લાગ્યું કે એની ધારી અસર થઇ છે— તે પોતે ને તેના મિત્રની વિધવા બંનેનાં હૃદય પીગળ્યાં છે.

વિધવાએ કહ્યું: 'મારી સાથે આવો. પ્રાર્થના શરૂ થાય તે પહેલાં મારે તમારી સાથે થોડીક વાત કરવી છે. મને હાથનો ટેકો આપો.'

પીટરે એને હાથનો ટેકો આપ્યો, બંને જણ અંદરના ઓરડામાં ગયાં. શ્વાટ્ર્ઝની આગળથી પસાર થયાં એટલે તેણે પીટરની દયા ખાતો હોય એમ આંખ મચકારી.

'રમાઇ રહી હવે બ્રીજ! અમે બીજો રમનાર શોધી કાઢીએ તો અમારો વાંક ન કાઢશો. અહીંથી છુટકારો થાય ત્યારે આવી પહોંચજોને—વચ્ચેથી તો વચ્ચેથી રમવા બેસજો!' તેની રમતિયાળ નજરમાં આ ભાવ હતો.

પીટરે વધારે ઊંડો, નિરાશાસૂચક નિસાસો નાખ્યો; ને પ્રાસ્કોવિયાએ આભારપૂર્વક એનો હાથ દબાવ્યો. દીવાનખાનામાં, જ્યાં ફરનીચર પર ગુલાબી રંગનું કાપડ ચડાવેલું હતું ને એક ઝાંખો દીવો બળતો હતો, ત્યાં જઇ એક ટેબલ પાસે બેઠાં—બાઇ કોચ પર બેઠી, ને પીટર નીચી ખુરસી પર બેઠો. ખુરસીની સ્પ્રિંગો તેના ભારથી સાવ દબાઇ ગઇ. પ્રાસ્કોવિયા એને ત્યાં નહીં પણ બીજે બેસવાનું કહેવા જતી હતી, પણ એને લાગ્યું કે મારી અત્યારની

સ્થિતિમાં એમ કહેવું સારું ન દેખાય, એટલે એણે વિચાર બદલ્યો. ખુરસીમાં બેસતાં પીટરને યાદ આવ્યું કે ઇવાને આ દીવાનખાનું કેવી રીતે ગોઠવ્યું હતું, ને લીલાં પાંદડાંની ભાતવાળું ગુલાબી કાપડ વાપરવું કે કેમ એ વિષે તેણે પીટરની સલાહ લીધી હતી. આખો ઓરડો ફરનીચર અને બીજી નાનીમોટી ચીજોથી ભરેલો હતો; એટલે સોફા પર બેસવા જતાં બાઇની કાળી શાલનો છેડો ટેબલની કોતરણીવાળી કોરમાં ભરાયો. પીટર તે છૂટો કરવા ઊઠયો. એટલે ખુરસીની સ્પ્રિંગો તેનો ભાર ઊતરી જતાં ઊંચી થઇ ને તેને નીચેથી હડસેલો માર્યો. બાઇએ જાતે જ શાલને છૂટી કરવા માંડી, એટલે પીટર પાછો બેસી ગયો, ને ખુરસીની ઊંચી થયેલી બળવાખોર સ્પ્રિંગો-ને પાછી પોતાના શરીર નીચે દબાવી દીધી. પણ બાઇની શાલ સાવ છૂટી પડી નહીં, એટલે પીટર ફરી ઊઠયો, ને સ્પ્રિંગો ફરી ઊંચી થઇ, ને આ વેળા તેણે જરા ચૂંચાં પણ કર્યું. આ બધું પતી ગયું એટલે બાઇએ ચોખ્ખો સુતરાઉ રૂમાલ કાઢી રોવા માંડયું. શાલનો કિસ્સો સ્પ્રિંગોની કૂદાકૂદ એ બેને લીધે પીટરની લાગણી-નો ઊભરો શમી ગયો હતો, એટલે તે મોં ચડાવીને બેસી રહ્યો. આ કફોડી પરિસ્થિતિમાં ઇવાનના રસોઇયા સોકોલોવે આવી ખલેલ પાડી. તે પ્રાસ્કોવિયાને એમ ખબર આપવા આવ્યો હતો કે 'કબ્રસ્તાન-માં જે જગા તમે પસંદ કરી છે તેના બસો રૂબલ બેસશે.' બાઇએ રોવું બંધ કર્યું, ને પોતે જાણે લૂંટાઇ રહી હોય એવો દેખાવ કરી ફ્રેન્ચમાં કહ્યું: 'મારે માથે આ મોટી આફત છે.' પીટરે મૂક અભિનય કરી એ વાતમાં પોતાની પૂરી સંમતિ દર્શાવી.

'જરા સિગરેટ પીઓ,' પ્રાસ્કોવિયાએ ઉદારતાથી ને છતાં રડવા જેવો સાદ કરીને કહ્યું; ને તે સોકોલોવ તરફ વળી કબર માટેની જમીનની કિંમત વિષે ચર્ચા કરવા લાગી.

પીટર સિગરેટ સળગાવી કાન માંડીને સાંભળવા લાગ્યો. પ્રાસ્કો-વિયાએ કબ્રસ્તાનમાંના જુદા જુદા જમીનના ટુકડાની કિંમત વિષે

બહુ ઝીણવટથી પૂછપરછ કરી, અને છેવટે કયો ટુકડો લેવો એ નક્કી કર્યું. એ ગયા પછી તેણે પ્રાર્થના વેળા ગાવાને કઇ ગાયકમંડળીને ભાડે બોલાવવી એ વિષે સૂચનાઓ આપી. પછી સોકોલોવ ઓરડામાંથી બહાર ગયો.

'હું બધી ગોઠવણ મારી જાતે કરું છું,' પ્રાસ્કોવિયાએ પીટરને કહ્યું, ને ટેબલ પર ચિત્રસંગ્રહનાં જે પુસ્તકો પડયાં હતાં તે ખસેડી આઘાં મૂકયાં. પીટરની સિગરેટની રાખથી ટેબલ બગડશે એમ જોયું, એટલે તરત રાખદાની તેના તરફ ખસેડી, ને કહ્યું: 'મારા દુઃખને લીધે હું વહેવારની વાતો તરફ ધ્યાન આપી શકતી નથી એમ કહેવું એ મને દંભ લાગે છે. ઊલટું મારા મનને કશાથી દિલાસો મળતો હોય એમ તો નહીં કહું, પણ મન આડી વાતમાં પરોવાતું હોય, તો તે એમને લગતી દરેક વસ્તુની વ્યવસ્થા કરવાથી જ બને છે.' જાણે રડવાની તૈયારી કરતી હોય એમ એણે રૂમાલ ફરી કાઢયો; પણ એકાએક, જાણે દુઃખનો ઊભરો દબાવી દેતી હોય તેમ, સજગ થઇ ગઈ, ને શાન્તિથી કહેવા લાગી: 'પણ મારે તમને એક ખાસ વાત કહેવાની છે.'

પીટર નીચો નમ્યો, છતાં તેણે ખુરસીની સ્પ્રિંગોને દબાવી રાખી. સ્પ્રિંગો તો તેના શરીર નીચે તરત જ ઊંચીનીચી થવા માંડી હતી.

'એમને છેલ્લા થોડાક દહાડા બહુ ભયંકર વેદના વેઠવી પડી.'

'ખરેખર?'

'અરે, ભયંકર! મિનિટો સુધી નહીં પણ કલાકો સુધી ચીસો જ પાડયાં કરી. છેલ્લા ત્રણ દિવસ તો ચીસો આડે પળવારનો પણ વિરામ ન મળ્યો. એ અસહ્ય સ્થિતિ હતી. મેં એ કેવી રીતે સહન કર્યું એ હું સમજી શકતી નથી. અહીંથી ત્રીજા ઓરડા સુધી એમની ચીસો સંભળાતી હતી. અરેરે, કેવી વીતી છે મારે માથે!'

'એમને એ બધો વખત ભાન હશે ખરું ?' પીટરે પૂછ્યું.

'હા, છેક છેલ્લી પળ સુધી ભાન હતું. મરતા પહેલાં પા કલાક પર અમારી સહુની વિદાય લીધી, ને વોલેડિયાને ત્યાંથી બીજા ઓરડામાં લઇ જવાનું અમને કહ્યું.

પોતે તેમજ આ બાઇ બંને કેવો દંભ કરી રહ્યાં હતાં તેનું દુઃખદ ભાન પીટરને હતું. છતાં આ માણસ, જેની સાથે એને પહેલાં નાના આનંદી છોકરા તરીકે, પછી નિશાળના ગોઠિયા તરીકે ને પાછળથી પુખ્ત વયના સાથી તરીકે, જીવનભર બહુ જ ગાઢ પરિચય હતો, તે માણસની વેદનાનો ખ્યાલ કરતાં તેના મનને ત્રાસ વછૂટયો. શબની ભમર, ને હોઠ પર દબાઇ રહેલું નાક તેને ફરી નજર આગળ દેખાયાં; ને તેને પોતાનો વિચાર આવતાં બીક લાગી.

'ત્રણ દહાડાની ભયંકર વેદના, ને પછી મોત ! અરે કદાચ એકાએક મારી પણ એવી દશા થાય તો ?' એ વિચાર આવતાં તેનું મન ભયથી થથરી ઊઠયું. પણ—કોણ જાણે કેવી રીતે—સહુને આવે છે એવો વિચાર એકદમ એને પણ આવ્યો કે 'આ દશા તો ઇવાનની થઇ છે, મારી નથી થઇ; મારી તો એવી દશા થવી ન જોઇએ ને થઇ શકે જ નહીં; થઇ શકે એમ હું માનું તો હું નિરાશાને વશ થયો ગણાઉં; ને એવું તો મારાથી કરાય જ નહીં. સ્વાર્ટ્ઝનો ચહેરો એ જ વાત સ્પષ્ટ રીતે નહોતો કહેતો ?' આ વિચાર આવ્યા પછી પીટરને હૈયે ધારણ આવી; ને તેણે રસપૂર્વક ઇવાનના મૃત્યુને લગતી વીગતો પૂછવા માંડી — જાણે મૃત્યુને અકસ્માત ઇવાનને થવો સ્વાભાવિક હતો, પણ પોતાને તો કદી થવાનો જ નહોતો.

ઇવાને જે ખરેખરી ભયંકર શારીરિક વેદના ભોગવી હતી તેની ઘણી વીગતો કહ્યા પછી (પીટરને તો એ વેદનાની પ્રાસ્કોવિયાના મન પર પડેલી અસર પરથી જ ખબર પડી) પ્રાસ્કોવિયાને

મુદ્દાની વાત પર આવવું જરૂરી જણાયું હોય એમ લાગ્યું.

'અરેરે, પીટર! કેવું દુઃખ! આ પહાડ જેવું દુઃખ કેમ કરીને ભોગવાશે?' કહી તે પાછી રોવા લાગી.

પીટરે નિસાસો નાખ્યો, ને એનાં ડસકાં બંધ થવાની રાહ જોવા લાગ્યો. રડવું બંધ થયું એટલે એણે કહ્યું: 'ખરેખર હું...' એટલે બાઇએ ફરી વાતચીત શરૂ કરી, ને પીટરની સાથે એને જે મુદ્દાનું કામ હતું તે કાઢ્યું. તે પીટરને પૂછવા માગતી હતી કે તેના ધણીના મૃત્યુ પ્રસંગે સરકાર પાસેથી પૈસાની મદદ કેવી રીતે મેળવી શકાય. તેણે દેખાવ તો એવો કર્યો જાણે તે પોતાના પેન્શન વિષે પીટરની સલાહ માગતી હોય. પણ પીટરે તરત જોઇ લીધું કે બાઇને એ વિષેની ઝીણામાં ઝીણી વીગતની—પોતાના કરતાં પણ વધારે—ખબર છે. તેનો પતિ મરી જવાથી સરકાર પાસેથી કેટલી રકમ મળે એ તો તે જાણતી હતી. તેને જાણવું તો એ હતું કે થોડાક વધારે પૈસા કઢાવી શકાય કે નહીં. પીટરે એમ કરવાનો કંઇક ઉપાય વિચારી જોયો. પણ થોડીક વાર વિચાર કર્યા પછી, ને વિવેકને ખાતર સરકારની કંજૂસાઇને માટે તેની ઝાટકણી કાઢ્યા પછી, તેણે કહ્યું કે 'કંઈ વધારે મેળવી શકાય એમ મને લાગતું નથી.' એ સાંભળી વિધવાએ નિસાસો નાખ્યો, ને મહેમાનને વિદાય કરી દેવાની કંઇક યુક્તિ યોજતી હોય એમ દેખાયું. એ જોઇ પીટરે સિગારેટ હોલવી નાખી, ઊઠ્યો, બાઇ સાથે હાથ મિલાવ્યો, ને બહારના ઓરડામાં ગયો.

જમવાના ઓરડામાં એક મોટું ઘડિયાળ હતું તે ઇવાનને બહુ જ ગમતું, ને જૂની ને કીમતી વસ્તુઓની એક દુકાનમાંથી તેણે તે ખરીદેલું. એ ઓરડામાં પીટરે પ્રાર્થનામાં હાજરી આપવા આવેલા એક પાદરીને થોડાક ઓળખીતાઓને જોયા; ને એમાં એક સ્વરૂપવાન યુવતી ઇવાનની દીકરી હતી તેને તેણે ઓળખી. તેણે કાળાં

કપડાં પહેર્યાં હતાં, ને તેનું પાતળું શરીર પહેલાંના કરતાંયે પાતળું લાગતું હતું. તેના મોઢા પર ગમગીની, નિશ્ચય, ને લગભગ ક્રોધનો ભાવ હતો; ને તેણે સહેજ નીચી વળી પીટરને એવી રીતે નમન કર્યું જાણે પીટરની જ કંઇ કસૂર ન હોય. તેની પાછળ એવી જ રીતે મોઢું ચડાવીને એક શ્રીમંત જુવાન ઊભો હતો. તે મૅજિસ્ટ્રેટ હતો એટલે પીટરે એને પણ ઓળખ્યો. ઈવાનની દીકરી સાથે એનું સગપણ થયું છે એમ એણે સાંભળ્યું હતું. પીટરે શોકનો ભાવ ધારણ કરી એમને નમન કર્યું ને ત્યાંથી શબવાળા ઓરડામાં જતો હતો, ત્યાં દાદરા નીચેથી ઇવાન ઇલીચનો નાનો છોકરો નીકળી આવ્યો. તે નિશાળમાં ભણતો હતો, ને તેનું વાન આબેહુબ તેના બાપના જેવું જ હતું. પીટર અને ઇવાન સાથે કાયદો ભણતા ત્યારે ઇવાનને જેવડા જોયાનું પીટરને યાદ હતું તેવો જ નાનકડો ઇવાન આ હતો. એની આંસુએ ભરેલી આંખોમાં જે ભાવ હતો તેવો ભાવ તેરચૌદ વરસના જે છોકરા ચોખ્ખા મનના નથી હોતા તેમની આંખોમાં હોય છે. પીટરને જોઇ તેણે રીસ ચડાવી, ને શરમિંદા બનીને મોઢું વાંકું કર્યું. પીટરે એની સામે જોઇ ડોકું ધુણાવ્યું, ને શબવાળા ઓરડામાં પ્રવેશ કર્યો. પ્રાર્થના શરૂ થઇ. મીણ બત્તીના દીવા, ઊંહકારા, ધૂપ, આંસુ, ને ડસકાં. પીટર ગમગીન ચહેરે પોતાના પગ જોઇ રહ્યો. તેણે શબ સામે એક પણ વાર નજર ન નાખી; મનમાં ખેદ. શોક કે ગમગીનીનો ભાવ જરાયે ન ઊપજ-વા દીધો; અને પ્રાર્થના થઇ રહી કે તરત જે માણસો બહાર ગયાં તેમની સાથે એ પણ નીકળી ગયો. આગલા ઓરડામાં કોઇ નહોતું. પણ જિરાસીમ શબવાળા ઓરડામાંથી દોડતો આવ્યો; રુંવાટીના ડગલા ટિંગાડેલા હતા તેમાં તેણે પોતાના મજબૂત હાથ વડે ખોળંખોળા કરી પીટરનો ડગલો શોધી કાઢ્યો, ને પીટરને પહેરાવ્યો.

'કેમ, દોસ્ત જિરાસીમ,' કંઇક કહેવાને ખાતર જ પીટરે કહ્યું.

'બહુ માઠું થયું, નહીં?'

'જેવી માલિકની મરજી -આપણે સહુને એક દહાડો એ રસ્તે જવાનું જ છે ને,' જિરાસીમે કહ્યું. બોલતી વખતે તેના દાંત—નીરોગી ખેડૂતના ઘાટીલા સફેદ દાંત—દેખાયા. ઘણા તાકીદના કામમાં રોકાયલા માણસની પેઠે તેણે ચપળતાથી આગલું બારણું ઉઘાડયું, ગાડીવાનને બોલાવ્યો, પીટરને ગાડીમાં બેસવામાં મદદ કરી; ને તે પછીના કામને માટે તૈયાર હોય એવી રીતે કૂદકો મારી ઓસરી પર ચડી ગયો.

ધૂપ, શબ અને કાર્બોલીક ઍસીડની ગંધ પછી તાજી હવા પીટરને વિશેષ આનંદદાયક લાગી.

'ક્યાં લઉં, સાહેબ?' ગાડીવાને પૂછ્યું.'

'હજુ સાવ મોડું નથી થયું. ચાલ ફ્રેડોરને ત્યાં જાઉં.

તેણે ગાડી ફ્રેડોરને ત્યાં લેવડાવી. એક બાજી હમણાં જ પૂરી થઇ હતી, એટલે તે વિનાઅડચણે રમતમાં સામેલ થઇ ગયો.

૨

ઇવાનની જિંદગી સાવ સાદી ને સાવ સામાન્ય, ને એટલા માટે જ અત્યંત ભયંકર, હતી,

તે ન્યાયની અદાલતનો ન્યાયાધીશ હતો, ને પિસ્તાળીસ વરસની ઉંમરે મરણ પામ્યો હતો. તેનો બાપ અમલદાર હતો. ઘણાં જુદાં જુદાં ખાતાંમાં કામ કર્યાથી તેની જે જાતની કારકિર્દી બંધાઇ હતી તેવી કારકિર્દીવાળા માણસોને આપોઆપ ઉંચા હોદ્દા મળ્યે જાય છે. તેઓ કોઇ પણ જવાબદાર હોદ્દો ભોગવવાને નાલાયક હોય છે છતાં તેમને રુખસદ આપી શકાતી નથી; ને તેથી તેમને માટે ખાસ નવા હોદ્દા કાઢવામાં આવે છે. એ હોદ્દા બનાવટી હોય છે, પણ એને માટે પાંચથી દસ હજારના જે પગાર હોય છે તે

કંઈ બનાવટી નથી હોતા; ને એ પગાર ખાતાં ખાતાં પેલા માણસો ઘણો લાંબો કાળ જીવે છે.

ઇલિયા એપીમોવીચ ગોલોવીન * એવો એક પ્રીવી કાઉન્સીલર અને અનેક નકામી સંસ્થાઓનો નકામો સભ્ય હતો.

તેને ત્રણ દીકરા હતા. તેમાં ઇવાન વચેટ હતો. મોટો દીકરો બીજા એક સરકારી ખાતામાં બાપને પગલે પગલે ચાલી રહ્યો હતો; અને બાપના જેવો જ કામ વિના બેઠેબેઠે પગાર ખવાય એવો, હોદ્દો મળે એટલે દરજ્જે તે નોકરીમાં પહોંચ્યો હતો. સૌથી નાને દીકરે બાપનું નામ લજાવ્યું હતું. તેને અનેક હોદ્દા મળેલા તે બધામાં તેણે કુંડાળાં વાળી આગળ વધવાના માર્ગ બંધ કરી દીધેલા, ને હવે રેલવેના એક ખાતામાં કામ કરતો હતો. તેના બાપ તથા ભાઇઓને, અને એથીયે વધારે અંશે ભાભીઓ ને, એનું મોં જોવું ગમતું નહીં, એટલું જ નહીં પણ એ જીવતો છે એ હકીકત પણ નછૂટકે યાદ કરવી પડે તે સિવાય કોઇ કુટુંબી યાદ કરતું નહીં. તેની બહેન તેના બાપના જેવા એક પીટર્સબર્ગના અમલદાર બેરન ગ્રેફને પરણી હતી. લોકો કહેતા કે વચેટ છોકરો ઇવાન એ કુળનું નાક છે. તે મોટા ભાઇ જેવો અતડો ને કામ સિવાય બીજી વાત જ ન કરનારો નહોતો, તેમજ નાના ભાઇ જેવો ઉચ્છૃંખલ ને વંઠેલ પણ નહોતો, પણ એ બે વચ્ચેના મધ્યમ માર્ગે ચાલનાર—બુદ્ધિશાળી, સુઘડ, બોલકો ને હેતાળ માણસ હતો. તે નાના ભાઈની જોડે કાયદાની નિશાળમાં અભ્યાસ કરતો હતો. પણ નાનો અભ્યાસ પૂરો કરી શક્યો નહીં, ને પાંચમા

*રશિયામાં માણસનું આખું નામ આપવું હોય ત્યારે પહેલું એનું પોતાનું નામ, પછી બાપનું નામ, ને પછી અટક મૂકવાનો રિવાજ હતો. ઇલિયા તે એ માણસનું નામ. બાપના નામ સાથે 'ઇચ' પ્રત્યય લગાડાય છે; જેમકે એપીમોવનો દીકરો છે એમ સૂચવવા એપીમોવીચ કહ્યું છે. ગોલોવીન એ અટક. સ્ત્રીનું નામ હોય ત્યારે અટક પણ સ્ત્રીલિંગમાં મુકાય છે; જેમકે કૅરેનીન–કૅરેનીના; ગોલોવીન–ગોલોવીના.

ધોરણમાં હતો ત્યારે તેને નિશાળમાંથી પાણીચું મળી ગયું હતું. ઇવાને અભ્યાસ સારી રીતે પૂરો કર્યો. કાયદાની નિશાળમાં પણ, જેવો બાકીની આખી જિંદગી રહ્યો તેવો જ, તે હોશિયાર, ખુશ-મિજાજ, ભલો ને મળતાવડો હતો; અને અધિકારીઓ જે જે કામ એને માથે નાખે તેને એ પોતે પણ ફરજ સમજીને સારી રીતે પાર ઉતારતો. નાનપણમાં કે મોટપણે તે ખુશામતખોર નહોતો; પણ પતંગિયું જેમ દીવા તરફ ખેંચાય તેમ તે, જુવાનીની શરૂઆતથી, ઉંચા દરજ્જાના માણસો પ્રત્યે સહેજે આકર્ષાતો; તેમની રીતભાત ને તેમના વિચારો આપનાવતો; ને તેમની સાથે મિત્રાચારીના સંબન્ધ બાંધતો. બાળપણ અને જુવાનીના બધા રંગરાગ કરવા છતાં તેની ઝાઝી અસર તેના જીવન પર રહેવા પામી નહોતી. વિષયતૃપ્તિ, ગુમાન અને છેવટે ઊંચામાં ઊંચા વર્ગોમાં પ્રચલિત ઉદારમતવાદ, એ બધામાં તે ફસાઇ પડેલો ખરો; પણ એમાં કેટલી હદ સુધી જવું યોગ્ય ગણાય એ એનું મન એને અચૂક કહી આપતું, ને એ મર્યાદા તે કદી ઓળંગતો નહીં.

તે નિશાળે હતો ત્યારે તેણે કેટલાંક કામ એવાં કરેલાં જે તેને અગાઉ ઘણાં ભયાનક લાગતાં હતાં, ને કરતી વખતે પણ તેને પોતાની જાત પર તિરસ્કાર છૂટેલો. પણ પાછળથી તેણે જોયું કે સારી સ્થિતિના માણસો એવાં કામ કરે છે, ને તેઓ તેને ખોટાં ગણતા નથી. એટલે એ પોતે પણ એવાં કામને સારાં ગણવા લાગ્યો, એટલું જ નહીં પણ પોતે એ કામ કરેલાં એ વાત જ સાવ ભૂલી ગયો: અથવા ક્વચિત એ વાત યાદ આવતી ત્યારે પણ તેને જરાયે અફસોસ થતો નહીં.

તે કાયદાની નિશાળમાંથી પાસ થઇને નીકળ્યો એટલે દસમી ગ્રેડની સરકારી નોકરી માટે લાયક ગણાયો. બાપ પાસેથી તેને કપડાંલત્તાં વગેરે કરાવવાને પૈસા મળ્યા. ઇવાને છેલ્લામાં છેલ્લી

ઢબનાં કપડાં સીવનાર શાર્મરની દુકાને કપડાં સિવડાવ્યાં; ઘડિયાળની સાંકળી પર એક મુદ્રાલેખવાળો ચાંદ લટકાવ્યો; પોતાના અધ્યાપકની ને શાળાના આશ્રયદાતા એવા એક ઉમરાવની વિદાય લીધી; ડોનનના આલા દરજ્જાના ઉપાહારગૃહમાં સાથીઓ જોડે વિદાયનું ખાણું લીધું; અને નવી ને આફલાતૂન ચામડાની પેટી, ચાદર, ધાબળા, કપડાં, હજામતનો ને બીજો 'ટૉઇલેટ'નો સામાન લઇને તે એક પ્રાન્તમાં જવા ઊપડ્યો. બાપની લાગવગથી તેને એ પ્રાન્તના સૂબાને ત્યાં કંઇક ખાસ કામને માટે અમલદાર તરીકે નીમવામાં આવ્યો હતો.

ઇવાનને કાયદાની નિશાળમાં મળેલું તેવું સુખચેનનું મનગમતું વાતાવરણ તેણે પ્રાન્તમાં પણ પોતાને માટે તૈયાર કરી લીધું. તે હોદ્દાને અંગેનું કામકાજ કરતો, તેમાં સાબાશી મેળવી આગળ વધવાનો માર્ગ ખુલ્લો કરતો, અને સાથેસાથે લહેરથી ને મર્યાદા સાચવીને ચેનબાજી પણ કરતો. પ્રસંગોપાત તેને સરકારી કામસર આસપાસના જિલ્લાનાં ગામોમાં જવાનું થતું, ત્યાં ઉપરીઓ તેમજ હાથ નીચેના માણસો સાથે વટભેર કામ લેતો. તેનું કામ મુખ્યત્વે ધાર્મિક સંપ્રદાયવાળાઓને અંગે રહેતું. એ કામ તે ચોકસાઇથી ને અણીશુદ્ધ પ્રામાણિકતાથી કરતો; ને તેના મનમાં એ વાતનો ગર્વ ઊપજ્યા વિના રહેતો નહીં.

તે જુવાન હતો, ને તેને ટોળટપ્પા ને લહેરીપણા પ્રત્યે રુચિ હતી. એ ખરું; છતાં સરકારી કામકાજમાં તે સાવ ઓછાબોલો ને બહુ જ સભ્યતાથી વર્તનારો હતો; કડક હતો એમ પણ કહી શકાય. પણ ભદ્ર સમાજમાં તે ઘણીવાર રમૂજ, મશ્કરી, ટોળટપ્પા વગેરે કરતો; હંમેશાં ખુશમિજાજ રહેતો; રીતભાતમાં વિવેક પૂરેપૂરો જાળવતો. સુબા ને તેની પત્ની સાથે તો તેને કુટુંબી જેવો સંબન્ધ બંધાઇ ગયો હતો; ને તેઓ એને વિષે કહેતાં કે એ તો અમારો લાડકો છે.

પ્રાન્તમાં આ ફાંકડા જુવાન વકીલને ભરકી નાખનાર એક ઉપલા વર્ગની બાઇ સાથે તે ઇશ્કબાજી કરી ચૂક્યો હતો. સ્ત્રીઓના

ટોપ બનાવનારી એક બાઇ સાથે પણ તેણે સંબંધ બાંધેલો. સૂબાના હજૂરિયા જિલ્લામાં આવતા તેમની સાથે દારૂની મહેફીલો ઊડતી, ને જમણ પછી ગામની ભાગોળે આવેલા એક વગોવાયેલા લત્તામાં પણ એ લોકો જતા. ઇવાન તેના ઉપરી સૂબા ને તેની પત્ની આગળ હા જી હા કરતો. પણ એ બધું કરતાં તે સભ્યતા ને ખાનદાનીનો એવો દેખાવ રાખતો કે એને વિષે એક પણ આકરું વેણ કહી શકાય એમ નહોતું. 'જુવાન માણસને જરાક તો નખરાં કરવા જોઇએ જ ને,' એવી જે કહેવત પ્રચલિત હતી તેમાં ઇવાનના આ વર્તનનો સમાવેશ થઇ જતો. એ બધું ચોખ્ખે હાથે, ચોખ્ખે કપડે, ફ્રેન્ચ શબ્દો સાથે, ને તે બધા ઉપરાંત ભદ્ર સમાજના લોકોમાં ને તેથી ઊંચા વર્ગના માણસોની સંમતિથી, કરવામાં આવતું.

આ રીતે ઇવાને પાંચ વરસ નોકરી કર્યા પછી તેની બદલી થઇ. દેશમાં ન્યાયને અંગે નવાં ને સુધરેલાં ધારાધોરણ દાખલ કરવામાં આવ્યાં, એટલે નવા માણસોની જરૂર પડી. ઇવાન એવા નવા માણસોમાં ગણાયો. મુકદ્દમો ચલાવનાર મૅજિસ્ટ્રેટની જગા લેવા તે તૈયાર છે કે કેમ એમ તેને પૂછવામાં આવ્યું. એ જગા બીજા પ્રાન્તમાં હતી; ને તેણે અહીં બાંધેલા સંબન્ધો તોડી નવા બાંધવા પડે એમ હતું; છતાં તેણે તે સ્વીકારી. તેના મિત્રો તેને વિદાય આપવા ભેગા થયા. તેમણે સહુએ સાથે બેસીને છબિ પડાવી, ઇવાનને સિગરેટ મૂકવાની ચાંદીની ડબી ભેટ આપી, ને ઇવાન નવી જગા લેવા ઊપડ્યો.

મુકદ્દમા ચલાવનાર મૅજિસ્ટ્રેટનું કામ કરતાં પણ ઇવાને સભ્ય ને સંસ્કારી માણસ તરીકે નામના મેળવી. લોકો એના પ્રત્યે આદરની નજરે જોવા લાગ્યા. સરકારી કામકાજ અને ખાનગી જીવન એની વચ્ચે તે ભેદ પાડી શકતો. પહેલાંના કામ કરતાં આ મૅજિસ્ટ્રેટનું કામ તેને ઘણું વધારે રસિક ને આકર્ષક લાગતું હતું. આગલી નોકરીમાં, શાર્મરનાં સીવેલાં કપડાં પહેરવાં, ને સૂબાને

મળવા ભયભીત થઇને રાહ જોઇ રહેલા ટોળા વચ્ચે થઇને પસાર થવું, એમાં એને મોજ પડતી. તે લટકાં કરતો, મલપતી ચાલે, સીધો સૂબાના ખાનગી ઓરડામાં ચા પીવા કે 'સાહેબ'ની સાથે બેસી સિગરેટ ફૂંકવા જતો, ત્યારે એ લોકો અદેખી નજરે એને જોઈ રહેતા. પણ તે વેળા ઘણા લોકો પર એની સત્તા સીધી રીતે ચાલતી નહીં. તે ખાસ કામે ગયો હોય ત્યારે પોલીસ અમલદારો ને ધાર્મિક સંપ્રદાયવાળાઓને જ તેની મહેરબાનીની જરૂર પડતી. એ લોકોની સાથે તે વિવેકપૂર્વક—લગભગ બરોબરિયા સાથી હોય એવી રીતે—વર્તતો; ને તેમને જાણે બતાવી આપતો કે 'તમને કચડી નાખવાની સત્તા તો મારી પાસે છે, છતાં હું તમારી સાથે આટલી સરળતા ને મિત્રાચારીથી વર્તું છું. છતાં આ પ્રકારના માણસો બહુ જ થોડા હતા. પણ હવે મૅજિસ્ટ્રેટ બન્યા પછી ઇવાનને લાગ્યું કે 'એકેએક જણ પર—સૌથી મોટા મોભાદાર ને મિજાજી માણસો પર સુદ્ધાં—મારી સત્તા ચાલે છે. અમુક મથાળાવાળા એક કાગળ પર હું થોડાક શબ્દો લખું એટલે બસ, ગમે તે મોભાદાર ને મિજાજી માણસને આરોપી કે સાક્ષી તરીકે મારી પાસે લાવવામાં આવે. હું એને બેસવા દેવા ન માગું તો એને મારી સામે ઊભો રહી મારા સવાલના જવાબ દેવા પડે.' ઇવાન સત્તાનો દુરુપયોગ કદી કરતો નહીં. ઊલટું સત્તાનો અમલ જેટલો હળવો કરી શકાય તેટલો કરવાનો પ્રયત્ન કરતો. પણ પોતાના હાથમાં સત્તા છે, ને પોતે ધારે ત્યારે એનો અમલ હળવો કરી શકે છે, એ ભાન તેને હતું એને લીધે જ તેને આ હોદ્દો ભોગવવામાં ખાસ રસ પડતો, ને એને લીધે જ એ હોદ્દો વિશેષ આકર્ષક લાગતો. તેના કામમાં, ખાસ કરીને જુબાનીઓ લેવામાં, તેને એવી હથોટી આવી ગઇ હતી કે એને લીધે તે મુકદ્દમાનો વિચાર માત્ર કાયદાની જ દૃષ્ટિએ કરતો, ને જે જે વસ્તુઓને કાયદાની સાથે સંબન્ધ ન હોય તે બધીને લક્ષમાં જ ન લેતો; એટલું જ નહીં પણ ગમે તેવો અટપટો મુકદ્દમો હોય તો પણ તેને

તે એવું રૂપ આપી દેતો કે કાગળ ઉપર તો માત્ર તેની હકીકતો જ આવે; ને એ બાબત વિષે પોતાનો જે અભિપ્રાય હોય તેનો લેશ પણ ખ્યાલ એ લખાણ પરથી આવવા દેતો નહીં. વળી મુકદ્દમો ચલાવવાને જે વિધિ ને નિયમો ઠરાવેલા હોય તે બધાનું તે ચીવટથી પાલન કરતો. કામ નવું હતું, ને ૧૮૬૪ ના નવા કાયદાનો પહેલ-વહેલો અમલ જે માણસોને હાથે થયો તેમાંનો ઇવાન એક હતો.*

નવા ગામમાં મેજિસ્ટ્રેટની જગા લીધા પછી ઇવાને નવી ઓળખાણો કરી ને નવા સંબંધો બાંધ્યા, પહેલાંના કરતાં કંઈક જુદી મનોવૃત્તિ ધારણ કરી, ને બોલવા ચાલવાની ઢબ બદલી નાખી. પોતાની પ્રતિષ્ઠાનો તેને પૂરો ખ્યાલ હોય એમ તેણે પ્રાન્તના અમલદારો તરફ કંઈક અતડાપણું બતાવ્યું; પણ ગામમાં જે વકીલો ને ધનિક ગૃહસ્થો રહેતા હતા તેમાંથી સારામાં સારું મંડળ શોધી કાઢી તેની સાથે બેસવા ઊઠવાનો સંબન્ધ વધાર્યો. વાતચીતમાં સરકાર પ્રત્યે સહેજસાજ અસન્તોષ દાખવવો, અને જરાતરા ઉદારમતવાદ ને સુશિક્ષિત નાગરિકતા પ્રત્યે પક્ષપાતનું વલણ બતાવવું, એવો પણ રિવાજ પાડ્યો. સાથેસાથે દાઢી વધારવા માંડી; છતાં કપડાં પહેરવાની ને પટિયાં પાડવાની ટાપટીપમાં જરાયે ઊણપ આવવા દીધી નહીં.

આ નવા ગામમાં ઇવાન ઠરીઠામ થઈ મોજ કરવા લાગ્યો. ત્યાંના ભદ્ર સમાજને પ્રાન્તના સૂબા સાથે સહેજ અંટસ હતો, પણ ઇવાન સાથે તો સહુ સારાસારી રાખતું. તેનો પગાર પણ પહેલાં કરતાં વધારે હતો. અહીં તેણે 'વ્હીસ્ટ' રમવા માંડી. તેણે જોયું કે આ રમતથી જિંદગીની લહેજત વધે છે. તેનામાં પાનાં રમવાની આવડત હતી. રમતાં તે હંમેશાં મિજાજ ઠેકાણે રાખતો, ને ઝપાટાબંધ અને કુનેહથી ગણતરી કરતો. એટલે ઘણે ભાગે તેની જીત જ થતી.

* ૧૮૬૧ માં ગુલામોને મુક્તિ અપાયા પછી, અદાલતમાં મુકદ્દમા ચલાવવાની રીતમાં પૂરેપૂરો ને વીગતવાર સુધારો કરવામાં આવેલો.

બે વરસ આ જગાએ ગાળ્યા પછી તેને તેની ભાવિ પત્ન પ્રાસ્કોવિયા મિખેલનો ભેટો થયો. જે મંડળમાં તે હરતોફરતો તેમાં પ્રાસ્કોવિયા સૌથી વધારે દેખાવડી, ચતુર ને હોશિયાર છોકરી હતી. મેજિસ્ટ્રેટ તરીકેના કામમાંથી રાહત મેળવવા જે બીજા રમતગમત ને વિનોદ તે કરતો તેમાં એક ઉમેરારૂપે તેણે આ છોકરી સાથે હળવા મળવાનો ને વાતચીત ટોળટપ્પા વગેરે કરવાનો સંબંધ બાંધ્યો.

તે ખાસ કામ માટે નિમાયેલો અમલદાર હતો ત્યારે નાચવાની ટેવ તેને હતી; પણ મેજિસ્ટ્રેટ થયા પછી તો તે ક્વચિત જ નાચતો. અત્યારે નાચતો તો તે જાણે ફક્ત એટલું જ બતાવવા કે 'હું સુધરેલા રાજ્યતંત્રમાં કામ કરું છું, ને પાંચમી ગ્રેડના હોદ્દા પર પહોંચ્યો છું, છતાં નાચવું પડે જ તો ઘણાખરા લોક કરતાં સારું નાચી શકું છું.' એટલે કેટલીકવાર રાત પડયે તે પ્રાસ્કોવિયા જોડે નાચતો. અને મોટે ભાગે આ નાચ દરમ્યાન જ તેણે એ છોકરીનું મન હરી લીધું. તે ઇવાન જોડે પ્રેમમાં પડી. ઇવાનને પહેલાં તો પરણવાની ચોક્સ ઇચ્છા નહોતી. પણ આ છોકરી એની સાથે પ્રેમમાં પડી એટલે એણે વિચાર કર્યો: 'ખરેખર, મારે શા માટે ન પરણવું ?'

પ્રાસ્કોવિયા સારા કુટુંબની હતી, કદરૂપી નહોતી, ને તેની પાસે પોતાની થોડીક મિલકત પણ હતી. ઇવાન આથી વધારે સારી છોકરીની આશા રાખવા ધારત તો રાખી શકે એવું હતું. પણ આયે સારી હતી. એને પોતાને પગાર મળતો; ને બૈરીને પણ એટલી આવક થશે એવી આશા એને હતી. એનાં સગાંસંબંધી શ્રીમંત અને લાગવગવાળાં હતાં. ને તે પોતે મીઠા સ્વભાવની, રૂપાળી, ને અત્યંત મર્યાદશીલ યુવતી હતી. ઇવાન પ્રાસ્કોવિયા જોડે પ્રેમમાં પડ્યો, ને બે જણના વિચારોનો મેળ ખાતો એણે જોયો, એટલા માટે પરણ્યો, એમ કહેવું

ખોટું છે. એની સાથે બેસવા ઊઠવાવાળા લોકોને આ લગ્ન થાય એ ગમતું હતું માટે પરણ્યો, એમ કહેવું પણ એટલું જ ખોટું છે. તે આ બંને વિચારોથી દોરવાયો હતો. આ લગ્નથી તેમના મનને તૃપ્તિ થઇ એ સાચું. અને સાથેસાથે તેના મિત્રો ને ઓળખીતાઓમાંના સૌથી પ્રતિષ્ઠિત માણસોએ આ લગ્નને વધાવી લીધું એ વાત પણ સાચી.

આમ ઇવાન પરણ્યો.

લગ્નની તૈયારીઓ, અને વિવાહિત જીવનની શરૂઆત, પતિ-પત્નીનો પ્રણય, નવું રાચરચીલું, કાચ માટીનો નવો સામાન, નવાં કપડાં, ગાદલાંગોદડાં ને ચાદરો, એ બધું—સ્ત્રીને દહાડા રહ્યા ત્યાં સુધી તો—બહુ આનંદદાયક લાગ્યું. ઇવાન તો એમ પણ માનવા લાગ્યો હતો કે 'હું જે મોજશોખ, આનંદ, વિનોદ કરવા ને વટમાં રહેવાને ટેવાયેલો છું, ને મારી જે રહેણી ભદ્ર સમાજને ગમે છે ને મને સદી ગઇ છે, તેમાં મારા લગ્નથી જરાયે વિક્ષેપ નહીં આવે, એટલું જ નહીં પણ એની લહેજતમાં વધારો થશે. પણ સ્ત્રીની સગર્ભાવસ્થાના શરૂઆતના મહિનાથી જ તેને કંઇક નવી, અકારી, ખેદજનક, ને બેહૂદી વસ્તુ એકાએક દેખાવા માંડી; ને એમાંથી છૂટવાનો આરો નથી એમ જ તેના મનને લાગી ગયું.

સ્ત્રીએ કશા કારણ વિના કુટુંબજીવનનાં આનંદ અને સભ્યતા બંનેમાં વિક્ષેપ નાંખવા માંડ્યો. તે કશા કારણ વિના પતિ વિષે વહેમાવા લાગી; પતિ મારા સિવાય બીજા કોઈ માણસ તરફ કે બીજી કોઇ વાત તરફ ધ્યાન ન આપે એવી માગણી તેણે કરવા માંડી; એકએક વસ્તુનો દોષ કાઢવા માંડ્યો; અને ઘરમાં કજિયાકંકાસ ને રોકકળ કરવા માંડ્યાં.

જિંદગીમાં કશી વાતનો આગ્રહ રાખવો નહીં, ફૂલફટાક થઇને ફરવું, ને સહુની સાથે વિવેકનો સંબંધ જાળવવો, એવો નિયમ ઇવાને રાખેલો તેને લીધે તેનું ગાડું આજ લગી તો ચાલી ગયું હતું.

એ જ નિયમનો પ્રયોગ કૌટુંબિક જીવનમાં કરું તો આ ક્લેશ ટાળી શકાશે, એવી આશા પ્રવીણના મનમાં પહેલાં તો હતી. તેણે સ્ત્રીના કંકાસ તરફ દુર્લક્ષ કરવાનો પ્રયત્ન આદર્યો. હંમેશની નિશ્ચિન્ત અને મોજીલી ઢબે રહેવાનું ચાલુ રાખ્યું. તે મિત્રોને પોતાને ઘેર પાનાં રમવા બોલાવતો. પોતે પણ સાંજે ક્લબમાં કે મિત્રોને ઘેર જઈ વખત ગાળવાની તેણે ટેવ પાડી. પણ એક દિવસ એની સ્ત્રીએ એને જોરથી વઢી નાખ્યો, ને ઘણા જ અસભ્ય શબ્દો સંભળાવ્યા. ત્યારપછી જ્યારે જ્યારે તે સ્ત્રીનું કહ્યું ન કરે ત્યારે, પતિ નમતું ન આપે ત્યાં સુધી—એટલે કે ઘેર ન રહે, ને જેમ પોતે કંટાળતી તેમ કંટાળીને વાજ ન આવે ત્યાં સુધી—એવી અડગ બનીને ઠોક પાડતી ને ગાળો દેતી, કે પ્રવીણ ખરેખર હેબતાઈ ગયો. તેને હવે દીવા જેવું સમજાયું કે વિવાહિત જીવનથી—અથવા કહો કે પ્રાસ્કોવિયા સાથેના આવા વિવાહિત જીવનથી—નથી જીવનમાં હંમેશાં સુખ મળવાનું કે નથી સગવડ સચવાવાની, પણ સુખસગવડ ને સભ્યતા બધાંની હોળી જ થવાની છે. એટલે એ આફત આડે દીવાલ ઊભી કરી તેને ઓઠે ભરાઈ બેસવું, એવો નિશ્ચય તેણે કર્યો. એમ કરવાના ઉપાય તેણે ખોળવા માંડ્યા. સરકારી કામને અંગેની એની ફરજ એ એક જ વસ્તુ પ્રાસ્કોવિયાને મહાત કરી શકતી. એટલે સરકારી કામ ને તેને લગતી ફરજોનું આડું લઈ પોતાની સ્વતંત્રતા મેળવવા માટે તેણે પત્ની સાથે ખેંચાતાણ કરવા માંડી.

બાળક જન્મ્યું એટલે તેને પોષણ આપવાના અનેક પ્રયત્નો, તેમાં મળેલી નિષ્ફળતા, મા અને બાળકની સાચી ને કલ્પિત માંદગીઓ, એ બધામાં પ્રવીણના હેતભર્યા સમભાવની જરૂર હતી. પણ એ વાતોની તેને કશી ગતાગમ નહોતી. એટલે વળી કુટુંબની બહારથી પોતે જીવનરસ મેળવી લેવાની જરૂર તેને અધિકાધિક દેખાવા લાગી.

જેમ જેમ સ્ત્રી વધારે ચિડિયલ બનતી ગઈ ને તેના હુકમોનું આકરાપણું વધતું ગયું તેમ તેમ પ્રવીણે વધારે ને વધારે પ્રમાણમાં

ઘરને બદલે ઑફીસને જીવનનું કેન્દ્ર બનાવવા માંડી. એને લીધે તેને ઑફીસના કામમાં પહેલાંના કરતાં વધારે રસ પડવા લાગ્યો. મોટા મોટા હોદ્દા મેળવવાની તેની આકાંક્ષા પણ વધારે તીવ્ર બનતી ગઈ.

થોડા જ વખતમાં—લગ્ન પછી એક વરસની અંદર જ—ઈવાનને સમજાઈ ગયું હતું કે લગ્નથી જિંદગીની સુખસગવડમાં થોડોક વધારો કદાચ થતો હશે, પણ ખરું જોતાં તો એ બહુ અટપટી ને વસમી વસ્તુ છે; અને પોતાની ફરજ બજાવવા માટે, એટલે કે સમાજને ગમે છે એવી સભ્ય જિંદગી ગાળવા માટે, માણસે જેમ સરકારી કામ તરફ તેમ વિવાહિત જીવન પ્રત્યે પણ અમુક પ્રકારની વૃત્તિ નિશ્ચયપૂર્વક ધારણ કરવી જોઈએ.

ઈવાને ધીમેધીમે ઘર અને વિવાહિત જીવન પ્રત્યે એવી વૃત્તિ ધારણ કરી. ઘરમાં તેને ભોજન, ઘરવાળી, ને સૂવાની પથારી એટલું મળી શકતું. ત્યાંથી હવે એટલી સગવડ, ને તે ઉપરાંત લોકમત સંતોષાય એટલો બહારનો વિવેક, એટલાની જ અપેક્ષા રાખવાની ટેવ તેણે પાડી. તે ઉપરાંત હળવો વિનોદ, ગમ્મત, રમૂજ, સંસ્કારી વાતાવરણ એ બધું ત્યાંથી મળે તો કેવું સારું, એવી ઝંખના પણ તેને થતી; ને એ મળતું ત્યારે તે મનથી ઘણો આભાર પણ માનતો. પણ તેને બદલે જો ઘરમાં વિરોધ ને કંકાસનું વાતાવરણ જોતો તો તે એકદમ સરકારી કામકાજની જુદી, ને વાડનો આંતરો કરીને નોખી પાડેલી, દુનિયામાં પેસી જતો; ને ત્યાં તેના મનને તૃપ્તિ મળી રહેતી.

ઈવાન સારો અમલદાર ગણાતો. એટલે ત્રણ વરસ પછી તેને મદદનીશ સરકારી વકીલ (પબ્લીક પ્રોસીક્યુટર)ની જગા મળી. તેની નવી ફરજો, તેનું મહત્ત્વ, પોતાની નજરમાં આવે તે માણસ પર આરોપ મૂકી તેને કેદમાં પૂરવાની શક્યતા, તેનાં ભાષણોને મળતી પ્રસિદ્ધિ, ને આ તમામ વાતોમાં તેને મળેલી સફળતા, એ બધાને લીધે તેને પોતાના કામમાં ઘણો વધારે રસ પડવા લાગ્યો.

બાળકોની સંખ્યા વધવા લાગી. પ્રારંભિયા વધારે કજિયાખોર

ને ચિડિયલ બનતી ગઈ. પણ ધ્વાને ગૃહજીવન પ્રત્યે જે નવી વૃત્તિ ધારણ કરી હતી તેને લીધે, બૈરીના બબડાટની એના મન પર લગભગ કશી જ અસર થવા પામતી નહીં.

એ ગામમાં સાત વરસ નોકરી કર્યા પછી બીજા પ્રાન્તમાં સરકારી વકીલની જગા પર તેની બદલી થઈ. એ લોકો ત્યાં ગયાં તો ખરાં, પણ પૈસા ખૂટી ગયા હતા, ને ઇવાનની વહુને આ નવું સ્થળ ગમ્યું નહીં. ત્યાં પગાર વધારે હતો તેમ ખરચ પણ વધારે હતું. વળી બાળકોમાંથી બે મરી ગયાં, અને ઇવાનને માટે કૌટુંબિક જીવન પહેલાંના કરતાં વધારે ખારું બની ગયું.

નવા ઘરમાં જે કંઈ અગવડ વેઠવી પડે તે દરેકને માટે પ્રારકોવિયા પતિનો વાંક કાઢતી. પતિ પત્ની વચ્ચે જ્યારે જ્યારે, ખાસ કરીને બાળકોની કેળવણી વિષે, વાતચીત થતી ત્યારે મોટે ભાગે તો તેમાં એવા વિષયો નીકળતા જેને લીધે અગાઉની તકરારો યાદ આવતી, ને એ તકરારો ગમે તે ક્ષણે ફરીવાર સળગી ઊઠી તેમાંથી ભડકો થવાનો સંભવ રહેતો. પછી તો માત્ર વિષયસુખના વિરલ પ્રસંગો જ એમની પાસે બાકી રહ્યા. એવા પ્રસંગો એમના જીવનમાં હજુ આવતા, પણ તે લાંબો વખત ચાલતા નહીં. પ્રણયસુખના એ પ્રસંગો ટાપુઓ જેવા હતા; ત્યાં સહેજવાર નાંગરી, વિસામો લઈ, તેઓ ફરી છાની શત્રુતાના સાગરમાં સફરે નીકળી પડતાં. તેઓ એકબીજા સાથે અતડાપણું રાખતાં હતાં તેમાં એમની એ છાની શત્રુતાનો ભાવ દેખાઈ આવતો. આવું અતડાપણું ન હોવું જોઈએ એમ ઇવાનને લાગતું હોત તો કદાચ તેને એનું દુઃખ થાત. પણ આ સ્થિતિને તે સ્વાભાવિક માનતો થઈ ગયો હતો, એટલું જ નહીં પણ કૌટુંબિક જીવનમાં આ સ્થિતિ ઉત્પન્ન કરવી એને તેણે પોતાનું ધ્યેય માન્યું હતું. એની ધારણા એવી હતી કે એ કલેશકંકાસથી પોતે દહાડે દહાડે છૂટા થતા જવું, અને એ કજિયા નિર્દોષ છે ને તેમાં સભ્યતાનો ભંગ થતો નથી એવો બહારનો દેખાવ ઊભો કરવો.

આ મુરાદ બર લાવવા માટે તે કુટુંબની સાથે ઉત્તરોત્તર ઓછો ઓછો વખત ગાળવા લાગ્યો. નછૂટકે ઘેર રહેવું જ પડે ત્યારે બહારના માણસોને બોલાવી તેમની હાજરીને ઓઠે સુરક્ષિતતા મેળવવાનો પ્રયત્ન કરતો. પણ મુખ્ય વાત એ હતી કે એની પાસે સરકારી કામ કરવાનું હતું. એને હવે પોતાનો બધો જીવનરસ ઑફીસ અને અમલદારવર્ગમાંથી જ મળવા લાગ્યો; ને એ રસમાં તે તરબોળ થઇ ગયો. પોતાની સત્તાનું ભાન; જે માણસને પોતે પાયમાલ કરવા ધારે તેને પાયમાલ કરવાની પોતાની શક્તિ; અદાલતમાં તેના પ્રવેશનું મહત્ત્વ—માત્ર મહત્ત્વ જ નહીં પણ બહારનો દમામ; અથવા તો હાથ નીચેના માણસો સાથેની મુલાકાતો; ઉપરીઓ તેમજ હાથ નીચેનાઓ પાસે ધાર્યું કરાવવામાં મળતી સફળતા; પોતે મુકદ્દમાઓ ચલાવવામાં આબાદ કામ કરી બતાવે છે એ વાતનું ભાન: ને એ બધા ઉપરાંત સાથીઓ જોડેની ગપસપ, જમણો, ને બ્રીજ; આ બધામાંથી તેને આનંદ મળી રહેતો ને જીવન ભર્યું ભર્યું લાગતું. એટલે એકંદરે ઇવાનનું જીવન જેમ વહેવું જોઇએ એમ તે માનતો હતો તેવું આનંદ અને ગૌરવભર વહ્યે જતું હતું.

આવી સ્થિતિમાં બીજાં સાત વરસ નીકળી ગયાં. તેની સૌથી મોટી દીકરી સોળ વરસની થઇ ચૂકી હતી. બીજું એક બાળક મરી ગયું હતું, ને તે પછી માત્ર એક છોકરો જ બાકી રહ્યો હતો. તે નિશાળે ભણતો હતો, ને તેને વિષે માબાપને કજિયા થયાં કરતા. ઇવાન એને કાયદાની નિશાળે મૂકવા માગતો હતો. પણ એને ચીડવવાને ખાતર પ્રાસ્કોવિયાએ છોકરાને હાઇસ્કૂલમાં મૂક્યો હતો. છોકરીને ઘરમાં જ શિક્ષણ આપ્યું હતું ને તે સારી નીવડી હતી. છોકરો પણ ભણવામાં ઠોઠ નહોતો.

આમ ઇવાન ઇલીચે લગ્ન પછી સત્તર વરસ કાઢ્યાં. સરકારી વકીલની જગા પર તે લાંબા વખતથી હતો. એથી સારી જગા

મેળવવાની આશાએ તેણે ઘણીવાર બદલી થતી રોકાવી હતી. એટલામાં એક અણધારી ને અકારી ઘટના બનવા પામી, તેને લીધે તેના શાન્ત જીવનક્રમમાં મોટી ઊથલપાથલ થઇ ગઇ. એક યુનિવર્સિટીવાળા શહેરમાં વડા ન્યાયાધીશની જગા મળશે એવી એની ધારણા હતી. પણ કોણ જાણે કેમ હાપી આગળ આવી એ જગા મેળવવામાં ફાવી ગયો. ઇવાનનો પિત્તો સાવ ખસી ગયો. તેણે હાપીને ઠપકો આપ્યો; અને હાપી સાથે તેમજ પોતાના ઉપરીઓ સાથે તકરાર કરી. ઉપરીઓનાં મન ઇવાન પરથી ઊઠી ગયાં; ને બીજી નિમણૂક થઇ ત્યારે પણ તેમણે એને ટાળી મૂક્યો.

આ વાત ૧૮૮૦ માં બની. ઇવાનની જિંદગીમાં એ કઠણમાં કઠણ વરસ હતું. એ વખતે એને સ્પષ્ટ દેખાયું કે એક તરફ, એના પગારમાંથી કુટુંબનું પૂરું થઇ શકે એમ નથી; ને બીજી તરફ, જે વસ્તુમાં એને મોટામાં મોટો ને નિર્દયમાં નિર્દય અન્યાય દેખાય છે તે બીજાઓની નજરે સાવ મામૂલી બનાવ જેવી લાગે છે. તેના પિતાએ પણ તેને મદદ કરવાની પોતાની ફરજ છે એમ માન્યું નહોતું. ઇવાનને મનમાં એમ જ વસી ગયું કે સહુએ મારો ત્યાગ કર્યો છે, ને વરસે ૩,૫૦૦ રૂબલ (તે વેળાના હિસાબે આશરે ૩,૫૦૦ રૂપિયા) ના પગારવાળી જગા મને મળી છે એ એમને વાજબી લાગે છે, એટલું જ નહીં પણ હું નસીબદાર છું એમ તેઓ માને છે. તેને થયેલા અન્યાયનું ભાન, બૈરીના હંમેશના કજિયા, ને આવક ઉપરાંત ખરચ કરવાથી માથે ચડી ગયેલું કરજ, એ બધાંને લીધે તે કેવો નસીબદાર હતો એ તો એનું મન જ જાણતું હતું.

એ ઉનાળે પૈસા બચાવવાને ખાતર તેણે રજા લીધી, ને બૈરીને લઇ દેશમાં સાળાને ત્યાં રહેવા ગયો.

દેશમાં કંઇ કામધંધો મળે નહીં, એટલે એને જિંદગીમાં ફુરસદનો કંટાળો આવવા લાગ્યો. એટલું જ નહીં પણ મનમાં અસહ્ય ગમગીની પણ રહેવા લાગી. એટલે તેણે મન સાથે નિર્ધાર

કર્યો કે આમ કંઇ જિંદગી ચાલે નહીં; માટે મારે કંઇક ચાંપતા ઇલાજ કરવા જોઇએ.

એક રાત ઊંઘ્યા વિના ઓશરી પર આંટા મારીને તે એવા નિશ્ચય પર આવ્યો કે પીટર્સબર્ગ જઇ ખટપટ કરવી, અને જેમણે મારી કદર કરી નથી તેમને સજા કરવા બીજા ખાતામાં બદલી કરાવી લેવી.

બીજે દિવસે બૈરીએ ને સાળાએ ઘણો વાર્યો છતાં તે પીટર્સ-બર્ગ જવા ઊપડ્યો. ત્યાં જવામાં હેતુ એક જ હતો કે વરસે પાંચ હજાર રૂબલના પગારવાળી જગા મેળવવી. અમુક જ ખાતામાં નિમાવું, કે અમુક જ વિચારો ધરાવવા, કે અમુક જ પ્રવૃત્તિ કરવી, એવું એના મનમાં હવે નહોતું. એને તો બસ પાંચ હજાર રૂબલના પગારવાળી જગા પર નિમાવું હતું. એ જગા સરકારી વહીવટના કોઇ ખાતામાં હોય, બેંકમાં, રેલવેમાં, મહારાણી મેરિયાની કોઇ સંસ્થામાં, કે પછી ભલે જકાત ખાતામાં હોય તો લેવી—માત્ર એ જગાનો પગાર વરસે પાંચ હજાર રૂબલ હોવો જોઇએ; અને જે ખાતામાં તેની કદર નહોતી થઇ તે સિવાયના કોઇ ખાતામાં જગા હોવી જોઇએ.

આ શોધમાં ઇવાનને ભારે ને અણધારી ફતેહ મળી. કુર્સ્કના સ્ટેશને તેનો એક ઓળખીતો ઇલીન પહેલા વર્ગના ડબામાં દાખલ થયો, ઇવાનની પાસે બેઠો, ને તેણે ખબર આપી કે કુર્સ્કના સૂબા પર હમણાં જ તાર આવ્યો છે કે પ્રધાનમંડળમાં ફેરફાર થવાની તૈયારી છે — પીટર ઇવાનોવીચની જગાએ ઇવાન સેમીનોવીચ નિમાવાનો છે.

આ ફેરફાર રશિયાને સારુ તો મહત્ત્વનો હતો જ, પણ ઇવાનને સારુ ખાસ મહત્ત્વનો હતો. પીટર પેટ્રોવીચ, અને એને લીધે તેનો મિત્ર ઝાકાર ઇવાનોવીચ, આગળ આવે તો ઇવાન ઇલીચના પાસા પોબાર પડે એમ હતું; કેમકે ઝાકાર ઇવાનોવીચ તેનો મિત્ર ને

સાથી હતો.

મોસ્કોમાં આ ખબર સાચી હોવાની પાકી બાતમી મળી. પીટર્સબર્ગ પહોંચતાં જ ઇવાન ઝાકારને મળ્યો: અને ન્યાયખાતામાં જ તેને સારી જગાનું ચોક્કસ વચન મળી ગયું.

અઠવાડિયા પછી તેણે બૈરીને તાર કર્યો: 'મીલરની જગાએ ઝાકાર આવ્યા છે. તે રિપોર્ટ કરશે એટલે મારી નિમણૂક થશે.'

ઉપલા અધિકારીઓમાં થયેલા આ ફેરફારને પરિણામે, ઈવાનને અણધારી રીતે પોતાના જ ખાતામાં જે જગા મળી ગઈ તેને લીધે તેના અગાઉના સાથીઓ કરતાં તે બે ગ્રેડ આગળ વધી ગયો. તે ઉપરાંત તેને પાંચ હજાર રૂબલનો પગાર મળ્યો. સ્થાનાંતર કરવાના ખરચ પેટે પાંત્રીસસો રૂબલ મળ્યા તે જુદા. અગાઉના શત્રુઓ અને આખા ખાતા સામેનો તેનો રોષ ઊતરી ગયો, ને તેના સુખમાં કશી મણા રહી નહીં.

તે સાળાને ઘેર પાછો ફર્યો ત્યારે તેને જેટલા આનંદ અને સંતોષ હતા તેટલા ઘણાં વરસથી તેણે કદી અનુભવ્યા નહોતા. પ્રાસ્કોવિયા પણ રાજી થઈ ગઈ, ને તેમની વચ્ચે યુદ્ધવિરામની ગોઠવણ થઈ. પીટર્સબર્ગમાં સહુએ એને કેવી જાતનો આપેલી: જે માણસો એના શત્રુ હતા તે કેવા શરમિંદા બની ગયા હતા ને તેની ખુશામત કરવા આવ્યા હતા; એની નિમણૂકથી એ લોકોની આંખમાં કેટલું ઝેર આવ્યું હતું; ને પીટર્સબર્ગમાં સહુ કેવી એની વાહવા કરતું હતું; તે બધાની વાત ઇવાને કરી.

પ્રાસ્કોવિયાએ એ બધું ધ્યાન દઈને સાંભળ્યું, ને તેને સાચું લાગ્યું હોય એમ જણાયું. કશી પણ વાત ખોટી છે એમ એણે ન કહ્યું, પણ જે શહેરમાં તેઓ હવે જવાનાં હતાં ત્યાંના જીવનને માટે યોજનાઓ જ કરવા માંડી. ઇવાનને જોઈને આનંદ થયો કે આ યોજનાઓ તે મારી જ યોજનાઓ છે; અમે પતિપત્ની એકમત થયાં ખરાં; અને એક ઠોકર ખાધા પછી જિંદગી આનંદ, વિનોદ

અને સભ્યતાના યોગ્ય ને સ્વાભાવિક ચીજ્ઞા પર આવતી જાય છે.

ઇવાન થોડા વખતને માટે જ પાછો આવ્યો હતો. તેને ૧૦ મા સપ્ટેંબરે નવા કામ પર હાજર થવાનું હતું. વળી નવી જગાએ ઠરીઠામ થવું, જૂની જગાએથી સામાન લાવવો, ઘણી નવી વસ્તુઓ ખરીદવી ને તૈયાર કરાવવી, એ બધામાં—ટૂંકામાં, જે ગોઠવણો તેણે ધારેલી, ને જેમાં પ્રાસ્કોવિયાની પણ લગભગ પૂરી સંમતિ હતી, તે કરવામાં—તેને ઘણો વખત જોઇએ એમ હતું.

હવે નસીબસંજોગે બધું સરસ રીતે ગોઠવાઈ ગયું હતું. પતિપત્નીની ધારણાઓમાં મેળ સધાયો હતો. અને ઉપરાંત તેઓ એકબીજાની જોડે ઘણો ઓછો વખત ગાળતાં. એટલે લગ્ન પછીનો એક શરૂઆતનાં વરસો બાદ કરતાં કદી નહોતો એટલો એકરાગ તેમની વચ્ચે જામ્યો. ઇવાને કુટુંબને તરત જ સાથે લઈ જવાનો વિચાર રાખ્યો હતો. પણ તેના સાળાએ ને સાળાની વહુએ ઘણો આગ્રહ કર્યો એટલે તે એકલો જવાને કબૂલ થયો. સાળા ને તેની વહુને ઇવાન ને તેના કુટુંબ પ્રત્યે એકાએક હેત ઊભરાઈ આવ્યું હતું.

ઇવાને વિદાય લીધી. તેની સફળતાથી ને પતિ પત્ની વચ્ચે સ્થપાયેલા એકરાગથી તેના ચિત્તમાં જે પ્રસન્નતા આવી હતી તે ઓસરી ગઇ નહીં. તેણે સરસ ઘર શોધી કાઢ્યું. એણે ને એની પત્નીએ જે સ્વપ્નું સેવેલું એ સાચું પડે એવું જ આ ઘર હતું. જૂની ઢબનાં વિશાળ, ઊંચાં દીવાનખાનાં, સોહદાર ને સુંદર અભ્યાસ ખંડ, માદીકરી માટે ઓરડાઓ, દીકરા માટે અભ્યાસખંડ — જાણે આ કુટુંબ માટે ખાસ ન બંધાવ્યું હોય એવું જ ઘર હતું. ઇવાને જાતે ગોઠવણો પર દેખરેખ રાખી, દીવાલે ચોડવાના કાગળ પસંદ કર્યા, નવું વધારાનું ફરનીચર ખરીદ્યું (ખાસ કરીને કેટલીક જૂના જમાનાની કીમતી વસ્તુઓ ખરીદીને), ફરનીચર પર કાપડ પોતાની નજર સામે ચડાવડાવ્યું. એકએક કામ આગળ વધવા લાગ્યું, ને તેણે પોતાને માટે જે આદર્શ કલ્પ્યો હતો તે જાણે સિદ્ધ થવા

આવ્યો. કામો અડધાં થયાં એટલામાં તો એની આશાઓ કરતાં પણ અધિક શોભા થઈ એમ એને લાગ્યું. ઘર આખું જ્યારે ગોઠવાઈ જશે ત્યારે કેવું કલામય ને સુશોભિત દેખાશે, ને એમાં રુચિભંગ થાય એવું કશું નહીં હોય, એ વિચારથી તેનું મન નાચી ઊઠયું. ઊંઘતી વખતે તે મન આગળ ચિતાર ખડો કરતો કે દીવાનખાનું કેવું દેખાશે. દીવાનખાનું હજુ અધૂરું ગોઠવાયું હતું; તેના તરફ તે નજર નાખતો ત્યારે, તાપવાની સગડી, પડદા, છાજલીઓ-વાળો ઘોડો, આમતેમ મૂકેલી નાની નાની ખુરસીઓ, ભીંતે મૂકેલી નાની મોટી રકાબીઓ ને તાસકો, ને કાંસાની કલાકૃતિઓ એ બધું સહુ સહુને ઠેકાણે જાણે ગોઠવાઈ ગયું છે એવું ચિત્ર તેની કલ્પના સમક્ષ આવીને ઊભું રહેતું. તેની સ્ત્રી અને દીકરી, જેમની અભિરુચિ આ વિષયમાં તેની પોતાની અભિરુચિ જોડે મળતી આવતી હતી, તેઓ આ બધું જોઈને કેવાં છક થઈ જશે, એ વિચારથી તેને ગલગલિયાં થયાં. તેઓ ખરેખર આટલા બધાની અપેક્ષા તો નહીં જ રાખતાં હોય. કેટલીક જૂની કલાકૃતિઓ શોધી કાઢી સોંઘે મૂલે ખરીદવામાં તેને સફળતા મળી હતી: ને એ વસ્તુઓને લીધે જાણે કોઈ અમીર ઉમરાવનું ઘર ન હોય એવો દેખાવ થઈ ગયો હતો. પણ તે જે કાગળો લખતો તેમાં જાણીબૂજીને દરેક ચીજ વિષે થોડું થોડું, લખવું ઘટે તેના કરતાં કંઈક ઓછું જ, લખતો જેથી મા-દીકરી અહીં આવે ત્યારે તેમને અણધાર્યો આનન્દ થાય. આ બધામાં એનું મન એવું પરોવાઈ ગયું કે, તેને સરકારી કામ ગમતું છતાં, નવી ફરજોમાં તેને ધાર્યા કરતાં ઓછો રસ પડ્યો. કયારેક અદાલતનું કામ ચાલતું હોય ત્યારે પણ થોડીક ક્ષણો એનું ધ્યાન બીજે ચાલ્યું જતું; ને પડદાને માટે સીધા 'કૉર્નીસ' રાખવા કે વાંકા એના વિચારો જ મનમાં ચાલવા માંડતા. એમાં એને એટલો બધો રસ આવતો કે કેટલીકવાર તે જાતે જ કામ કરવા મંડી પડતો, ને ફરનીચર નવેસર ગોઠવતો કે પડદા નવેસર ટિંગાડતો. એકવાર પડદા

ટકાવનારે સમજતો નહોતો તેને પડદા કેમ લટકાવવા તે બતાવવા
એક સીડી પર ચડતાં તે પગલું ચૂક્યો ને સરકી પડ્યો. પણ મજબૂત
ચપળ માણસ હોવાથી તે સીડીને વળગી રહ્યો. એક બારીના બાર-
ણાના ગદ્દા સાથે પડખું ભટકાયું એટલું જ. એ ઉઝરડાવાળી જગાએ
ખાવો તો થયો, પણ તે થોડા જ વખતમાં જતો રહ્યો. એ વખતે એના
શરીર ને મનમાં જોમ અને સ્ફૂર્તિ પુષ્કળ લાગતાં હતાં. તેણે સ્ત્રીને
કહ્યું: "હું છું એના કરતાં પંદર વરસ નાનો હોઉં એવું લાગે છે."
તેણે ધારેલું કે સપ્ટેંબર સુધીમાં બધી ગોઠવણી પૂરી થઈ જશે,
પણ કામ તો ઑક્ટોબર અધવચ સુધી ચાલ્યું. પણ આટલી મહેનતે
શણગારેલા ઘરની શોભા જોઈને એ પોતે જ નહીં પણ જે કોઈ જોતું
તે સહુ ફિદા થઈ જતું.

ખરું જોતાં તો, મધ્યમ આવકવાળા જે માણસો શ્રીમંત દેખાવા
માગે છે તેમના ઘરમાં સામાન્યપણે હોય છે એવી જ શોભા ને
ટાપટીપ અહીં પણ હતી; અને તેથી એ ઘર એના જેવાં બીજાં
ઘરોના જેવું જ દેખાવા લાગ્યું. વેલબુટ્ટાવાળું રેશમી કાપડ, કાળું
લાકડું, છોડવા, ગાલીચા, ને ઘસીને ચકચકાટ કરેલી ને ન કરેલી
કાંસાની કલાકૃતિઓ વગેરે જે ચીજો અમુક વર્ગના લોકો એ જ
વર્ગના બીજા લોકોના બરોબરિયા ગણાવા માટે વસાવે છે તે અહીં
પણ હતી. એનું ઘર એટલું બધું બીજાં ઘરોના જેવું હતું કે એના
તરફ કોઈનું ધ્યાન પણ ન ગયું હોત. પણ એને પોતાને તો
લાગતું હતું કે મારું ઘર આફ્લાતૂન છે, ને એનો જોટો જોવા જડે
એમ નથી. તેનું કુટુંબ આવ્યું ત્યારે તે સ્ટેશને સામો ગયો, ને તેમને
નવા ગોઠવેલા ઘરમાં લઈ આવ્યો. ઘર દીવાથી ઝાકઝમાળ હતું. સફેદ
ટાઈવાળા નોકરે બારણું ઉઘાડ્યું, એટલે બધાં છોડવાથી શણગારેલા
હૉલમાં પેઠાં; અને દીવાનખાનું ને અભ્યાસખંડ જોતાં તો તેમનાં
મોંમાંથી આનંદના ઉદ્ગાર નીકળવા લાગ્યા. એ જોઈને ઇવાનનું
ચિત્ત બહુ જ પ્રસન્ન થયું. તેણે એમને આખું ઘર બતાવ્યું, તેમનાં

સ્તુતિવચનોનું ઉત્કંઠાથી પાન કર્યું, ને તેનાં આંખ ને મોઢું હર્ષથી ખીલી ઊઠ્યાં. સાંજે ચા પીતી વખતે પ્રાસ્કોવિયાએ તે પડી ગયેલો એ વિષે પૂછ્યું ત્યારે એણે એ વાત હસી કાઢી, ને પોતે કેવી રીતે પડી ગયેલો ને પડદાવાળો કેવો ગભરાઇ ગયેલો તેનું વર્ણન હાવભાવ કરી બતાવ્યું.

'એ તો હું જરા પહેલવાન જેવો છું એટલે સારું છે. બીજો માણસ તો જીવથી જ જાત. મને જરા અહીં વાગ્યું એટલું જ. એ જગાએ અડું છું ત્યારે દુખાવો થાય છે, પણ હવે તો એ મટી જવા આવ્યો છે સહેજ ઉઝરડો જ છે.'

આમ એમણે નવા ઘરમાં રહેવા માંડયું. જેમ હંમેશાં બને છે તેમ, જ્યારે તેઓ એમાં બરાબર ઠરીઠામ થઇ ગયાં ત્યારે એમને લાગ્યું કે હજુ એક ઓરડો ઓછો પડે છે; અને આવક વધી છે—જોકે એ, હંમેશાં બને છે તેમ સહેજ, પાંચસોએક રૂબલ જેટલી. ઓછી તો પડે છે, પણ છે એટલીથી પણ બહુ સારી રીતે રહેવાય છે.

પહેલાં પહેલાં, બધી ગોઠવણ પાકી નહોતી થઈ ને કંઇક કંઇક કામ કરવાનું બાકી હતું—આ ચીજ ખરીદવી, પેલી મંગાવવી, એક ખસેડવી, બીજી ગોઠવવી, એ બધી ગડમથલ ચાલુ હતી—ત્યાં સુધી તો ઘરમાં સુખશાન્તિનું વાતાવરણ રહ્યું. પતિપત્ની વચ્ચે ક્યારેક ચડભડાટ થતો, પણ બંનેને એટલો બધો સન્તોષ હતો ને એટલું બધું કામ કરવાનું હતું કે એવા પ્રસંગો ભારે કજિયા વિના પસાર થઇ જતા. કશું ગોઠવવાનું ન રહ્યું ત્યારે કંઇક નીરસતાનો ભાસ થવા માંડ્યો, ને કશાકની ઊણપ રહી ગઇ છે એમ દેખાવા લાગ્યું; પણ તે વખતે તેઓ નવી નવી ઓળખાણો કરવામાં ને નવી ટેવો પાડવામાં રોકાયાં હતાં, એટલે જીવન ભર્યુંભર્યું લાગવા માંડ્યું હતું.

ઇવાન સવારનો વખત અદાલતમાં ગાળતો ને બપોરે ઘેર જમવા આવતો. પહેલાં તો તે એકંદરે ખુશમિજાજ રહેતો, પણ ક્વચિત ઘરને કારણે જ ચિડાઇ જતો. ટેબલકલોથ કે પડદા પર

સહેજ ડાઘ પડ્યો હોય કે બારીના પડદાની દોરી તૂટી હોય તો તે ખિજાઇ જતો. તેણે એટલી મહેનત કરીને એ બધું ગોઠવ્યું હતું કે એમાં એક પણ ચીજ આડીઅવળી થતાં તેના જીવને ભારે કચવાટ થતો. પણ એકંદરે તેના જીવનનો પ્રવાહ તેના મનને ગમે એવી રીતે — સરળતાથી, સુખચેનમાં, ને સુરુચિના નિયમો જળવાય એવી રીતે—ચાલી રહ્યો હતો.

તે નવ વાગે ઊઠતો, કૉફી પીતો, છાપું વાંચતો, ને પછી કપડાં પહેરી અદાલતમાં જતો. ત્યાં જે પોશાક પહેરીને તેને કામ કરવાનું હતું તે પોશાક એને બેસે એવો બનાવવામાં આવ્યો હતો, એટલે એ પહેરતાં એને જરાયે અડચણ આવતી નહીં. અરજદારો, મુકદ્દમાની સુનાવણીઓ, જુબાનીઓ વગેરે કામકાજ દિવસભર ચાલતું. આ બધામાં મુખ્ય વાત એ હતી કે નવી ને ચેતનદાયી હોય એવી દરેક વસ્તુ ટાળવી, કેમકે તેથી સરકારી કામકાજના નિયમિત ક્રમમાં ખલેલ પડે; અને તે ઉપરાંત લોકો જોડે માત્ર સરકારી રાહે, ને સરકારી કામકાજ પૂરતો જ, સંબન્ધ રાખવો. દાખલા તરીકે કોઇ માણસ કંઇક બાતમી મેળવવા આવે. એ બાબત ઇવાનના હાથમાં ન હોય તો તે પેલા માણસને રોકડી ના પરખાવી દે, ને તે સિવાય કશી વાત જ એની સાથે ન કરે. પણ કોઇ માણસ સરકારી કામ માટે — એટલે કે સરકારી છાપવાળા કાગળ પર લખી શકાય એવા કંઇ કામ માટે — આવે, તો તે બધું કરે; સરકારી નિયમની હદમાં રહીને કરી શકાય તે બધું કરવા ન ચૂકે; અને એ કરતાં મિત્રતાભર્યા સંબન્ધનો દેખાવ રાખે, એટલે કે વિવેક ને શિષ્ટાચાર સાચવે. સરકારી કામ અંગેનો સંબન્ધ પૂરો થઇ રહ્યો કે મિત્રતાનો સંબન્ધ પણ પૂરો થાય. ખાનગી જીવન અને અમલદારી જીવનને છૂટાં પાડવાની ને એને ભેળસેળ ન થવા દેવાની આ શક્તિ ઇવાનમાં ઘણા જ મોટા પ્રમાણમાં હતી. અને લાંબા વખતના અભ્યાસથી તેમજ જન્મથી મળેલી એ જાતની ફાવટને લીધે, તેણે

એ શક્તિને એટલી હદે પહોંચાડી હતી કે કેટલીકવાર કોઇ ઉસ્તાદની પેઠે, તે ખાનગી ને સરકારી સંબન્ધોને એકસાથે ભળવા પણ દેતો. આટલી છૂટ તે લેતો તેનું કારણ માત્ર એટલું જ હતું કે તે ધારે ત્યારે માણસોની જોડે ફરી પાછો કડક અમલદારી સંબન્ધથી વર્તવાનું શરૂ કરી શકતો, ને માણસ માણસ તરીકેનો ખાનગી કે મિત્રતાનો સંબન્ધ પડતો મૂકી શકતો. અને આ બધું તે સહેલાઇથી, મોજથી, વિવેક જાળવીને, એટલું જ નહીં પણ કલાપૂર્વક, કરતો. અદાલતના કામકાજમાં વચ્ચે છુટ્ટી પડે ત્યારે તે સિગરેટ ફૂંકતો, ચા પીતો, સહેજસાજ રાજકાજ વિષે ને જરાતરા સામાન્ય બાબતો વિષે વાતચીત કરતો, બેચાર વાતો પાનાંની રમત વિષે કહેતો. પણ વાતચીતનો મુખ્ય વિષય તો સરકારી નિમણૂકોનો જ હોય. સાંજ પડયે તે થાકી જાય; પણ કોઇ ઉસ્તાદને થાય—વાદનમંડળના કોઇ અગ્રગણ્ય વીણાકારે વૃંદવાદનમાં વીણા ભૂલચૂક વિના વગાડી હોય તેને થાય—એવી લાગણી તેના મનમાં ઊપજે. એવી સ્થિતિમાં તે ઘેર આવે તો જુએ કે તેની સ્ત્રી અને દીકરી દિવસે સારે સારે ઘેર મળી આવ્યાં હતાં, અથવા કોઇ તેમને મળવા આવ્યું હતું, છોકરો નિશાળે ગયેલો, તેણે ઘેર શિક્ષક જોડે લેસન કર્યું હતું, ને હાઇસ્કૂલમાં જે કંઇ શીખવાય છે તે એ બરાબર શીખતો હતો. જિંદગીની આખી ઘટમાળ જેવી ચાલવી જોઇએ તેવી ચાલી રહી હતી. જમ્યા પછી, જો કોઇ મળવા ન આવ્યું હોય તો, ઇવાન કેટલીકવાર એ વખતે ઘણી ચર્ચાતી કોઇ ચોપડી વાંચતો; ને સાંજે કામે લાગી જતો—એટલે કે અદાલતના કાગળો વાંચતો, સાક્ષીઓની જુબાનીઓ સરખાવી જોતો, ને એને લાગુ પડનારી કાયદાની કલમો નોંધતો. આ કામ નહોતું નીરસ કે નહોતું રસિક. બ્રીજ રમવાનું છોડીને આ કામ પર બેઠો હોય ત્યારે તે નીરસ લાગતું. પણ બ્રીજ રમવાની સગવડ ન હોય ત્યારે નવરા કે બૈરી પાસે બેસવા કરતાં તો આ કામ કરવું સારું લાગતું. ઇવાનને મોટામાં મોટો આનન્દ જમણની નાની

નાની પાર્ટીઓ આપવામાં આવતો. તેમાં તે સમાજમાં સારો દરજ્જો ભોગવતાં સ્ત્રીપુરુષોને નોતરતો. જેમ એનું દીવાનખાનું બીજાં બધાં દીવાનખાનાંને મળતું આવતું, તેમ એની મોજમજાથી ભરેલી નાની નાની પાર્ટીઓ એ જ જાતની બીજી બધી પાર્ટીઓને મળતી આવતી.

એકવાર એમણે નાચ-પાર્ટી પણ કરી. ઇવાનને એમાં બહુ મજા આવી, ને આખો પ્રસંગ સરસ રીતે ઊકલી ગયો. માત્ર એમાંથી પતિપત્ની વચ્ચે કેક અને મીઠાઇઓને અંગે ભારે વઢવાડ થઈ. પ્રાસ્કોવિયાએ એને ગમી એવી યોજના કરી હતી. પણ ઇવાને એક મોંઘા કંદોઇને ત્યાંથી જ મીઠાઇ મંગાવવાની જીદ પકડી, ને જરૂર કરતાં વધારે કેક મંગાવી. ઘરમાં વઢવાડ એટલા માટે થઇ કે એમાંની કેટલીક કેક વધી, અને કંદોઇનો આંકડો પિસ્તાળીસ રૂબલ આવ્યો. પ્રાસ્કોવિયાએ પતિને 'બેવકૂફ ને અક્કલ વગરનો' કહ્યો. ઇવાને પોતાનું માથું કચકચાવીને પકડ્યું, ને ગુસ્સામાં છૂટાછેડાનું નામ પણ દઇ દીધું.

પણ નાચ તો ખરેખર ઘણો જ મજાનો થયો હતો. શહેરના સારામાં સારા લોકો આવ્યા હતા; અને ભદ્ર સમાજમાં વિખ્યાતિ પામેલી એક શ્રીમંત સ્ત્રીની બહેન કુંવરી ટ્રુફેનોવાની સાથે ઇવાનને નાચવાની તક મળી હતી.

ઇવાનને તેના કામમાંથી જે આનન્દ મળતો તેનાથી તેની મહત્ત્વાકાંક્ષા પોષાતી. પાર્ટીઓ, સંમેલનો વગેરે સામાજિક પ્રસંગોમાંથી તેને જે આનન્દ મળતો તેનાથી તેનું ગુમાન પોષાતું. પણ એને મોટામાં મોટો આનન્દ તો 'બ્રીજ' રમવામાંથી મળતો. તે કબૂલ કરતો કે 'મારા જીવનમાં ભલે ગમે તેવો ખેદજનક બનાવ બને; તોપણ બીજી બધી વસ્તુઓની ઉપર પ્રકાશના કિરણની પેઠે જે આનન્દ ઝગ-ઝગે છે તે તો બ્રીજ રમવાનો જ હોય છે. પણ એમાં રમનારા સારા હોવા જોઇએ; ધાંટાઘાટ કરી મૂકનાર જોડીદાર ન ચાલે; અને બ્રીજ

ચાર જણની હોવી જોઇએ (પાંચ રમનાર હોય ત્યારે એકને બાતલ રહેવું પડે છે એ બૂરું લાગે છે, જોકે માણસ ડોળ તો એવો કરે છે જાણે કશું લાગતું નથી); રમત કુશળતાથી ને ગંભીરતા જાળ-વીને (બેશક પાનાં સારાં આવે ત્યારે જ તો) રમાવી જોઇએ; અને પછી વાળુ કરવાનું ને દારૂનો જામ પીવાનું મળે એટલે બસ.' બ્રીજ રમ્યા પછી—ખાસ કરીને જો તે થોડુંક જીત્યો હોય (મોટી રકમ જીતવી એ અણગમતી વાત હતી) તો—તે બહુ વિશેષ આનન્દમાં આવી જતો, ને એવી સ્થિતિમાં જ સૂઇ જતો.

આ દંપતીના જીવનનું નાવ આવી રીતે ચાલ્યે જતું હતું. સારામાં સારા લોકોમાંથી કેટલાકની સાથે તેમણે ઓળખાણો કરી હતી; અને પ્રતિષ્ઠિત માણસો ને જુવાન સ્ત્રીપુરુષો તેમને ત્યાં બેસવા આવતાં. એમના ઓળખીતાઓ વિષેના પતિપત્ની ને દીકરી-ના મત પૂરેપૂરા મળતા આવતા હતા. કેટલાંક હલકા દરજ્જાનાં ઓળખીતાં ને સગાં, હેતનો ભારે ડોળ કરી, જપાની રકાબીઓથી શણગારેલી ભીંતોવાળા દીવાનખાનામાં ધસી આવતાં; તેમને તેઓ વગરકહ્યે ને એકમતે દૂરથી જ નમસ્કાર કરતાં ને વિદાય આપી દેતાં. આ હલકા દરજ્જાનાં ઓળખીતાં થોડા જ વખતમાં આવતાં બંધ થઇ ગયાં; ને ફક્ત સારામાં સારાં માણસો જ ગોલોવીનના મિત્રમંડળમાં કાયમનાં ટકી રહ્યાં.

જુવાનો લીઝાની સાથે સંવનન કરવા લાગ્યા. એમાંથી એક મિટ્રી, જે પેટ્રીશેવનો એકનો એક દીકરો ને વારસ હતો, તે લીઝા તરફ એટલું બધું ધ્યાન આપવા લાગ્યો કે ઇવાને એ વિષે પ્રાસ્કોવિયાને ક્યારની વાત કરી હતી, અને એમને માટે પાર્ટી ગોઠવવી અથવા તો થોડાંક ખાનગી નાટકોના ખેલ ગોઠવવા કે કેમ એનો વિચાર એ દંપતીએ કરી જોયો હતો.

તેઓ આ રીતે દિવસ નિર્ગમન કરતાં હતાં; બધું સારી રીતે ચાલી રહ્યું હતું; કશી ઊથલપાથલ થતી નહોતી; ને જીવન આનંદભેર

વધી રહ્યું હતું.

૪

એમની સહુની તંદુરસ્તી સારી હતી. ઇવાન કેટલીકવાર કહેતો કે 'મારા મોંમાં વિચિત્ર સ્વાદ આવે છે ને ડાબા પડખામાં સહેજ બેચેની થાય છે, પણ એને માંદગી ન કહી શકાય.

પણ એ બેચેની વધી. એને સખત દુખાવો તો ન કહી શકાય, પણ પડખે કંઇક ભારે લાગવા માંડયું, ને સાથેસાથે મનને પણ અસુખ રહેવા લાગ્યું. એની એ ચીડ દહાડે દહાડે વધતી ગઇ. ને ગોલોવીન કુટુંબમાં આનંદ, મોજશોખ ને શિષ્ટાચારનું વાતાવરણ જામ્યું હતું તેમાં ખલેલ પડવા માંડી. પતિ પત્ની વચ્ચે કજિયાના પ્રસંગો વધતા ગયા. થોડા વખતમાં ઘરની શાન્તિ ને સુખસગવડ અલોપ થઇ ગઇ, અને ઉપરઉપરનો વિવેક પણ જેમતેમ ટકી રહ્યો. કજિયા ને વઢવાડોએ ફરી પાછું ઘર ઘાલ્યું. જે ટાપુઓ પર પતિપત્ની વઢી પડ્યા વિના મળી શકતાં તેવા ટાપુઓની સંખ્યા બહુ જ ઘટી ગઇ. 'મારા વરનો સ્વભાવ ચિડિયલ થઇ ગયો છે.' એમ કહેવાને પ્રાસ્કોવિયાને હવે ઠીકઠીક કારણ હતું. વાત વધારીને કરવાનો તેના સ્વભાવ; એટલે તેણે તો કહેવા માંડ્યું કે 'એમનો સ્વભાવ તો હંમેશનો તોબા પોકરાવે એવો છે. એમની સાથે વીસ વરસ રહેતાં મારી ધીરજની કેટલી કસોટી થઇ છે તે મારું મન જાણે છે.' એ વાત સાચી હતી કે હવે કજિયા એનો પતિ શરૂ કરતો. એનો પિત્તો ઊછળી આવવાના પ્રસંગો બનતા તે હંમેશાં જમતા પહેલાં, ઘણીવાર તો 'સૂપ' પીવાનું શરૂ કરતા પહેલાં જ, બનતા. કેટલીકવાર તાસક કે રકાબીનો કાનો તૂટેલો હોય, રસોઇમાં કંઇક ખામી હોય, છોકરાએ ટેબલ પર કોણી ટેકવી હોય, કે છોકરીના વાળ એને પોતાને ગમે એવી રીતે ન ઓળેલા હોય એમ એના જોવામાં આવતું; ને એ બધાનો દોષ એ પ્રાસ્કોવિયાને માથે ઢોળતો. પહેલાં તે તડ ને ફડ જવાબ દેતી ને પતિને

કડવાં વેણુ સંભળાવતી. પણ એકએવાર તે જમણુ શરૂ થતી વખતે જ ક્રોધથી એવો રાતોપીળો થઇ ગયો કે પ્રાસ્કોવિયાને થયું કે ખાવાને લીધે શરીરમાં કંઇક દરદ થાય છે તેનું જ આ પરિણામ હોવું જોઇએ. એટલે એણે જીભ પર સંયમ રાખ્યો; ને સામો બોલ ન વાળતાં જમવાનું જલદી આટોપી લેવાની ટેવ પાડી. પોતાનો આ સંયમ એને બહુ સ્તુતિપાત્ર લાગ્યો. 'મારા પતિનો સ્વભાવ ભયંકર છે, ને મારી જિંદગીની એમણે ધૂળધાણી કરી નાખી છે,' એવી ગાંઠ એણે મન સાથે બાંધેલી; એટલે એ મનમાં પોતાની દયા ખાવા લાગી; ને જેમ જેમ પોતાની દયા વધારે ખાવા લાગી તેમ તેમ પતિ પ્રત્યેનો તેનો તિરસ્કાર વધતો ગયો. એના મનમાં એમ પણ થવા લાગ્યું કે પતિ મરે તો સારું. છતાં એ મરે એ એને ગમતી વાત નહોતી, કેમકે તો તો એનો પગાર આવતો બંધ થઇ જાય ને! એને લીધે વળી એને પતિ પર વધારે ચીડ ઊપજવા લાગી. એને લાગ્યું કે 'હું તો ઘોર દુઃખમાં પડેલી છું, કેમકે પતિ મરે તોયે મને સુખ મળે એમ નથી.' એના મનનો આ ધૂંધવાટ એ છુપાવી રાખતી ખરી; પણ એ છૂપા ધૂંધવાટને લીધે ઇવાનની ચીડનો પણ પારો વધતો ગયો.

એક વઢવાડમાં તો ઇવાને એની સ્ત્રીને દેખીતો અન્યાય કર્યો હતો; અને ત્યારપછી ખુલાસો કરતાં કહેલું: 'હું ચિડિયલ થઇ ગયો છું એ વાત સાચી છે. પણ એનું કારણુ એ છે કે મારી તબિયત સારી નથી.' પ્રાસ્કોવિયાએ કહ્યું: 'તબિયત સારી ન હોય તો એનો ઇલાજ કરવો જોઇએ. પેલા જાણીતા ડાકટર પાસે જ તમારે જવું જોઇએ. ન જાઓ તે નહીં ચાલે.'

તે ગયો. તેણે જેવું ધારેલું ને જેવું હંમેશાં બને છે એવું જ બધું બન્યું. ડાકટરને ત્યાં રાહ જોતા બેસી રહેવાનું તો હોય જ. ડાકટરે ભારેખમ મોઢું રાખેલું. એ દેખાવ ઇવાનને પરિચિત હતો, કેમકે તે અદાલતમાં એવું જ ભારેખમ મોં રાખીને બેસતો. ડાકટરે

છાતી ઠોકી જોઇ ને કાને નળી મૂકી અવાજ સાંભળી જોયા; અને મોઢું ભારેખમ કર્યું. એમાં ગર્ભિત આશય એમ કહેવાનો હતો કે 'તમે જો તબિયતની વાત અમારા હાથમાં સોંપી દોને, તો અમે બેડો પાર ઉતારી આપીશું. એ કેમ કરાય એની અમને પાકી ખબર છે, ને અમને લવલેશ શંકા નથી. સહુનું કામ સરખી રીતે જ પાર ઉતારવાનું હોય છે.' જેવું તન્ત્ર અદાલતમાં હતું તેવું જ અહીં પણ હતું. ઇવાન પોતે આરોપી સામે જોતાં જેવી મુખમુદ્રા ધારણ કરતો તેવી જ મુખમુદ્રા ડાકટરે એની સામે જોતાં ધારણ કરી.

ડાકટરે કહ્યું: 'અમુક અમુક લક્ષણ બતાવે છે કે તમારા શરીરમાં અમુક વ્યાધિ છે. પણ અમુક ડાકટર તપાસ કરીને આ અનુમાનને ટેકો ન આપે, તો અમુક વ્યાધિ છે એવું નિદાન કરવું પડે. હું આમ આમ માની લઉં તો......વગેરે.' ઇવાનને મન તો એક જ પ્રશ્ન મહત્ત્વનો હતો: 'મારો વ્યાધિ ગંભીર છે કે નહીં?' પણ એ અઘટિત પ્રશ્ન તરફ ડાકટરે ધ્યાન આપ્યું નહીં. એની દૃષ્ટિએ એને આ પ્રશ્નનો વિચાર કરવાનો નહોતો. એને તો નિર્ણય એ કરવાનો હતો કે આ કેસમાં મૂત્રાશય તરે છે, કે જૂની શરદી છે, કે ઍપેંડીસાઇટીસ છે. એ ઇવાનના જીવનમરણનો સવાલ નહોતો, પણ તરતા મૂત્રાશય કે ઍપેંડીસાઇટીસ વચ્ચે નિર્ણય કરવાનો સવાલ હતો. અને ડાકટરે એ સવાલનો ચુકાદો ઍપેંડીસાઇટીસની તરફેણમાં આપ્યો, એમાં એણે અસાધારણ કુશળતા વાપરી એમ ઇવાનને લાગ્યું. ડાકટરે માત્ર એટલું કહી રાખ્યું કે પેશાબ તપાસતાં કંઇ બીજાં ચિહ્નો દેખાશે તો આ વિષયનો ફરી વિચાર કરવો પડશે. ઇવાને પોતે આરોપીઓ જોડે કામ લેવામાં હજારોવાર કુશળતાપૂર્વક આ જ વસ્તુ કરી હતી. ડાકટરે આખી વાતનો સાર એટલી જ છટાદાર વાણીમાં સંભળાવ્યો; ને આરોપીની સામે ચશ્માંની ઉપર થઇને, જાણે પોતાનો વિજય થયો હોય એવી રીતે ને કંઇક આનંદભેર આરોપી જ સામે નજર નાખી. ડાકટરના ઉપસંહાર પરથી ઇવાને એટલો

તો ખ્યાલ બાંધ્યો કે મારી સ્થિતિ ખરાબ છે; પણ મારી સ્થિતિ ભલે ખરાબહોય, છતાં ડાકટરને, ને કદાચ બીજાં સહુને, એને વિષે કશી પડી નથી. આ ખ્યાલ આવતાં એના દિલને દર્દ થયું. મનમાં પોતાના પ્રત્યે દયા ઊપજી. અને આવી અગત્યની બાબત વિષે ડાકટરની બેપરવાઈ તરફ તેને તિરસ્કાર પેદા થયો.

આને વિષે તે કશું બોલ્યો નહીં, પણ ઊભો થયો, ડાકટરની ફી ટેબલ પર મૂકી, ને નિસાસો નાખીને કહેવા લાગ્યો : 'અમે માંદા લોકો કદાચ ઘણીવાર અઘટિત પ્રશ્નો પૂછતા હઈશું. પણ મને એકંદરે એટલું કહો કે આ દરદ ભયંકર છે કે નહીં?'

ડાકટરે ચશ્માંના કાચ ઉપરથી તેની સામે એક આંખે કરડી નજર નાખી; જાણે એમ ન કહેતો હોય કે 'કેદી, તું જો તને પૂછેલા સવાલોની મર્યાદામાં રહીને નહીં બોલે, તો મારે તને અદાલતમાંથી બહાર મોકલી દેવો પડશે.'

'મને જે જરૂરી ને યોગ્ય લાગ્યું તે હું તમને કહી ચૂક્યો છું. પેશાબ તપાસાશે પછી કદાચ કંઈક વધારે ખબર પડશે.' કહી ડાકટરે નમન કર્યું.

ઈવાન ધીરેધીરે બહાર નીકળ્યો, ભારે અસ્વસ્થ ચિત્તે ગાડીમાં બેઠો, ને ઘેર પહોંચ્યો. ઘેર જતાં આખે રસ્તે તે ડાકટરે કહેલા શબ્દો વિષે વિચાર કરતો હતો; એ અટપટા, અસ્પષ્ટ ને શાસ્ત્રીય શબ્દોનો સાદી ભાષામાં અનુવાદ કરવા ને તેમાં આ પ્રશ્નનો ઉત્તર શોધવા મથવા લાગ્યો: 'મારી સ્થિતિ ખરાબ છે? બહુ ખરાબ છે? કે હજુ બહુ બગાડો નથી થયો?' એને એવો ભાસ થયો કે ડાકટરે કહેલી વાતોનો અર્થ તો એ જ હતો કે તબિયત બહુ ખરાબ છે. રસ્તામાં જે કંઈ જોવામાં આવ્યું તે ગમગીની વધારનારું લાગ્યું. ગાડીવાળો, ઘરો, રસ્તે ચાલનાર માણસો, ને દુકાને એ બધાં પર ગમગીની ને નેરાશા છવાયેલાં દેખાયાં. એનો દુખાવો—આ ધીરો ધીરો ને કોતરી ખાનારો દુખાવો—ડાકટરના સંદિગ્ધ શબ્દો પછી નવો ને વધારે ગંભીર

રૂપે દેખાવા લાગ્યો. ઇવાને હવે નવી ને ગભરાટની લાગણીથી એનું નિરીક્ષણ કરવા માંડ્યું.

તેણે ઘેર જઇ પત્નીને વાત કરવા માંડી. તે સાંભળતી હતી. પણ વચ્ચે જ છોકરી ટોપ પહેરી, માની સાથે બહાર જવા તૈયાર થઇને, આવી પહોંચી. આ કંટાળો ચડે એવી વાત સાંભળવા તે કચવાતે મને બેઠી, પણ તેનાથી લાંબો વખત ધીરજ રખાઇ નહીં; ને માએ પણ વાત છેવટ સુધી સાંભળી નહીં.

'ચાલો, બહુ સારું થયું તમે જઇ આવ્યા તે. હવે ધ્યાન રાખીને દવા નિયમિત રીતે લેજો. ડાક્ટરે દવા લખી આપી હોય તે કાગળ મને આપો, એટલે જિરાસીમને દવાવાળાને ત્યાં મોકલું.' કહી તે બહાર જવાની તૈયારી કરવા ગઇ.

એ ઓરડામાં હતી ત્યાં સુધી ઇવાનને સાસ ખાવાનોયે વખત મળ્યો નહોતો. પણ તે ગઈ એટલે તેણે ઊંડો નિસાસો નાખ્યો.

'ના, ના,' તેને થયું, 'દરદ કદાચ ખરેખર એટલું ખરાબ નહીં હોય.'

તેણે દવા લેવા માંડી, ને ડાક્ટરની સૂચનાઓનો અમલ કરવા માંડ્યો. પેશાબ તપાસાયા પછી દવા ને સૂચનાઓ બંનેમાં ડાક્ટરે ફેરફાર કર્યો હતો. પણ પછી પાછું એમ જોવામાં આવ્યું કે પેશાબ-ની તપાસ પરથી થયેલું નિદાન, અને દરદીના શરીરમાં દેખાતાં ચિહ્નો, એ બેની વચ્ચે મેળ ખાતો નથી. ઇવાને જોયું કે મને જે દરદ થાય છે તે ડાક્ટરે કહેલું તેના કરતાં જુદી જાતનું છે; એટલે ડાક્ટરને કાં તો વિસ્મરણ થયું હશે, કાં તો તેણે ગોથું ખાધું હશે, અથવા તેણે કશી વાત મારાથી છાની રાખી હશે. પણ એને માટે કંઇ ડાક્ટરનો વાંક કાઢી શકાય નહીં. એટલે ઇવાને એના હુકમોનું અક્ષરશઃપાલન કરવું ચાલુ રાખ્યું; ને પહેલાં તો એને એમ કરવાથી કંઇક આસાયેશ પણ મળી.

ઇવાન ડાક્ટર પાસે જઇ આવ્યો ત્યારથી, સ્વચ્છતા ને દવા

વિષે ડાકટરની સૂચનાઓનું ચોક્કસ પાલન કરવું, અને દરદનું ને ઝાડાપેશાબનું નિરીક્ષણ કરવું, એ જ તેનો મુખ્ય વ્યવસાય થઇ પડ્યો. લોકોનાં દરદ ને લોકોનું આરોગ્ય એની જ વાતોમાં એને વધારેમાં વધારે રસ પડવા લાગ્યો. કોઇ માણુસ માંદું પડ્યાની, મરી ગયાની કે સાજું થયાની વાત એની હાજરીમાં થાય—ખાસ કરીને એ માંદગી એની પોતાની માંદગીને મળતી હોય—ત્યારે તે કાન માંડીને સાંભળી રહેતો. એ સાંભળતાં એના મનમાં જે ફફડાટ થતો તે ઢાંકવાનો પ્રયત્ન કરતો, પ્રશ્નો પૂછી જોતો, ને જે કંઇ સાંભળ્યું હોય તે પોતાની માંદગીને લાગુ પાડતો.

દુખાવો ઓછો થતો નહોતો, પણ ઇવાને પરાણે મનને એમ મનાવવા મથતો કે મારી તબિયત સુધરી છે. જ્યાં સુધી તેના મનને કશી અકળામણ થવાનો પ્રસંગ ન આવ્યો હોય ત્યાં સુધી તો તે આ પ્રયત્નમાં ફાવતો. પણ સ્ત્રી જોડે સહેજ પણ ખટરાગ થાય, સરકારી કામમાં કંઇક નિષ્ફળતા મળે, કે બ્રીજમાં ખરાબ પાનાં આવે, કે તરત જ તેને એકાએક દરદનું તીવ્ર ભાન થતું. પહેલાં તે આવી mischances સહન કરી લેતો; અને બગડેલી બાજી થોડા જ વખતમાં સુધારી લેવાની, મુસીબતોને તરી પાર ઊતરવાની, ને સફળતા મેળવવાની, કે રમતમાં ડંકો વગાડવાની આશા રાખતો. પણ હવે સહેજ પણ અણધારી મુસીબત આવે ને ધાર્યું કામ ન થાય તો તે નિરાશામાં ડૂબી જતો. તે મનમાં કહેતો; 'જોને, હું જરાક સાજો થવા માંડ્યો હતો ને દવાની અસર થવા માંડી હતી ત્યાં પાછી આ આફત આવી પડી કે પેલાની સાથે ખટરાગ થયો......' અને એ પેલી અરુચિકર ઘટના પર, અથવા જે લોકો તેને ચીડ કરાવતા હતા ને તેનો જીવ લઇ રહ્યા હતા તેમના પર, બહુ જ ગુસ્સે થઇ જતો. આ ગુસ્સો મારે માટે ઘાતક છે એવું ભાન તો તેને હતું, છતાં એને તે રોકી શકતો નહીં. સંજોગો ને માણસો પર આ રીતે ગુસ્સો કરવાથી તો મારી માંદગી વધે છે, ને તેથી મારે અણગમતા બનાવો

તરફ દુર્લક્ષ કરવું જોઇએ, એ વસ્તુ તેને સાફ સમજાવી જોઇતી હતી, એમ કોઇને સહેજે લાગે એવું છે. પણ ઇવાને તો મનમાં એથી ઊલટી ગાંઠ વાળી. તે કહેવા લાગ્યો કે મારે શાન્તિ જોઇએ છે. એ શાન્તિમાં ભંગ પાડે એવી દરેક વસ્તુ તરફ તે ટાંપીને જોઇ રહેતો; ને શાન્તિમાં જરાક ખલેલ પડે કે મિજાજ ખોઇ બેસતો. તે વૈદકની ચોપડીઓ વાંચતો ને અનેક ડાકટરોની સલાહ લેતો. તેને લીધે તેની સ્થિતિ વધારે બગડતી જતી હતી. એનું દરદ એટલું ધીરેધીરે આગળ વધતું હતું કે એક દિવસની સાથે બીજાને સરખાવતાં તે પોતાના મનને છેતરી શકે એમ હતું—બે દિવસ વચ્ચેનો ફરક એટલો નજીવો દેખાતો. પણ તે જ્યારે ડાકટરોની સલાહ લેતો ત્યારે તેને લાગતું કે મારું દરદ વધતું જાય છે, ને તે પણ બહુ ઝપાટાભેર. તેમ છતાં તેણે ડાકટરોની સલાહ લેવાનું ચાલુ રાખ્યું હતું.

એ મહિને તે બીજા એક નામાંકિત ડાકટરને મળવા ગયો. પહેલા ડાકટરે કહી હતી તેના જેવી જ વાત આ ડાકટરે પણ કહી. માત્ર એણે જરા જુદા શબ્દોમાં પ્રશ્નો પૂછ્યા એટલું જ. એ પ્રસિદ્ધ ડાકટર સાથેની મુલાકાતથી તો ઇવાનની શંકા અને બીકમાં માત્ર વધારો જ થવા પામ્યો. એના એક મિત્રનો મિત્ર સરસ ડાકટર હતો. તેણે વળી બીજા બધાના કરતાં જુદું જ નિદાન કર્યું. અને દરદ મટી જશે એમ તો જોકે તેણે કહ્યું, પણ તેણે જે પ્રશ્નો પૂછ્યા ને અટકળો કરી એથી તો ઇવાન વધારે ગભરાયો ને તેની શંકા વધી પડી. એક હોમિયોપથીવાળાએ કંઈક જુદો જ વ્યાધિ બતાવ્યો ને દવા બતાવી, તે ઇવાને અઠવાડિયા સુધી છૂપી રીતે લીધી. પણ અઠવાડિયા પછી કશો સુધારો જણાયો નહીં, એટલે આગલા ડાકટરના તેમજ આના પણ ઉપચાર પરથી તેની શ્રદ્ધા ઊડી ગઈ, અને નિરાશા ને ગમગીની વધી પડી. એક દિવસ એની એક ઓળખીતી બાઇએ કહ્યું કે એક ચમત્કારી મૂર્તિ છે તેની પૂજાથી ફલાણો માણસ સાજો થઇ ગયો. ઇવાને જોયું કે પોતે એ વાત ધ્યાનથી સાંભળી

રહ્યો છે, ને એ વાત ખરેખર બની હશે એવી આસ્થા તેને બેસતી જાય છે. આ બનાવથી તે ભડકી ઊઠ્યો. તેને થયું, 'મારું મન શું ખરેખર આટલું બધું નબળું પડી ગયું છે? છટ્! ખોટી વાતો છે એ બધી. મારે આવા ગભરાટને વશ ન થવું જોઇએ, પણ એક ડાક્ટર પસંદ કરી તેને વળગી રહેવું જોઈએ, ને એ કહે તે પ્રમાણે જ ખાવાપીવાનું, ઊઠવા બેસવાનું બધું કરવું જોઇએ. એમ જ કરીશ હું. નક્કી થઇ ગયું હવે. હું એને વિષે વિચારો નહીં કર્યા કરું. પણ ઉનાળા સુધી તો હું મન દઇને આ જ ઉપચાર કરીશ. પછીની વાત પછી છે. હવે પછી મનમાં આવા ઉધામા થવા જ નથી દેવા!' આ વાત કહેવી સહેલી પણ કરવી અશક્ય હતી. પડખાના દરદથી તે બેજાર થઈ રહ્યો હતો. દરદ વધતું જતું દેખાતું હતું, ને શરૂ થાય ત્યારે લાંબા વખત સુધી ચાલતું. મોંનો સ્વાદ પણ દહાડે દહાડે વધારે વિચિત્ર થતો જતો હતો. એને લાગ્યું કે મારો શ્વાસ પણ ગંધ મારે છે. ભૂખ ને શક્તિ પણ જાણે જતી રહી છે એમ એને લાગતું. હવે મનને છેતરવામાં સાર નહોતો. કંઇક ભયંકર, નવી, ને જિંદગીમાં પહેલાં કદી બની હોય એના કરતાં અગત્યની ઘટના તેના શરીરમાં બની રહી હતી; ને એની ખબર તેને એકલાને જ પડતી હતી. તેની આસપાસનાં માણસો એ સમજતાં નહોતાં કે સમજવા માગતાં નહોતાં. તેમને તો લાગતું હતું જાણે દુનિયા હંમેશની પેઠે જ ચાલી રહી છે. એ જોઇ ઇવાનને જેવી વેદના થતી તેવી બીજા કશાથી થતી નહીં. તેણે જોયું કે મારાં કુટુંબીઓ, ખાસ કરીને મુલાકાતો, પાર્ટીઓ ને નાચમાં ગુલતાન થઇ ગયેલાં માદીકરી, આ વિષે કશું સમજતાં નથી; ને હું આવો ગમગીન ને કડક થઇ ગયો છું એને માટે ઊલટાં મારા પર ચિડાય છે, જાણે એમાં મારો જ વાંક ન હોય. એ લોકો મનની વાત છુપાવવા મથતાં, છતાં ઇવાન જોઇ શક્યો કે હું એમના માર્ગમાં આડખીલીરૂપ છું; મારી બૈરીએ મારી માંદગી વિષે અમુક ધોરણ ઠરાવી રાખ્યું છે; ને હું ગમે તે કહું

કે કરું તેની પરવા ન કરતાં તે મક્કમપણે એ ધોરણને વળગી રહે છે. પ્રાસ્કોવિયાનું વલણ આ પ્રકારનું હતું: તે બહેનપણીઓને કહેતીઃ 'તમે જાણો છો, બહેન ? બીજા કરે છે એમ ઇવાન કરી શકતા નથી, ને ડાક્ટર જે ઉપચાર બતાવે તે આસ્થા રાખીને લાંબો વખત કરતા જ નથી. એક દિવસ દવા લે, કરી બરાબર પાળે, ને વેળાસર સૂઇ જાય. પણ બીજે દિવસે હું જો ધ્યાન ન રાખું તો એકાએક દવા લેવાનું ભૂલી જાય, ડાક્ટરે માછલી ખાવાની ના કહી હોય છતાં તે જ ખાય, ને રાતે એક વાગ્યા સુધી પાનાં ટીચવા બેસે.'

'જા જા હવે, એવું ક્યારે કરેલું?' ઇવાન ચિડાઇને પૂછે. એક વાર પીટરને ત્યાં રમેલા તે જ.'

'ને કાલે શેબેકની સાથે.'

'એ તો હું ન જાગ્યો હોત તોયે આ દરદ મને થોડો જ ઊંઘવા દેવાનું હતું ?'

'એ ગમે તેમ કહો, પણ આ રીતે તમે કદી સાજા થવાના નથી. અમને હંમેશાં દુઃખી કરશો એટલું જ'

ઇવાનની માંદગીને વિષે પ્રાસ્કોવિયા એમ જ માનતી— ઇવાનને તેમજ બીજાંને કહેતી પણ ખરી—કે એમાં એમનો પોતાનો જ વાંક છે; ને મને જાણે ઓછી સતામણી કરી હોય તેમ એમાં આ એક ઉમેરો કર્યો છે. ઇવાનને લાગતું કે આ વચન તે વગરવિચારે બોલી નાખે છે એટલું જ. પણ એથી કંઇ એની વેદનામાં ઘટાડો થતો નહોતો.

અદાલતમાં પણ ઇવાને જોયું, અથવા પોતે જોવાનો એને ભાસ થયો, કે લોકો કંઇક વિચિત્ર રીતે મારી સામે જોઇ રહે છે. કેટલીક-વાર તેને લાગતું કે મારી જગા જાણે થોડા વખતમાં ખાલી પડવાની હોય એવા ભાવથી લોકો મારી સામે તાકીતાકીને જુએ છે. વળી પાછા એના મિત્રો એકાએક એની ગમગીની માટે મિત્રભાવે એને ટપકો આપવા માંડતા; જાણે એના શરીરમાં ચાલી રહેલું ભયંકર,

ત્રાસદાયક, ને કદી ન સાંભળેલું એવું દરદ, જે એને રાતદિવસ કોરી ખાતું હતું ને એને જરાયે ચેન પડવા દેતું નહોતું, તે ઠઠ્ઠામશ્કરી-નો સરસ વિષય ન હોય! ખાસ કરીને શ્વાર્ટ્ઝની મશ્કરીઓ, હસાહસ ને ગતકડાંથી એને વિશેષ ખીજ ચડતી; કેમકે એ જોઇને તે પોતે દસ વરસ પર કેવો હતો તે એને યાદ આવતું.

એકવાર ચાર ભાઇબંધો આવ્યા ને પાનાંની રમત શરૂ થઇ. નવાં પાનાંને નરમ પાડવાને ચીપનારે એને વાંકાં વાળ્યાં. ઇવાને હાથમાંનાં ચોકડીનાં પાનાં ગણી જોયાં તો સાત ચોકડી! તેના ભેરુએ કહ્યું: 'નો ટ્રપ.' બીજી વારીમાં ઇવાનને ટેકો આપતાં કહ્યું: 'બે ચોકડી.' બસ આથી સારું શું જોઇએ? તે બહુ હોંશમાં આવી ગયો, ને તેને જાણે નવી સ્ફૂર્તિ આવી. હવે તો બધા હાથ આપણે જ કરીએ. પણ ત્યાં તો ઓચિંતું ઇવાનને પડખામાં દરદ થવા લાગ્યું; મોંનો સ્વાદ બગડવા લાગ્યો; ને એવી સ્થિતિમાં પાનાં શું, રમત શું, ને આનંદ શું બધી બેવકૂફી છે એમ તેને થવા લાગ્યું.

તેણે તેના ભેરુ મિખેલ સામે નજર નાખી. મિખેલે એનો મજબૂત હાથ ટેબલ પર પછાડ્યો; અને હાથ થયેલો તેનાં પાનાં પોતે લેવાને બદલે તે પાનાં વિવેકથી ને હળવે રહીને ઇવાન તરફ ખસેડ્યો, જેથી ઇવાન હાથ લાંબો કર્યા વિના જ તે પાનાં ભેગાં કરવાનો આનન્દ લઇ શકે. ઇવાનને થયું: 'એ શું એમ માનતો હશે કે મારામાં હાથ લાંબો કરવા જેટલું પણ જોર નથી?' આ વિચાર આડે પોતે શું કરે છે એનું ભાન રહ્યું નહીં, ને એણે પોતાને એ પરવા કેમ નહોતી વધારે પડતી બોલી કરી નાખી, ને ત્રણ હાથની હાર ખાધી. સૌથી બૂરી વાત તો એ બની કે કે આને લીધે મિખેલ કેટલો બેચેન થઇ ગયો એ ઇવાને જોયું, પણ એને પોતાને પરવા નહોતી. પોતાને એ પરવા કેમ નહોતી એ સમજાતાં એના પેટમાં ફાળ પડી.

સહુએ જોયું કે ઇવાનને દરદ થાય છે. તેમણે કહ્યું: 'તમે થાક્યા હો તો બંધ કરીએ. આરામ લો.' સૂઇ જાઉં? ના, ના, થાક

જરાયે લાગ્યો નથી. ઇવાને 'રબર' પૂરું કર્યું.રમનારા સહુ ગમગીન થઇને ચૂપચાપ રમતા હતા. ઇવાનને લાગ્યું કે મેં પોતે જ એમના પર આ ગમગીની ઢોળી છે, ને હું તે દૂર કરી શકતો નથી. મહેમાનો બધા જમ્યા ને ઘેર ગયા, એટલે ઇવાન એકલો પડ્યો. 'મારું જીવન વિષમય થઇ ગયું છે, ને હું બીજાનાં જીવનને વિષમય બનાવી રહ્યો છું. અને એ વિષ ઓછું થતું નથી પણ મારી રગે રગે વધારે ને વધારે ઊંડું ઊતરતું જાય છે,' એ વિચાર તેના મનમાં ઘોળાયાં કર્યો.

એક તરફ આ વિચાર ચાલતો હોય, ને બીજી તરફ બીક લાગતી હોય ને શરીરમાં વેદના થતી હોય, એવી સ્થિતિમાં તે સૂઈ જતો; પણ ઘણીવાર તેને રાતનો મોટો ભાગ જાગતા પડી રહેવું પડતું. બીજે દિવસે સવારે પાછા ઊઠીને કપડાં પહેરી અદાલતમાં જવાનું, બોલવાનું ને લખવાનું તો હોય જ. અથવા, બહાર ન જાય તો, દિવસના ચોવીસે કલાક ઘરમાં ગાળવા પડે; ને એમાંનો એકેએક કલાક ભારે ત્રાસદાયક લાગે. આવી રીતે, ઊંડી ખાઇની કોર પર તેને એકલાને રહેવું પડતું; ને તેને સમજે કે તેની દયા ખાય એવું કોઈ નહોતું.

૫

એમ એક પછી એક મહિના વીતતા ગયા. નાતાલના અરસામાં તેનો સાળો શહેરમાં આવી તેને ત્યાં ઊતર્યો. એ આવ્યો તે વખતે ઇવાન અદાલતમાં હતો, ને પ્રાસ્કોવિયા બજારમાં ખરીદી કરવા ગઇ હતી. ઇવાન ઘેર આવી અભ્યાસખંડમાં દાખલ થવા જાય છે ત્યાં તેના સાળાને જાતે પેટી ખોલતાં જોયો; તે નીરોગી ને લાલબુમ હતો. ઇવાનનો પગરવ સાંભળી તેણે માથું ઊંચું કર્યું, ને પળવાર તો અવાચક બનીને તેની સામે આંખો ફાડી રહ્યો. એ દૃષ્ટિપાતે જ ઈવાનને જે કહેવાનું હતું તે બધું કહી દીધું. સાળાએ 'અરરર' કહેવા મોઢું તો ઉઘાડ્યું, પણ રોકાઇ ગયો. એ વસ્તુએ જ ઈવાનનું અનુમાન સાચું ઠરાવ્યું.

'હું એવો બદલાઇ ગયો છું, એમ ?'

'હા, બદલાયા તો છો.'

તે પછી, પોતે કેવો દેખાય છે એ વિષય પર સાળાનો અભિપ્રાય જાણવા તેણે ઘણોયે પ્રયત્ન કર્યો, પણ પેલાએ એ વિષે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં. પ્રાસ્કોવિયા ઘેર આવી એટલે એનો ભાઇ એની પાસે ગયો. ઇવાને બારણું બંધ કરી તાળું વાસ્યું, ને અરીસામાં જોવા લાગ્યો. પહેલાં અરીસો સામે રાખી મોઢું ધારીધારીને જોયું; ને પછી અરીસો બાજુમાં રાખી લમણા ને કાનનો ભાગ તપાસ્યો. પતિપત્નીએ સાથે બેસીને પડાવેલી એક છબિ હતી તે લીધી, ને અરીસામાં દેખાતા પ્રતિબિંબ સાથે તેને સરખાવી જોઇ: તેનો ચહેરો જાણે ઓળખાય એવો જ રહ્યો નહોતો. પછી કોણી સુધીના હાથ ખુલ્લા કર્યા; તે જોઇ લીધા; ને બાંયો પાછી ઉતારી સોફા પર બેઠો. તેના મોઢા પર મેશ ઢળી ગઇ.

'ના, ના, આ નહીં ચાલે!' મન સાથે કહેતાંકને તે કૂદકો મારી ઊભો થયો, ટેબલ આગળ ગયો, કાયદાના કાગળો કાઢી વાંચવા લાગ્યો, પણ ઝાઝી વાર વંચાયું નહીં. બારણું ઉઘાડ્યું, ને દીવાનખાનામાં ગયો. દીવાનખાનાનું બારણું બંધ હતું. તે પગની આંગળીઓ પર ચાલતો ચાલતો પાસે ગયો, ને બહાર ઊભો ઊભો સાંભળવા લાગ્યો.

'ના, તું અતિશયોક્તિ કરે છે!' પ્રાસ્કોવિયા કહેતી હતી.

'અતિશયોક્તિ! જોતી નથી? મડદા જેવા તો થઇ ગયા છે! આંખો જોને—આંખમાં નૂર જ ક્યાં છે? પણ એમને દરદ શું થયું છે?'

'કોઇને ખબર પડતી નથી. નિકોલેવીચે (એ બીજો એક ડાક્ટર હતો) કંઇક કહેલું ખરું, પણ શું તે હું નથી જાણતી. લેસ્ચેટિટ્સ્કીએ (એ બીજો એક પ્રસિદ્ધ નિષ્ણાત હતો) એથી સાવ ઊલટી જ વાત કહી....'

ઇવાન પાછો ફર્યો, પોતાના ઓરડામાં ગયો, સૂઇ રહ્યો, ને

વિચાર કરવા લાગ્યો: 'મૂત્રાશય, તરતું મૂત્રાશય.' એ મૂત્રાશય કેવી રીતે છૂટું પડીને આમતેમ ફરતું હતું એ વિષે બધા જ ડાકટરોએ એને વાત કહેલી તે એને યાદ આવી. કલ્પનાબળ વડે તેણે એ મૂત્રાશયને પકડી, ઠેકાણે લાવવાનો ને ત્યાં ઝાલી રાખવાનો પ્રયત્ન કર્યો. તેને થયું આ તો સાવ સહેલી વાત છે. 'ચાલ પીટર ઇવાનોવીચને મળી આવું. (આ પીટરનો જ મિત્ર ડાકટર હતો.) તેણે ઘંટડી વગાડી, ગાડી જોડાવી, ને જવાની તૈયારી કરી.

'ક્યાં જાઓ છો, ઝાં?' મોઢા પર અત્યંત ખેદ ને અસાધારણ દયાનો ભાવ લાવી પ્રાસ્કોવિયાએ પૂછ્યું.

આ અસાધારણ દયાનો ભાવ જોઇ તે ચિડાયો. તેણે મોઢું ચડાવીને વૈરી સામે જોયું.

'પીટરને મળવા ગયા વિના ચાલે એમ નથી.'

તે પીટરને મળવા ગયો. બે જણ મળી પીટરના મિત્ર ડાકટર પાસે ગયા. ડાકટર ઘેર હતો. ઇવાને એની સાથે લાંબી વાતચીત કરી.

ડાકટરના મત પ્રમાણે તેના શરીરમાં જે કંઇ ક્રિયા ચાલી રહી હતી તેની વીગતોનો વિચાર કરી જોતાં તેને પૂરેપૂરી સમજ પડી ગઇ.

શરીરમાં કીડાના આકારનું જે 'એપેંડિક્સ' છે તેની અંદર કંઇક—નાનું સરખું કશુંક—હતું. તે મટી જાય એવું હતું. માત્ર એક અવયવની પ્રવૃત્તિ વધારીએ ને બીજાની પ્રવૃત્તિ રોકી લઇએ તો પેલું જે કંઇ છે તે અંદર ને અંદર જ સમાઇ જાય ને દરદ મટી જાય. ઇવાન રોજના જમવાના વખત કરતાં મોડો ઘેર પહોંચ્યો. જમ્યા પછી આનન્દથી વાતો કરવા બેઠો. પણ લાંબા વખત સુધી તેને ઊઠીને પોતાના ઓરડામાં જઈ કામ કરવાનું મન થયું નહીં. આખરે તેણે અભ્યાસખંડમાં જઇ જે કંઇ કરવા જેવું હતું તે કર્યું. પણ 'મેં કંઇક વસ્તુ કોરે મૂકી છે—એ કંઇક અગત્યની ને ખાનગી બાબત છે, ને મારું કામ પતી જશે એટલે

પાછો હું તેનો ફરી વિચાર કરીશ—' એ ધૂન તેના મનમાંથી જરા પણ ખસે જ નહીં. કામ પતી ગયું એટલે એને યાદ આવ્યું કે આ ખાનગી કામ તે તો 'એપેંડિક્સ' વિષે વિચાર કરવાનું છે. પણ તે આ વિચારને વશ થયો નહીં, ને દીવાનખાનામાં ચા પીવા ગયો. ત્યાં કેટલાક જણ મળવા આવ્યા હતા. એમાં પેલો મૅજિસ્ટ્રેટ પણ હતો જેને આ દંપતી દીકરીને માટે સારો 'મુરતિયો' ગણતાં હતાં. દીવાનખાનામાં વાતચીત, પીઆનોનું વાદન, ગાયન વગેરે ચાલી રહ્યું હતું. પ્રાસ્કોવિયાએ કહ્યું તેમ, ઇવાને એ સાંજનો વખત અસાધારણ આનંદમાં ગાળ્યો. પણ પોતે એપેંડિક્સની અતિ અગત્યની બાબતનો વિચાર કરવાનો મુલતવી રાખ્યો છે એ વાત ઇવાન પળવાર પણ ભૂલ્યો નહોતો. અગિયાર વાગે તે સહુની વિદાય લઇ સૂવાના ઓરડામાં ગયો. માંદગી શરૂ થઇ ત્યારથી તે અભ્યાસખંડ જોડેના એક નાના ઓરડામાં એકલો સૂઇ રહેતો. તેણે કપડાં કાઢ્યાં, ઝોલાની એક નવલકથા લીધી; પણ વાંચવાને બદલે વિચારમાં પડી ગયો. એની કલ્પનામાં એપેંડિક્સમાં ધાર્યો સુધારો થઇ ગયો. દરદનો અંશ શરીરમાં ભળી જઇ બહાર નીકળી ગયો, ને શરીરનો સંચો પાછો પહેલાંની જેમ કામ કરવા લાગ્યો. 'હા, બરાબર એમ જ!' તે મનમાં જ બોલી ઊઠ્યો. 'માણસ માત્ર કુદરતને મદદ કરે એટલે બસ છે.' તેને દવા યાદ આવી એટલે ઊઠ્યો, દવા લીધી, ને ચત્તા સૂઇ રહી દવાની લાભદાયક અસર થઇ ને દુખાવો ઓછો થયો એ ધ્યાનપૂર્વક જોઇ રહ્યો. 'હું દવા નિયમિત લઉં ને ફરી પાળું એટલે બસ. મને સુવાણ લાગવા માંડ્યું છે. બહુ આરામ લાગે છે.' તેણે પડખે હાથ ફેરવી જોયો. ત્યાં અડવાથી દુખતું નહોતું. 'બરાબર, દરદ થતું જ નથી. મટી જવા આવ્યું જ સમજોને.' તે દીવો હોલવી સૂઇ ગયો, ને પડખું ફેરવ્યું......'એપેંડિક્સ સુધરતું જાય છે, દરદ શમતું જાય છે.' મનમાં આ રટણ ચાલતું હતું ત્યાં તો એકાએક જૂની, પરિચિત, ધીરીધીરી, કોતરી ખાનારી, હઠીલી ને ગંભીર વેદના

ઊપડી. મોં એના એ પરિચિત ખરાબ સ્વાદથી કસાણું થઇ ગયું. ઇવાનનું હૈયું બેસી ગયું, ને એ તો સ્તબ્ધ જ થઇ ગયો. 'અરે ભગવાન! અરે ભગવાન!' તે ગગણવા લાગ્યો. 'પાછું ઊપડ્યું! ફરી પાછું! ત્યારે કદી મટવાનું નહીં, એમ જ ને?' એકદમ તેને આખી વસ્તુ સાવ નવા જ રૂપમાં દેખાઇ. 'એપેંડિક્સ! મૂત્રાશય!' તેણે મનમાં કહ્યું. 'સવાલ એપેંડિક્સ કે મૂત્રાશયનો નથી, પણ જીવનનો ને......મરણનો છે. હા, જિંદગી હતી, ને હવે ચાલી જાય છે; એ ચાલી જાય છે; ને હું એને રોકી શકતો નથી. હા, મારે મનને શા સારુ છેતરવું? મારા સિવાય સહુને દીવા જેવું દેખાય છે કે મારું મોત નજીક આવી રહ્યું છે; હવે સવાલ થોડાંક અઠવાડિયાં કે દિવસોનો જ છે......કદાચ આ પળે પણ જીવ નીકળી જાય. પહેલાં અજવાળું હતું ને હવે અંધારું થઇ ગયું છે. હું અહીં હતો, ને હવે ત્યાં જવા લાગ્યો છું! ક્યાં?' તેને શરીરે કંપારી આવી ગઇ; ને શ્વાસ બંધ થઇ ગયો. માત્ર હૃદયના ધબકારા જ સંભળાતા હતા.

'હું મરી જઇશ પછી અહીં શું રહેશે? કશું નહીં રહે. મરી ગયા પછી હું ક્યાં જઇશ? આ તો મોત નહીં હોય? ના, ના, મારે નથી મરવું!' તે કૂદકો મારીને ઊભો થયો; મીણબત્તી સળગાવવા ગયો; ધ્રૂજતે હાથે મીણબત્તી શોધી જોઇ; હાથમાંથી મીણબત્તી ને દીવી બંને ભોંય પર પડી ગયાં; ને ઇવાન પાછો ઉસીકા પર પડ્યો.

'દવા ને દારૂ—શા કામનાં? કશો ફરક તો પડતો નથી,' એમ મનમાં કહી, તે આંખો ફાડી અંધારામાં જોઇ રહ્યો. 'મોત. હા, મોત. એ બધાં જાણતાં નથી; એમને જાણવું પણ નથી, ને એમને મારે માટે દયા પણ નથી. એ તો બધાં રમે છે.' (દૂરથી ગાયન અને વાદ્યનો અવાજ આવતો એને સંભળાયો.) 'એમને તો બધું સરખું છે. પણ એ પણ મરવાનાં જ છે! બેવકૂફો! હું પહેલો, ને એ પછી, પણ એમનો પણ વારો આવ્યા વિના રહેવાનો નથી.

હમણાં તો ચેનબાજી કરી રહ્યાં છે.. ...હેવાનો !'

ક્રોધથી એનો શ્વાસ રૂંધાઇ ગયો; ને મનમાં ને શરીરે અસહ્ય વેદના થવા લાગી. 'સહુને આવી ભયાનક વેદના ભોગવવી નિર્મેલી હોય એમ ન જ બને !' તે જરાક ઊંચો થયો.

'કંઇક ભૂલ થતી હોવી જોઇએ. લાવ શાન્ત પડીને છેક શરૂઆતથી બધો વિચાર કરી જોઉં.' તેણે ફરી વિચાર કરવા માંડ્યો. 'હા, મારી માંદગીની શરૂઆત : મારા પડખામાં વાગ્યું, છતાં તે દહાડે ને બીજે દહાડે તો હું સાવ સાજો હતો. પહેલાં સહેજસાજ દુખવા લાગ્યું, ને પછી જરા વધારે. હું ડાકટરોને મળ્યો. પછી ગમગીની ને વેદના, ને બીજા ડાકટરો, એ બધી ઘટમાળ ચાલી; ને હું ખાઇના કિનારાની નજીક ને નજીક જવા લાગ્યો. મારી શક્તિ ઘટી ગઇ, ને હું પાસે ને પાસે આવતો ગયો. હવે હું સુકાઇ ગયો છું, ને મારી આંખોમાં નૂર નથી રહ્યું. હું એપેંડિક્સનો વિચાર કર્યાં કરું છું, પણ આ તો મોત છે ! હું એપેંડિક્સ સુધારવાનો વિચાર કરું છું, ને અહીં તો સામું મોત આવીને ઊભું છે ! એ શું ખરેખર મોત હશે ?' પાછો એ બીકથી ફફડી ઊઠ્યો, ને એને હાંફ ચડી ગઇ. તે નીચો નમી દીવાસળી શોધવા લાગ્યો, ને તેમ કરતાં ખાટલા પાસે પડેલા સ્ટૂલ પર કોણી ટેકવી. સ્ટૂલ આડે આવ્યું એટલે વાગ્યું. તેને સ્ટૂલ પર ગુસ્સો ચડ્યો, એટલે સ્ટૂલને તેણે વધારે દબાવ્યું, ને સ્ટૂલ ગબડી પડ્યું. તે હાંફતો હાંફતો નિરાશ થઇને ચત્તો પડ્યો, ને તેને થયું કે આ ઘડીએ જ મોત આવ્યું.

દરમ્યાન મળવા આવેલાં માણસો જવા લાગ્યાં હતાં. પ્રાસ્કોવિયા એમને વિદાય આપતી હતી. તેણે કશુંક પડતું સાંભળ્યું ને અંદર આવી.

'શું થયું ?'

'કંઇ નહીં. સહેજ મારો હાથ વાગ્યો ને સ્ટૂલ પડી ગયું.'

પ્રાસ્કોવિયા બહાર જઇ મીણબત્તી લઇ આવી. હજાર વાર દોડીને આવેલો માણસ હાંફે એવી રીતે ઇવાન હાંફતો હતો, ને બૈરી સામે એકીટસે ઊંચું જોઇ રહ્યો હતો.

'શું છે, ઝાં ?'

'કં...ઇ...ન...હીં. મારાથી પડી ગયું.' ('કહીને પણ શું કામ ? એ સમજવાની તો છે નહીં,' ઇવાને વિચાર કર્યો.)

ને ખરેખર એ ન સમજી. તેણે દીવી ઉપાડી, મીણબત્તી સળગાવી, ને બીજો એક મહેમાન જતો હતો તેને વિદાય આપવા ચાલી ગઇ. પાછી આવી ત્યારે ઇવાન છતો જ પડ્યો હતો, ને ઊંચું જોઇ રહ્યો હતો.

'શું છે ? વધારે દરદ થાય છે ?'

'હા.'

પ્રાસ્કોવિયાએ માથું હલાવ્યું ને બેઠી.

'મને લાગે છે, ઝાં, લેશ્ચેટિટ્સ્કીને અહીં બોલાવી તમને બતાવીએ.'

આનો અર્થ એ કે ખરચનો વિચાર ન કરતાં પેલા નિષ્ણાતને બોલાવવો. ઇવાને કરડું સ્મિત કરી કહ્યું: 'ના.' પ્રાસ્કોવિયા થોડી વાર બેઠી, ને પછી પતિની પાસે જઇ તેને કપાળે ચૂમી લીધી.

તે ચૂમી લેતી હતી તે વેળા ઇવાનના મનમાં તો છેક ઊંડાણમાંથી તિરસ્કાર છૂટતો હતો. તેને ધક્કો મારતાં તેણે મનને મહાપરાણે રોકી રાખ્યું.

'સાહેબજી ત્યારે. ભગવાન કરશે તો તમને ઊંઘ તો આવી જશે.'

'હા.'

ઇવાને જોયું કે મોત પાસે આવતું જાય છે. હ્રદયમાં ઊંડે ઊંડે તો તેને થતું હતું કે હું મરી જાઉં છું. પણ એવો વિચાર કરવા તે ટેવાયેલો નહોતો, એટલું જ નહીં પણ એ વિચાર એને સમજાતો જ નહોતો; એના મગજમાં તે ઊતરતો જ નહોતો.

કિઝવેટરના 'તર્કશાસ્ત્ર'માં તે આ પ્રમાણે ત્રિપદી શીખ્યો હતો: 'કેયસ માણસ છે. માણસો મર્ત્ય છે. તેથી કેયસ મર્ત્ય છે.' આ પદો કેયસને વિષે એને હંમેશાં સાચાં લાગેલાં, પણ પોતાને

વિષે કદી સાચાં લાગેલાં નહીં. કેયસ — કોક કાલ્પનિક માણસ — મર્ત્ય હતો એ વાત સાવ સાચી; પણ ઇવાન પોતે કંઇ કેયસ નહોતો, તે કાલ્પનિક માણસ નહોતો, પણ બીજા બધાના કરતાં સાવ જુદું એવું એક પ્રાણી હતો. એક કાળે તે નાનકડો વાનિયા હતો. તેને મા હતી. બાપાજી હતા. મિટિયા ને વોલોડિયા બે ભાઇ હતા. રમકડાં હતાં. ગાડીવાન હતો. આયા હતી. પછી વળી કાટેંકા હતો; ને તેની સાથે તેણે બચપણ, બાળપણ ને કિશોરવયનાં બધાં સુખદુ:ખ ને મોજમજા માણ્યાં હતાં. પેલો જે પટાવાળો ચામડાનો દડો વાનિયાને બહુ જ ગમતો તે દડાની વાસ વિષે કેયસને શી ખબર હતી? એની માને હાથે કેયસે કંઇ આવી રીતે ચૂમી લીધી હતી, ને માનાં કપડાંનું રેશમ કંઇ કેયસને માટે ફફડ્યું હતું? મીઠાઇ ખરાબ હતી ત્યારે નિશાળમાં કંઇ કેયસે ઉધમાત કરી મૂકેલો? કેયસ કંઇ આવી રીતે પ્રેમમાં પડ્યો હતો? કેયસ કંઇ ઇવાનની પેઠે અદાલતમાં પ્રમુખપદે બેસી શકશે?' 'કેયસ ખરેખર મર્ત્ય હતો, ને તે મરે એ બરાબર હતું. પણ હું નાનો વાનિયા, ઇવાન ઇલીચ, મારાં આટલાં બધાં વિચારો ને લાગણીઓ — મારી તો વાત જ સાવ જુદી છે. મારે મરવાનું આવે એ તો બની જ ન શકે. એ તો બહુ જ ભયાનક વાત ગણાય.'

આવી એના મનની લાગણી હતી.

'મારે કેયસની પેઠે મરવાનું હોત તો મને એની ખબર પડી ગઈ હોત. મારા અંતરમાંથી કોઇ અવાજે મને કહ્યું હોત. પણ મને એવો કંઇ અવાજ સંભળાયો નહોતો; અને મને ને મારા ભાઇબંધોને લાગેલું કે અમારી વાત તો કેયસથી જુદી જ છે. પણ અહીં તો મોત આવીને ઊભું છે નજર સામે!' તે મનમાં કહેવા લાગ્યો. 'ના, ના, ન હોય! અશક્ય! અરે પણ આ દેખાય છે તેનું શું? આમ કેમ? આમાં શું સમજવું?'

તે સમજી શક્યો નહીં. આ જૂઠા, ખોટા, માંદલા વિચારને

હાંકી કાઢી, તેને બદલે સારા ને નીરોગી વિચારો જ મનમાં ઊઠવા દેવા, એ પ્રયત્ન તેણે કરી જોયો. પણ પેલો વિચાર, અને માત્ર વિચાર જ નહીં પણ સાક્ષાત્ એ મૂર્તિ પોતે આવીને એની સામે ઊભી રહેવા લાગી.

એ વિચારને હાંકી કાઢવા તેણે એક પછી એક બીજા અનેક વિચારો યાદ કર્યા, ને એમાંથી કંઈક આધાર મળશે એવી આશા રાખી. અગાઉ એક વેળા વિચારોના જે પ્રવાહે તેના મનમાં ઊઠતા મોતના વિચારને ઢાંકી દીધો હતો તે વિચારો ફરી પાછા જગવવાને તેણે મથામણ કરી જોઈ. પણ વિચિત્ર વાત એ હતી કે અગાઉ જે વિચારોએ મોતના વિચારને રોકી રાખ્યો હતો, ઢાંકી દીધો હતો, ને ઉખાડી નાખ્યો હતો તે વિચારો હવે એવી અસર કરી શક્યા નહીં. ઇવાન હવે પોતાનો ઘણોખરો વખત એ વિચારપ્રવાહ ફરી જગવવાના પ્રયત્નમાં જ ગાળવા લાગ્યો. તે મનમાં કહેતો: 'હું ફરી મારું કામ કરવા માંડીશ—આખરે તો એને જ આધારે હું જીવતો હતો ને!' તેણે શંકામાત્રને ખંખેરી નાખી અદાલતમાં જવા માંડ્યું. ત્યાં સાથીઓ જોડે વાતચીતમાં ઊતરે, હંમેશની ટેવ પ્રમાણે નિશ્ચિન્ત-પણે બેસે; વિચારપૂર્વક લોકો સામે જોઈ તેમનું નિરીક્ષણ કરે; ને સુકાઈને સોટી જેવા થઈ ગયેલા બંને હાથ ઓકની ખુરસીના હાથા પર અઢેલી રાખે; હંમેશની પેઠે કોઈ સાથી તરફ નમીને અને કાગળો પાસે ખેંચીને સાથીઓ જોડે કાનમાં વાતચીત કરે; અને પછી એકા-એક આંખો ઊંચી કરી ટટાર બેસીને અમુક શબ્દો ઉચ્ચારે, ને અદા-લતનું કામકાજ શરૂ કરે. પણ એ કામકાજની વચ્ચે જ—કામ ગમે એટલું ચાલ્યું હોય તોપણ—પડખામાં દરદ ઊપડી આવે. ઇવાન તેના તરફ ધ્યાન આપે ને તેનો વિચાર મનમાંથી કાઢી નાખવાનો પ્રયત્ન તો કરે, પણ કંઈ વળે નહીં. પેલું આવીને એની સામે ઊભું રહે, ને એની સામે ડોળા ફાડીને જોઈ રહે. ઇવાન સૂનમૂન થઈ જાય, તેની આંખોમાંથી નૂર ઊડી જાય, ને તે પાછો પોતાના મનને પૂછવા

માંડે કે 'પેલું એકલું જ સાચું છે કે શું?' આવા સમર્થ ને સૂક્ષ્મ બુદ્ધિવાળા ન્યાયાધીશ લોચા વાળે છે ને ભૂલો કરે છે, એ જોઇ તેના સાથીઓ ને હાથ નીચેનાઓને આશ્ચર્ય ને દુઃખ થાય. ઇવાન સજગ થાય, સ્વસ્થ થવાનો પ્રયત્ન કરે, જેમતેમ કરીને તે દિવસનું કામ પૂરું કરે, ને એવું દુઃખદ ભાન લઇને ઘેર જાય કે 'મારું અદાલતનું કામકાજ જે વસ્તુને ઢાંકી દઇ મારી નજરે ન પડવા દે એમ હું ઇચ્છું છું, તે વસ્તુને તે હવે પહેલાંની પેઠે ઢાંકી શકતું નથી. ને એ મને પેલાના પંજામાંથી ઉગારી શકવાનું નથી'. સૌથી બૂરી વાત તો એ હતી કે પેલું ઇવાનનું ધ્યાન પોતા તરફ ખેંચતું હતું તેનો ઉદ્દેશ એ ન હતો કે તેની પાસે કંઈ કામ કરાવવું. તેની ધારણા તો એટલી જ હતી કે ઇવાન પેલાની સામે જુએ, તાકીને જુએ; તેને જોયાં કરે, ને કશું કર્યા વિના અકથ્ય દુઃખ ભોગવે.

આ સ્થિતિમાંથી છૂટવા ઇવાને આશ્વાસનો—નવા પડદા—ખોળવા માંડ્યા. નવા પડદા જડ્યા; ને થોડોક વખત તો એ ઇવાનને ઉગારશે એવો ભાસ થયો. પણ પછી તરત તે ફાટી ગયા, અથવા કહો કે પારદર્શક થઇ ગયા; જાણે પેલું એ પડદાને ભેદીને પણ અંદર પહોંચ્યું હોય, ને પેલાને રોકવાનું કે ઢાંકવાનું કોઇ પણ વસ્તુનું ગજું જ ન હોય.

આ પાછલા દિવસોમાં, તેણે જે દીવાનખાનું ગોઠવેલું તેમાં તે જતો. એ દીવાનખાનામાં જ તે પડેલો, ને એને માટે જ તેણે જિંદગીનો ભોગ આપ્યો હતો (એ વાત કેવી કડવી ને કેવી હાંસીપાત્ર લાગતી હતી!)—કેમકે એને ખબર હતી કે એ પડ્યો ને વાગ્યું ત્યારથી જ એની માંદગી શરૂ થઇ હતી. તે અંદર પેસે ને જુએ કે પાલીસ કરેલા ટેબલ પર કશાકનો ઉઝરડો થયો છે. એનું કારણ શોધતાં તેને જણાય કે એકાદ આલબમ (ચિત્રસંગ્રહ)નું કાંસાનું સુશોભિત પૂઠું વળી ગયું છે. એ આલબમ તેણે કેટલા પ્રેમથી ને કેવી હોંશથી ગોઠવેલું, ને તેની પાછળ કેટલું ખરચ કરેલું! આલબમ હાથમાં લે, એટલે તેને

દીકરી ને તેના મિત્રોના અણઘડપણાની અકળામણ થાય. આલબમ ક્યાંક ક્યાંક ફાટી ગયું હોય, ને કેટલીક છબિઓ ઊંધીછતી કરી નાખેલી હોય. ઇવાન એ છબિઓને પાછી સરખી ગોઠવે, ને પૂઠાંને વાળી ઠેકાણે લાવે. પછી એને થાય કે આ બધી વસ્તુઓ દીવાનખાનાના પેલા ખૂણામાં, છોડવાની પાસે, મૂકી હોય તો સારું. તે નોકરને બોલાવે, પણ ત્યાં તો સ્ત્રી કે દીકરી તેને મદદ કરવા આવે. એમની વચ્ચે ગોઠવણ બાબતમાં મતભેદ થાય; ને પ્રારકોવિયા પતિની વાત તોડી પાડે, એટલે ઇવાન ચર્ચામાં ઊતરી પડે ને ગુસ્સે થઈ જાય. પણ એ બધું સારું લાગતું. કેમકે ત્યારે એને પેલાનો વિચાર ન આવતો. પેલું અલોપ થઇ જતું.

પણ પછી, એ જાતે કંઇક ફેરવતો હોય ત્યારે, પ્રારકોવિયા કહેતી: 'નોકરોને કરવા દોને. તમને પાછું ક્યાંક વાગી બેસશે.' ને એકાએક પેલું પડદા પાછળથી ઝબકી ઊઠતું, ને ઇવાન તેને જોઇ શકતો. માત્ર એક ઝબકારો જ થાય, ને ઇવાન આશા રાખે કે એ અલોપ થઈ જશે; પણ જાણેઅજાણે તેનું ધ્યાન પડખા તરફ જાય જ. 'અરે' પેલું તો પહેલાંની પેઠે જ ત્યાં બેઠું છે, ને મને કોરી ખાય છે!' પછી તે પેલાને ભૂલી શકતો નહીં, પણ ફૂલોની પાછળથી પોતાની સામે એને ટગરટગર જોઇ રહેતું ભાળી શકતો. 'આ બધું શાને સારુ છે?'

'ખરેખર એમ જ છે! કોઇ કિલ્લા પર ચડાઇ કરતાં ગુમાવત એવી રીતે પેલા પડદાને સારુ મેં જિંદગી ગુમાવી. એમ તે કંઇ બને? કેવું ભયંકર ને કેવું બેવકૂફ! એ સાચું હોઇ જ ન શકે! હોઇ તો ન શકે, પણ છે તેનું શું?'

તે અભ્યાસખંડમાં જાય, ને પાછો પેલાની સાથે એકલો પડે: પેલું એને મોઢામોઢ દેખા દે. અને પેલાને જોવું ને થથરવું એ સિવાય કશો ઇલાજ જ ન રહે.

૭

એ વાત કેવી રીતે બની એ તો કહેવું અશક્ય છે, કેમકે એ ડગલે ડગલે ને અણદીઠ રીતે બનતી ગઇ હતી. ઇવાનની માંદગીના ત્રીજા મહિનામાં તેની પત્ની, તેની દીકરી, તેનો દીકરો, તેનાં ઓળખીતાં, ડાક્ટરો, નોકરો, ને એ બધા ઉપરાંત તે પોતે, સહુને એવી ખબર પડી ગઇ કે બીજા માણસોને હવે ઇવાનને વિષે એટલું જ જાણવાનો રસ રહ્યો છે કે તે જલદી પોતાની જગા ખાલી કરે છે કે નહીં; પોતાની હાજરીથી જીવતાં માણસોને થતી બેચેનીમાંથી તેમને છોડવે છે કે નહીં; ને પોતે પણ દુઃખમાંથી છૂટે છે કે નહીં.

ઇવાનની ઊંઘ દહાડે દહાડે ઓછી થતી ગઈ. તેને અફીણ અપાતું; મોર્ફિયાનાં ઇંજેક્ષન અપાતાં; પણ એથી એનું દરદ ઓછું થયું નહીં. એનાથી એને ઘેન ચડતું, ને તે અર્ધજાગૃત અવસ્થામાં પડી રહેતો, તેને લીધે સહેજ રાહત મળતી. પણ ઘેન ઊતરી ગયા પછી જે નબળાઇ આવી જતી તે દરદના જેટલી જ કે એથી પણ વધારે કષ્ટદાયક લાગતી.

ડાક્ટરોના હુકમથી એને માટે ખાસ વાનીઓ બનાવાતી. પણ એ બધી વાનીઓ એને દહાડે દહાડે વધારે ને વધારે બેસ્વાદ ને અળખામણી લાગતી ગઇ.

એના ઝાડાપેશાબને માટે પણ ખાસ ગોઠવણ કરવી પડી હતી. એથી તેના દિલને દરેક વખતે દુઃખ થતું—એ ક્રિયાની અસ્વચ્છતા, એનો બેહૂદો દેખાવ, એની દુર્ગન્ધ, ને બીજા કોઇ માણસને એ મળમૂત્ર ઉપાડવાં પડે છે એ ભાન, એ બધાં જ દુઃખનાં કારણ હતાં.

પણ આ અત્યંત અણગમતી ને અળખામણી વસ્તુ દ્વારા જ ઇવાનને કંઇક આસાએશ મળતી. રસોઇયાનો જુવાન મદદનીશ જિરાસીમ હંમેશાં તે ઉપાડી જવા આવતો. જિરાસીમ સુઘડ, તાજોમાજો ખેડૂત જુવાન હતો. શહેરનો ખોરાક ખાઈને ફાલ્યો હતો. જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન ને હસમુખો જ દેખાય. રશિયન ખેડૂતનો ચોખ્ખો

પોશાક પહેરીને એને પહેલવહેલો એ કામ કરતો જોયો ત્યારે ઇવાનનું મન મૂંઝાઇ ગયેલું.

એકવાર 'કમોડ' પરથી ઊઠતાં તેને એટલી બધી નબળાઇ આવી ગઇ કે તેનાથી પાટલૂન પણ ઊંચું ખેંચી શકાયું નહીં. તે સુંવાળી આરામખુરસીમાં ધબ દઇને પડ્યો. ઉઘાડી, સાવ સુકાઇ ગયેલી, ને સ્નાયુનાં ચિહ્નોવાળી પોતાની સાથળો જોઇ તેને કમકમાં આવી ગયાં.

જિરાસીમ દૃઢ પણ હળવે પગલે આવ્યો. તેના ભારે બૂટમાંથી ડામરની ને તાજી શિયાળુ હવાની ખુશબો આવતી હતી. તેણે ચોખ્ખો ઝભ્ભો પહેર્યો હતો. છાપેલી છીંટના તેના ખમીસની બાંયો તેનાં મજબૂત ખુલ્લાં ભરાવદાર બાવડાં પર ખોસેલી હતી. માંદા શેઠની લાગણીનો વિચાર કરી તેણે શેઠ સામે નજર ન નાખી; પોતાના ચહેરા પર જીવનનો જે આનંદ ઝગઝગાટ મારતો હતો તેને રોકી રાખ્યો; ને 'કમોડ' તરફ ગયો.

'જિરાસીમ!' ઇવાને ધીરે અવાજે કહ્યું.

જિરાસીમ ચમક્યો. તેને બીક લાગી કે મેં કંઇક ભૂલ કરી નાખી હશે. તેણે તરત જ શેઠ સામે મોં ફેરવ્યું. તેના તાજા, હેતાળ, સાદા, જુવાન ચહેરા પર દાઢી હમણાં જ જરાતરા ઊગવા લાગી હતી.

'જી.'

'આ કામની તને બહુ સૂગ આવતી હશે. મને માફ કરજે. હું લાચાર છું.'

'ના રે, સાહેબ,' કહેતાં જિરાસીમની આંખો તેજથી ચમકી ઊઠી, ને તેના ચળકતા સફેદ દાંત દેખાયા. 'આ તે કંઈ કામ કહેવાય? આમાં તે શું? આપ તો બીમાર છો, સાહેબ.'

તેના ચપળ હાથ વડે તેણે રોજનું કામ કરી નાખ્યું, ને તે હળવે પગલે ઓરડામાંથી બહાર ગયો. પાંચ મિનિટ બાદ એટલે જ હળવે પગલે પાછો આવ્યો.

ઇવાન આરામખુરસીમાં હજુ એની એ જ સ્થિતિમાં બેસી રહ્યો હતો.

જિરાસીમે 'કમોડ'માં તરતનું ધોયેલું વાસણ પાછું ગોઠવી દીધું એટલે ઇવાન બોલ્યો: 'જિરાસીમ! અહીં આવ. મને જરા મદદ કર તો!' જિરાસીમ એની પાસે ગયો. 'મને ઊચકી લે. મારાથી ઊભા થવાતું નથી. ને મિટ્રીને મેં મોકલી દીધો છે.'

જિરાસીમ શેઠની છેક પાસે ગયો. પોતાના મજબૂત હાથ વડે પૂર્ણ હળવે રહીને — જેવી હળવી રીતે તે પગલાં માંડતો હતો તેવી જ રીતે — શેઠને ઉપાડયો; એક હાથ વડે શેઠને ટેકો આપ્યો; ને બીજા હાથ વડે તેનું પાટલૂન ઊંચું ચડાવ્યું. શેઠને પાછો આરામ-ખુરસીમાં બેસાડત. પણ ઇવાને કહ્યું: 'મને દોરીને સોફા પાસે લઇ જા.' જિરાસીમ, ખાસ પ્રયત્ન વિના ને દેખીતું દબાણ આવવા દીધા વિના, લગભગ ઊચકીને એને સોફા પાસે દોરી ગયો, ને એને સોફા પર સુવાડયો.

'હાશ. તું કેવે ફોરે હાથે ને સરસ રીતે બધું કરે છે!'

જિરાસીમે ફરી સ્મિત કર્યું, ને ઓરડામાંથી બહાર જવા બાજુએ ફર્યો. પણ ઇવાનને એની હાજરીથી એટલી બધી આસાએશ લાગી હતી કે જિરાસીમને જવા દેવાની એની ઇચ્છા નહોતી.

'એક બીજું કામ. પેલી ખુરસી આમ લાવ તો. ના, પેલી બીજી — મારા પગ નીચે મૂક. મારા પગ ઊંચા રહે છે ત્યારે મને જરા ઠીક લાગે છે.'

જિરાસીમે ખુરસી આણી, તેને હળવે રહીને ઠેકાણે મૂકી, અને ઇવાનના પગ ઊચકી એના પર મૂકયા. ઇવાનને લાગ્યું કે જિરાસીમે પગ ઊંચા ધરી રાખ્યા ત્યારે મને વધારે સારું લાગ્યું. પગ નીચે મૂકયા ત્યારે ઇવાનને થયું કે પાછું દુખવા માંડ્યું છે.

'જિરાસીમ! તું હમણાં કામમાં છે?'

'ના જી, કશા કામમાં નથી.' ભદ્રલોકો સાથે કેવી રીતે બોલાય

તે જિરાસીમ શહેરના માણસો પાસેથી શીખ્યો હતો.

'તારે હવે શું કામ બાકી છે?'

'શું બાકી છે? કાલને માટે લાકડાં ચીરવા સિવાયનું બધું કામ મેં પતવી દીધું છે.'

'તો મારા પગ હજુ જરા પકડી રાખ તો. પકડી રખાશે?'

'હા જી, જરૂર. શા સારુ નહીં રખાય?' જિરાસીમે શેઠના પગ ઊંચા કરીને પકડી રાખ્યા. ઇવાનને લાગ્યું કે આ સ્થિતિમાં જરાયે દુખાવો થતો નથી.

'પણ લાકડાંનું શું થશે?'

'એની ફિકર ન કરશો, સાહેબ. હજુ તો ઘણો વખત છે.'

ઇવાને જિરાસીમને બેસાડી તેની પાસે ઊંચા કરેલા પગ પકડી રખાવ્યા, ને તેની જોડે વાતો કરવા માંડી. આશ્ચર્ય તો એ કે જિરાસીમે પગ પકડી રાખ્યા એટલો વખત એને એમ લાગ્યું જાણે મને સારું છે.

ત્યારપછી ઇવાન અવારનવાર જિરાસીમને બોલાવતો, ને તેના ખભા પર પોતાના પગ મુકાવી તે પકડી રાખવાનું કહેતો. જિરાસીમની જોડે વાતો કરવી એને ગમતી. જિરાસીમ એ બધું કામ સહેલાઇથી, રાજીખુશીથી, સરળતાથી, ને એવા સદ્‌ભાવથી કરતો કે ઇવાનનું હૃદય પીગળી જતું. બીજા માણસોમાં આરોગ્ય, બળ ને ચેતન જોઈ તે નારાજ થઇ જતો; પણ જિરાસીમનાં બળ ને ચેતનથી તેનું મન દુભાતું નહીં પણ ઊલટું શાન્ત પડતું.

ઇવાનના દિલને વધારેમાં વધારે દર્દ તો એક છેતરપિંડી, એક જૂઠાણું, જોઇને થતું. એ જૂઠાણું કોણ જાણે શા કારણસર સહુ સાચું માનતાં હતાં. તે એ કે ઇવાન મરવા નથી પડ્યો પણ માત્ર માંદો છે; અને તે માત્ર શાન્ત રહે ને ઉપચાર કરે તો કંઇક ઘણું સારું પરિણામ આવશે. પણ એને પોતાને તો ખબર હતી કે એ લોકો ભલેને જે કરવું હોય તે કરે, પણ એથી કશું વળવાનું

નથી; હજુ વધારે તીવ્ર વેદના ભોગવવી પડશે ને છેવટે મોત આવશે એટલું જ. એક વાત એ બધાં જાણતાં હતાં ને તે પોતે જાણતો હતો, પણ તે પેલાં લોકો કબૂલ કરવા નહોતાં માગતાં. એની ભયંકર સ્થિતિ વિષે તેની આગળ સહુ જૂઠું બોલવા માગતાં હતાં, એટલું જ નહીં પણ એ પોતે પણ એમાં ભાગ લે એમ ઇચ્છતાં હતાં, ને એમાં ભાગ લેવાની એને બળજબરીથી ફરજ પાડતાં હતાં. —આ છેતરપિંડીથી એનું ચિત્ત વલોવાઇ રહ્યું હતું. એ લોકો એના મરણની ઘડીએ એને માથે ઊભાં રહીને જૂઠાણું ચલાવી રહ્યાં હતાં. આ જે ભીષણ ને ગંભીર પ્રસંગ હતો તેને તેઓ એ જૂઠાણાં વડે, પોતાની મુલાકાતો, પોતાના પડદા, ને પોતાને ખાવાની માછલી-ના જેવો હીન કોટિનો બનાવી દેવા માગતાં હતાં. એ જોઇ ઇવાનને ભયંકર વેદના થતી. ઘણીવાર તો તેઓ એને માથે ઊભાં રહી આ બધા તમાશા કરતાં હોય તે વેળા આ બોલ એને હોઠે આવીને અટકી ગયો : 'આ જૂઠાણું બંધ કરો હવે! તમે જાણો છો ને હું પણ જાણું છું કે હું મરવા પડ્યો છું. ત્યારે એને વિષે કંઇ નહીં તો જૂઠું બોલવાનું તો બંધ કરો!' પણ આટલું બોલતાં તેનો જીવ કદી ચાલ્યો નહોતો. તે જોઇ શકતો હતો કે તેના મરણની જે ભીષણ ને ભયાનક ક્રિયા હતી તે જાણે આકસ્મિક, અભદ્ર, ને અસભ્યમાં ગણાય એવી ઘટના હોય (જાણે કોઇ માણસ દુર્ગંધ ફેલાવતું દીવાનખાનામાં પ્રવેશ કરતું હોય) એવો દેખાવ આસપાસનાં માણસોએ કરી મૂકયો હતો. જે સભ્યતા ને શિષ્ટાચારની તેણે જિંદગીભર સેવા કરી હતી તેને નામે જ આ વસ્તુ થઇ રહી હતી. તેણે જોયું કે કોઇને એને માટે લાગણી થતી નથી, કેમકે કોઇ એની સ્થિતિ સમજવા પણ માગતું નથી. માત્ર જિરાસીમ તે સમજતો હતો ને તેની દયા ખાતો હતો. એટલે ઇવાનને એના એકલાની સાથે જ ફાવતું. જિરાસીમ એના પગ પોતાને ખભે (કેટલીકવાર તો આખી રાત) ટેકવી રાખે ત્યારે

તેને આસાએશ રહેતી. ઘણીવાર જિરાસીમ સૂઇ જવાની ના પાડતો ને કહેતોઃ 'સાહેબ, આપ ફિકર ન કરશો. હું તો પછી સારી પેઠે ઊંઘી લઇશ.' અથવા કેટલીકવાર એ પોતીકો હોય એમ કહેવા માંડતોઃ 'આપ માંદા ન હોત તો જુદી વાત હતી. પણ આપને આટલું દુઃખ પડે છે, ત્યાં હું જરાક જેટલી તકલીફ વેઠતાં શા સારુ અચકાઉં?' જિરાસીમ એકલો જૂઠું બોલતો નહોતો. તેની બોલચાલ પરથી દેખાઇ આવતું કે તે એકલો ખરી વસ્તુસ્થિતિ સમજતો હતો. ને તેના પર ઢાંકપિછોડો કરવાની તેને જરૂર નહોતી લાગતી. માત્ર તેને ક્ષીણ ને નિર્બળ થઇ ગયેલા શેઠને માટે દુઃખ થતું. એકવાર ઇવાન એને જવાની રજા આપતો હતો ત્યાં તે એકાએક સાફસાફ બોલી ગયેલો: 'આપણે સહુને મરવાનું છે. પછી જરાક જેટલી મહેનત કરતાં કચવાટ શા સારુ કરવો?' આ શબ્દો વડે તે સાચી હકીકત કહેતો હતો કે 'મને મારા કામનો બોજો લાગતો નથી, કેમકે હું એ કામ મરતા માણસ માટે કરું છું; ને મને આશા છે કે જ્યારે મારો વારો આવશે ત્યારે કોક મારી પણ આવી ચાકરી કરશે.'

આ જૂઠાણા ઉપરાંત, અથવા કહો કે એને લીધે, ઇવાનના મનને બીજી એક વાત વધારેમાં વધારે દુઃખ દેતી હતી. બીજા એની જેટલી દયા ખાય એવી એની ઇચ્છા હતી તેટલી દયા એ લોકો ખાતાં નહોતાં. કેટલીકવાર લાંબો વખત પીડા ભોગવ્યા પછી એને એવી તીવ્ર ઇચ્છા થઈ આવતી (જોકે એ કબૂલ કરતાં એને શરમ આવત) કે જેમ માંદા બાળકની દયા ખાય છે એમ કોઇ મારી દયા ખાય. કોઇ એને પંપાળે ને દિલાસો આપે તો સારું, એમ એનું મન ઝંખ્યાં કરતું. તે જાણતો હતો કે 'હું મોટો અમલદાર છું, મારી દાઢીના વાળ ધોળા થવા આવ્યા છે, ને તેથી હું જે વસ્તુને માટે ઝંખું છું તે અશક્ય છે.' છતાં તેનું મન એ ઝંખના છોડતું નહોતું. તે જે વસ્તુને માટે ઝંખતો હતો તેને

મળતી કંઇક વસ્તુ જિરાસીમના વર્તનમાંથી તેને મળી રહેતી; એટલે એ વર્તનથી તેના ચિત્તને ટાઢક વળતી. ઇવાનને રડવાનું મન થતું, ને કોઇ મને પંપાળે ને મને જોઇને રડે તો કેવું સારું એમ થઇ આવતું. એટલામાં તેનો સાથી શેબેક આવતો. એટલે રડવા પંપાળવાની વાત કોરે રહી જતી; ને ઇવાન ગંભીર, કડક, ને ઊંડા વિચારમાં પડ્યો હોય એવો દેખાવ ધારણ કરતો; રોજની ટેવ પડી ગયેલી તે પ્રમાણે બીજી કોઇ અદાલતના ચુકાદા વિષે પોતાનો મત પ્રગટ કરતો, ને પછી એ મતને આગ્રહપૂર્વક વળગી રહેતો. એની આસપાસ ને એની અંદર ચાલતું આ જૂઠાણું એ તેના છેલ્લા દિવસોને વિષમય બનાવનાર મોટામાં મોટી વસ્તુ નીવડ્યું હતું.

૮

સવારનો વખત હતો. સવાર થયું એની ખબર એને એ પરથી પડી કે જિરાસીમ ગયો હતો, અને બીજા નોકર પીટરે આવીને દીવા હોલવ્યા હતા, એક પડદો ખસેડ્યો હતો, ને શાન્તિથી ઓરડો સાફસૂફ કરવા માંડ્યો હતો. સવાર હોય કે સાંજ, શુક્રવાર હોય કે રવિવાર, બધું સરખું હતું. એને લીધે કશો ફરક પડતો નહીં. પડખાનું કોરી ખાનારું ને ચીસ પડાવે એવું દરદ ઓછું થતું નહોતું, ને પળવાર પણ બંધ રહેતું નહોતું. જિંદગીનો દીવો ધીરો પડવા માંડ્યો હતો પણ હજુ હોલાયો નહોતો. હંમેશાં ભયાનક ને અળખામણું લાગતું મોત પાસે ને પાસે ચાલ્યું આવતું હતું, એ જ એકમાત્ર સાચી, વાસ્તવિક હકીકત હતી. પેલા લોકોએ ચલાવેલું જૂઠાણું પણ એનું એ જ હતું. એવી સ્થિતિમાં દિવસો, અઠવાડિયાં ને કલાકોનો શો હિસાબ?

'આપ ચા લેશો, સાહેબ?'

ઇવાને વિચાર કર્યો: 'બધું કામકાજ નિયમિત ચાલે એવી એની મરજી છે, ને ગૃહસ્થ લોકોએ સવારમાં ચા પીવી એમ એ

દરકે છે.' એટલે એણે કહ્યું: 'ના.'

'આપને સોફા પર નથી જવું, સાહેબ ?'

ઇવાને વિચાર કર્યો: એને ઓરડો સાફ કરવો છે, ને હું આડે આવું છું. હું ગંદકી ને અવ્યવસ્થા છું.' એટલે કહ્યું:

'ના, મને પડી રહેવા દે જ્યાં છું ત્યાં.'

નોકર આમતેમ ફરી ગડમથલ કરવા લાગ્યો. ઇવાને હાથ લાંબો કર્યો. પીટર મદદ કરવા દોડી આવ્યો.

'શું જોઇએ, સાહેબ ?'

'મારું ઘડિયાળ.'

ઘડિયાળ પાસે જ હતું તે લઇ પીટરે શેઠને આપ્યું.

'સાડાઆઠ. બધાં ઊઠ્યાં છે ?'

'ના જી. એકલા લાડીમીર (ઇવાનનો દીકરો) ઊઠીને નિશાળે ગયા છે. બાઇએ મને કહી રાખ્યું છે કે આપ કહો તો મારે એમને ઉઠાડવાં. એમને ઉઠાડું ?'

'ના, કશી જરૂર નથી.' પાછો વિચાર આવ્યો: 'થોડી ચા પીઉં તો સારું.' એટલે કહ્યું: 'હા. ચા લાવ.'

પીટર બારણા સુધી ગયો, પણ ઇવાનને એકલો રહેતાં બીક લાગી. 'એને અહીં કેવી રીતે રાખી શકાય ? અરે હા, મારી દવા.' 'પીટર, મને દવા આપ તો.' 'શા સારુ નહીં ? હજુ કદાચ એનાથી કંઇક ફાયદો થાય.' તેણે ચમચો ભરીને દવા લીધી ને ગળે ઉતારી દીધી. 'ના, આથી કશો ફાયદો થવાનો નથી. બધાં થીગડાં છે. મનને છેતરવાની વાતો છે બધી.'—મોંમાં પરિચિત, માંદલો ને ભૂંડો સ્વાદ લાગ્યો એટલે તેણે નિશ્ચય કરી નાખ્યો. 'ના, હવે મને દવા પર જરાયે શ્રદ્ધા રહે એવું નથી. પણ દરદ. આ દરદ શા સારુ થયાં કરે છે ? એક પળવાર થોભી જતું હોય તો કેવું સારું !' તેણે ઊંહકારો કર્યો. પીટર તેના તરફ વળ્યો. 'બધું બરાબર છે. જા થોડી ચા લઇ આવ.'

પીટર ગયો. ઇવાન એકલો પડ્યો એટલે ઊંહકારા કરવા લાગ્યો. દરદ ભયાનક હતું છતાં ઊંહકારા એ દરદના નહોતા, પણ મનની વેદનાના હતા. હંમેશાં એનું એ દરદ. હંમેશાં એની એ દિવસરાતની અનંત ઘટમાળ. વહેલું આવતું હોય તો! શું વહેલું આવતું હોય તો? મોત, અંધારું?......ના, ના! મોત નહીં; એને બદલે બીજું ગમે તે ભલે આવતું!

પીટર તાસક પર ચા લઇને આવ્યો ત્યારે ઘડીભર તો ઇવાન મૂંઝાઇને એની સામે જોઇ રહ્યો. એ કયો માણસ છે કે કઇ ચીજ છે એની ખબર પડી નહીં. શેઠની ચકળવકળ થયેલી આંખ જોઇ પીટર તો સડક થઇ ગયો; ને એની એ મૂંઝવણ જોઇ ઇવાનને ભાન આવ્યું.

'ઓહો, ચા! બહુ સારું, મૂક એને. પછી મને હાથ મોં ધોવડાવ, ને ધોયેલું ખમીસ પહેરાવ.'

ઇવાને હાથ મોં ધોવા માંડ્યાં. વચ્ચે વચ્ચે આરામ લેવા થોભી જઇને તેણે હાથ ધોયા, પછી મોઢું ધોયું, દાંત સાફ કર્યા, વાળ ઓળ્યા, ને અરીસામાં મોં જોયું. એમાં જે પ્રતિબિંબ દેખાયું એ જોઇને—ખાસ કરીને ફીકા કપાળ પર વાળ જે અવ્યવસ્થિત રીતે ચોંટી રહ્યા હતા તે જોઇને—તે બીકથી છળી ગયો.

ખમીસ બદલાતું હતું તે વખતે એને થયું કે મારું શરીર જોઇશ તો હજુ વધારે બીક લાગશે. એટલે તેણે શરીર સામે નજર નાખી જ નહીં. છેવટે તે તૈયાર થયો. તેણે ઘરમાં પહેરી રાખવાનો ઝભ્ભો ચડાવ્યો, ઉપર ગરમ શાલ ઓઢી, ને ચા પીવા આરામ-ખુરસીમાં બેઠો. ક્ષણવાર તો તેને શરીરમાં સ્ફૂર્તિ લાગી. પણ ચા પીવા માંડી કે તરત પાછો એનો એ જ સ્વાદ આવ્યો, ને દરદ પણ થવા લાગ્યું. ચા માંડમાંડ પૂરી કરી. પછી પગ લાંબા કરી સૂઇ ગયો, ને પીટરને રજા આપી.

હંમેશાં એની એ જ સ્થિતિ. ક્યારેક આશાનો તણખો ઝબકી

ઊઠે. પછી પાછો નિરાશાનો સાગર ઘૂઘવે. દરદ તો નિરંતર થયાં જ કરતું હોય. તે એકલો પડે ત્યારે કોકને બોલાવવાની ભયંકર ને દુઃખદ ઇચ્છા એને થઈ આવતી. પણ એને અગાઉથી જ ખબર હતી કે બીજું કોઇ હાજર હશે તો સ્થિતિ એથીયે બૂરી થશે. 'મોર્ફિયાનો બીજો એક ડોઝ—બેભાન થઈ જવા માટે. ડાકટરને કહીશ કે બીજી કંઇ દવાનો વિચાર કરી જુઓ. આ રીતે ચલાવ્યાં કરવું તો અશક્ય છે, સાવ અશક્ય છે.'

એ રીતે એક કલાક, ને પછી બીજો કલાક પસાર થઈ ગયો.. પણ હવે બારણાની ઘંટડી વાગે છે. ડાકટર તો નહીં હોય? હા, એ જ છે. ડાકટર તાજો, મિલનસાર, જાડો ને હસમુખો છે. તેના ચહેરાનો દેખાવ જાણે કહે છે: 'જુઓ, તમારા મનમાં કશીક વાતનો ડર પેસી ગયો છે, પણ એનો તો તાબડતોબ ઇલાજ કરીશું!' ડાકટર જાણે છે કે અહીં આવું મોઢું રાખવું અસ્થાને છે. પણ મોઢા પર એવો ભાવ રાખીને તે અંદર આવ્યો; હવે એમાં ફેરફાર કેમ કરાય?

ડાકટર ઝપાટાબંધ પોતાના હાથ ઘસે છે, ને દરદીને ધારણ આપતો જાય છે.

"અ—ર—ર—ર! કેવી ટાઢ છે! હિમ પણ કેવું સખત પડ્યું છે! જરા ટાઢ ઉડાડી લઉં!' આ કહેતાં તેના મોં પર એવો ભાવ હોય છે, જાણે એ ટાઢ ઉડાડી લે એટલી જ વાર છે, ને પછી એ બધું ઠીક કરી દેશે.

'કહો હવે, તબિયત કેમ છે?'

ઇવાનને થાય છે ડાકટરને કહેવું તો એમ છે કે 'કહો, આપણો ધંધો કેમ છે?' પણ એને લાગે છે કે આવું તો ન બોલાય, એટલે તે કહે છે: 'કેમ, રાત કેવી ગઇ?'

ઇવાન તેની સામે એવી રીતે જુએ છે જાણે એને પૂછતો હોય કે 'તમને જૂઠું બોલતાં કદી શરમ નથી આવતી?' પણ ડાકટર એ

સવાલ સમજવા માગતો નથી; એટલે ઈવાન કહે છે: 'રોજના જેવી જ ભયંકર. દરદ જરાયે મારો કેડો મૂકતું નથી ને શમતું નથી. માત્ર કંઈક......'

'હા, હા, તમે દરદીઓ તો હંમેશાં એમ જ કહ્યાં કરો છો......જુઓ, હવે મને લાગે છે મારી ટાઢ ઊડી ગઈ. પ્રાસ્કોવિયા બહુ કાળજી લેનારાં છે, છતાં એમને પણ મારા શરીરની ગરમી ઓછી ન લાગી. લો, હવે હું સાહેબજી કહી શકું એમ છું.' કહી ડાક્ટર દરદીનો હાથ દબાવે છે.

પછી, અત્યારસુધીનો વિનોદ છોડી, બહુ જ ભારેખમ મોઢું કરી, તે દરદીને તપાસવા માંડે છે. તેની નાડના ધબકારા ગણે છે. તેના શરીરની ગરમી માપે છે. પછી છાતી ઠોકી જુએ છે, ને છાતી પર નળી મૂકે છે.

ઇવાનને પાકી ને ચોક્સ ખબર છે કે આ બધું નિરર્થક છે, નરી છેતરપિંડી છે. પણ ડાક્ટર ઢીંચણ પર પડી દરદીના શરીર ઉપર વાંકા વળે છે; પહેલાં ઉપલા ભાગ પર ને પછી નીચલા ભાગ પર કાન ધરે છે; ને મોઢા પર અમુક વિશેષ અર્થવાળો ભાવ લાવી દર્દીના શરીર પર અનેક જાતની કસરત કરતો હોય એમ વાંકાચૂંકા વળે છે. ઇવાન એ બધું સાંખી રહે છે. અદાલતમાં તે વકીલોનાં ભાષણ એવી જ રીતે સાંખી લેતો; જોકે તેઓ બધા જૂઠું બોલે છે, ને શા માટે જૂઠું બોલે છે, એની એને પાકી ખબર હતી.

ડાક્ટર સોફા પર વાંકા વળી દરદીની છાતી ઠોકતો હોય છે એટલામાં બારણા આગળ પ્રાસ્કોવિયાના રેશમી પોશાકનો ફફડાટ થાય છે, ને ડાક્ટર આવ્યાની ખબર એને ન આપવા માટે તે પીટરને ઠપકો આપતી સંભળાય છે.

તે અંદર આવે છે, પતિને ચૂમી લે છે, ને એકદમ એમ પુરવાર કરવા જાય છે કે 'હું તો ક્યારની તૈયાર થઈને બેઠી હતી. પણ મને ખબર ન પડી એટલે જ ડાક્ટર આવ્યા તે વખતે અહીં

આવી ન શકી.'

ઇવાન તેની સામે નજર નાખે છે; તેને ધારીધારીને જુએ છે; તેનો ગોરો રંગ, તેનું ભરાવદાર શરીર, તેના ચોખ્ખાચટ હાથ ને ગળું, તેના ચકચકતા વાળ, ને તેની ચમકદાર આંખોનું તેજ, એ બધું એની સામે ઉઘાડપાસામાં મૂકે છે. ઇવાનના મનમાં એના પ્રત્યે હડહડતો દ્વેષ ભરેલો છે. અને તેના પ્રત્યે જે દ્વેષ છે તેને લીધે ઇવાનને એના સ્પર્શથી પણ દુઃખ થાય છે.

પ્રાસ્કોવિયાનું પતિ ને તેના વ્યાધિ પ્રત્યેનું વલણ હજુ એવું ને એવું જ છે. જેમ ડાક્ટરે દર્દી પ્રત્યે અમુક વલણ ધારણ કરેલું ને તે તેનાથી છોડી શકાતું નહોતું, તેમ પ્રાસ્કોવિયાએ પણ મનમાં એવી ગાંઠ વાળી રાખેલી કે 'મારા પતિએ અમુક વસ્તુ કરવી જોઇએ તે કરતા નથી, ને વાંક તેમનો પોતાનો છે, ને હું તો પતિને એને માટે પ્રેમપૂર્વક ઠપકો આપું છું.' આ ગાંઠ હવે તેના મનમાંથી છૂટતી નહોતી.

'મારું તો એ કંઇ સાંભળતા નથી ને વખતસર દવા લેતા નથી. વળી પગ ઊંચા રાખીને સૂઇ રહે છે, એ પણ એમને માટે સારું નથી.'

ઇવાન જિરાસીમની પાસે કેવી રીતે પગ ઊંચા રખાવતો હતો એનું વર્ણન એણે કરી બતાવ્યું.

ડાક્ટરે તિરસ્કારમિશ્રિત વિવેકથી સહેજ મોં મલકાવીને કહ્યું: 'શું કરીએ ? આ માંદા માણસોને એવી મૂર્ખાઇવાળી ધૂનો હોય છે, પણ આપણે એમને ક્ષમા આપવી જોઇએ.'

તપાસ પૂરી થઇ એટલે ડાક્ટરે ઘડિયાળ સામે જોયું. પછી પ્રાસ્કોવિયાએ ઇવાનને કહ્યું: 'આ તો તમારી ઇચ્છા હતી તેમ થયું. પણ મેં આજે એક જાણીતા નિષ્ણાતને બોલાવ્યો છે. તે તમને તપાસશે, ને પછી તે ને માઇકલ ડાનીલોવીચ (કુટુંબનો હંમેશનો ડાક્ટર) મળીને વાતચીત કરશે.'

'આમાં વાંધા ન કાઢશો. એ તો હું મારે પોતાને જ ખાતર કરું છું,' તેણે કટાક્ષમાં કહ્યું; અને એ રીતે ઇવાનને દેખાડી આપ્યું કે 'હું આ બધું તમારે જ ખાતર કરું છું.' એ કહી બતાવ્યું તે એટલા માટે કે ઇવાનને ના કહેવાની બારી જ ન રહે. ઇવાન કંઇ બોલ્યો નહીં, પણ તેણે ભવાં ચડાવ્યાં. તેને લાગ્યું કે મારી આસપાસ જૂઠાણાનું જાળું એટલું બધું ફેલાયેલું છે ને હું એમાં એવો ફસાયેલો છું કે એમાંથી કશાનો ભેદ કળી શકાય એવું રહ્યું નથી.

પ્રાસ્કોવિયા ઇવાનને માટે જે કંઇ કરતી હતી તે બધું તેને પોતાને જ ખાતર કરતી હતી. અને જે કંઇ તે પોતાને ખાતર કરતી હતી તેને જ વિષે તેણે પતિને કહ્યું કે 'આ બધું હું મારે પોતાને જ ખાતર કરું છું.' પણ એ વાત જાણે સાવ અશક્ય હોય એમ તેણે માન્યું કે ઇવાને એમાંથી ઊલટો જ અર્થ કાઢવો જોઇએ.

સાડાઅગિયારે પેલો પ્રસિદ્ધ નિષ્ણાત આવ્યો. પાછી તપાસ થઇ. દરદીની હાજરીમાં તેમજ બીજા ઓરડામાં મૂત્રાશય અને એપેંડિક્સ વિષે અગત્યની વાતચીતો થઇ. ફરી સવાલજવાબ થયા. એ વખતે ડાકટરોએ એવું ભારેખમ મોં કર્યું કે દર્દીની સામે જીવનમરણનો જે એકમાત્ર ખરો પ્રશ્ન હતો તેને બદલે મૂત્રાશય અને એપેંડિક્સનો પ્રશ્ન ઊભો થયો. એ અંગો બરાબર ચાલતાં નથી. તેમના પર હુમલો કરી તેમને રીતસર ચાલતાં કરવાનું બીડું માઇકલ ડાનીલોવીચ અને પેલા નિષ્ણાતે ઝડપ્યું.

એ પ્રસિદ્ધ નિષ્ણાતે દર્દીની રજા લીધી ત્યારે તેનો ચહેરો ગંભીર હતો પણ તેના પર નિરાશાનાં ચિહ્ન નહોતાં. ઇવાને, ભય અને આશાથી ચમકતી આંખે, બીતે બીતે તેને પ્રશ્ન પૂછ્યો કે 'હું સાજો થાઉં એવી કંઇ આશા છે ખરી ?' ડાકટરે કહ્યું: 'હું સોળ આના ખાતરી તો નથી આપી શકતો, પણ શક્યતા છે.' ઇવાન જે આશાની નજરે ડાકટરને બહાર જતો જોઇ રહ્યો તેમાં એટલી બધી કરુણતા ભરેલી હતી કે તે જોઇને પ્રાસ્કોવિયાને,

ડાક્ટરને ફી આપવા ઓરડાની બહાર જતાં જતાં જ, રડવું આવી ગયું.

૯

ડાક્ટરના પ્રોત્સાહનથી પ્રગટેલું આશાનું કિરણ ઝાઝો વખત ટક્યું નહીં. એ જ ઓરડો, એ જ ચિત્રો, પડદા, દીવાલના કાગળ, દવાની શીશીઓ એ બધું કાયમ હતું. એનું એ જ દુખાવાથી પીડાતું શરીર પણ મોજૂદ હતું. એટલે ઇવાને ઊંહકારા કરવા માંડ્યા. ડાક્ટરે ઇંજેક્શન આપ્યું એટલે તે ઘેનમાં પડી ગયો.

એને ભાન આવ્યું ત્યારે સાંજ પડવા આવી હતી. નોકરો એને માટે ખાવાનું લાવ્યા હતા તેમાંથી એણે કંઇક પ્રવાહી માંડ ગળે ઉતાર્યો. તે પછી દરદ ફરી ઊપડ્યું, ને રાત પડવાનો વખત થયો.

જમણ પછી સાત વાગે પ્રાસ્કોવિયા સાંજનો પોશાક સજીને ઓરડામાં આવી. સવારે તેણે ઇવાનને કહી રાખ્યું હતું કે અમે નાટક જોવા જવાનાં છીએ. સારા બર્નહાર્ટ નામની પ્રસિદ્ધ નટી શહેરમાં આવી હતી, ને એમણે ઇવાનના આગ્રહથી એક 'બૉક્સ' રિઝર્વ કરાવી હતી. ઇવાનને એ વાત વિસારે પડી ગઇ હતી. પત્નીનો ઠાઠ જોઇ તેનું દિલ દુભાયું. પણ છોકરાંઓને આનંદ અને બોધ બંને મળશે માટે તમારે જવું ને 'બૉક્સ'માં જ બેસવું એવો આગ્રહ તેણે પોતે જ કરેલો, એ વાત યાદ આવી એટલે તેણે પોતાની ચીડ છુપાવી.

પ્રાસ્કોવિયા મલકાતી મલકાતી ઓરડામાં આવી. છતાં તેના મોં પર પોતે ગુનેગાર હોય એ જાતનો કંઇક ભાવ હતો. તે બેઠી, ને તબિયતની ખબર પૂછી. ઇવાને જોયું કે એ પૂછે છે તે જાણવા માટે નહીં પણ પૂછવાને જ ખાતર. એ જાણતી તો હતી કે નવી ખબર કશી જ નથી. પછી પ્રાસ્કોવિયા જે ખરી વાત કહેવાની હતી તેના પર આવીઃ 'હું તો કોઇ રીતે ન જાત. પણ હવે

બૉક્સ લેવાઇ ગઇ છે. હેલન ને તેની છોકરી પણ આવે છે. પેટ્રીશેવ (તેની છોકરીનો ભાવિ પતિ) પણ આવે છે. એમને કંઇ એકલાં તો ન જ જવા દેવાય. મને તો જરા વાર તમારી પાસે બેસવાનું વધારે ગમત. પણ હું જઇ આવું એટલો વખત ડાકટરે કહ્યું છે તે પ્રમાણે જરૂર કરજો હોં!'

'અરે, અને ફેડોર પેટ્રોવીચ (ભાવિ જમાઇ) અંદર આવવા ઇચ્છે છે. આવે? ને લીઝા?'

'ભલે આવે.'

તેની દીકરી લીઝા સાંજનો પોશાક પહેરીને આવી. તેનો તાજો યૌવનભર્યો દેહ કેટલોક ઉઘાડો દેખાતો હતો (જે દેહનું તેણે પ્રદર્શન કરેલું તે જ દેહ ઇવાનને પોતાને આટલું દુ:ખ દઇ રહ્યો હતો). લીઝા મજબૂત, નીરોગી, પ્રેમઘેલી હતી. તેને માંદગી, દુ:ખ ને મૃત્યુ પ્રત્યે અણગમો હતો, કેમકે એ તેના સુખની આડે આવતાં હતાં.

ફેડોર પેટ્રોવીચ પણ અંદર આવ્યો. તેણે સાંજનો પોશાક પહેર્યો હતો. વાળમાં ફાંકડી રીતે પટિયાં પાડેલાં હતાં. લાંબા ભરાવદાર ગળાની આસપાસ સખત ને અક્કડ કૉલર લગાવેલો હતો. મોટા ધોળા ખમીસનો આગલો ભાગ ને સાંકડું કાળું પાટલૂન મજબૂત સાથળો પર ચપસાઇ જાય એવી રીતે પહેર્યાં હતાં. એક હાથે સંકડ મોજું સખત ખેંચીને ચડાવ્યું હતું, ને બીજા હાથમાં નાટક જોવા જતાં પહેરવાની હેટ રાખેલી હતી.

એની પાછળ ઇવાનનો નાનો છોકરો પેઠો તેને કોઇએ જોયો નહીં. તેણે બાપડાએ નવો ગણવેશ પહેર્યો હતો, ને હાથે મોજાં પહેર્યાં હતાં. તેની આંખો નીચે બહુ જ કાળા ડાઘ દેખાતા હતા, તેનો અર્થ ઇવાન સારી પેઠે જાણતો હતો.

ઇવાનને એના દીકરા પ્રત્યે હંમેશાં બહુ જ દયા ઉપજતી. અત્યારે એ છોકરાનો દયાથી ભરેલો ભયભીત ચહેરો જોતાં બીક લાગે એવું હતું. ઇવાનને લાગ્યું કે જિરાસીમ ઉપરાંત એકલો

વાસ્યા જ મને સમજી શકે છે ને મારી દયા ખાય છે.

આવેલાં બધાં બેઠાં ને ફરી તબિયતની ખબર પૂછવા લાગ્યાં. પછી થોડી વાર મૌન રહ્યું. લીઝાએ માને નાટક જોવાના 'દૂરબીન'* વિષે પૂછ્યું. તે કોણે લીધેલું ને ક્યાં મૂક્યું છે, એ વિષે માદીકરી વચ્ચે બોલાચાલી થઇ. તેને લીધે જરા રંગમાં ભંગ પડ્યા જેવું થયું.

ફેડોર પેટ્રોવીચે ઇવાનને પૂછ્યું: 'તમે સારા બર્નહાર્ટને જોઇ છે?' ઇવાન પહેલાં તો સવાલ સમજ્યો નહીં. પણ પછી જવાબ દીધો: 'ના. તમે એને પહેલાં જોઇ છે?'

'હા. એકવાર એક નાટકમાં જોયેલી.'

સારા બર્નહાર્ટ કેટલાક ભાગ ભજવતી હતી તેની વાત પ્રાસ્કોવિયાએ કરી. લીઝાએ જુદો મત દર્શાવ્યો. સારાના અભિનયમાં ગૌરવ અને વાસ્તવદર્શન કેટલાં છે એ વિષે વાત ચાલી. આ જાતની વાતચીત હંમેશાં થાય છે, ને એકની એક ઘરેડમાં ચાલે છે.

આ વાતચીત દરમ્યાન ફેડોરે ઇવાન તરફ નજર નાંખી, ને તે એકદમ ચૂપ થઇ ગયો. બીજાંએ પણ એની સામે જોયું ને ચૂપકી પકડી. ઇવાન ચળકતી આંખે એકીટસે સામે જોઇ રહ્યો હતો, ને આ બધા પર ગુસ્સે થયેલો લાગતો હતો. આ સ્થિતિમાં સુધારો કરવાની જરૂર હતી; પણ તેમ કરવું અશક્ય હતું. મૌન તોડવાની જરૂર હતી; પણ કેટલોક વખત તો જીભ ઉપાડવાની કોઇની હિંમત જ ચાલી નહીં. સહુને બીક લાગી કે લોકરૂઢિને અનુસરીને જે છેતરપિંડી તેઓ સહુ ચલાવી રહ્યાં હતાં તે ઉઘાડી પડી જશે ને સાચી વાત સહુને સ્પષ્ટ દેખાશે. લીઝાએ સહુથી પહેલી હામ ભીડી એ મૌન તોડ્યું; પણ જે લાગણી દરેક જણના મનમાં હતી તે ઢાંકવાનો પ્રયત્ન કરીને તેણે ઊલટી એ લાગણી ઉઘાડી પાડી.

* નાનું 'બાઇનોક્યુલર,' જેના વડે નાટકમાં દૂર બેઠેલું માણસ પણ રંગભૂમિ પર આવતું દશ્ય નજીક બેસીને જોતું હોય એવું જોઈ શકે.

'ચાલો, આપણે જો જવું હોય તો નીકળવાનો વખત થઈ ગયો છે,' પિતાએ ભેટ આપેલા ઘડિયાળ સામે જોઈ લીઝાએ કહ્યું. સાથે સાથે ફેડોરની સામે જોઈ આછું ને અર્થસૂચક સ્મિત પણ કરી લીધું. એ સ્મિતનો અર્થ એ બે જણ જ જાણતાં હતાં. લીઝા ઊઠી, ને એનાં કપડાંનો ફફડાટ થયો.

સહુએ ઊભાં થઈ વિદાય લીધી, ને ચાલ્યાં ગયાં.

એ લોકો ગયા પછી ઇવાનને સહેજ સારું લાગ્યાનો ભાસ થયો; જૂઠાણું એ લોકોની સાથે ચાલ્યું ગયું હતું. પણ દુઃખ તો કાયમ હતું — એનું એ જ દુઃખ ને એની એ વેદના, જેને લીધે કશામાં રસ પડતો નહોતો. કશી વિવિધતા દેખાતી નહોતી, કશું પહેલાં કરતાં અઘરું કે પહેલાં કરતાં સહેલું લાગતું નહોતું. બધું જ પહેલાંના કરતાં બૂરું લાગતું હતું.

ફરી પાછી પળ પછી પળ ને ઘડી પછી ઘડી વીતવા લાગી. આખી ઘટમાળ જેવી ને તેવી ચાલી રહી હતી, ને એમાં ક્યાંયે વિરામ આવતો નહોતો. એ બધાનો જે વિધાતાએ નિર્મેલો અન્ત હતો તે વધારે ને વધારે ભીષણ દેખાવા લાગ્યો.

'હા, જિરાસીમને મોકલ,' પીટરે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં ઇવાને કહ્યું.

પ્રાસ્કોવિયા રાતે મોડી પાછી ફરી. તે પગની આંગળીઓ પર ચાલતી ચાલતી અંદર આવી. પણ ઇવાને તેનો પગરવ સાંભળ્યો, આંખ ઉઘાડી, ને તરત જ મીંચી દીધી. તે જિરાસીમને મોકલી દઈ પોતે પતિની પાસે બેસવા માગતી હતી; પણ ઇવાને આંખ ઉઘાડીને કહ્યું: 'ના, તું જા.'

'દરદ બહુ થાય છે?'

'હંમેશાં થાય છે એવું ને એવું જ.'

'જરા અફીણ લો.'

ઇવાને એનું માની થોડુંક અફીણ લીધું. પ્રાસ્કોવિયા ચાલી ગઈ.

પરોઢિયે ત્રણેક વાગ્યા સુધી ઇવાન ધેનની દુઃખદ દશામાં રહ્યો. એને લાગ્યું જાણે મને ને મારા દરદને કોઇ એક સાંકડા ને ઊંડા કાળા કોથળામાં હડસેલી રહ્યું છે. એ મને દૂર ને દૂર હડસેલે છે, પણ છેક તળિયા સુધી હડસેલી શકતાં નથી. આ વસ્તુ પોતે જ ભયાનક હતી. ને તેમાં વળી પાછો દરદનો ઉમેરો. તેને બીક લાગતી હતી છતાં તે કોથળામાં થઇને સરી પડવા માગતો હતો; તે સામે થવાનો પ્રયત્ન કરતો હતો છતાં સાથ આપતો હતો. એટલામાં ઓચિંતો તે સરી ગયો, નીચે પડ્યો, ને તેને ભાન આવ્યું. જિરાસીમ આટલાની પાંગતે બેઠો બેઠો શાન્તિ ને ધીરજથી ઝોકાં ખાતો હતો. ઇવાન પોતે સૂતો હતો, ને તેના સુકાઇ ગયેલા મોજાંવાળા પગ જિરાસીમના ખભા પર ટેકવેલા હતા. એનો એ “છત્તર'વાળો દીવો, ને એનું એ નિરંતર થતું દરદ.

'તું જા, જિરાસીમ,' તે સહેજ હોઠ ફફડાવીને બોલ્યો.

'કશો વાંધો નથી, સાહેબ. જરા વાર બેસીશ.'

'ના. તું જા.'

તેણે જિરાસીમના ખભા પરથી પગ ખસેડ્યા, પડખું ફેરવી હાથને ટેકે સૂઇ રહ્યો, ને પોતાની અવદશા પર વિમાસણ કરવા લાગ્યો. જિરાસીમ જોડેના ઓરડામાં જાય એની જ વાટ એ જોતો હતો. પછી તેનાથી રહેવાયું નહીં, એટલે બાળકની પેઠે રડી પડ્યો. પોતાની અસહાય દશા, ને ભયાનક એકલતા, માણસની ક્રૂરતા, ઇશ્વરની ક્રૂરતા, ને ઇશ્વરની ગેરહાજરી એ એનાં રડવાનાં કારણ હતાં.

'હે ભગવાન, તેં આ બધું શા સારુ કર્યું છે? તું મને અહીં શા માટે લાવ્યો છે? શા માટે, શા માટે, તું મને આટલું ઘોર દુઃખ દે છે?'

એ જવાબની આશા રાખતો નહોતો; ને છતાં જવાબ નહોતો મળતો ને મળી શકે એમ પણ નહોતું એટલા માટે રડવા લાગ્યો. એનું દરદ વધારે ને વધારે તીવ્ર બનતું ગયું. પણ એ ન તો હાલ્યો,

ન એણે કોઈને બૂમ મારી. તેણે મનમાં કહ્યું: 'ચલાવ, ચલાવ! માર તારે મને મારવું હોય તેટલું. પણ આ બધું શાને માટે? મેં તારું શું બગાડ્યું છે? શા સારુ આમ કરે છે?'

પછી તે શાન્ત થઈ ગયો. રડવાનું બંધ કર્યું, એટલું જ નહીં પણ સાસ પણ રોકી લીધો ને ચિત્તને એકાગ્ર કરી દીધું. જાણે તેના કાનને કોઈ બહારનો અવાજ નહીં, પણ અંતર્યામી આત્માનો અવાજ, અંતરમાં ઊઠતી વિચારમાળા, સંભળાતાં હોય એમ તે એકધ્યાન થઈ ગયો.

'તારે શું જોઈએ છે?' શબ્દ દ્વારા પ્રગટ કરી શકાય એવી પહેલવહેલી સ્પષ્ટ કલ્પના એણે આ સાંભળી.

'તારે શું જોઈએ છે? તારે શું જોઈએ છે?' તેણે મનમ ને મનમાં એ પ્રશ્નનો પુનરુચ્ચાર કર્યો.

'મારે શું જોઈએ છે? મારે જીવવું છે, ને દુઃખ નથી ભોગવવું,' તેણે જવાબ દીધો.

ફરી પાછો તે એવા એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યો કે દરદથી પણ એના ધ્યાનમાં ભંગ ન પડ્યો.

'જીવવું છે? કેવી રીતે?' અંતરનાદે પૂછ્યું.

'કેમ, જેવી રીતે જીવતો હતો તેવી રીતે જ તો—શ્રીમંતાઈ અને સુખચેનમાં.'

'તું જીવતો હતો તેવી જ રીતે—શ્રીમંતાઈ અને સુખચેનમાં?' અંતરનાદે એના જ શબ્દો સામા ઉચ્ચાર્યા.

તેણે તેના સુખી જીવનની સર્વોત્તમ ક્ષણો યાદ કરવા માંડી. પણ વિચિત્ર વાત એ બની કે તેના સુખી જીવનની સર્વોત્તમ ક્ષણોમાંથી બાળપણનાં પ્રથમ સ્મરણો બાદ કરતાં, એક પણ ક્ષણ જેવી પહેલ લાગતી હતી તેવી હવે લાગી નહીં. તે વેળાએ, એટલે કે બાળપણમાં એવું કંઈક ખરેખર સુખદાયક હતું જે ફરી મળે તો તેના વ. સુખમાં રહી શકાય. પણ જે બાળકે એ સુખ અનુભવેલું તે બાળ.

હવે રહ્યું નહોતું; ને એ જાણે કોઈ બીજા માણસનાં સંસ્મરણો હોય એમ લાગતું હતું.

જે સમયમાં અત્યારનો ઇવાન ઘડાઈને નીકળ્યો તે સમય આવ્યો કે તરત, જે કંઈ અગાઉ આનંદદાયક લાગેલું તે બધું તેની નજર આગળથી ઓગળી ગયું, ને નજીવું ને અકારું બની ગયું.

અને પછી જેમ જેમ તે બાળપણથી આઘો ખસતો ગયો ને વર્તમાન સમયની નજીક આવતો ગયો તેમ તેમ એ આનંદો વધારે ને વધારે નકામા ને નિરર્થક લાગતા ગયા. એ સમયની શરૂઆત કાયદાની નિશાળથી થઈ. એ સમયમાં પણ હજુ ખરેખરું સુખ થોડુંક હતું—પ્રસન્નતા હતી, મિત્રતા હતી, આશા હતી. પણ ઉપલા વર્ગોમાં એવી સારી ક્ષણો ક્યારની ઓછી થવા માંડી હતી. પછી તેની સરકારી નોકરીનાં શરૂઆતનાં વરસોમાં, તે સૂબાના હાથ નીચે હતો તે વખતમાં, કેટલીક સુખદાયક ક્ષણો ફરી આવી ગઈ: એ એક સ્ત્રી પ્રત્યેના પ્રણયની યાદગીરીઓ હતી. ત્યારપછી બધું અસ્તવ્યસ્ત થઈ ગયું, ને તેમાં સુખનો અંશ ઓછો હતો. આગળ જતાં એ સુખનો અંશ એથીયે ઓછો થઈ ગયો, ને તે જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ સુખની માત્રા ઉત્તરોત્તર ઘટતી ગઈ. સાવ આકસ્મિક સંયોગોમાં થયેલું તેનું લગ્ન, તે પછી થયેલો ભ્રમનિરાસ, પત્નીનો ગંધાતો શ્વાસ, તેની વિલાસપ્રિયતા ને તેનો દંભ; પછી જીવલેણ સરકારી નોકરી ને પૈસા વિષેની ચિન્તા, એક વરસ, બે વરસ, વીસ વરસ, ને તોયે એની એ જ સ્થિતિ. ને જેમ એ જીવન વધારે ચાલ્યું તેમ તેનો ઘસારો વધતો ગયો. 'હું માનતો હતો કે ઉપર જાઉં છું, પણ ખરેખર તો હું નીચે ઘસડાતો હતો. ને ખરેખાત એવું જ હતું. લોકોની નજરે હું ઊંચે ચડતો હતો, પણ એટલા પ્રમાણમાં મારું જીવન ઓટની પેઠે ઓસરી જતું હતું. હવે એ પૂરેપૂરું ઓસરી રહ્યું છે.

'ત્યારે આનો અર્થ શો? કેમ? જીવન તો કંઈ આવું

નિરર્થક ને ભયાનક હોઇ ન શકે. પણ એ ખરેખર ભયાનક ને નિરર્થક વીત્યું છે; તો પછી મારે મરવાનું શા સારુ આવે—ને તે પણ આમ રિબાઇ રિબાઇને શા સારુ મરવું પડે? આમાં કંઇક ભૂલ હોવી જોઇએ!'

'સંભવ છે મારે જેવી રીતે જીવવું ઘટતું હતું એવી રીતે હું ન જીવ્યો હોઉં.' આ વિચાર તેના મનમાં એકાએક ઝબકારાની પેઠે આવ્યો. 'પણ એમ કેમ બની શકે? મેં તો એકેએક કામ યોગ્ય રીતેજ કર્યું હતું,' તેણે જવાબ આપ્યો. જીવન મરણના તમામ કોયડાઓનો આ જે એકમાત્ર ઉકેલ છે, તેને તેણે સાવ અશક્ય વસ્તુ ગણીને મનમાંથી તરત જ કાઢી નાખ્યો.

'ત્યારે હવે તારે શું જોઇએ છે? જીવવું છે? કેવી રીતે જીવવું છે? "જજ સાહબ આતે હૈં!" એમ છડીદાર અદાલતમાં પોકારતો ત્યારે તું જેવી રીતે જીવતો હતો એવી રીતે જીવવું છે? જજ સાહેબ આવે છે, જજ સાહેબ!' તે મનમાં જ કહેવા લાગ્યો. 'જજ તો આ આવ્યા. પણ હું ગુનેગાર નથી હોં!' તે ક્રોધથી બોલી ઊઠ્યો. 'આ બધું શાને સારુ છે?' તે રડતો બંધ થયો, પણ દીવાલ તરફ મોઢું ફેરવીને એક જ સવાલ પર વિચાર કરવા લાગ્યો: આ બધો ત્રાસ શાને સારુ, ને શા હેતુસર છે? પણ તેણે ગમે તેટલો વિચાર કર્યો તોયે તેને કશો જવાબ મળ્યો નહીં. મારે જીવવું ઘટતું હતું તેવી રીતે હું નથી જીવ્યો તેનું આ બધું પરિણામ છે, એ વિચાર એને જેટલીવાર આવતો—ને ઘણીવાર આવતો—તેટલીવાર તે એમ યાદ કરતો કે મારા જીવનમાં મેં જરાયે અનીતિ નથી કરી. અને તેથી તે પેલા વિચિત્ર વિચારને મનમાંથી હાંકી કાઢતો.

૧૦

બીજું એક પખવાડિયું વીતી ગયું. ઇવાન હવે સોફામાંથી ખસતો નહીં. ખાટલા પર ન સૂઇ જતાં સોફા પર જ પડી રહેતો,

ને લગભગ બધો વખત દીવાલ સામે જ મોઢું રાખતો. તેની વેદના નિરંતર ચાલુ હતી, ને ઊકલવો અશક્ય એવા એકના એક સવાલને તે એકલો પડ્યો પડ્યો હંમેશાં વાગોળ્યાં કરતો: 'આ શું છે? આ મોત હોઇ શકે?' અને અંતરનાદ જવાબ દેતો: 'હા, એ મોત છે.'

'આ પીડા કેમ થાય છે?' અને અંતરનાદ જવાબ દેતો: 'એનું કશું કારણ નથી. બસ, થાય છે એ જ.' આની પાર ને આની ઉપરાંત કશું સમજાતું કે કળી શકાતું નહોતું.

માંદગીની છેક શરૂઆતથી, તે ડાક્ટરને પહેલવહેલો મળવા ગયો ત્યારથી, ઇવાનનું જીવન બે પરસ્પરવિરોધી ને એક પછી એક ઊઠતા વૃત્તિપ્રવાહોમાં વહેંચાઇ ગયું હતું: ક્યારેક નિરાશા છવાઇ જતી, ને આ અકળ ને ભયાનક મૃત્યુનાં પગલાં સંભળાતાં; ક્યારેક આશાનો સંચાર થતો, ને શરીરના અવયવોનું અત્યંત રસપૂર્વક અવલોકન ચાલતું. ક્યારેક નજર આગળ થોડાક વખતને માટે પોતાનું કામ ન કરવાની જીદ લઇને બેઠેલાં મૂત્રાશય કે આંતરડું જ દેખાતાં; અને ક્યારેક પેલા અકળ ને ભયાનક મૃત્યુના ભણકારા વાગતા, ને એના પંજામાંથી છૂટવું અશક્ય છે એવી ખાતરી થતી.

આ બે મનોદશા તેની માંદગીની છેક શરૂઆતથી વારાફરતી આવ્યાં કરતી. પણ માંદગી જેમ જેમ વધતી ગઇ તેમ તેમ મૂત્રાશયવાળી કલ્પના વધારે શંકાસ્પદ ને વિચિત્ર લાગતી ગઇ, અને મોત પાસે ને પાસે આવતું દેખાવા લાગ્યું.

તે ત્રણ મહિના પહેલાં કેવો હતો ને અત્યારે કેવો છે એનું તે નિરીક્ષણ કરે, ને પોતે ઉત્તરોત્તર કેવો નીચે સરતો જાય છે એ યાદ કરે એટલી જ વાર હતી. એટલું એક જ કામ તેની રહીસહી બધી આશા પર પાણી ફેરવવાને બસ હતું.

પાછલા દિવસોમાં તે સોફાની પીઠ સામે નજર નાખીને પડ્યો રહેતો ત્યારે તેને લાગતું જાણે હું એકલો અટૂલો છું. મોટી વસ્તીવાળા શહેરમાં, ને અનેક સગાંસ્નેહીઓ આસપાસ રહેતાં હોવા

છતાં, તેને જે એકલતા લાગતી તે આના કરતાં બીજી કોઇ પણ જગાએ — દરિયાને તળિયે કે પૃથ્વીના ઉદરમાં પણ — વધારે સુનકારવાળી ન લાગત. એ ભીષણ એકલતા દરમ્યાન ઇવાન કેવળ ભૂતકાળનાં સ્મરણોમાં જ વસતો હતો. તેના ભૂતકાળનાં ચિત્રો એક પછી એક તેની નજર સામે ખડાં થતાં હતાં. તેની શરૂઆત જે વસ્તુ સમયની દૃષ્ટિએ નજીકમાં નજીક હોય તેનાથી થતી, અને પછી દૂરદૂરની ઘટનાઓ આવતી, બાળપણનાં સ્મરણો જાગતાં, ને એ પ્રવાહ ત્યાં અટકી જતો. તે દિવસે એને ખાવામાં બાફેલાં 'પ્રૂન'* અપાયાં હોય ને તેનો વિચાર આવ્યો હોય, તો પછી બાળપણમાં કેવાં કાચાં સુકાઇ ગયેલાં ફ્રેંચ પ્રૂન મળતાં તેની અમુક પ્રકારની ખાસ સુવાસ આવતી, ને એના ઠળિયા ચૂસતાં મોંમાં કેવું પાણી છૂટતું, એ યાદ આવતું. એ સ્વાદના સ્મરણની સાથે એ દિવસોનાં સ્મરણોની આખી હારમાળા ચાલી આવતી: તેની આયા, તેનો ભાઇ, ને તેમનાં રમકડાં, એ બધું યાદ આવતું. 'ના, મારે એનો વિચાર ન કરવો જોઇએ......એ બધું યાદ કરતાં દુઃખ થાય છે, ને એ દુઃખ નથી સહ્યું જતું,' એમ તે મનમાં કહેતો; પાછો વર્તમાન સમયના વિચાર પર આવતો; ને સોફાની પીઠ પરના બટન વિષે ને સોફા પરના મૉરૉક્કો ચામડા વિષે વિચાર કરવા માંડતો. 'મૉરૉક્કો ચામડું મોંઘું છે પણ તે ઝાઝું ટકતું નથી. એને વિષે તો અમારે વરવહુને તકરાર થયેલી. અમે બાપાજીનું ચામડાનું દફતર ફાડી નાખેલું ને અમને માર પડેલો ત્યારની તકરાર જુદી જાતની હતી, ને ત્યારનું મૉરૉક્કો ચામડું પણ જુદી જાતનું હતું. તે વખતે બાએ અમને મીઠાઈ આપેલી......' પાછા એને બાળપણના વિચારો આવવા લાગ્યા. એ વિચારોથી દુઃખ થવા લાગ્યું; એટલે તેણે એ વિચારોને હાંકી કાઢી બીજી કોઈ વસ્તુ પર ચિત્તને દોરવ-

* એક ફળિયા જેવું ફળ.

વાનો પ્રયત્ન કર્યો.

પછી ફરી, એ સ્મરણમાળાની સાથે બીજી એક માળા એના મનમાંથી પસાર થઇ ગઇ — એની માંદગી કેવી રીતે નાનીમાંથી મોટી થઇ ને દહાડે દહાડે બગડતી ગઇ હતી તે યાદ આવ્યું. એમાં પણ એ જેમ જેમ ભૂતકાળમાં વધારે દૂર જતો ગયો તેમ તેમ જીવનમાં સુખ વધારે દેખાતું ગયું. જીવનમાં સુખ અને સ્ફૂર્તિ બંને એ વખતે વધારે હતાં. બે ભેગાં થઇ એકરસ બની ગયાં હતાં. તેણે વિચાર કર્યો: 'જેમ દરદ વધતું ગયું તેમ મારું જીવન પણ વધારે ને વધારે દુઃખમય થતું ગયું. ત્યાં ભૂતકાળમાં, જીવનની શરૂઆતમાં, એક ઊજળું ટપકું છે; પછી બધું વધારે ને વધારે કાળું થતું જાય છે; અને મૃત્યુ જેમ જેમ પાસે આવતું જાય છે તેમ તેમ કાળાશ ઉત્તરોત્તર વધતી જાય છે.' કાંકરો ઊંચેથી નીચે પડે ત્યારે તેનો વેગ ઉત્તરોત્તર વધતો જાય છે, એ દાખલો એને યાદ આવ્યો. જીવન એ વધતાં જતાં દુઃખોની ઘટમાળ છે, ને તે ઊડતું ઊડતું તેના અન્ત તરફ — એટલે કે ભીષણમાં ભીષણ દુઃખ તરફ આગળ વધે છે. 'હું ઊડું છું...' તે થથરી ઊઠ્યો. તેણે પાસું ફેરવ્યું, ને સામા થવાનો પ્રયત્ન કર્યો, પણ તેને ખબર પડી ગઇ હતી કે સામા થવાનો પ્રયત્ન મિથ્યા છે. તેની આંખો જોઈજોઇને થાકી ગઇ હતી, છતાં તેનાથી સામે જોવાનું બંધ કરી શકાતું નહોતું. એટલે તે સોફાની પીઠ તરફ ટગરટગર જોઇ રહ્યો, ને રાહ જોવા લાગ્યો — પેલું ભયંકર પતન, ને આઘાત, ને વિનાશ ક્યારે આવે છે તેની રાહ જોવા લાગ્યો.

'સામે થવું તો અશક્ય છે!' તેણે મનમાં કહ્યું. 'અરે, આ બધું શાને માટે છે એટલું જ હું સમજી શક્યો હોત તોયે બસ હતું! પણ એય અશક્ય છે. એક ખુલાસો આપી શકાય એવો છે ખરો. પણ તો તો મારે એમ કહેવું પડે કે મારે જેવી રીતે જીવવું જોઇતું હતું તેવી રીતે હું જીવ્યો નથી. પણ એમ તો કહી શકાય

એવું છે જ નહીં.' પોતે કાયદાના, નીતિના ને શિષ્ટાચારના બધા નિયમો કેવા પાળેલા એ એને યાદ આવ્યું. 'આ આરોપ તો ન જ કબૂલ કરી શકાય,' તેણે મનમાં કહ્યું; ને તેના હોઠ પર કટાક્ષવાળું સ્મિત ફરક્યું—જાણે કોઇ એ સ્મિત જોઇ શકવાનું હોય ને તેનાથી છેતરાવાનું હોય! 'ત્યારે આનો કશો ખુલાસો નથી! દર્દ, મૃત્યુ... શાને સારુ?'

૧૧

બીજાં બે અઠવાડિયાં આ રીતે વીતી ગયાં. એ પખવાડિયામાં ઇવાન ને તેની પત્નીને મનગમતો એક બનાવ બન્યો. પેટ્રીશેવે વિધિપૂર્વક લીઝાની પાસે લગ્નનું માગું કર્યું. એ બનાવ એક દિવસ સાંજે બનવા પામ્યો. બીજે દિવસે આ ખુશખબર પતિને કેવી રીતે આપવી એનો વિચાર કરતી કરતી પ્રાસ્કોવિયા તેના ઓરડામાં આવી. પણ આગલી રાતે જ ઇવાનની સ્થિતિમાં નવો બગાડો થયો હતો. પ્રાસ્કોવિયા આવી ત્યારે તે સોફામાં જ, પણ રોજના કરતાં જુદી સ્થિતિમાં, પડ્યો પડ્યો કણુસતો હતો, ને એકીટસે સામે જોઇ રહ્યો હતો.

પ્રાસ્કોવિયા એને દવા લેવાનું યાદ કરાવવા ગઇ, પણ ઇવાને એના તરફ આંખ ફેરવી એવી નજરે જોયું કે એની જીભ જ સિવાઇ ગઇ. એ નજરમાં એટલી બધી શત્રુતાનો — ખાસ કરીને એના પ્રત્યે — ભાવ ભરેલો હતો.

'ઇસુને ખાતર મને શાન્તિથી મરવા દો!' ઇવાને કહ્યું.

પ્રાસ્કોવિયા પાછી જતી રહી હોત, પણ એ જ પળે તેની દીકરી આવી ને અંદર પિતાને 'સુપ્રભાતમ્' કરવા ગઇ. ઇવાને પત્ની સામે નાખી હતી તેવી જ નજર દીકરી સામે નાખી, ને એણે તબિયતની ખબર પૂછી તેના જવાબમાં મોઢું ચડાવીને કહ્યું: 'મારી ઊઠવેઠ તમારે હવે ઝાઝા દહાડા નહીં કરવી પડે.' માદીકરી બંને ચૂપ થઇ ગયાં, ને થોડોક વખત બેસી ચાલ્યાં ગયાં.

'એમાં આપણો વાંક છે?' લીઝાએ માને કહ્યું. 'જાણે આપણે જ એમને માંદા ન પાડ્યા હોય! બાપાજીને માટે મને દુઃખ થાય છે. પણ આમ આપણને શા સારુ ડામતા હશે?'

ડાકટર રોજને વખતે આવ્યો. એને ઇવાને 'હા' 'ના' વગેરે જવાબ આપ્યા, પણ તેની સામેથી ક્રોધભરી આંખ જરા પણ ખસેડી નહીં, ને છેવટે કહ્યું: 'તમે જાણો તો છો કે તમે મારે માટે કશું કરી શકવાના નથી. માટે મને એકલો પડી રહેવા દોને!'

'અમે તમારું દુઃખ જરા હળવું કરી શકીએ છીએ.'

'તમે તે પણ નથી કરી શકતા. રહેવા દોને, મારા સાહેબ!'

ડાકટરે દીવાનખાનામાં જઇ પ્રાસ્કોવિયાને કહ્યું: 'શેઠને વેદના બહુ સખત થતી હોવી જોઇએ. અફીણ એ જ એને જરા શાન્ત પાડવાનો એકમાત્ર ઇલાજ રહ્યો છે. કેસ બહુ જ ગંભીર છે.'

ડાકટરે કહ્યું તે સાચું હતું. ઇવાનને બહુ જ તીવ્ર વેદના થતી હતી. પણ શારીરિક વેદના કરતાં ખરાબ તો તેની માનસિક વેદના હતી; ને વધારે મૂંઝારો તો એનાથી થતો હતો.

માનસિક વેદના વધવાનું એક કારણ હતું. તે રાત્રે, જિરાસીમનો ઊંઘે ભરાયેલો ચહેરો, તેના પરનો ભલમનસાઇનો ભાવ, ને ઊપસી આવેલાં ગાલનાં હાડકાં જોતાં જોતાં તેના મનમાં એકાએક એ સવાલ ઊઠેલો: 'મારી આખી જિન્દગી ખરેખરી ખરાબ ગઇ હોય તો?'

તેને એકાએક એમ થયું કે જે વાત પહેલાં સાવ અશક્ય લાગતી હતી તે કદાચ સાચી હોય, અને મારે મારી જિન્દગી જેવી રીતે ગાળવી જોઇતી હતી તેવી રીતે મેં ન ગાળી હોય. તેને થયું કે ઊંચામાં ઊંચા દરજ્જા ભોગવનાર માણસો જે કામને સારાં માનતા હતા તેની સામે મારા મને વિરોધના અવાજ તો ઉઠાવેલા, પણ તે એટલા ધીમા હતા કે સાંભળવા મુશ્કેલ હતા. મારા મનના એ સાવ ધીમા અવાજને, ને સહેજે જોઇ ન શકાય એવા

એના ઉછાળાને, મેં તરત જ દબાવી દીધેલા. પણ સંભવ છે કે એ અવાજે ચીંધેલો રસ્તો જ સાચો હોય, ને હું આડે રસ્તે ચડી ગયો હોઉં. મારી ધંધાની ફરજો, મારા જીવનની ને મારા કુટુંબની બધી ગોઠવણ, ને સમાજ અને સરકારના કામકાજમાં મેં લીધેલો રસ ને મારા રંગરાગ, એ બધા મારા અવળા ધંધા હોય. એ બધાં કામોનો તેણે પોતાના મનની સમક્ષ બચાવ કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ બચાવ કેવો લૂલો છે તેનું તેને એકાએક ભાન થઇ આવ્યું. તેણે જોયું કે મેં જે કંઇ કર્યું છે તેને માટે કશો બચાવ જ થઇ શકે એમ નથી.

તે મનમાં કહેવા લાગ્યો: 'પણ જો એમ હોય, ને મને જે કંઇ મળેલું તે મેં વેડફી નાખ્યું ને હવે એ ભૂલ સુધારવાનો કશો ઇલાજ જ નથી, એવું ભાન મનમાં લઇને હું આ સંસારની વિદાય લેવાનો હોઉં, — તો શું ?'

તેણે સોફા પર પડ્યે પડ્યે પોતાના જીવનનું નવી જ રીતે અવલોકન કરવા માંડ્યું. સવારે તેણે પહેલાં નોકરને, પછી પત્નીને, પછી દીકરીને, ને પછી ડાકટરને એક પછી એક જોયેલાં ત્યારે તેમનું એકેએક વચન ને તેમની એકેએક હિલચાલ તેને કહી આપતાં હતાં કે તેને રાતે જે ભીષણ સત્ય દેખાયું તે સાચું છે. એ બધાંમાં એણે પોતાનું જ પ્રતિબિંબ જોયું; પોતે જે જે વસ્તુને માટે જીવ્યો હતો તે બધી એમનામાં મૂર્તિમંત થયેલી જોઇ; અને તેને દીવા જેવું દેખાઇ આવ્યું કે આ સત્ય નથી, પણ આ એક ભીષણ ને જબરદસ્ત છેતરપિંડી છે, ને એણે જીવન અને મૃત્યુ બંનેને ઢાંકી દીધાં છે. એને આ વસ્તુસ્થિતિનું ભાન થયું એને લીધે એની શારીરિક વેદના દસગણી વધી ગઇ. તે કણુસવા લાગ્યો, સૂતો સૂતો જ ઉછાળા મારવા લાગ્યો; અને પહેરેલાં કપડાંથી શ્વાસ રૂંધાતો હતો ને જીવ અકળાતો હતો એટલે કપડાં ખેંચવા લાગ્યો. ને એટલા માટે એને કપડાં અકારાં થઇ પડ્યાં.

તેને અફીણનો એક મોટો ડોઝ આપવામાં આવ્યો એટલે તે બેભાન થઇ ગયો. પણ મધ્યાહ્ને દરદ ફરી શરૂ થયું. તેણે બધાંને કાઢી મૂક્યાં, ને એક પડખેથી બીજે પડખે ઉછાળા મારવા માંડ્યા.

પ્રાસ્કોવિયા એની પાસે આવી ને કહેવા લાગી:

'ઝાં, મારા વહાલા, આટલું મારે ખાતર ન કરવા દો? એથી નુકસાન કશું નથી થવાનું. ઘણીવાર એથી ફાયદો થાય છે. સાજા માણસ પણ ઘણીવાર કરાવે છે.'

ઇવાને આંખો ફાડી. 'શું? પાદરીને બોલાવી ધર્મક્રિયા કરાવું? કેમ? કશી જરૂર નથી એની. છતાં......'

પ્રાસ્કોવિયા રડવા લાગી. 'હા, વહાલા, એટલું જરૂર કરાવવા દો. હું પાદરીને બોલાવું. કેવા સારા માણસ છે આપણા પાદરી!'

'ભલે. બહુ સારું,' ઇવાન ગગણ્યો.

પાદરીએ આવી ઇવાનની પાપની કબૂલાત સાંભળી ત્યારે ઇવાનનું હૈયું પીગળી ગયું; તેને પોતાની શંકાઓનું ને તેથી દુઃખનું નિવારણ થતું લાગ્યું; ને પળવાર આશાનું એક કિરણ દેખાયું. તે ફરી એપેંડિક્સનો વિચાર કરવા લાગ્યો, ને તે સુધરશે એવી આશા તેને આવી. પાદરીએ આપેલા આશીર્વાદ માથે ચડાવતાં તેની આંખમાં આંસુ આવ્યાં.

આ પછી એને ફરી સુવાડ્યો ત્યારે એને ક્ષણેકવાર આરામ લાગ્યો, ને હું કદાચ જીવી જઇશ એવી આશા મનમાં ફરી જાગી. ડાક્ટરોએ તેને જે ઑપરેશન કરાવવાનું કહેલું તેનો વિચાર તે કરવા લાગ્યો. 'જીવવું છે! મારે જીવવું છે!' તે મનમાં કહેવા લાગ્યો.

ધર્મક્રિયા થયા પછી પ્રાસ્કોવિયા તેને અભિનન્દન આપવા આવી, ને એવે વખતે રિવાજ પ્રમાણે કહેવાય એટલા શબ્દો કહી ઉમેર્યું:

'તમને જરા આરામ લાગે છે, નહીં?'

તેની સામે જોયા વિના ઇવાને કહ્યું: 'હા.'

પ્રાસ્કોવિયાનો પોશાક, તેનું શરીર, તેના ચહેરા પરનો ભાવ,

તેનો સાદ, બધાં એક જ વસ્તુ કહી આપતાં હતાં: 'આ ખોટું છે; જેવું હોવું જોઇએ તેવું નથી. તમે જેને માટે જીવ્યા છો ને હજુ જીવો છો તે બધું જૂઠાણું ને છેતરપિંડી છે. એ જૂઠાણું તમને જીવન અને મૃત્યુની ઝાંખી કરવા દેતું નથી.' આ વિચારને એણે મનમાં ઘૂસવા દીધો કે તરત તેની તિરસ્કારવૃત્તિ ને તેની તીવ્ર શારીરિક વેદના પાછાં જાગી ઊઠ્યાં. અને એ વેદનાની સાથે, જે મોતને પાછું ઠેલી શકાય એમ નહોતું તે મોતનાં પગલાંના ભણકારા એના કાનમાં વાગવા માંડ્યા.

પેલી 'હા' કહેતી વખતે એના મોઢા પરનો ભાવ ભયાનક હતો. એ 'હા' કહ્યા પછી ઇવાને પત્નીની આંખ સાથે આંખ મિલાવી, એની નબળી અવસ્થામાં અસાધારણ ગણાય એવી ઝડપથી મોઢું ફેરવ્યું, ને બૂમ પાડી:

'જા અહીંથી! જતી રહે! પડી રહેવા દે મને એકલો!'

૧૨

એ પળથી એની ચીસો શરૂ થઇ તે ત્રણ દિવસ સુધી ચાલી. એ ચીસો એવી ભયાનક હતી કે જોડેના બે ઓરડાનાં બારણાં બંધ કરી રાખ્યાં હોય તો તેની પાર પણ એ ચીસ સંભળાતાં ત્રાસ છૂટતો. જે ક્ષણે ઇવાને પત્નીને જવાબ દીધો તે ક્ષણે એને સમજાઇ ગયું કે હું ગયો; હવે પાછું આવી શકાવાનું નથી; મોત હવે આવ્યું; આ જ મોત છે; મારી શંકાનું નિવારણ થયું નહીં; ને શંકા તે શંકા જ રહી ગઇ.

'ઓ! ઓ! ઓ!' ની ચીસ તે અનેક સુરે પાડવા લાગ્યો. તેણે ચીસ શરૂ કરી હતી 'નહીં કરું ઓ રે!' થી; ને 'ઓ' અક્ષર પર જ ચીસ ચાલુ રહી હતી.

પૂરા ત્રણ દિવસ સુધી એને સમયનું ભાન રહ્યું નહીં, ને

કોઇ અદૃશ્ય ને અમોઘ શક્તિ એને જે કાળા કોથળામાં હડસેલતી હતી તે કોથળામાં એણે વલખાં માર માર કર્યાં. શિરચ્છેદની સજા પામેલો માણસ જલ્લાદની આગળ જેવાં વલખાં મારે એના જેવાં એ વલખાં હતાં. એને ખબર તો હતી કે હવે હું ઊગરવાનો નથી. દરેક પળે એને લાગતું હતું કે ગમે તેટલાં વલખાં મારીશ ને ગમે તેટલી મથામણ કરીશ તોયે પેલી જે વસ્તુ મને ડરાવી રહી છે તેની પાસે ને પાસે હું વસડાતો જાઉં છું. એને લાગતું હતું કે આ વેદના થાય છે તેનું એક કારણ એ છે કે કોઇ મને પેલી કાળી બખોલમાં હડસેલે છે; ને એથી મોટું કારણ એ છે કે મારાથી સીધા એ બખોલમાં ઊતરી પડાતું નથી. મારું જીવન સારું ગયું છે એવી એની જે ખાતરી હતી તે એને પેલી બખોલમાં ઊતરી પડતાં આડે આવતી હતી. પોતાના જીવનનો એ જે બચાવ તે કરતો હતો તે એને સખત પકડી રાખતો હતો, ને એને આગળ વધવા દેતો નહોતો. એને મોટામાં મોટી વેદના આ કારણને લીધે થતી હતી.

એકાએક કોઇ અદીઠ શક્તિએ એની છાતીમાં ને પડખામાં જોરથી ધક્કો માર્યો. તેને લીધે તેને શ્વાસ લેવાનું વધારે મુશ્કેલ થઇ પડ્યું, ને તે સીધોસટ પેલી બખોલમાં ઊતરી પડ્યો. બખોલને તળિયે અજવાળું હતું. માણસ રેલગાડીમાં બેઠો હોય ત્યારે કોકવાર એને એવો ભાસ થાય છે જાણે ગાડી પાછી જાય છે, પણ ખરું જોતાં તો ગાડી આગળ જતી હોય છે; ને એકાએક એ માણસને ગાડીની ખરી દિશા સમજાઇ જાય છે. એના જેવો અનુભવ ઇવાનને થયો.

'હા, એ બધું વર્તન સારું નહોતું,' તેણે મનમાં કહ્યું. 'પણ એની કંઇ ફિકર નહીં. એ બદલી શકાશે. પણ ત્યારે સારું વર્તન શાને કહેવાય?' તેણે પોતાના મનને પૂછ્યું, ને તે એકાએક શાન્ત થઇ ગયો.

આ ઘટના ત્રીજા દિવસને અન્તે, તેના મરણ પહેલાં બે કલાક

પર, બની. એ જ વખતે એનો નાનો છોકરો ધીરે રહીને ઓરડામાં આવ્યો હતો ને ખાટલા પર પહોંચી ગયો હતો. મરણપથારીએ પડેલો દર્દી હજુ ચીસેચીસ પાડતો હતો ને હાથ વડે જોરથી બાથોડિયાં મારતો હતો. તેનો હાથ છોકરાના માથા પર પડ્યો. છોકરાએ તે પકડી લીધો, પોતાના હોઠ સાથે દબાવ્યો, ને રોવા માંડ્યું.

એ જ ક્ષણે ઇવાન બખોલમાં સરી પડ્યો ને એને અજવાળાની ઝાંખી થઇ. એ અજવાળામાં તેને દેખાયું કે મારું જીવન જેવું જવું જોઇતું હતું તેવું નથી ગયું એ સાચું, છતાં હજુ એમાં સુધારો કરી શકાશે. તેણે મનમાં પૂછ્યું: 'સારું વર્તન શાને કહેવાય?' તે શાન્ત થઇ એકચિત્તે સાંભળી રહ્યો. પછી એને લાગ્યું જાણે કોઇ એના હાથને ચૂમી લઇ રહ્યું છે. એણે આંખ ઉઘાડી, છોકરા સામે જોયું, ને તેને માટે એને ખેદ થયો. તેની પત્ની પાસે આવી, ને ઇવાને તેની સામે નજર નાખી. તે મોઢું ફાડીને એની સામે જોઇ રહી હતી. તેના નાક ને ગાલ પર તાજાં આંસુ હતાં, ને મોઢા પર નિરાશા છવાઇ ગયેલી હતી. ઇવાનને એને માટે પણ ખેદ થયો.

તેને થયું: 'હા, હું એમને દુ:ખી કરી રહ્યો છું. એમને અત્યારે દુ:ખ થાય છે, પણ હું મરી જઇશ એટલે બિચારાં છૂટશે.' એને આ વાત કહેવાનું મન થયું, પણ એટલું બોલવાની શક્તિ એનામાં નહોતી. તેણે પત્ની સામે જોઇ છોકરો બતાવ્યો ને કહ્યું: "એને લઇ જા......એને માટે ખેદ થાય છે......તારે માટે પણ ખેદ થાય છે......' તે ઉમેરવા માગતો હતો: 'મને માફ કર,' પણ બોલાયું 'માખ', ને તેણે હાથ હલાવ્યો. તેને ખબર હતી કે જે અંતર્યામીની સમજ ખરી અગત્યની છે તે તો મનનો ખરો ભાવ સમજવાનો જ છે.

અને એકાએક તેને સાફસાફ દેખાયું કે જે દરદ એને ત્રાહ ત્રાહ પોકરાવી રહ્યું હતું ને ઘડીવાર છોડતું નહોતું તે બધું એકદમ એક બાજુથી, દસ બાજુથી, બધી બાજુથી સરી પડતું હતું.

ઇવાનને એ બધાંને માટે ખેદ થતો હતો. તેને થયું મારે એવી રીતે વર્તવું જોઇએ જેથી એમનાં દિલ ન દુભાય. તેઓ પણ છૂટશે, ને હું પણ આ પીડામાંથી મુક્ત થઇશ. કેવું સરસ ને કેવું સરળ!' તેને વિચાર આવ્યો. 'અને દરદ?' તેણે મનમાં પૂછ્યું. 'અરે, દરદનું શું થયું? તું ક્યાં છે, એ દરદ?'

તેણે દરદ તરફ ધ્યાન ફેરવ્યું.

'હા, આ રહ્યું એ. હા, પણ એનું શું? ભલે થતું દરદ.'

'અને મોત......એ ક્યાં છે?'

પહેલાં એને મોતની જે બીક હંમેશાં લાગતી હતી તે બીક એણે શોધી જોઇ, પણ એને જડી નહીં. 'ક્યાં ગઇ એ બીક? મોત કેવું છે?' બીક નહોતી, કેમકે મોત પોતે જ નહોતું.

મોતની જગાએ ઝગઝગાટ અજવાળું હતું.

'ઓહો! આ મોત છે, એમ?' તે એકાએક મોટેથી બોલી ઊઠ્યો. 'અહાહા! કેવો આનંદ!'

એને આ અનુભવ એક પલકવારમાં થઇ ગયો; ને એ પળનો અનુભવ પછી ભૂંસાયો કે બદલાયો નહીં. પાસે બેઠેલાંની નજરે તેની વેદના બીજા બે કલાક ચાલી. ગળામાં ઘરેડો થયો, ને ક્ષીણ થઇ ગયેલું શરીર સહેજ ખેંચાયું. પછી શ્વાસ ઊપડેલો તે ધીરેધીરે બેસતો ગયો, ને ઘરેડો ધીમો પડતો ગયો.

'ખેલ ખલાસ!' પાસે બેઠેલા કોકે કહ્યું.

ઇવાને આ શબ્દો સાંભળ્યા, ને પોતાના અંતરમાં એનો પુનરુચ્ચાર કર્યો.

'મોત ખલાસ!' એણે મનમાં કહ્યું. 'મૃત્યુ મરી ગયું રે લોલ!'

એણે શ્વાસ અંદર ખેંચ્યો. ડચકું અધેથી જ અટકી ગયું. શરીર સહેજ ખેંચાયું. એની જીવનયાત્રા પૂરી થઇ.

(૨૫ મી માર્ચ ૧૮૮૬)

શેઠ અને ચાકર

★ શેઠ અને ચાકર ★

૧

ઇ. સં. ૧૮૭૦ અને ૧૮૮૦ વચ્ચેના એક શિયાળાની વાત છે. સંત નિકોલસના પર્વ પછીનો દિવસ હતો. ગામમાં તહેવારની મોટી ધામધૂમ હતી. ગામની દુકાનનો માલિક વાસીલી એંડ્રીએવીચ બ્રેખુનોવ વેપારી મહાજનનો સભ્ય અને ધર્મસંઘનો એક અગ્રેસર હતો; એટલે તેને આજે દેવળમાં જવું પડેલું, અને પરગામથી આવેલાં સગાંસ્નેહીઓને પોતાને ઘેર જમાડવાં પડેલાં.

પણ એમણે સહુએ વિદાય લીધી ને કોઇ બાકી રહ્યું નહીં એટલે વાસીલીએ પડોશના એક જમીનદારને મળવા પરગામ જવાની તૈયારી કરવા માંડી. એની સાથે ઘણા વખતથી એક નાના જંગલની ખરીદીને અંગે વાતચીત ચાલતી હતી. વાસીલીને તરત ઊપડવાની ઉતાવળ હતી. પાસેના કસબામાંથી રખેને કોઇ ખરીદનારા પહેલા આવીને હાથમાં આવેલો કોળિયો ઝડપી જાય ને લાભ ખાટી જાય, એ વિચારથી તેનું હૈયું ધડકતું હતું.

વાસીલીએ જંગલના સાત હજાર આપવાના કહ્યા એટલા માટે જ પેલો જુવાન જમીનદાર દસ હજાર માગતો હતો. બાકી સાત હજાર તો જંગલની ખરી કિંમતનો માત્ર ત્રીજો ભાગ હતો. વાસીલીને કદાચ મોંમાગી કિંમતે જંગલ મળી ગયું

હોત. કેમકે તે એના પોતાના જિલ્લામાં હતું, અને બીજા ગામડાંના વેપારીઓ જોડે એને લાંબા વખતથી એવો કરાર હતો કે કોઇએ બીજાના જિલ્લામાં પડાપડી કરી જમીનના ભાવ વધારી મૂકવા નહીં. પણ હમણાં જ તેને કાને એવી વાત આવી હતી કે કસબાના કેટલાક ઇમારતી લાકડાના વેપારી ગોરિયાચકીનના જંગલને માટે માગણી કરવાના હતા. એટલે તેણે તરત જ જઇને સોદો પાકો કરી નાખવાનો નિશ્ચય કર્યો. જમણ પૂરું થયું કે તરત તેણે તિજોરીમાંથી સાતસો રૂબલ કાઢ્યા. તેની પાસે દેવળની ત્રેવીસસો રૂબલની થાપણ હતી તે એમાં ઉમેરી. એટલે ત્રણ હજારની રકમ થઇ. એ નોટો તેણે કાળજીથી ગણી જોઇ, ને તેને ખીસાના પાકીટમાં મૂકી ઊપડવાની તાકીદ કરવા માંડી.

વાસીલીના ચાકરોમાંથી એકલા નીકીટાએ જ તે દિવસે દારૂ ઢીંચ્યો નહોતો. તે ગાડીએ* ઘોડો જોડવા દોડ્યો. નીકીટા હતો તો અડંગ દારૂબાજ, પણ તેણે આજે દારૂ પીધેલો નહીં. થોડા વખત પર તેણે ડગલો ને ચામડાના બૂટ વેચીને દારૂ પીધો ત્યારબાદ તેને ચાનક આવેલી, ને તેણે ફરી દારૂને ન અડવાની પ્રતિજ્ઞા લીધી હતી. બે મહિના થયાં તેણે એ પ્રતિજ્ઞા પાળી હતી. આ મોટા પરવના પહેલા બે દિવસે ઠેરઠેર દારૂ પિવાયેલો, એટલે લાલચ તો ઘણી હતી, છતાં નીકીટાએ પ્રતિજ્ઞા તૂટવા દીધી નહોતી.

નીકીટા પાસેના એક ગામડાનો પચાસેક વરસનો ખેડૂત હતો. ત્રેવડથી ઘરસંસાર ચલાવવાનું એને કદી આવડેલું નહીં. ઘણીખરી જિંદગી તો તેણે ઘરથી દૂર મજૂરી કરી ખાવામાં જ કાઢેલી. એનામાં ઉદ્યમ, આવડત, ને કામ કરવાનું જોર હતાં; એટલે એ ગુણોને માટે, ને એથીયે વધારે એના હેતાળ ને આનંદી સ્વભાવને માટે, બધે એની ભારે કિંમત અંકાતી. પણ એ ક્યાંયે લાંબો વખત

* આ ગાડી તે રશિયામાં ખાસ બરફ પર ચલાવવા માટે જ બનાવેલી હોય છે, ને નાનકડી હોય છે. તેને 'સ્લે' કહે છે.

ઠરીઠામ રહેલો નહીં. વરસમાં બેએકવાર, કે એથીયે પણ વધારે વેળા, તે માઝા મૂકીને પિવાય એટલો દારૂ પીતો. એવે વખતે તે દારૂ પીવા પાછળ બધાં કપડાં વેચી નાખતો, એટલું જ નહીં પણ મસ્તાન બનીને ઉધમાત કરવા માંડતો. વાસીલીએ પોતે ઘણીવાર એને રુખસદ આપેલી. પણ માણુસ હાથનો ચોખ્ખો હતો, જાનવરો પ્રત્યે હેત રાખતો, ને ખાસ કરીને તો બહુ સોંઘો પડતો, એટલે વાસીલી એને પાછો રાખી લેતો. આવો માણુસ તો વરસે એંસી રૂબલના પગારને લાયક ગણાય; પણ વાસીલી એને ચાળીસેક જ આપતો. એ રકમ પણ મરજી પડે તેમ તૂટક તૂટક આપતો. અને તે પણ મોટે ભાગે રોકડી તો નહીં જ. પોતાની દુકાનમાંથી માલ આપે, ને ઊંચે ભાવે તેના દામ ગણે.

નીકીટાની વહુ મારથા એક કાળે દેખાવડી ને ધમકવાળી હતી. એક દીકરા ને બે દીકરીની મદદથી તે ઘર ચલાવતી, ને નીકીટાને ઘેર રહેવાનો આગ્રહ કરતી નહીં. એનાં બે કારણ હતાં. એક તો એ કે વીસેક વરસથી તે એક પીપ બનાવનારા સાથે રહેતી હતી. એ પરગામી ખેડૂત હતો, ને આ કુટુંબની જોડે જ રહેતો ને ખાતોપીતો બીજું એ કે ધણીની સુધબુધ ઠેકાણે હોય ત્યારે તો તેને એ હથેળીમાં રમાડી શકતી; પણ પીધેલો હોય ત્યારે આગથી ભડ[illegible] એમ એનાથી ભડકતી. એક દિવસ નીકીટા દારૂ ઢીંચીને ઘેર આવ્યે ત્યારે, જાણે ઠરેલ સ્થિતિમાં બૈરીનો કજીઆગરો રહ્યાનો બદલો વાળવે હોય એમ, તેણે બૈરીની પેટી તાળું તોડીને ઉઘાડી, તેનાં સારામ સારાં કપડાં કાઢ્યાં, ક્યાંકથી કુહાડી લાવ્યો, ને તેનાથી કપ[illegible] ચીરીને ટુકડે ટુકડા કરી નાખ્યા. ત્યારથી મારથા ચીસ ખાઇ ગ[illegible] હતી. નીકીટાને મજૂરીના જે કંઇ દામ મળતા તે સીધા એન[illegible] બૈરીને મોકલાતા, ને એની સામે નીકીટા કશો વાંધો ઉઠાવતો નહી આ પરવ પહેલાં બે દિવસ પર જ મારથા બેવાર વાસીલીને ત[illegible] આવી તેની પાસેથી ઘઉંનો લોટ, ચા, ખાંડ, ને પા ગેલન દારૂ લ[illegible]

ગયેલી. તેના ત્રણ રૂબલ બેઠા હતા. તે ઉપરાંત પાંચ રૂબલ રોકડા પણ મળ્યા, એ જાણે મોટી મહેરબાની ન હોય એમ એણે શેઠનો ખાસ આભાર માન્યો હતો; જોકે શેઠ પાસે નીકીટાનું લેણું તો ઓછામાં ઓછા વીસ રૂબલનું નીકળતું હતું.

વાસીલી નીકીટાને કહેતો: 'તારી સાથે મેં કશી બોલી ક્યાં કરી છે, અલ્યા? તારે કંઇ જોઇએ તો લઇ જવું. એ તો તારા કામ પેટે વળી જશે, સમજ્યોને? હું કંઇ બીજા જેવો નથી તે હિસાબ કરું ને દંડ કરેલા બાદ કરું ત્યાં સુધી તને ઊભો રાખીને રગરગાવું. અમારો તો સીધો ને સટ વહેવાર. તું મારી ચાકરી કરે, ને મારાથી કંઇ તારી ભીડ જોઇ રહેવાય?'

આ શબ્દો કહેતી વખતે તો વાસીલીના મનને ખરેખર એમ જ લાગતું કે પોતે નીકીટાનો હિતેચ્છુ ને અન્નદાતા છે. એ વાત કેવી મીઠાશથી કહેવી એ કળા વાસીલીને આબાદ આવડતી. એટલે પૈસા માટે એના પર આધાર રાખનાર, નીકીટાથી માંડી, સહુને તે ઘડીએ તો એમ જ થતું કે શેઠ કહે છે એ જ વાત સાચી છે; એ જ આપણા હિતેચ્છુ ને અન્નદાતા છે; ને એ તે કંઇ આપણને છેતરે ખરા કે?

'કેમ ના સમજું, શેઠ? તમેય જાણો છો કે હું તમારી ચાકરી કરું છું, ને મારા બાપનું કામ કરતો હોઉં એટલી મહેનત કરું છું. હું બરાબર સમજું છું!' નીકીટા શેઠને ઉત્તર આપતો. તેને પાકી ખબર હતી કે વાસીલી મને છેતરે છે. પણ સાથે તે એમ પણ જાણતો કે શેઠ પાસે હિસાબની ચોખવટ કરાવવાનો કે તેને પોતાની સ્થિતિ સમજાવવાનો પ્રયત્ન કરવો ફોગટ હતો. આ સિવાય બીજી ચાકરી મળે એમ નથી ત્યાં સુધી જે મળે તે લઇને ચૂપ રહ્યા સિવાય છૂટકો નથી, એ વિચારથી તે મનને મનાવતો.

શેઠે ગાડી જોડવાનો હુકમ કર્યો એટલે હંમેશની જેમ તે રાજી થઇને મલકાતો મલકાતો, ઉતાવળી ચાલે, સડસડાટ

છાપરીમાં ગયો; ખીંટી પરથી ચામડાની, ફૂમતાંવાળી, ભારે રાશ ઉતારી, ને લોખંડી લગામની કડીઓ ખખડાવતો ખખડાવતો તબેલે ગયો. તબેલે । બંધ હતો, ને તેમાં જે ઘોડો ગાડીએ જોડવાનો હતો તે એકલો ઊભો હતો.

ઘોડો સારા સ્વભાવવાળો, મધ્યમ કદનો, ને રતૂમડા રંગનો હતો. તેના શરીરનો પાછલો ભાગ સહેજ નીચો હતો. તેનું નામ મુખોર્ટી પાડેલું હતું. તેણે સહેજ હણહણી નીકીટાને આવકાર આપ્યો. તેના જવાબમાં નીકીટાએ કહ્યું: 'કેમ, એકલું એકલું લાગે છે, બેવકૂફ? હજુ તો ઘણી વાર છે રે! ચાલ તને પહેલાં પાણી પાઈ લઉં.' એના શબ્દો સમજી શકનાર કોઈ માણસ સાથે ન બોલતો હોય, એવી રીતે નીકીટા બોલ્યે જતો હતો. હૃષ્ટપુષ્ટ જુવાન ઘોડાની આંટણવાળી પીઠ પર જામેલી ધૂળ તેણે ડગલાની ચાળ વડે લૂછી નાખી, તેના રૂપાળા માથા પર રેન ઘાલી, કાન ને આગલા વાળનો ગુચ્છો સીધા કર્યા, ને દોરડું છોડી નાખી તેને બહાર પાણી પાવા લઈ ગયો.

તબેલામાં ઠેરઠેર લાદ વેરાયેલી હતી તેમાંથી ઘોડો ઠેકડા મારતો મારતો રસ્તો કરવા લાગ્યો, ને પાછલો પગ ઉછાળી જાણે નીકીટાને લાત મારવી ન હોય એવો ડોળ કરવા લાગ્યો. નીકીટા એની પાછળ પાછળ હવાડા તરફ ધીરેધીરે દોડ્યો આવતો હતો.

'કેમ, કેમ, અલ્યા બદમાસ!' નીકીટાએ બૂમ પાડી. ઘોડો તેના ઘેટાના ચામડાના ચીકટા ડગલાને સહેજ અડે પણ એના શરીરને વાગે નહીં એટલી કાળજીથી પાછલો પગ ઉછાળતો હતો, એની નીકીટાને બરાબર ખબર હતી. ઘોડાની આ યુક્તિ જોઈ એને બહુ રમૂજ પડી.

ઠંડું પાણી પીધા પછી ઘોડાએ નસકોરાં ફુલાવ્યાં, ને મજબૂત ભીના હોઠ હલાવ્યા. હોઠના વાળ પરથી પાણીનાં થોડાંક પારદર્શક ટીપાં હવાડામાં પડ્યાં. પછી જાણે વિચારમગ્ન હોય એમ શાન્ત

ઊભા રહીને તેણે એકાએક જોરથી ફૂંફાટો માર્યો.

'હવે વધારે પાણી ન પીવું હોય તો ભલે, પણ પછી રસ્તામાં માગ માગ ન કરીશ,' તે ઠાવકું મોઢું રાખીને, પોતાના વર્તનનો ખુલાસો ઘોડાની આગળ કરતો હોય એવી રીતે, બોલ્યો. પછી રમતિયાળ જુવાન ઘોડાની રાશ ખેંચતો ખેંચતો પાછો તબેલા તરફ દોડ્યો. ઘોડાને આખા વાડામાં કુદાકુદ કરવાનું મન હતું એમ દેખાઈ આવ્યું.

વાડામાં એક અજાણ્યા માણસ સિવાય બીજું કોઈ ન હતું. તે રસોઈયણનો ધણી હતો, ને પરગામથી રજા પર આવ્યો હતો.

'જરા જઈને પૂછી આવ તો કઈ ગાડી જોડવાની છે —નાની કે મોટી; ભાઈ નહીં મારો ?'

રસોઈયણનો ધણી ઘરમાં ગયો. ઘરને પાયો ને છાપરું બંને લોઢાનાં હતાં. થોડી વારમાં પાછા આવી એણે કહ્યું કે નાની ગાડી જોડવાની છે. એટલી વારમાં નીકીટાએ ઘોડાને હાંસડી ને પીતળે જડેલો તંગ પહેરાવ્યાં હતાં; અને એક હાથમાં હળવો, રંગેલો એક પોલ લઈ, બીજા પોલ વડે તે ઘોડાને છાપરીમાં પડેલી બે ગાડી પાસે લઈ ગયો.

'સારું, ચાલો નાની ગાડી જોડીશું!' કહી તેણે ચતુર, ને કરડવાનો ડોળ કરી રહેલા, ઘોડાને બે પોલની વચ્ચે આણ્યો, ને રસોઈયણના ધણીની મદદથી તેને સામાન નાખવા માંડ્યો. બધું લગભગ તૈયાર થઈ ગયું ને ફક્ત રેન જ નાખવાની રહી, એટલે નીકીટાએ તેના જોડીદારને છાપરીમાંથી ઘાસ ને કોઠારમાંથી ગોદડી લાવવા મોકલ્યો.

'હાં, બરાબર! બરાબર! લે, હવે ખસી ન જઈશ હોં કે!' કહી, રસોઈયણના ધણીએ આણેલું, તાજું ઝાટકેલું ઓટનું પરાળ ગાડીમાં દબાવીને ભરી દીધું. 'હવે આમ ગુણપાટ પાથરીએ, ને એના પર ગોદડી બિછાવી દઈએ.' તે કહેતો ગયો ને તે પ્રમાણે

કામ કરતો ગયો. આખી ગાડીમાં ઘાસ પર ગોદડી પાથરી બેઠક તૈયાર કરી દીધી.

'ખાડ તારો, ભઈલા! ઝાઝા હાથ રળિયામણા!' કહી તેણે ચામડાની રાશ હાથમાં લીધી, હાંકનારની જગાએ પોતે બેસી ગયો, ને અધીરા બનેલા ઘોડાને વાડામાં પડેલા ને થીજી ગયેલા ખાતર પર થઈને દરવાજા તરફ ચલાવ્યો.

'નીકીટા કાકા! એ નીકીટા કાકા!' કોઈએ તીણે અવાજે બૂમ પાડી; ને સાત વરસનો એક છોકરો ઘરમાંથી ઉતાવળો દોડતો દોડતો વાડામાં આવ્યો. તેણે ઘેટાના ચામડાનો કાળો ડગલો ને નવા સફેદ બનાતના બૂટ પહેર્યા હતા. 'મને લઈ જાઓ તમારી સાથે!' તેણે રાડ પાડીને કહ્યું. દોડતાં દોડતાં તે ડગલાનાં બટન ભીડતો હતો.

'સારું, સારું, આવ દીકરા!' કહી નીકીટાએ ગાડી ઊભી રાખી; ને શેઠના ફીકા ને પાતળા, પણ હસતા ને કલ્લોલ કરતા, નાનકડા છોકરાને ઊચકી લઈ ગાડી રસ્તા પર આણી.

બપોરના બે વાગી ગયા હતા. પવન સખત વાતો હતો. વાતાવરણ ધૂંધવાયેલું હતું. ટાઢ સખત હતી. હવામાપક યન્ત્રમાં પારો વીસ અંશથી નીચે ઊતરી ગયો હતો. અડધું આકાશ નીચે ઊતરતા કાળા વાદળાથી છવાયેલું હતું. વાડામાં તો શાન્તિ હતી, પણ બહાર રસ્તા પર પવન જોરથી સૂસવતો હતો. પાસેની એક છાપરી આગળથી બરફ ઘસડાઈ આવતો હતો, ને નાહવાની ઓરડી પાસે ખૂણામાં ઘૂમરી ખાઈને ઊડતો હતો.

નીકીટાએ ગાડી માંડ વાડામાંથી કાઢી ને ઘોડાનું માથું ઘર તરફ ફેરવ્યું ત્યાં તો વાસીલી ઘર આગળની ઊંચી દેવડી પરથી ઊતર્યો. તેના મોંમાં સિગરેટ હતી. તેણે કાપડના અસ્તરવાળો ઘેટાના ચામડાનો ડગલો પહેર્યો હતો, ને તેના પર કમર આગળ સખત પટો બાંધ્યો હતો. દેવડી પરથી ને જામી ગયેલા બરફના થરવાળી જમીન પર આવ્યો ત્યાં બરફ તેના બનાતના બૂટના ચામડાના

તળિયા નીચે ચરડ ચરડ થવા લાગ્યો. વાસીલી જરાક થોભી ગયો. સિગરેટમાંથી એક છેલ્લો દમ ખેંચી નાખી દીધી, તેના પર પગ મૂક્યો, ધુમાડો મૂછ પર થઇને નીકળવા દીધો, ને ઘોડો આવતો હતો તેની સામે કંઇક શંકાની નજરે જોયું. પોતાના લાલબૂમ ને મૂછ બાદ કરતાં સાફ હજામતવાળા, ચહેરાની બંને બાજુ ઘેટાના ચામડાનો કોલર ખોસવા માંડ્યો, એટલા માટે કે તેના શ્વાસથી કોલર ભીનો થવા ન પામે.

'જુઓ તો ખરા! કુંવર તો ક્યારના ગાડી પર ચડીને બેસી ગયા છે!' નાના દીકરાને ગાડીમાં બેઠેલો જોઇ તે બોલી ઊઠ્યો. વાસીલીએ મહેમાનો સાથે જે દારૂ પીધો હતો તેનો નશો તેને ચડ્યો હતો; એટલે પોતાની દરેક ચીજ જોતાં ને પોતાના દરેક કામનો વિચાર કરતાં તેને રોજના કરતાં પણ આજે વધારે આનંદ આવતો હતો. આ દીકરો પોતાનો વારસ થશે એમ જ એણે માન્યું હતું, એટલે એને અત્યારે જોઇ તેના મનને ભારે તૃપ્તિ થઈ. આંખ મિચકારી, ને લાંબા દાંત દેખાય એટલું મોઢું ફાડી, તેણે દીકરા સામે જોયું.

તેની સ્ત્રી સગર્ભા હોઇ સુકાયેલી ને ફીકી પડી ગયેલી હતી. તેણે માથે ને ખભે ગરમ શાલ વીંટાળેલી હતી, તેથી આંખો સિવાયનો તેનો ચહેરો બિલકુલ દેખાતો નહોતો. તે વિદાય દેવા આવેલી ને પતિની પાછળ ચાલીમાં ઊભી હતી.

'ના, ખરેખર, તમે નીકીટાને સાથે લઇ જ જાઓ,' તેણે બીતે બીતે કહ્યું, ને બારણામાંથી બહાર પગ મૂક્યો.

વાસીલીએ જવાબ ન દીધો. બૈરીના શબ્દોથી તે ચિડાયેલો લાગતો હતો. તે ગુસ્સાથી ભવાં ચડાવીને થૂંક્યો.

'પાછું તમારી પાસે આટલું તો જોખમ છે,' બૈરીએ કહ્યું. એના અવાજમાં એની એ જ ચિન્તા ને એનો એ વિષાદ હતાં. 'કોણ જાણે હવા હજુ બગડે તો? મારું માનીને નીકીટાને લઈ

જાઓને !'

'કેમ ? મને રસ્તાની ખબર નથી શું તે મારે ભોમિયો સાથે લેવો પડે ?' વાસીલી બોલી ઊઠ્યો. તે એકેએક શબ્દ બહુ જ સ્પષ્ટતાથી, ને હોઠ કૃત્રિમપણે બીડીને, બોલ્યો. ખરીદનાર ને વેચનારની સાથે આવી રીતે બોલવાની તેને ટેવ હતી.

'ખરેખાત તમારે એને લઈ જ જવો જોઈએ. ભગવાનને નામે વીનવું છું તમને !' બૈરીએ ફરી કહ્યું, ને માથે શાલ વધારે સખત વીંટાળી.

'એ તો જળોની પેઠે જ ચોંટવાની !......ક્યાં લઈ જઉં નીકીટાને ?'

'હું તૈયાર છું તમારી સાથે આવવાને, વાસીલી શેઠ,' નીકીટા હરખભેર બોલી ઊઠ્યો. શેઠાણીની તરફ ફરીને તેણે કહ્યું : 'પણ હું બહાર હોઉં એટલો વખત પેલાઓ ઘોડાને ઘાસ ને જોગણ નાખે એટલું જોજો.'

'એ તો હું જોઈ લઈશ, ભઈલા. હું સાઈમનને કહીશ,' શેઠાણી બોલી.

'કેમ, વાસીલી શેઠ, મારે આવવાનું છે તમારી સાથે ?' કહી તે શેઠના નિર્ણયની રાહ જોવા લાગ્યો.

'મને લાગે છે આ ડોસલીને રાજી કરવી પડશે. પણ તું આવતો હોય તો બીજો ગરમ ડગલો પહેરી લે.' કહી વાસીલી નીકીટાના ઘેટાના ચામડાના ટૂંકા ડગલા તરફ નજર નાખી સહેજ હસ્યો. નીકીટાનો એ ડગલો બગલ આગળ ને પીઠના ભાગમાં ફાટેલો હતો, ચીકટો ને બેડોળ હતો, ને ચાળના ભાગમાં કાણાં કાણાં પડીને કોર જેટલી જગા જ બાકી રહી હતી. ડગલાએ એની જિંદગીમાં ઘણા વારાફેરા જોઈ નાખ્યા હતા.

રસોઈયણનો ધણી હજુ વાડામાં ઊભો હતો. તેને નીકીટાએ બૂમ પાડીને કહ્યું: 'એ ભાઈ, જરા ઝાલી રાખ તો આ ઘોડાને !'

'ના, હું જ ઝાલીશ, હું જ ઝાલીશ!' ગાડીમાં બેઠેલા નાના છોકરાએ ચીસ પાડીને કહ્યું; ને તેણે ટાઢથી લાલચોળ થઇ ગયેલા હાથ ખીસામાંથી કાઢી ઠંડીગાર ચામડાની લગામ પકડી લીધી.

'અલ્યા, ડગલો પહેરતાં બહુ વાર ન કરીશ હોં કે. સ્ફૂર્તિ રાખજે!' વાસીલીએ નીકીટા સામે જોઇ હસતાં હસતાં કહ્યું.

'પલકવારમાં આવ્યો, બાપા!' કહી નીકીટા દોડ્યો. તેના બનાતના બૂટનાં તળિયાં પર બનાતથી થીગડાં મારેલાં હતાં; ને તેને બૂટની અંદર પગની આંગળીઓ વાળીને ચાલવું પડતું. તે દોડતો દોડતો વાડો ઓળંગી મજૂરોની ઝૂંપડીમાં પહોંચ્યો.

'એ અલી આરીનુસ્કા! ચૂલા પરથી મારો ડગલો લાવ તો. હું શેઠ જોડે જાઉં છું.' દોડતાં દોડતાં ઝૂંપડીમાં પહોંચી તેણે ખીંટીએ ભેરવેલો કમરપટો ઉતારતાં બૂમ પાડીને કહ્યું.

મજૂરોની રસોઇ કરનારી રંધવારી જમીને ઊંઘી ઊઠી હતી, ને એના ધણી માટે ચા બનાવવાની તૈયારી કરતી હતી. તે હસતી હસતી નીકીટા તરફ ફરી. નીકીટાની ઉતાવળનો ચેપ લાગ્યો હોય એમ એણે પણ દોડધામ કરી મૂકી; ચૂલાના ઉપલા ભાગમાં ડગલો સુકાતો હતો ત્યાંથી ઉતાર્યો, ને ઉતાવળે ઉતાવળે ખંખેરી એની કરચલી ભાંગવા માંડી.

'લે, મોજ કર તારા વર જોડે તું. આજે હવે તારે છુટ્ટી!' જે માણસની સાથે એકલો પડે તેને મમતાભર્યા વિવેકથી હંમેશાં કંઇક કહેવું એવી નીકીટાને ટેવ હતી.

પછી એણે ઘસાઇ ગયેલો સાંકડો પટો કમરે ખેંચીને બાંધ્યો, ઊંડો શ્વાસ લીધો, પાતળું પેટ જરા વધારે અંદર ખેંચ્યું, ને ઘેટાના ચામડાના ડગલા પર પટો જેટલો સખત બંધાય એટલો બાંધી લીધો.

'બસ હવે,' પટાના છૂટા છેડા ખોસી લેતાં લેતાં, તેણે રસોઇયણને નહીં પણ પટાને ઉદ્દેશીને કહ્યું. 'જો હવે છૂટી ન જઇશ

હોં!' હાથ છૂટા કરવાને ખભા ઊંચાનીચા કર્યા, ઘેટાન ચામડાના ડગલા પર મોટો ડગલો ચડાવ્યો, હાથ છૂટથી હરીફ શકે માટે પીઠ વધારે વાળી, બગલમાં બેચાર ઠોંસા લગાવી જોય અને છાજલી પરથી ચામડે મઢેલાં હાથનાં મોટાં મોજાં લીધ 'હવે બંદા તૈયાર!'

'પગે કંઇક વીંટાળી લે, નીકીટા. તારા બૂટ સાવ ખરાબ છે

નીકીટાને જાણે આ વાતનું એકાએક ભાન થયું હોય એ તે થંભી ગયો.

'હા, કંઇક વીંટાળવું તો જોઇએ.....પણ ચાલશે આ હવે. બહુ છેટે જવાનું નથી તો!' કહી તે વાડામાં દોડી ગયો.

'તને ટાઢ નહીં વાય, નીકીટા?' તે ગાડી પાસે પહોંચ્ ત્યાં શેઠાણી બોલી.

'ટાઢ? ના ના, નથી વાતી ટાઢ, બા,' કહી નીકીટાએ થોડું પરાળ ગાડીના આગલા ભાગમાં. પગ ઢંકાઇ રહે એવી રીતે નાખ્યુ ચાબૂક ગાડીને તળિયે ખોસી દીધો, કેમકે આ સરસ ઘોડા ચાબૂકની જરૂર પડવાની નહોતી.

વાસીલીએ રુવાંટીના એક પર એક એમ બે ડગલા ચડાવ્યા હત તે ગાડીમાં ક્યારનો બેસી ગયો હતો, ને તેની પહોળી પીઠથી ગાડીન ગોળાકાર પહોળાણ આખું રોકાઇ ગયું હતું. લગામ હાથમાં લ તેણે તરત જ ઘોડાને અણસારો કર્યો. ગાડી ચાલવા માંડી તેજ પ નીકીટા કૂદીને ચડી ગયો, ને આગલા ભાગમાં ડાબી બાજુએ એ પગ ગાડી પરથી લટકતો રાખીને બેઠો.

૨

પાણીદાર ઘોડાએ બરફ પથરાઇને સરસ સપાટ થઇ ગયેલ ગામના રસ્તા પર સપાટાબંધ ગાડી ખેંચવા માંડી. ગાડીનાં પાટિયાં

* બરફવાળા રસ્તા પર ચલાવવાની આવી ગાડીમાં પૈડાં નથી હોતાં પ તેની જગાએ રાપાટ ને લાંબાં પાટિયાં હોય છે

રા ચરડ ચરડ કરવા લાગ્યાં.

'અરે, પેલો તો હજુ લટકી રહ્યો છે ! લાવ તો ચાબૂક, નીકીટા !' સીલીએ ધાંટો પાડયો. તેનો દીકરો પાટિયા પર પગ મૂકીને ગાડીની છળ ટિંગાઇ રહ્યો હતો એ જોઇ એનું મન હરખાતું હોય એમ ગતું હતું. 'ફટકારી જ દઇશ હોં ! જતો રહે બાની પાસે, કૂતરા !'

છોકરો કૂદીને ઊતરી પડયો. ઘોડાએ વેગ વધાર્યો, ને એકાએક લ બદલી દોડવા માંડ્યું.

ગામડામાં ગણ્યાં ને ગાંઠ્યાં છ જ ઘર હતાં. ગામને છેક છેડે ારનું ઝૂંપડું હતું, તે વટાવતાંવેંત ખબર પડી ગઇ કે પવન યું હતું એના કરતાં ઘણો વધારે સખત છે. રસ્તો દેખાવો કેલ થઇ ગયો હતો. ગાડીનાં પાટિયાં ઘસાવાથી પડતા ચીલા ત જ બરફથી છવાઇ જતા. રસ્તો બાકીની જમીનથી ઊંચો હતો ટલું એક જ એને ઓળખવાનું એંધાણ રહ્યું હતું. ખેતરોમાં ફનો વંટોળ જામ્યો હતો; અને આકાશ ને જમીન જ્યાં એક-જાને અડતાં હતાં એ રેખા જોઇ શકાતી નહોતી. તેલિયાતીનનું ગલ રોજ સાફ દેખાય, તે આજે ધૂળની પેઠે ઊડતા બરફ આડે ચિત જ દેખાતું, ને તે પણ ઝાંખું ઝાંખું. પવન ડાબી બાજુએથી ાવતો હતો. ઘોડાની સુંવાળી ગરદન પરની કેશવાળી ફરીફરી એક ફ ઊડયાં કરતી હતી; ને એના ભરાવદાર વાળવાળા પૂંછડાને કીટાએ ગાંઠ વાળી દીધી હતી છતાં તે પણ પવનમાં ઊડતી હતી. કીટા પવન જ્યાંથી આવતો હતો તે બાજુએ બેઠો હોવાથી તેના લાનો કોલર તેના ગાલ અને નાક સાથે ચબસીને દબાઇ યો હતો.

વાસીલીને એના સરસ ઘોડા વિષે ગર્વ હતો, એટલે કહેવા ગ્યો: 'આ રસ્તો બીચારાને એનું પાણી બતાવવા દેતો નથી. કવાર હું એને ગાડીએ જોડીને અડધા કલાકમાં પશુટીનો ફ્રાંચ્યો હતો.'

'શું કહ્યું?' નીકીટાએ પૂછ્યું. કોલરથી કાન ઢંકાઈ ગયેલા હોવાથી તેને સંભળાતું નહોતું.

'કહું છું એકવાર હું અડધા કલાકમાં પશુટીનો ગયો હતો,' વાસીલીએ જોરથી બૂમ પાડી.

'ઘોડો સરસ છે એમાં કહેવું પડે એમ નથી,' નીકીટાએ જવાબ આપ્યો.

થોડીક વાર તેઓ ચૂપચાપ બેસી રહ્યા. પણ વાસીલીની વાત કરવાની ઇચ્છા હતી.

'અલ્યા, તેં તારી વહુને કહ્યું કે નહીં પેલા પીપવાળાને બિલકુલ દારૂ ન આપે?' પહેલાંના જેટલે જ મોટે અવાજે તેણે કહેવા માંડ્યું. શેઠ જેવા હોશિયાર ને મોટા માણસ સાથે વાત કરવાની મળે એને નીકીટા તો ધન્યભાગ્ય માને, એવી શેઠના મનની ખાતરી હતી. પોતે કરેલી મશ્કરીથી એ એટલો બધો ખુશ થઇ ગયો કે એને એમ ન સૂઝયું કે એવી મશ્કરી નીકીટાને કદાચ ગમી નહીં હોય.

પવનના સુસવાટા આડે નીકીટા ફરી શેઠના બોલ સાંભળી ન શક્યો.

વાસીલીએ મોટે, સ્પષ્ટ અવાજે બૈરીવાળી મજાક ફરી સંભળાવી.

'એ એમને પોતાને જોવાનું છે, વાસીલી શેઠ. હું એમના કામમાં માથું મારતો નથી. અમારા છોકરાને એની મા પજવે નહીં તો ચાલ્યું થયું — ભગવાન એમનું ભલું કરે.'

'ખરું છે,' વાસીલી બોલ્યો, ને વિષય બદલીને કહેવા લાગ્યો: 'તું આ ઉનાળે ઘોડો ખરીદવાનો કે, નીકીટા?'

'હાસ્તો, છૂટકો છે કંઇ?' કહી નીકીટાએ કોલર નીચો ઉતાર્યો, ને પાછળ બેઠેલા શેઠ તરફ જરાક શરીર ઝુકાવ્યું.

શેઠને હવે વાતમાં રસ પડવા લાગ્યો. તે એકે શબ્દ ચૂકવા

માગતો નહોતો.

'છોકરો મોટો થયો. હવે એણે જાતે હળ ચલાવવું જોઇએ. અત્યારસુધી તો કોકને મજૂરીએ રાખીને કામ કરાવતાં અમે.'

'બરાબર છે. તો મારી પાસેથી પેલો નીચી પીઠવાળો જ લઇ લેને. હું બહુ કિંમત નહીં લઉં એની,' વાસીલીએ ઘાંટો પાડીને કહ્યું. એને વાતમાં ખરો રંગ આવ્યો હતો. ઘોડાં લેવા વેચવાની વાત આવે ત્યારે એનું મન એકતાન બની જતું.

'હું તો કહું છું, શેઠ, કે મને પંદર રૂબલ રોકડા જ આપજોને. બજારમાંથી ઘોડું લઇ લઇશ હું.' નીકીટાને ખબર હતી કે વાસીલી જે ઘોડો એને માથે મારવા માગતો હતો તે સાત રૂબલે પણ મોંઘો પડે એવો હતો, પણ જો એ પોતે લે તો શેઠ એની પાસેથી પૂરા પચાસ રૂબલ લે; ને પછી છ મહિના સુધી શેઠને ત્યાંથી કામ પેટે એક પાઇ પણ મળવાની આશા રાખવાની નહીં.

'સારો ઘોડો છે આપણો. મારોયે એમાં સ્વારથ તો છે, પણ હું તો તારોયે સ્વારથનો વિચાર કરું છું — ધરમના સમ. બ્રેખુનોવ કોઇનેય અન્યાય કરે એવો નથી હોં. તને આપવાનો છે એટલે શું કરીએ? થોડી ખોટ હું ભોગવી લઇશ. હું બીજા જેવો નથી. ખરું કહું છું!' નીકીટા સાંભળી શકે એટલા માટે ઘાંટો તાણીતાણીને તેણે કહ્યું. એનો આ અવાજ ભલભલા ઘરાકો ને વેપારીઓને મોહપાશમાં નાખતો. 'ખરેખર સરસ ઘોડો છે!'

'ખરી વાત છે!' કહી નીકીટાએ નિસાસો નાખ્યો. હવે વધારે કંઇ સાંભળવાનું રહ્યું નથી એવી એની ખાતરી હતી, એટલે એણે ડગલાનો કૉલર છોડી દીધો, ને કાન ને મોઢું તરત કૉલરથી ઢંકાઇ ગયાં.

અડધોએક કલાક તો બંને જણ ચૂપચાપ બેસી રહ્યા. નીકીટાને પડખે ને હાથ પર જ્યાં ડગલો ફાટેલો હતો ત્યાં પવનની સખત ઝાપટ લાગતી હતી.

તેણે શરીર સંકોડી લીધું. ડગલાનો કોલર, જેનાથી મોઢું ઢંકાઇ રહ્યું હતું ને તે હજુ સાવ ઠંડોગાર પડી ગયો નહોતો, તેની અંદર તેણે મોંમાનો ગરમ શ્વાસ છોડયો.

'તને શું લાગે છે? આપણે કારામી થઇને જઇશું કે સીધે રસ્તે?' વાસીલીએ પૂછ્યું.

જે ધોરી રસ્તો કારામી ગામમાં થઇને જતો હતો તેના પર અવરજવર વધારે થતી ને તેની બંને બાજુ ઊંચી ઊંચી થાંભલીઓની નિશાનીઓ સારી પેઠે રોપેલી હતી. સીધો રસ્તો ટૂંકો હતો ખરો, પણ ઓછો વપરાતો, ને તેના પર થાંભલીઓ તો હતી જ નહીં; અથવા ક્યાંકક્યાંક હશે તે પણ તૂટીફૂટી ને બરફથી ઢંકાઇ ગયેલી.

નીકીટાએ જરા વિચાર કરી જોયો.

'કારામીવાળો રસ્તો લાંબો તો છે, પણ ત્યાં જવું સારું.'

'પણ સીધે રસ્તે એકવાર જંગલ પાસેની ખીણ વટાતી કે પછી રસ્તો સારો આવે છે — પવન પણ ત્યાં બહુ નહીં લાગે.' વાસીલીને ટૂંકામાં ટૂંકે રસ્તે જવાની તાલાવેલી હતી.

'જેવી તમારી મરજી,' કહી નીકીટાએ ફરી પાછો કોલર છોડી કાનમાં ઢાંકી દીધાં.

વાસીલીએ પોતાનું જ ધાર્યું કર્યું. પાએક ગાઉ ગયા એટલે ઓકનું એક લાંબું લાકડું નિશાનીરૂપે દાટી રાખેલું આવ્યું. તેના પર થોડાંક સૂકાં પાંદડાં હજુ લટકી રહ્યાં હતાં. ત્યાંથી શેઠે ગાડી ડાબી તરફ વાળી.

દિશા બદલાઇ એટલે હવે પવન સામેથી આવવા લાગ્યો. બરફ પડવો શરૂ થયો હતો. વાસીલીએ ઘોડો હાંકતાં હાંકતાં ગાલ ફુલાવ્યા, ને શ્વાસ જોરથી મૂછ પર થઇને કાઢયો. નીકીટાને ઝોકું આવી ગયું હતું.

આમ દસેક મિનિટ બોલચાલ વિના વીતી ગઇ. એકાએક

વાસીલી કંઈક કહેવા લાગ્યો.

'હેં શું છે?' નીકીટાએ આંખ ઉઘાડીને પૂછ્યું.

વાસીલીએ જવાબ ન દીધો, પણ વાંકા વળી પાછળ, ને પછી ઘોડાની આગળ, નજર નાખી. ઘોડાના શરીર પર ઓઢાડેલા ઓછાડ પર, પરસેવાને લીધે, પગની વચ્ચે ને ગળાના ભાગમાં કરચલી પડી ગઈ હતી. ઘોડો દોડતો બંધ થઈ ચાલતો હતો.

'શું છે?' નીકીટાએ ફરી પૂછ્યું.

'શું છે? શું છે?' વાસીલીએ ગુસ્સે થઈ એના ચાળા પાડ્યા 'થાંભલીઓ દેખાતી નથી હવે! રસ્તો ભૂલ્યા એમ જ લાગે છે!'

'સારું, તો ગાડી ઊભી રાખો. હું ઊતરીને જોઉં છું,' કહી નીકીટા હળવે રહીને ગાડીમાંથી ઊતર્યો, ને ઘાસમાંથી ચાબૂક કાઢી ડાબી બાજુએ ચાલ્યો.

એ વરસે બરફ ઊંડો જામ્યો નહોતો, એટલે ગમે ત્યાં ચાલી શકાય એવું હતું. છતાં ક્યાંકક્યાંક બરફ ઢીંચણપૂર હતો ને નીકીટાના બૂટમાં ભરાઈ જતો હતો. તે પગ ને ચાબૂકની મદદથી જમીન શોધતો શોધતો ફરી તો ઘણું વળ્યો, પણ ક્યાંયે રસ્તો હાથ લાગ્યો નહીં.

'કેમ, શી ખબર છે?' નીકીટા ગાડી આગળ પાછો આવ્યો એટલે શેઠે પૂછ્યું.

'આ તરફ તો ક્યાંયે રસ્તો નથી. સામી બાજુએ જઈને જોઉં ત્યારે.'

'આ સામે કંઈક છે ખરું. જઈને જો તો જરા.'

એક કાળું ધાબું દેખાતું હતું ત્યાં જઈને એણે જોયું, પણ એ તો માટી જ હતી. શિયાળુ ઓટનાં ખુલ્લાં ખેતરમાંથી પવનને લીધે ઊડીને બરફ પર વેરાયેલી, તેને લીધે એટલા ભાગમાં બરફ કાળો કાળો દેખાતો હતો. ગાડીની જમણી તરફ પણ તપાસ કરીને તે ગાડી આગળ પાછો આવ્યો; ડગલા ને બૂટ પરથી બરફ ખંખેરી

નાખ્યો, ને પાછો ગાડીમાં બેસી ગયો.

'જમણી બાજુએ જવું જોઇએ આપણે,' તેણે નિશ્ચયપૂર્વક કહ્યું. 'પહેલાં પવન આપણી ડાબી બાજુથી આવતો હતો, પણ હવે સીધો મારા મોં પર આવે છે. જમણી બાજુ હાંકો,' તેણે ફરી નિશ્ચયપૂર્વક કહ્યું.

વાસીલીએ એની શિખામણ માની ગાડી જમણી તરફ ફેરવી, છતાં રસ્તાનો કંઇ પત્તો લાગ્યો નહીં. થોડીક વાર એ જ દિશામાં ગાડી ચલાવ્યે રાખી. પવનના સપાટા એવા ને એવા જ ભયંકર હતા, ને બરફ પણ ધીરેધીરે પડ્યાં કરતો હતો.

'માનો ન માનો, વાસીલી શેઠ, પણ આપણે ભૂલા જ પડ્યા છીએ,' નીકીટા એકાએક બોલી ઊઠ્યો, જાણે હરખાવા જેવો બનાવ ન બન્યો હોય! 'હા, પણ પેલું શું છે?' બરફ નીચેથી બટાટાના કેટલાક છોડ દેખાતા હતા તેના તરફ આંગળી કરી તેણે પૂછ્યું.

વાસીલીએ ઘોડો ઊભો રાખ્યો. શરીર પરસેવાથી રેબઝેબ થતું હતું, ને પડખાં ઊંડા શ્વાસોચ્છ્વાસથી ધમણની પેઠે ઊંચાંનીચાં થતાં હતાં.

'શું છે?'

'લો, આ તો ઝાખારોવની જમીન આવી. જુઓ આપણે ક્યાં આવી પહોંચ્યા છીએ તે!'

'ખોટી વાત.'

'નથી ખોટી વાત, શેઠ. ખરી વાત છે. જુઓને આપણી ગાડી બટાટાના ખેતર પર ચાલી રહી છે. ને પેલા દેખાય બટાટાના છોડ ગાડાંમાં ભરીભરીને અહીં આણી ઢગલા વાળ્યા છે તે. આ તો ઝાખારોવના કારખાનાની જ જમીન.'

'અરેરે, કેવા આડા ઊતરી ગયા આપણે! હવે શું કરીશું?'

'સીધાસીધા ચાલો એ જ, બીજું શું? ક્યાંક તો પહોંચીશું જ ને — ઝાખારોવા નહીં તો માલિકની વાડીએ!'

વાસીલીએ હા ભણી, ને નીકીટાએ કહ્યું તેમ હાંકવા માંડ્યું એમ ને એમ ઘણો વખત નીકળી ગયો. ક્યારેક ખુલ્લાં ખેતરો આવતાં, ને ગાડીનાં પાટિયાં માટીનાં થીજી ગયેલાં ઢેફાં જોડે અફળાતાં તેનો ખખડાટ થતો. ક્યારેક શિયાળુ રાઇનું* ખેતર આવતું, તો ક્યારેક કોઇ પડતર ખેતર આવી જતું; તેના પર ડમરાનાં ઠૂંઠાં, અને બરફમાં ચોંટી રહેલાં ને પવનમાં ઝૂલતાં ઘાસનાં તણખલાં જોવામાં આવતાં. ક્યારેક ઊંડો ને ઊજળો દૂધ જેવો બરફ જામેલો દેખાતો. ને તેના પર બીજું કશું નજરે પડતું નહીં.

બરફ ઉપરથી પડતો હતો, ને કેટલીકવાર નીચેથી પણ ઊડતો. ઘોડો સાવ થાકી ગયો લાગતો હતો. તેના વાળ પરસેવાથી વાંકા વળી ગયા હતા, તેના પર થીજી ગયેલા ઝાકળનો થર જામ્યો હતો, ને ઘોડો માણસની ચાલે ચાલતો હતો. એકાએક તેણે ઠોકર ખાધી, ને ખાઇ કે વોકળો જે આવ્યું તેમાં બેસી ગયો. વાસીલી થોભવા માગતો હતો, પણ નીકીટાએ કહ્યું:

'અહીં કેમ થોભાય? આમાં પડ્યા તે નીકળ્યા વિના કંઇ છૂટકો છે? હો, હો, લાડકા! હો હો, મારા બાપુડિયા! ઊઠ ઊઠ, ભાઇલા!' તેણે હોંશભર્યે અવાજે ઘોડાને કહેવા માંડ્યું. ગાડી પરથી કૂદીને નીચે ઊતર્યો ત્યાં એ પોતે જ ખાઇમાં ખૂંપી ગયો.

ઘોડાએ એકદમ ઉછાળો માર્યો, ને ઝપાટાબંધ થીજી ગયેલા બરફથી છવાયેલા ખાઇના કિનારા પર ચડી ગયો. એ કોઇએ ખોદી રાખેલી ખાઇ જ હતી એ સાફ દેખાતું હતું.

'આપણે ક્યાં છીએ અત્યારે?' વાસીલીએ પૂછ્યું.

'હમણાં શોધી કાઢીએ છીએ!' નીકીટા બોલ્યો. 'ચલાવો ગાડી આગળ, ક્યાંક તો પહોંચીશું જ.''

'અરે, આ તો ગોરિયાચકીનનું જંગલ જ હોવું જોઇએ!' કહી વાસીલીએ સામે બરફ આડે કંઇક કાળું કાળું દેખાતું હતું

* રશિયામાં થતું બંટીને મળતું એક અનાજ.

તે બતાવ્યું.

'કયું જંગલ છે એ તો ત્યાં પહોંચીએ ત્યારે ખબર પડે,' નીકીટા બોલ્યો.

તેણે જોયું કે જે કાળી વસ્તુ દેખાતી હતી તેની બાજુમાં winowનાં સૂકાં, લંબગોળ પાંદડાં હવામાં ફફડી રહ્યાં હતાં. એટલે એ સમજ્યો કે એ જંગલ નથી પણ ગામડું છે. પણ એને એ વાત કહેવી નહોતી. અને બન્યું પણ એમ કે તેઓ ખાઇથી પચીસેક વાર જેટલે પણ નહીં ગયા હોય ત્યાં તો તેમની સામે ઝાડ જેવું કંઈક કાળું કાળું સ્પષ્ટ દેખાવા લાગ્યું, ને એક નવો ને ગમગીન અવાજ સંભળાયો. નીકીટાની અટકળ સાચી હતીઃ એ જંગલ નહોતાં, પણ winowનાં ઊંચાં ઊંચાં ઝાડની હાર હતી, ને ઝાડ પર ક્યાંક ક્યાંક થોડાંક પાંદડાં ફડફડ ઊડતાં હતાં. willowમાંથી પવનના સુસવાટાને લીધે રડવા જેવો અવાજ નીકળતો હતો. ઝાડ આગળ આવ્યા એટલે ઘોડાએ એકાએક આગલા પગ ગાડીથી પણ ઊંચા કરી સામે કશાક પર ટેકવ્યા, પછી પાછલા પગ પણ ઊચકી લીધા, ને ગાડીને ખેંચી ઊંચી જમીન પર લઇ લીધી. ત્યાંથી તે ડાબી તરફ વળ્યો. હવે એના પગ ઢીંચણ સુધી બરફમાં કળી જતા નહોતા. ગાડી પાછી રસ્તા પર આવી ગઇ હતી.

'લો શેઠ, રસ્તો તો આ આવ્યો પણ ભગવાન જાણે આપણે ક્યાં પહોંચ્યા છીએ એ તો' નીકીટાએ કહ્યું.

રસ્તા પરથી બરફ ઊડી ગયેલો એટલે રસ્તો સાફ દેખાતો હતો. ઘોડો તેના પર સીધો સીધો ચાલ્યે ગયો. બીજા સોએક વાર ગયા હશે એટલામાં તો સામે એક કોઠારની ખપેડાંની ભીંતની સીધી લીટી કાળી કાળી દેખાવા લાગી. કોઠારના છાપરા પર બરફ પુષ્કળ જામેલો હતો, ને ત્યાંથી દદૂડો થઇને નીચે પડતો હતો. કોઠાર આવી ગયા પછી રસ્તો પવનની દિશા તરફ વળ્યો, એટલે તેઓ પાછા બરફના મોટા ઢગલા પર જઇ પડયા. પણ સામે જ

એક શેરી હતી, ને તેની બે બાજુએ ઘર હતાં. એટલે એમ લાગતું હતું કે ત્યાંથી બરફ ઊડીઊડીને મોટા રસ્તા પર જામ્યો હશે. અને ખરેખર હતું પણ એમ જ. બરફના ઢગલા પર થઈને તેમને ગાડી હાંકવી પડી. ગાડી શેરીમાં આવી. ગામને છેક છેવાડે જે ઘર હતું ત્યાં તાર પર કેટલાંક થીજી ગયેલાં કપડાં—એક રાતું ને એક સફેદ ખમીસ, પાટલૂન, પગે બાંધવાની પટી, ને એક ફરાક—પવનમાં બહુ જ જોરથી ફફડાટ કરી રહ્યાં હતાં. ખાસ કરીને સફેદ ખમીસ છૂટવાને ભારે ફાંફાં મારી રહ્યું હતું, ને બાંયો આમતેમ જોરજોરથી ફફડાવતું હતું.

'જુઓ આ કોક ફૂવડે કે કોક મરેલીએ તહેવાર પહેલાંનાં આ કપડાં અહીં રહેવા દીધાં છે તે,' નીકીટા ફફડતા ખમીસ તરફ જોઈને બોલ્યો.

૩

શેરીમાં પેસવાની જગાએ પવન હજુ જોરમાં વાતો હતો, ને રસ્તા પર બરફ પુષ્કળ જામ્યો હતો, પણ ગામડાની અંદર તો હવા શાન્ત, હૂંફાળી ને પ્રસન્ન હતી. એક ઘર આગળ કુતરું ભસતું હતું. બીજા એક ઘર આગળ એક બૈરી ડગલાથી માથું ઢાંકીને ક્યાંકથી આવી, ને એક ઝુંપડીના બારણામાં પેસતાં પેસતાં ગાડીને જતી જોવા ઊમરા પર ઊભી રહી. ગામની વચ્ચોવચ્ચ છોકરીઓનું ગાયન સંભળાતું હતું.

અહીં ગામડાની અંદર પવન ને બરફ ઓછા હતા, ને હિમનું જોર પણ કંઈક ઓછું હતું.

'અરે, આ તો ગ્રીશિંકા છે,' વાસીલી બોલી ઊઠ્યો.

'લાગે છે તો એ જ,' નીકીટાએ કહ્યું.

ગામડું ખરેખાત ગ્રીશિંકા હતું. એનો અર્થ એ હતો કે આ મુસાફરો જવાનું હતું ત્યાંથી ડાબી બાજુ બહુ જ આડા નીકળી ગયા હતા, ને તેમણે છએક માઇલ મુસાફરી કરી હતી. ધારેલે રસ્તે

તેઓ ગયા નહોતા એ સાચું, છતાં જે મુકામે આખરે પહોંચવાનું હતું તેની દિશામાં તો ગયા જ હતા.

ક્રીશિંકાથી ગોરિયાચકીન સુધી બીજા ચાર માઇલનો ટપ્પો હતો.

ગામના મધ્યભાગમાં એમને એક ઊંચો માણસ શેરીની વચ્ચોવચ ચાલતો ભટકાયો.

'કોણ છો તમે?' કરીને બૂમ પાડી પેલા માણસે ઘોડાને અટકાવ્યો. પણ વાસીલીને ઓળખ્યો કે તરત તેણે પોલ પકડી લીધો, તેના પર હાથ મૂકીમૂકીને તે ગાડીની બેઠક સુધી પહોંચ્યો, ને ગાડીવાનની જગા પર બેસી ગયો.

આ માણસ તે વાસીલીનો ઓળખીતો ઇસે નામનો ખેડૂત હતો. જિલ્લાના મોટામાં મોટા ઘોડાચોર તરીકે તેની ભારે નામના હતી.

'ઓહો, વાસીલી શેઠ! ક્યાં જવા નીકળ્યા?' ઇસેએ કહ્યું. તેણે ઢીંચેલા દારૂની ગંધથી નીકીટાનું નાક ફાટી જવા લાગ્યું.

'અમે નીકળેલા તો ગોરિયાચકીન જવા.'

'ને જુઓ ક્યાં આવી પહોંચ્યા! તમારે મોલચાનોવાળે રસ્તે જવું જોઇતું હતું.'

'જવું જોઇતું તો હતું, પણ આમ આડા નીકળી ગયા, વાસીલીએ ઘોડાની લગામ ખેંચી રાખીને કહ્યું.

'ઘોડો તો સારો છે,' કહી ઇસેએ મુખોરટી તરફ ત્રાંસી નજરે જોઇ લીધું; ને ઘોડાની ગુચ્છાદાર પૂંછડીની ગાંઠ ઢીલી પડી ગયેલી તે ઉસ્તાદની કળાથી સખત બાંધી દીધી.

'તમે અહીં રાતવાસો રહેવાના છો?'

'ના, ભાઇ. મારાથી રહેવાય એવું નથી.'

'બહુ તાકીદનું કામ હશે તે! ને આ કોણ છે? અરે આ તો નીકીટા!'

'બીજું કોણ હોય?' નીકીટા બોલ્યો. 'પણ ભાઈ, ફરી પાછા ભૂલા ન પડીએ એવો રસ્તો બતાવોને.'

'અહીં ભૂલા પડાય એવું છે જ ક્યાં? આ શેરીમાં જ પાછા વળી જાઓ. ગામ બહાર પહોંચો એટલે સીધા ચાલ્યા જજો. ડાબી બાજુ વળશો નહીં. પછી ધોરી રસ્તો આવશે. ત્યાંથી જમણી બાજુ વળજો.'

'ધોરી રસ્તો છોડીને ફંટાવાનું ક્યાં આવે છે?' નીકીટાએ પૂછ્યું.'

'એ જગાએ કેટલાક છોડવા છે, ને સામે ઓકનું મોટું ડાળીઓવાળું ઝાડ છે. એ એંધાણ. તમારો રસ્તો ત્યાંથી ફંટાય છે.'

વાસીલીએ ઘોડાને પાછો વાળ્યો, ને ગામની ભાગોળ વટાવવા માંડી.

'રાત રહી જાઓ તો શું ખોટું?' ઇસેએ જતા મુસાફરોને બૂમ પાડી.

પણ વાસીલીએ જવાબ આપ્યો નહીં ને ઘોડાને સહેજ લગામ ફટકારી. એને થયું કે ચાર માઇલનો સરસ રસ્તો છે, ને એમાં બે માઇલ તો રસ્તો જંગલમાં થઇને જાય છે, એટલે વાંધો નહીં આવે. વળી હવે પવનનું જોર ઘટ્યું લાગે છે ને બરફ પડતો બંધ થઇ ગયો છે, પછી આટલો રસ્તો શા હિસાબમાં?

ગાડી જે શેરીમાં થઇને આવી હતી તેજ શેરીમાં પાછી ચાલી. ક્યાંક ક્યાંક તાજા ખાતરનાં કાળાં ધાબાં પડ્યાં હતાં. તાર પર કપડાં લટકતાં હતાં તે ઝૂંપડી પણ ફરી આવી. પેલું સફેદ ખમીસ છૂટું થઇ ગયું હતું, પણ હજુ એની એક બાંય તારને વળગી રહી હતી. સરુનાં ઝાડનો રડવા જેવો ગમગીન અવાજ ફરી પાછો સંભળાયો. ત્યાંથી આગળ ગાડી પાછી ખુલ્લાં ખેતરો પર નીકળી. તોફાન ઘટવાને બદલે વધ્યું દેખાતું હતું. રસ્તો વહેતા બરફથી સાવ ઢંકાઇ ગયો હતો, અને માત્ર બાજુની થાંભલીઓ પરથી જ એમ દેખાતું હતું કે તેઓ રસ્તો ચૂક્યા નહોતા. પણ સામેની થાંભલીઓ પણ

સહેલાઇથી જોઇ શકાતી નહોતી, કેમકે પવન સીધો તેમનાં મોં પર અથડાતો હતો.

વાસીલીએ આંખો મિચકારી, માથું નીચું નમાવ્યું, અને થાંભલીઓ જોવાનો પ્રયત્ન કર્યો, પણ મુખ્યત્વે તો એણે ઘોડાના શાણપણ પર જ ભરોસો રાખી તેને જવું હોય ત્યાં જવા દીધો. અને ઘોડો પણ ખરેખર રસ્તો ન ચૂકતાં તેના વાંકધોંક પ્રમાણે ક્યારેક જમણી બાજુ તો ક્યારેક ડાબી બાજુ ફંટાતો ગયો, ને પગ નીચે રસ્તો બરાબર છે કે નહિ તે જોતો ગયો. એટલે, બરફ વધારે જામ્યો હતો ને પવન વધારે જોરથી ફૂંકાતો હતો છતાં, એમને ક્યારેક રસ્તાની ડાબી બાજુ તો ક્યારેક જમણી બાજુ થાંભલીઓ દેખાયાં કરતી હતી.

આમ દસેક મિનિટ ચાલ્યું હશે ત્યાં એકાએક, પવનથી ઘસડાતા બરફના તીરછા પડદાની આરપાર કંઇક કાળું કાળું દેખાયું. તે ઘોડાની આગળ આગળ ખસતું હતું.

આગળ એક બીજી ગાડી જતી હતી, ને તેમાં પણ મુસાફરો બેઠેલા હતા. મુખોરટીએ એમને પકડી પાડ્યા, ને આગલી ગાડીના પાછલા ભાગ પર પોતાનો પગ ઠોકચો.

'જાઓ જાઓ, એ ભાઇ.....આગળ નીકળી જાઓ !' પેલી ગાડીમાંથી અવાજો આવ્યા.

વાસીલીએ આગળ નીકળી જવા ઘોડાને સહેજ ફંટાવ્યો. પેલી બીજી ગાડીમાં ત્રણ પુરુષો ને એક સ્ત્રી બેઠાં હતાં. ક્યાંક પરવની ઉજાણીમાં જઇને આવતાં હશે. એક ખેડૂત લાંબી સોટી એમના નાના ઘોડાની પીઠ પર ફટકારતો હતો. બીજા બે જણ આગળ બેઠેલા તે હાથ હલાવતા ને કંઇક બરાડા પાડતા હતા. સ્ત્રીએ શરીરે, મોઢે માથે જે ધાબળો ગોટપોટ ઓઢી લીધેલો હતો તેના પર બરફ છવાઇ ગયો હતો. તે ગાડીના પાછલા ભાગમાં બેઠી બેઠી ઊંઘતી હતી ને હેલા ખાતી હતી.

'કોણ છો તમે ?' વાસીલીએ ધાંટો પાડીને પૂછ્યું.

'આ—આ—આ...ના,' એટલું જ સંભળાયું.

'અરે કહું છું ક્યાંના છો તમે ?'

'આ—આ—આ...ના.' એક ખેડૂતે બધું જોર વાપરીને બૂમ પાડી, તોયે એ કોણ હતા એ વરતાવું મુશ્કેલ હતું.

'ચાલ ચાલ! ચાલ જલદી હવે!' બીજા માણસે બૂમ પાડી. ને સોટી વડે ઘોડાને માર્યાં કરતો હતો.

'તમે ઉજાણીમાંથી આવતા લાગો છો!'

'ચાલ ચાલ! જલદી કર, સાઇમન! નીકળી જા આગળ! જલદી!'

ગાડીઓનાં પડખાં સામસામાં અથડાયાં. જાણે ભેરવાઇ પડશે એમ લાગ્યું ખરું, પણ જરા ખેંચાતાણ કરીને છૂટાં તો પડ્યાં, અને ખેડૂતોની ગાડી પાછળ પડવા લાગી.

ખેડુતોનો ભરાવદાર વાળ ને મોટા પેટવાળો ઘોડો આખે શરીરે બરફથી ઢંકાઇ ગયો હતો ને નીચી હાંસડીના ભારથી હાંફી રહ્યો હતો. પોતાનું રહ્યું સહ્યું બધું બળ વાપરીને પણ તે સોટીના મારમાંથી બચવાનો નિષ્ફળ પ્રયત્ન કરતો હતો, ને તેના ટૂંકા ટૂંકા પગ વડે ઊંડા બરફ પર લંગડાતો લંગડાતો ચાલતો હતો. પગ નીચેનો બરફ તેના ચાલવાથી આમતેમ ઊડતો હતો.

એના મોઢિયા પરથી દેખાતું હતું કે ઘોડો જુવાન હતો. તેનો નીચલો હોઠ ઉપલા હોઠ સાથે બીડી રાખેલો હતો, નસકોરાં ફૂલેલાં હતાં, ને કાન બીકને લીધે દબાવી દીધેલા હતા. થોડીક પળ ઘોડાનું એ મોઢું નીકીટાના ખભા આગળ રહ્યું, ને પછી પાછળ પડવા લાગ્યું.

'જુઓ દારૂથી કેવા બેહાલ થવાય છે તે! આ લોકો ઘોડાને થકવીને મરણતોલ કરી નાખ્યો છે. કેવા પાપી છે!' નીકીટાથી કહ્યા વિના ન રહેવાયું.

થોડીક મિનિટ તો થાકેલા નાના ઘોડાની હાંફ અને પીધેલ ખેડૂતોના બૂમબરાડા તેમના સાંભળવામાં આવ્યા. પણ પછી હાંફ

અને બૂમબરાડા બંને શમી ગયાં; અને કાનમાં વાગતા પવનના સૂસવાટા, અને અવારનવાર પવનથી વળાઇને સાફ થઇ ગયેલા રસ્તા પર ગાડીનાં પાટિયાંના ચરેડાટ, એ સિવાય કંઇ પણ અવાજ આવતો બંધ થઇ ગયો. ચોગરદમ સુનકાર વ્યાપી રહ્યો.

પેલી ગાડીનો ભેટો થવાથી વાસીલીને સ્ફૂર્તિ આવી હતી, ને તેને જાણે નવું જોમ આવ્યું હતું. તેણે રસ્તાની થાંભલીઓ તપાસ્યા વિના જ હાંક્યે રાખ્યું. ઘોડાને ડચકારા કરતો ગયો, ને ગાડી એને જ વિશ્વાસે મૂકી દીધી.

નીકીટાને કશું કરવાનું તો હતું નહીં. આવી સ્થિતિમાં તે હંમેશાં ઝોકાં ખાતો, ને ઘણા ઉજાગરાનું સાટું વાળી લેતો. એકાએક ઘોડો થંભી ગયો, ને નીકીટા ધબાક દઇને ભોંય પર પટકાતો રહી ગયો.

'આપણે તો પાછા રસ્તો ચૂક્યા દેખું,' વાસીલી બોલ્યો.

'શા પરથી?'

'કેમ, ખાંભલી તો એકે દેખાતી નથી. પાછા રસ્તો ભૂલ્યા એમ લાગે છે.'

'ભલે, રસ્તો ભૂલ્યા તો પાછો શોધી કાઢવો, બીજું શું?' નીકીટાએ સહેજ તોછડે અવાજે કહ્યું. તે ઊતર્યો, ને વળેલી આંગળીઓવાળા પગ હળવે હળવે મૂકીને બરફ પર ફરી પાછો રસ્તો શોધવા રખડવા લાગ્યો.

એમ ને એમ એ ઘણીવાર ફર્યો. ક્યારેક ગાડી પાસે દેખા દેતો, ને પાછો અલોપ થઇ જતો. છેવટે પાછા આવી ગાડીમાં ચડીને તેણે કહ્યું: 'અહીં તો ક્યાંય રસ્તો નથી. આગળ ઉપર હશે.'

હવે અંધારું પડવા લાગ્યું હતું. બરફનું તોફાન વધ્યું નહોતું તેમ શમ્યુંયે નહોતું.

'પેલા ખેડૂતના અવાજ સંભળાય તો કેવું સારું!' વાસીલી બોલ્યો.

'એમણે આપણને હજુ પકડી તો પાડ્યા નથી. આપણે બહુ આડા નીકળી ગયા હઇશું. અથવા કદાચ એ લોક પણ ભૂલા પડ્યા હોય એમ બને.'

'ત્યારે ક્યાં જઇશું આપણે?'

'કેમ, ઘોડો જ્યાં જવા માગતો હોય ત્યાં જવા દઇએ. એ ખરે રસ્તે લઇ જશે આપણને. લાવો, લગામ મારા હાથમાં આપો.'

વાસીલીએ લગામ એના હાથમાં આપી. એને એ બહુ ગમ્યું, કેમકે જાડાં મોજાંની અંદર પણ તેના હાથ ઠરીને ઠીકરું થવા આવ્યા હતા.

નીકીટાએ લગામ લઇને હાથમાં પકડી જ રાખી. એને જરાયે હાલવા દીધી નહીં. પોતાના માનીતા ઘોડાનું શાણપણ જોઇ તે હરખાતો હતો. ચાલાક ઘોડાએ પહેલાં એક કાન ને પછી બીજો કાન, પહેલાં એક બાજુ ને પછી બીજી બાજુ, ફેરવી જોયો, ને પછી પાછા ફરવા માંડ્યું.

'એને એક વાચા નથી એટલું જ બાકી છે,' નીકીટા કહેવા લાગ્યો. 'જુઓ એ શું કરે છે તે! હાં, હાં, ધપાવ્યે રાખ! તને ખબર છે ક્યાં જવું તે. બરાબર, બરાબર!'

હવે પવન પાછળથી આવતો હતો, એટલે જરા હૂંફ વળી.

'હા, છે જ એ તો ઉસ્તાદ,' નીકીટાએ ઘોડાનાં વખાણ ચાલુ રાખ્યાં. 'કીરગીઝનાં ઘોડાંમાં જોર ખરું, પણ સાવ ગમાર. પણ આ — જુઓ એ કાનથી શું કરી રહ્યો છે તે! એને તારની જરૂર નથી પડતી. એક માઇલ છેટેથી એને ગંધ આવે છે.'

બીજો અડધો કલાક ગયો એટલામાં તો સામે કંઇક કાળું કાળું—જંગલ કે ગામડું—દેખાયું, ને જમણી બાજુ થાંભલીઓ દેખાવા લાગી. રસ્તો પાછળ હાથ લાગ્યો દેખાતો હતો.

'અરે, આ તો પાછું ગ્રીશિંકો આવ્યું!' નીકીટા એકાએક બોલી ઊઠ્યો.

અને ખરેખર ડાબી બાજુ એનો એ કોઠાર આવ્યો. ત્યાંથી બરફ પહેલાંની પેઠે જ ઊડતો હતો. એ જ રસ્તે આગળ તાર પર સૂકવેલાં થીજી ગયેલાં કપડાં–ખમીસ ને પાટલૂન — હજુ પવનમાં ફડફડાટ કરતાં ઊડી રહ્યાં હતાં.

ફરી પાછી શેરી આવી; ફરી પાછી હવા શાન્ત, હૂંફાળી ને પ્રસન્ન લાગવા માંડી; ફરી પાછા ખાતરના ડાઘ દેખાયા; ને માણસોનો બોલાચાલો, છોકરીઓનાં ગીત ને કૂતરાંના ભસવાના અવાજ સંભળાયાં. અંધારું એટલું થઇ ગયું હતું કે કેટલીક બારીઓમાંથી દીવા પણ તગતગતા હતા.

ગામમાં અડધે રસ્તે વાસીલીએ એક મોટા, બે બાજુ ઓટલા-વાળા, ઈંટેરી મકાન તરફ ઘોડો વાળ્યો, ને રવેશી આગળ ગાડી ઊભી રાખી.

એક બારી પર બરફ જામી ગયેલો હતો ને તેમાંથી જ દીવાનો પ્રકાશ આવતો હતો. પ્રકાશનાં કિરણથી ઊડતા બરફનો પોલ ચકચકાટ મારી રહ્યો હતો. નીકીટાએ બારી પાસે જઇ ચાબૂકથી બારણું ખખડાવ્યું.

'કોણ છે?' ખખડાટ સાંભળીને એક અવાજે ઉત્તર આપ્યો.

'ક્રેસ્ટીથી બ્રેખુનોવ શેઠ આવ્યા છે. ભાઇ!' નીકીટાએ કહ્યું. 'જરા બહાર આવો તો.'

બારી આગળથી કોઇ ખસીને અંદર ગયું. એકબે મિનિટમાં અંદરનું બારણું ઊઘડવાનો અવાજ આવ્યો. પછી ઘરના બહારના બારણાની આગળી કટ દઇને ઊઘડી; ને એક ઊંચો, ધોળી દાઢી-વાળો ખેડૂત, ધોયેલા સફેદ ખમીસ પર ઘેટાના ચામડાનો ડગલો પહેરીને બારણું હડસેલી બહાર આવ્યો. પવનથી બારણું વસાઈ ન જાય માટે તેણે સખત ઝાલી રાખ્યું. તેની પાછળ એક છોકરો આવ્યો. તેણે રાતું ખમીસ ને ચામડાના ઊંચા બૂટ પહેર્યાં હતાં.

'તમે છો, વાસીલી શેઠ?' ડોસાએ પૂછ્યું.

'હા ભાઇ, અમે ભૂલા પડ્યા છીએ,' વાસીલીએ કહ્યું. 'અમારે જવું તો હતું ગોરિયાચકીન, પણ અહીં આવી ચડ્યા. અહીંથી પાછા બીજીવાર ગયા, પણ ફરી રસ્તો ભૂલ્યા.'

'ને આડા પણ કેવા ચડી ગયા છો !'

કહી ડોસાએ રાતા ખમીસવાળા છોકરાને કહ્યુંઃ પેત્રુશ્કા, જા, દરવાજો ઉઘાડ તો.'

'સારું,' છોકરે હોંશભર્યે અવાજે કહ્યું, ને પાછો ઘરની ચાલી તરફ દોડ્યો.

'પણ અમે રાત રહેવાના નથી હોં,' વાસીલી બોલ્યો.

'રાતે ક્યાં જશો? રહી જાઓ એ જ સારું છે!'

'રહી જવું તો સારું લાગે, પણ ગયા વિના છૂટકો નથી. કવશનું કામ છે, ને રોકાવાય એવું છે જ નહીં.'

'ભલે, પણ જરા ગરમાવો તો કરતા જાઓ. કીટલી હમણાં જ તૈયાર થઇ રહી છે.'

'ગરમાવો? હા, એ તો જરૂર કરું. બહુ અંધારું તો નહીં થઇ જાય. ચંદ્ર ઊગશે એટલે અજવાળું થશે. ચાલ અંદર જઇને જરા ગરમાવો કરીએ, નીકીટા.'

'હા હા, શા માટે નહીં? જરૂર ગરમાવો કરીએ,' નીકીટા બોલ્યો. ટાઢથી તેનું શરીર ઝલાઈ ગયું હતું, અને શેક કરવાને એ તો બહુ આતુર હતો.

વાસીલી ડોસા સાથે ઘરમાં ગયો. પેત્રુશ્કાએ દરવાજો ઉઘાડ્યો તેમાં થઇને નીકીટાએ ગાડી અંદર લીધી, ને એના કહેવાથી એકઢાળિયાની નીચે ઘોડાને ઊભો રાખ્યો. અંદર જમીન ખાતરથી છવાયેલી હતી; ઘોડાના માથા પરનું ઊંચું bow એકઢાળિયાના પાટડાને અથડાયું. મરઘીઓ ને મરઘો ત્યાં ક્યારનાં આવીને રાત કાઢવા બેઠાં હતાં તેમણે કકળાણ કરી મૂક્યું, ને પોતાના નખ વડે પાટડાને વળગી રહ્યાં. ઘેટાં ભડકીને એક બાજુ ખસી ગયા. ને

થીજી ગયેલા ખાતરના ઢગલા પર ચડી ગયાં. કૂતરો અજાણ્યા માણસને જોઇ બીક અને ગુસ્સાનો માર્યો જોરજોરથી ભસવા લાગ્યો.

નીકીટા એ સહુની સાથે વાતોમાં ઊતરી પડ્યો. મરઘાંની ક્ષમા માગી ને કહ્યું કે 'તમને હવે ફરી સતાવવા હું નહી આવું.' ઘેટાં કારણ જાણ્યા વિના જ ભડક્યાં તે માટે તેમને ઠપકો આપ્યો. કૂતરા જોડે નરમાશથી કામ લઇ તેને ઠંડો પાડ્યો. ઘોડો પણ ખીલે બાંધી દીધો.

'બસ થયું હવે,' કપડાં પરથી બરફ ખંખેરી નાખતાં તેણે કહ્યું. કૂતરા તરફ વળીને કહ્યું: 'જુઓને કેવો ભસભસ કરે છે! ચૂપ રહે, બેવકૂફ! ચૂપ રહે. નકામો શાનો ભસભસ કરે છે? અમે ચોર નથી, ઓળખીતા છીએ......'

'કહે છે કે આ ત્રણ ઘરના સલાહકાર છે,' કહી પેલા છોકરાએ ગાડીનો જે ભાગ છાપરા બહાર રહી ગયો હતો તે એના મજબૂત હાથ વડે અંદર ઠેલી દીધો.

'સલાહકાર કેમ?' નીકીટાએ પૂછ્યું.

'પૉલસનની બાળપોથીમાં લખ્યું છે એવું. ચોર ઘરમાં આવે એટલે કૂતરો ભસે છે; એનો અર્થ એ કે સાવધ રહો! મરઘો કૂકડે કૂક કરે છે. એનો અર્થ એ કે જાગો! બિલાડી પોતાનું શરીર ચાટે છે. એનો અર્થ એ કે સારા મહેમાન આવે છે. એમને આવકાર આપવાની તૈયારી કરો!' કહી છોકરો સહેજ હસ્યો.

પેત્રુશ્કાને વાંચતાંલખતાં આવડતું હતું. પૉલસનની બાળપોથી એ એક જ ચોપડી તે શીખ્યો હતો, ને એ આખી તેને લગભગ મોઢે થઇ ગઇ હતી. વાતવાતમાં એમાંથી કંઇક કવિતાની કડી કે કહેવત બોલી બતાવતો. એને માત્ર લાગવું જોઇએ કે આ પ્રસંગે એ શોભશે. આજની પેઠે દારૂ પીધેલો હોય ત્યારે તો એ રંગમાં આવી જતો.

'ખરી વાત છે,' નીકીટાએ કહ્યું.

'તમારાં તો હાડકાં પાંસળાં ઠરી ગયાં હશે,' પેટ્રુસ્કાએ કહ્યું.

'હા, છે તો એવું જ,' નીકીટાએ કહ્યું, અને બંને જણ વાડામાં થઈને ઘરમાં ગયા.

૪

વાસીલી જે ઘેર આવ્યો હતો તે ઘર ગામના એક સૌથી શ્રીમંત માણસનું હતું. એ કુટુંબ પાસે પાંચ મોટાં ખેતર પોતીકાં હતાં: ઉપરાંત સાંથે ખેડવા રાખેલાં તે તો જુદાં. છ ઘોડા, ત્રણ ગાય, બે વાછડાં, ને વીસેક ઘેટાં એટલો જાનવરોનો પરિવાર હતો. કુટુંબમાં બાવીસ માણસ હતાં: ચાર પરણેલા દીકરા, એમનાં છ છોકરાં (એમાંથી એક પેટ્રુસ્કા પરણેલો હતો), એનાં બે છોકરાં, ત્રણ અનાથ બાળકો, ને ચાર વહુઓ ને તેમનાં ધાવણાં બાળક. જે ગણ્યાંગાંઠ્યાં કુટુંબો હજુ અવિભક્ત રહ્યાં હતાં તેમાંનું આ એક હતું. પણ ઘરમાં જે ચડભડાટ શરૂ થઈને આખરે કુટુંબના ભાગલા પડે છે તે ચડભડાટ અહીં પણ શરૂ થઈ ગયો હતો. એનાં પગરણ, બધે બને છે એમ, અહીં પણ બૈરાંઓથી જ મંડાયાં હતાં. ડોસાના બે છોકરા મૉસ્કોમાં ભિસ્તીનું કામ કરતા, ને એક લશ્કરમાં હતો. ડોસોડોસી, બીજો છોકરો ઘર ચલાવતો તે, સૌથી મોટો છોકરો મૉસ્કોથી રજા પર આવ્યો હતો તે, અને તમામ બૈરાંછોકરાં, એટલાં માણસ અત્યારે ઘેર હતાં. આટલાં કુટુંબી ઉપરાંત પડોશને ગામથી આવેલો એક મહેમાન હતો.

ઓરડામાં ટેબલ પર એક દીવો લટકતો હતો, તેનું અજવાળું ચાનાં પ્યાલારકાબી, દારૂની બાટલી, ને બીજી ખાવાની વસ્તુઓ પર, તથા ઈંટેરી ભીંતો ઉપર પણ પડતું હતું. એક ખૂણામાં ભીંત પર નાની નાની મૂર્તિઓ લટકાવેલી હતી, ને તેની બંને બાજુ ચિત્રો હતાં. ટેબલ આગળ એક બાજુ મુખ્ય સ્થાન પર કાળો ઘેટાના ચામડાનો ડગલો પહેરીને વાસીલી બેઠો હતો. તે બરફથી થીજી

ગયેલી મૂછો ચૂસતો હતો, ને બાજના જેવી આંખો વડે ઓરડાનું ને આસપાસ બેઠેલાં માણસોનું નિરીક્ષણ કરતો હતો. એની જોડે ઘરનો માલિક ડોસો બેઠો હતો; તેને માથે ટાલ હતી, ધોળી દાઢી હતી, ને તેણે સફેદ હાથકંતામણનું ખમીસ પહેર્યું હતું. તેની જોડે મૉસ્કોથી આવેલો તેનો દીકરો હતો; તેની પીઠ પહોળી ને ખભા મજબૂત હતા, ને તેણે પાતળું છાપેલી છીંટનું ખમીસ પહેર્યું હતું. તેની જોડે બીજો છોકરો હતો; તેના ખભા પણ પહોળા હતા, ને ઘરના મુખ્ય માણસનું કામ તે કરતો. તેની જોડે પાતળો, રાતા વાળવાળો ખેડૂત — મહેમાન — બેઠો હતો.

દારૂ પીવા ને નાસ્તો ખાવાનું કામ પૂરું થઇ ગયું હતું. ને ચાની રાહ જોવાતી હતી. ઈંટના ચૂલા પાસે ભોંય પર પડેલી કીટલીમાં પાણી ખળખળ બોલવા લાગ્યું હતું. ભીંતોને અડાડીને જે સૂવાનાં પાટિયાં જડેલાં તેમાં છેક ઉપલાં પાટિયાંમાં છોકરાં દેખાતાં હતાં. નીચલા એક પાટિયા પર એક સ્ત્રી બેઠી હતી, તેની પાસે ઘોડિયું હતું. ડોસીમા વાસીલી શેઠની સરભરામાં હતાં. તેમને આખે મોઢે કરચલીઓ પડી ગઇ હતી; હોઠ પણ કરચલી વિનાના રહ્યા નહોતા.

નીકીટા દાખલ થયો તે વખતે ડોસીમા દારૂથી ભરેલો, જાડા કાચનો નાનો જામ મહેમાનને આપવા જતાં હતાં.

'ના ન પાડશો, વાસીલી શેઠ! ના પડાય જ નહીં. અમારે આંગણે તમે ક્યાંથી? પીઓ પીઓ, ભઇલા!' ડોસીમાનો આગ્રહ ચાલુ હતો.

દારૂના દર્શન ને તેની સુગંધથી — ખાસ કરીને અત્યારે શરીર ટાઢથી અકડાઇ ગયું હતું ને થાકીને લોથ થઇ ગયું હતું એટલા માટે— નીકીટાના મનમાં સળવળાટ તો ઘણો થઇ આવ્યો. તેણે ભવાં ચડાવ્યાં; ટોપી ને ડગલા પરથી બરફ ખંખેરી નાખ્યો; અને ઘરમાં કોઇને જોતો ન હોય એમ મૂર્તિઓ સામે ઊભો રહ્યો, શરીરે ત્રણવાર હાથ ફેરવી ક્રૉસની નિશાની કરી, અને મૂર્તિઓને નમન કર્યું. પછી

ઘરના માલિક ડોસા તરફ વળી પહેલો એને, પછી ટેબલ આગળ બેઠેલા સહુને, ને છેવટે ચૂલા આગળ ઊભેલી સ્ત્રીઓને નમન કર્યું; અને ટેબલ તરફ જોયા વિના ડગલો ઉતારવા માંડ્યો.

'અરે, તું તો બરફથી લદબદ થઇ ગયો છે, ડોસા!' નીકીટાનાં મોં, આંખો ને દાઢી બરફથી છવાઇ ગયેલાં હતાં તે જોઇ મોટા છોકરાએ કહ્યું.

નીકીટાએ ડગલો ઉતારી ફરી ખંખેર્યો, ચૂલા પાસે ભીંતે ટિંગાડ્યો, ને પછી તે ટેબલ પાસે આવ્યો. એની આગળ પણ દારૂ ધરવામાં આવ્યો. પળવાર તો એના મનમાં આનાકાની થઇ, દુઃખ પણ થયું. દારૂનો ગલાસ લઇ અંદરનો ચોખ્ખો સુગંધી પ્રવાહી ગળામાં રેડી દેવા જતો હતો પણ ખચકાઇ ગયો. તેણે વાસીલી સામે જરાક નજર નાખી. તેને પોતે લીધેલી પ્રતિજ્ઞાનું સ્મરણ થયું, દારૂ પીવા માટે બૂટ વેચેલા તે પ્રસંગ યાદ આવ્યો, પીપવાળો નજર સામે ખડો થયો, દીકરાને ઉનાળામાં ઘોડો વેચાતો લઇ દેવાનું વચન આપેલું તેની સ્મૃતિ તાજી થઇ, ને તેણે દારૂનો ગલાસ પાછો ઠેલ્યો.

'હું નથી પીતો, માફ કરજો,' કહી તેણે ભવાં ચડાવ્યાં, ને બીજી બારી પાસે એક બાંકડો પડેલો તેના પર બેઠો.

'કેમ નથી પીતા?' મોટા છોકરાએ પૂછ્યું.

'બસ નથી પીતો એ જ, બીજું કારણ શું હોય?' આ જવાબ દેતાં નીકીટાએ આંખો ભોંય પર ઢળેલી જ રાખી, પણ આછી દાઢી-મૂછ તરફ જોઇ તેમાંથી બરફના કણ વીણવા માંડ્યા.

'એને સદતો નથી દારૂ,' વાસીલીએ પોતાનો ગલાસ ખાલી કરી બિસકીટ ચાવતાં ચાવતાં કહ્યું.

'તો ભલે, થોડી ચા પી,' હેતાળ ડોસી બોલી. 'તારું શરીર ઠરી ગયું હશે, ભલા માણસ! અલીઓ તમે કેમ આળસ કરો છો? કીટલી કેમ લાવતી નથી?'

'તૈયાર છે, મા,' એક જુવાન સ્ત્રી બોલી. કીટલીમાં પાણી ઊકળવા લાગ્યું હતું. કીટલીના ઉપલા ભાગને પોતાના છેડાથી લૂછી તે જેમતેમ કરીને ઊંચકી ટેબલ સુધી લઇ ગઇ; ત્યાં જઇ કીટલી ઊંચી કરી, ને ટેબલ પર મૂકવા જતાં સહેજ ધબાકો થયો.

વાસીલીએ પોતે કેમ ભૂલો પડ્યો તેની વાત માંડી હતી. એવાર આ જ ગામડામાં આવ્યા, આડે રસ્તે ચડી ગયા, ને રસ્તે દારૂડિયા ખેડૂત મળેલા, એ બધાનું વર્ણન કર્યું. સાંભળનારાંને બહુ નવાઇ લાગી. કઇ જગાએ ને શા કારણસર રસ્તો ચુકાયો તેના અનેક ખુલાસા આપ્યા. પીધેલ ખેડૂતો કોણ હશે તેની કૈંક અટકળો કરી. ને હવે જવું ત્યારે કેવી રીતે જવું એ વિષે સૂચનાઓ આપી.

'અહીંથી મોલચાનોનો રસ્તો તો નાના છોકરાને પણ જડે એવો છે. ધોરી રસ્તા પરથી જમણી બાજુ વળ્યા એટલે બસ. વળવાનું આવે છે ત્યાં એક છોડવો દેખાય છે. પણ તમે તો એટલે સુધી પહોંચ્યા નહીં!' મહેમાને ટાપશી પૂરી.

'રાતે રહી જાઓ તો બહુ સારું. આ વહુઓ પથારી કરી દેશે,' ડોસીમાએ શેઠને સમજાવ્યા.

'સવારે જવાશે હવે. સવારની મુસાફરી પણ સારી લાગશે,' કહી ડોસાએ ડોસીના સ્વરમાં સ્વર પૂર્યો.

'નથી રહેવાય એવું, કાકા. કામ તે કામ!' વાસીલી બોલ્યો. 'એક ઘડી ગુમાવીએ તો વરસે પણ એનું વળતર ન વળે.' વાસીલીને જંગલ યાદ આવ્યું, ને બીજા વેપારીઓ આવીને કોળિયો ઝડપી જશે એ વિચાર આવ્યો. તેણે નીકીટા તરફ વળી કહ્યું: 'આપણે ત્યાં પહોંચી જઇશું, નહીં, નીકીટા?'

નીકીટાએ થોડીક વાર તો જવાબ ન આપ્યો. તેનું મન તો હજુ દાઢીમૂછમાંથી બરફ ખંખેરી કાઢવામાં જ લાગેલું હતું.

'ફરી ભૂલા ન પડીએ તો,' તે ગમગીન અવાજે બોલ્યો.

એની ગમગીનીનું કારણ એ હતું કે એનું મન થોડાક દારૂને

માટે તલપાપડ થઇ રહ્યું હતું. એ તરસને સહેજ પણ છિપાવે એવી એક ચા હતી, તે પણ તેને હજુ મળી નહોતી.

'પણ આપણે પેલા વળાંક સુધી પહોંચીએ એટલે બસ. પછી ભૂલા પડવાના નથી. પછી તો આખો રસ્તો જંગલમાં થઇને જ જાય છે,' વાસીલીએ કહ્યું.

'જેવી તમારી મરજી, શેઠ. જવું જ હોય તો વહેલા નીકળવું સારું,' નીકીટાએ કહ્યું, ને તેની આગળ મૂકવામાં આવેલો ચાનો જામ ઉપાડ્યો.

'ચા પીને નીકળીએ.'

નીકીટાએ મૂગે મોઢે માથું હલાવ્યું. જામમાંથી ઢોળાય નહીં એવી રીતે રકાબીમાં ચા રેડી, ને ચામાંથી નીકળતી વરાળ પર કામથી કઠણ થઈ ગયેલાં આંગળાંવાળા હાથ શેકવા લાગ્યો. પછી ખાંડનો એક નાનો ટુકડો કરડ્યો, ઘરના પુરુષોને નમન કરી કહ્યું: 'ખુશાલી આપની!' ને ગરમ ગરમ ચા પીવા માંડી.

'કોઈ અમને વળાંક સુધી મૂકી જાય તો?' વાસીલી બોલ્યો.

'હા, જરૂર,' મોટો છોકરો બોલ્યો. 'પેટ્રુશ્કા ગાડી લઇને આવશે ને તમને ત્યાં સુધી મૂકી જશે.'

'તો તો છોકરા, ગાડી જોડ. તારો મોટો ઉપકાર થશે.'

'એમાં ઉપકાર શાનો, શેઠ?' ભલી ડોસીએ કહ્યું. 'એટલું તો અમે ખુશીથી કરીએ.'

'પેટ્રુશ્કા, જા ને ગાડી જોડ,' મોટા ભાઇએ હુકમ કાઢ્યો.

'સારું,' કહી પેટ્રુશ્કા સહેજ હસ્યો. તેણે ખીંટી પરથી ટોપી લીધી ને ઘોડો તૈયાર કરવા દોડ્યો.

ઘરમાં કંઇક વાતચીત ચાલતી હતી તે વાસીલી ગાડી લઇને બારી આગળ આવ્યો ત્યારે અટકી પડી હતી. હવે ગાડી જોડાતી હતી એ દરમ્યાન તે અટકેલી ત્યાંથી પાછી શરૂ થઇ. ડોસા મહેમાન આગળ તેના ત્રીજા દીકરાની રાવ ખાતો હતો: 'એની વહુ

માટે એણે પરવ ટાણે ફ્રેંચ બનાવટની શાલ મોકલી, પણ મારે માટે કશું ન મોકલ્યું.'

'છોકરા હવે કંઇ આપણા હાથમાં રહ્યા નથી,' ડોસો બોલ્યો.

'ખરી વાત છે!' મહેમાને ટાપશી પૂરી. 'એમને હાથમાં રખાય પણ શી રીતે? બહુ ચાંપલા થઇ ગયા છે. પેલો ડેમોચ્કીન જુઓને; એના બાપનો હાથ જ ભાગી નાખ્યો. એ ચાંપલાઇ નહીં તો બીજું શું?'

નીકીટા કાન દઇને સાંભળી રહ્યો હતો ને બોલનારના મોઢા પર થતા ફેરફારો નિહાળતો હતો. એને વાતચીતમાં ભાગ લેવો ગમત; પણ ચા પીવી ને વાતો કરવી એ કામ એકસાથે બને એવાં નહોતાં, એટલે તે માત્ર સંમતિ દર્શાવવા ડોકું હલાવતો હતો. તેણે એક પછી એક ચાના જામ ગટગટાવવા માંડ્યા હતા, ને તેના શરીરમાં ધીરેધીરે ગરમાવો ને સ્ફૂર્તિ આવતાં હતાં. કુટુંબમાં ભાઇ ભાઇ જુદા પડી જુદા ચૂલા કરે એથી કેવું નુકસાન થાય છે, એ એક જ વિષયની વાત લાંબા વખત સુધી ચાલી. એ કંઇ તાત્ત્વિક ચર્ચા નહોતી, પણ આ ઘરમાં જ ભાગલા પડવા સાથે એને સંબન્ધ હતો. જે બીજા છોકરાએ પોતાનો ભાગ જુદો કરી આપવાની માગણી કરેલી તે ત્યાં મોઢું ચડાવીને ચૂપચાપ બેઠો હતો.

આ વિષય નાજુક હતો ને સહુનાં મન એમાં એકાગ્ર થઇ ગયાં હતાં, પણ સભ્યતાના નિયમનો ભંગ થવાની બીકે તેઓ પારકાની હાજરીમાં એની ચર્ચા કરતાં નહોતાં. છેવટે ડોસો મન પર કાબુ રાખી શક્યો નહીં. તેણે કહ્યું: 'મારા જીવતાં તો હું કુટુંબના ભાગલા નહીં થવા દઉં. ભગવાનની કૃપાએ ઘરમાં લીલાલહેર છે. પણ છોકરા ભાગ પાડીને જુદા થઇ જશે તો સહુને ભીખ માગવા વારો આવશે.' બોલતાં બોલતાં તેની આંખ ભીની થઈ.

'માતવીએવની જ વાત લોને,' મહેમાને કહ્યું. 'પહેલાં એમનું ઘર કેવું ભર્યુંભાદર્યું હતું, પણ વહેંચણ કર્યા પછી બધા પૈસેટકે

ખલાસ થઇ ગયા છે.'

'એ દશા તારે અમારી કરવી છે,' કહી ડોસાએ દીકરા તરફ નજર નાખી.

દીકરે કશો જવાબ ન દીધો. જરાકવાર શું બોલવું એ કોઇને સૂઝે નહીં. સહુ સુનમુન બેસી રહ્યાં. એ મૌન પેદુસ્કાએ આવીને તોડ્યું. ગાડીઘોડા જોડીને તે જરાક વાર પહેલાં જ ઘરમાં આવ્યો હતો, ને સહેજ હસતો હસતો આ વાત સાંભળવા ઊભો રહ્યો હતો.

'પોલસનની બાળપોથીમાં એને વિષે એક વાત છે,' તેણે કહ્યું. 'એક બાપે દીકરાઓને સાવરણી ભાંગવા આપી. આખી સાવરણીના ટુકડા તો છોકરા ન કરી શક્યા. પણ એમાંની એકએક સળી છૂટી લઇને તોડવા માંડી એટલે તૂટી ગઈ. એવી જ વાત અહીં પણ છે.' કહી તે હસી પડ્યો, ને કહ્યું: 'હું તૈયાર છું!'

'તું તૈયાર હોય તો જઇએ આપણે,' વાસીલીએ કહ્યું. 'ને દાદા, છોકરાઓને છૂટા તો ન પડવા દેશો હોં. તમારી મિલકત મઝિયારી છે ને તમે તેના મુખત્યાર છો. વકીલની પાસે જજોને. એ તમને સમજાવશે કેમ કરવું તે.'

'એ તો એમ રગડદગડ ચાલ્યાં કરવાનું,' ડોસા અવાજે બોલ્યો. 'એને સમજાવ્યે સમજતો નથી. જાણે ઝાડે વળગ્યું ન હોય!'

દરમ્યાન નીકીટાએ ચાનો પાંચમો ગલાસ પૂરો કર્યો, ને તેને ઊંધો મૂકવાને બદલે આડો મૂક્યો—એ આશાએ કે છઠ્ઠો ગલાસ પણ મળશે. પણ કીટલીમાં પાણી રહ્યું નહોતું, એટલે બાઇએ ગલાસ ભર્યો નહીં. વળી વાસીલીએ કપડાં પહેરવા માંડ્યાં હતાં. એટલે નીકીટા પણ ઊઠ્યા વિના છૂટકો નહોતો. ખાંડના જે ગાંગડાને એણે ચોમેરથી કરડી કાઢ્યું હતું તે ખાંડના વાસણમાં પાછું મૂક્યું, મોઢે પસીનો છૂટ્યો હતો તે ડગલાની ચાળથી લૂછી નાંખ્યો, અને ઓવરકોટ પહેરવા ચાલ્યો.

ઉપલો મોટો ડગલો પહેરી તેણે ઊંડા નિસાસો નાખ્યો, ઘરનાં માણસોનો આભાર માન્યો, સલામ કરીને વિદાય લીધી, અને હૂંફાળા ને અજવાળાવાળા ઓરડામાંથી ઠંડીગાર અંધારી ચાલીમાં ગયો. ત્યાં પવન સુસવાટા મારતો હતો, ને ખખડાટ કરતા બારણાની ફાટોમાં થઈને બરફની કરચો અંદર આવતી હતી. ચાલીમાંથી નીકીટા વાડામાં આવ્યો.

પેદ્રુશ્કા ઘેટાના ચામડાનો ડગલો પહેરીને વાડાની વચ્ચોવચ એની ઘોડી પાસે ઊભો ઊભો પોલસનની બાળપોથીમાંની કેટલીક લીટીઓ લલકારતો હતો. નીકીટાએ ઘોડાને લગામ ચડાવતાં ચડાવતાં સંમતિ દર્શાવવા ડોકું હલાવ્યું.

વાસીલી જવા નીકળ્યો એટલે ડોસો હાથમાં ફાનસ લઈને દીવો બતાવવા આવ્યો, પણ ફાનસ એકદમ હોલવાઈ ગયું. વાડામાં પણ એમ દેખાતું હતું કે તોફાનનું જોર વધ્યું છે.

'આનું નામ તે હવા!' વાસીલીએ વિચાર કર્યો. 'કદાચ અમે પેલે ગામ પહોંચવા જ નહીં પામીએ. પણ હવે કંઈ છૂટકો નથી. એ તો વેપાર! વળી હવે અમે તૈયાર થયા. ડોસાના ઘોડા પર સામાન પણ નંખાયો. ભગવાન મદદ કરશે તો પહોંચી જવાશે!'

ડોસાને પણ થયું કે શેઠ આવામાં ન જાય તો સારું. પણ એણે શેઠને સમજાવી જોયા હતા, ને એમણે માન્યું નહોતું. તેણે વિચાર કર્યો: 'હવે ફરી કહેવામાં માલ નથી. કદાચ મારા ઘડપણને લીધે મને ડર લાગતો હોય. એ લોકો હેમખેમ પહોંચી જશે, ને અમે વખતસર સૂવા પામીશું. બૈરાંને ધાંધલ નહીં કરવી પડે.'

પેદ્રુશ્કાના મનમાં ભો નહોતો. તે રસ્તાથી ને આખા જિલ્લાથી પૂરેપૂરો વાકેફ હતો; ને એની કવિતાની લીટીઓના વર્ણન સાથે બહારનો દેખાવ એવો આબેહૂબ મળતો આવતો હતો કે એ તો ઉત્સાહમાં હતો. નીકીટાને જવાની જરાયે મરજી નહોતી. પણ પોતાની મરજી પ્રમાણે ન ચાલવાની ને બીજાની ચાકરી કરવાની ટેવ

એને એટલા લાંબા વખતથી પડી હતી કે જતા મુસાફરોને કશું રોકાણ રહ્યું નહીં.

૫

વાસીલી ગાડી આગળ પહોંચ્યો. અંધારામાં ગાડી મુસીબતે જડી. ગાડી પર ચડી તેણે લગામ હાથમાં લીધી.

'આગળ ચાલ!' તેણે બૂમ પાડી.

પેટ્રુસ્કાએ એની નીચી ગાડીમાં નીચા નમી ઘોડી ચલાવી. વાસીલીનો ઘોડો થોડીક વારથી હણહણતો હતો. તેને હવે આગળ ઘોડીની ગંધ આવતાં તેની પાછળ પાછળ ચાલવા માંડ્યું, ને ગાડીઓ શેરીમાં આવી. ફરી પાછી ગામની ભાગોળ આવી, એનો એ રસ્તો આવ્યો, થીજી ગયેલાં કપડાં સુકાતાં હતાં તે વાડો આવ્યો (પણ હવે કપડાં દેખાતાં નહોતાં), એનો એ કોઠાર આવ્યો (તેની આસપાસ જામવા માંડેલો બરફનો ઢગલો છાપરે અડવા આવ્યો હતો, ને છાપરા પરથી બરફ એકધારો પડ્યે જ જતો હતો). એનાં એ રડતાં, સૂસવતાં, ને પવનથી આમતેમ નમતાં ઝાડવાં ફરી આવ્યાં. અને ગાડીઓ ફરી પાછી ઉપરનીચેથી ઊડતા ને ઘુઘવાટ કરતા બરફના સમુદ્રમાં પેઠી. પવન એટલો સખત હતો કે તે જ્યારે બાજુએથી વાતો ને મુસાફરો સામે પવને ગાડી ચલાવતા ત્યારે પવનથી ગાડીઓ ડામાડોળ થઇ જતી ને ઘોડા એક તરફ નમી જતા. પેટ્રુસ્કા એની પાણીદાર ઘોડીને આગળ ઉતાવળી ચાલે ચલાવી રહ્યો હતો, ને જોરજોરથી ગાતો ને રાડો પાડતો હતો. મુખોર્ટી ઘોડીની પાછળ પાછળ ચાલ્યો જતો હતો.

આ રીતે દસેક મિનિટ મુસાફરી કર્યા પછી પેટ્રુસ્કાએ મોં પાછળ ફેરવ્યું ને બૂમ મારી કંઇક કહ્યું. પવનને લીધે વાસીલી કે નીકીટા એમાંથી એકેય કંઇ સાંભળી શક્યા નહીં, પણ તેમણે અનુમાન કર્યું કે હવે વળાંક આવ્યો. પેટ્રુસ્કા જમણી બાજુએ વળી પણ

ચૂક્યો હતો. જે પવન અત્યારસુધી બાજુએથી આવતો હતો તેની ઝાપટો હવે સામેથી સીધી તેમનાં મોઢાં પર આવવા લાગી. બરફની આરપાર જમણી બાજુએ તેમણે કંઈક જોયું. એ જ વળાંક આગળનો છોડ હતો.

'લો હવે, સાહેબજી, આવજો !'

'સાહેબજી, પેદ્રુસ્કા. વારુ, આવજે! બહુ તકલીફ ઉઠાવી તેં.'

કંઈક કવિતાની કડી લલકારતો પેદ્રુસ્કા અદૃશ્ય થઈ ગયો.

'કવિ લાગે છે!' વાસીલી મનમાં ગણગણ્યો, ને તેણે લગામ ખેંચી

'હા, બહુ સારો છોકરો છે. ખરો ખેડૂતનો દીકરો છે,' નીકીટાએ કહ્યું.

ગાડી એમણે આગળ હાંક્યે રાખી.

નીકીટાએ ડગલો શરીરે સખત વીંટાળ્યો, ને માથું ખભ તરફ એટલું નીચું વાળ્યું કે એની ટૂંકી દાઢીથી ગળાનો ભાગ છવાઈ ગયો. એવી સ્થિતિમાં તે સુનમુન બેસી રહ્યો. ચા પીધાથ જે ગરમાવો આવેલો તે ટકાવી રાખવાનો એનો પ્રયત્ન હતો. તેન સામે ગાડીના પોલની સીધી લીટીઓ દેખાતી હતી, તે પરથી તેન સતત એવો જ ભ્રમ થયાં કરતો હતો કે જાણે એ સીધો ને સપા ધોરી રસ્તો જ છે. તે ઉપરાંત ઘોડાના શરીરનો પાછલો ભાગ ઊંચોનીચો થતો હતો, ગાંઠ વાળેલી પૂંછડી એક તરફ ઊડતી હતી ને તેની આગળ ઊંચી હાંસડી, ઘોડાનાં ઊંચાંનીચાં થતાં માથું ને ગરદન ને તેના પરની કેશવાળી, એ બધું પણ તે જોઈ શકતો હતો અવારનવાર રસ્તાની નિશાની પણ નજરે પડતી, એટલે એને ધારણ વળતી કે હજુ તો રસ્તા પર જ છીએ ને ડરવાનું કશુ કારણ નથી.

વાસીલી હાંક્યે જતો હતો. રસ્તે ચાલ્યાં કરવાનું તેણે ઘોડ પર છોડી દીધું હતું. ઘોડાને ગામડામાં સહેજ આરામ મળ્યે હોવા છતાં તે અનિચ્છાએ દોડતો હતો, ને અવારનવાર રસ્તાથ

આડો ઊતરી જતો. એટલે વાસીલીને ફરીફરી તેને પાછો રસ્તા પર લાવવો પડતો.

'આ જમણી બાજુએ એક થાંભલી, આ બીજી, ને આ ત્રીજી,' વાસીલી ગણ્યે જતો હતો. 'ને આ સામે જંગલ રહ્યું,' સામે કંઈક કાળું કાળું જોઈને તેણે વિચાર કર્યો. પણ એને જે જંગલ લાગેલું ને ખરેખર તો એક છોડ જ હતો. છોડ વટાવીને ગાડી સારીએક વાર આગળ ગઈ, તોપણ ન આવી ચોથી થાંભલી કે ન આવ્યું જંગલ.

'જંગલ હવે જોતજોતામાં આવવું જોઈએ,' વાસીલીને થયું. દારૂ ને ચા પીને શરીરમાં સ્ફૂર્તિ આવેલી, એટલે તેણે અટક્યા વિના લગામ હલાવ્યે રાખી, ને ભલા કહ્યાગરા ઘોડાએ ચાલ ચાલ કર્યું. જે દિશામાં જવાની એને સૂચના મળતી એ દિશામાં તે ક્યારેક ચાલની ચાલે તો ક્યારેક તુર્કી ચાલે ચાલતો. પણ એને ખબર હતી કે એ ખરો રસ્તો નથી. દસ મિનિટ થઈ ગઈ છતાં જંગલ તો આવ્યું નહીં.

'બૂરી થઈ! ફરી પાછા ભૂલા પડ્યા એમ લાગે છે,' કહી વાસીલીએ ગાડી ઊભી રાખી.

નીકીટા ચૂપચાપ ગાડીમાંથી ઊતર્યો. એના ડગલાને પવન ક્યારેક એના શરીર જોડે સજ્જડ દબાવતો, તો ક્યારેક જાણે શરીર પરથી ફાડીને ફેંકી દેતો હોય એટલું જોર કરતો; ને નીકીટાએ ડગલાને સખત પકડી રાખ્યો હતો. તેણે પહેલાં એક બાજુ તપાસ કરી, ને પછી બીજી બાજુ જોઈ વળ્યો. ત્રણચારવાર તો તે સાવ અલોપ જ થઈ ગયો. છેવટે તેણે પાછા આવી વાસીલીના હાથમાંથી લગામ લીધી.

'આપણે જમણી બાજુ જવું જોઈએ,' તેણે કડકાઈથી ને હુકમ કરતો હોય એવી રીતે કહ્યું, ને ઘોડો વાળ્યો.

'ભલે, જમણી બાજુ તો જમણી બાજુ,' કહી વાસીલીએ

લગામ નીકીટાના હાથમાં સોંપી દીધી, ને હાથ ઠરીને ઠીકરું થયા આવ્યા હતા તે ડગલાની બાંયમાં ખોસી દીધા.

નીકીટાએ જવાબ દીધો નહીં.

'લે, ભઈલા મારા, થા તો જરા સજગ!' તેણે ઘોડાને બૂમ મારીને કહ્યું. પણ લગામ હાલી તોયે ઘોડો તો માણસની ચાલે જ ચાલવા લાગ્યો.

બરફ ક્યાંક ક્યાંક ઘૂંટણપૂર જામ્યો હતો, એટલે ગાડી ઉલાળા ખાતી, હેલા મારતી, ચાલતી હતી.

ગાડીના આગલા ભાગમાં ચાબૂક લટકતો હતો તે ઉઠાવી નીકીટાએ એકવાર ઘોડાને ફટકાર્યો. ચાબૂકને ન ટેવાયેલો પાણીદાર ઘોડો એકદમ છલંગ મારી દોડવા લાગ્યો, પણ એની ચાલ તરત જ ધીમી પડી ગઇ ને તે પાછો માણસની ચાલ પર આવી ગયો. આમ પાંચ મીનીટ ચાલ્યું. અંધારું હતું, અને પવન સુસવાટા મારતો ઉપરથી ને નીચેથી ઊડતો હતો, એટલે કેટલીકવાર તો હાંસડી પણ દેખાતી નહોતી. કેટલીકવાર ગાડી થંભી જતી હોય ને ખેતર પાછું દોડતું હોય એવો ભાસ થતો. એકાએક સામે કંઇક નજીક આવેલું લાગ્યું હશે, એટલે ઘોડો થોભી જઇને ઊભો રહ્યો. નીકીટા ફરી પાછો ધીરે રહીને કૂદકો મારી નીચે ઊતર્યો. તેણે લગામ છોડી દીધી, ને ઘોડો કેમ થંભી ગયો એ જોવા તે આગળ ગયો. પણ તેણે ઘોડાની આગળ એક ડગલું પણ નહીં ભર્યું હોય ત્યાં તો એના પગ લપસી ગયા, ને તે ઢોળાવ પરથી નીચે ગબડ્યો.

'હો, હો, હો!' નીકીટાએ પડતાં પડતાં બૂમ પાડી; ને પડતા અટકી જવાય તો અટકવાને ફાંફાં મારી જોયાં પણ અટકાયું નહીં. ખાઇને તળિયે બરફનો જાડો થર જામ્યો હતો ત્યાં એના પગ અટક્યા ત્યારે જ એ આગળ જતો અટક્યો.

ખાઇની પાળ પર થોડોક બરફ વહી આવીને લટકી રહેલો હતો, ને નીકીટાના પડવાને લીધે હાલી ઊઠ્યો; એટલે તેના પર

ખાસો છંટકાવ થયો ને બરફ ડગલાના કૉલરમાં પેસી ગયો.

'આ તે કેવું કહેવાય!' બરફ અને ખાઇને જાણે ઠપકો આપતો હોય એમ નીકીટા બોલ્યો. કૉલર નીચેથી બરફ એણે ખંખેરી કાઢ્યો.

'નીકીટા! ઓ નીકીટા!' ઉપરથી વાસીલીએ રાડ પાડી.

પણ નીકીટાએ જવાબ દીધો નહીં. એનું ધ્યાન તો બરફ ખંખેરી કાઢવામાં ને પાળ પરથી ગબડી પડતી વેળા હાથમાંથી પડી ગયેલો ચાબૂક શોધી કાઢવામાં હતું. ચાબૂક જડ્યો એટલે જે પાળ પરથી તે ગબડી પડ્યો હતો તેની ઉપર સીધો ચડી જવાનો પ્રયત્ન તેણે કર્યો. પણ તે ફરી ગબડવા લાગ્યો, ને તેથી ઉપર જવાનો રસ્તો શોધવા તેને ફરી ખાઇને તળિયે જવું પડ્યું. સાતેક વાર આથે તે ચોપગા પ્રાણીની જેમ હાથપગ ટેકવીને મહામુસીબતે ઉપર ચડી શક્યો ને ત્યાંથી, ખાઇને કિનારે કિનારે ચાલીને, ઘોડો મૂળ જ્યાં ઊભો હતો ત્યાં પહોંચ્યો. પણ ત્યાં ઘોડો કે ગાડી કશું ન મળે. સામે મોંએ પવનની દિશામાં ચાલ્યો ત્યાં વાસીલીની બૂમો ને ઘોડાનો હણહણાટ તેને બોલાવતાં સંભળાયાં.

'આવ્યો! આવ્યો! શાના ટકટક કર્યા કરો છો?' તે ગણગણ્યો.

છેક ગાડી પાસે આવ્યો ત્યારે જ તે ઘોડાને ઓળખી શક્યો. વાસીલી એની પાસે ઊભેલો તે પહાડ જેવો લાગતો હતો.

'અલ્યા, ક્યાં અલોપ થઇ ગયો હતો તું? ભલે ગ્રીશિંકા તો ગ્રીશિંકા, પણ આપણે પાછા જવું જોઇએ,' વાસીલી નીકીટાને વઢવા લાગ્યો.

'મને તો પાછા જવાનું બહુ ગમે, વાસીલી શેઠ, પણ કયે રસ્તે જઇશું આપણે? અહીં તો એવી ખાઇ છે કે એમાં પડ્યા પછી બહાર નીકળવાની વાત જ ન કરવી. હું પોતે ત્યાં એવો સજ્જડ ચોંટી ગયો હતો કે બહાર નીકળતાં નાકમાં દમ આવી ગયો.'

'ત્યારે શું કરીશું? અહીં તો ન જ રહી શકાય! ક્યાંક તો જવું જ જોઇએ!'

નીકીટા કંઇ બોલ્યો નહીં. તે ગાડીમાં પવન તરફ પીઠ ફેરવીને બેઠો, બૂટ ઉતાર્યાં, અંદર પેસી ગયેલો બરફ ખંખેરી કાઢ્યો, અને ગાડીને તળિયેથી થોડુંક ઘાસ લઇ તેનાથી ડાબા બૂટમાં પડેલું એક કાણું કાળજીથી પૂરી દીધું.

વાસીલી ચૂપ રહ્યો, જાણે બધો ભાર નીકીટા પર ન નાખી દીધો હોય! નીકીટાએ બૂટ ફરી પહેરીને પગ ગાડીમાં ખેંચી લીધા, હાથનાં મોજાં પહેરી લગામ લીધી, ને ઘોડાને સામેની ખાઇ તરફ લેતાં એક બાજુ વાળ્યો. સોએક વાર માંડ ગયા હશે એટલામાં ઘોડો ફરી અટકી ગયો. ખાઇ ફરી એમની સામે આવી હતી.

નીકીટા ફરી ઊતરીને બરફમાં આમતેમ ધીરેધીરે ફરવા લાગ્યો. ઘણી વાર સુધી એવી રીતે ફર્યો; ને છેવટે, જે દિશાએ ગયેલો તેની સામી દિશાએથી આવ્યો.

'શેઠ, જીવતા છો કે?' તેણે બૂમ પાડી.

'આ રહ્યો! કેમ, શી ખબર છે?'

'મને તો કંઇ જ સૂઝ પડતી નથી. અંધારામાં કશું દેખાતું નથી. જ્યાં જુઓ ત્યાં ખાઇઓ જ દેખાય છે. ફરી પાછા સામે પવને ચાલવું પડશે.'

ગાડી પાછી ચાલવા માંડી. નીકીટા ફરી બરફમાં લથડિયાં ખાતો ખાતો ગયો, ફરી ખાઇમાં પડ્યો, ફરી નીકળ્યો, ફાંફાં મારતો ફરવા લાગ્યો; ને છેવટે હાંફતો હાંફતો આવી ગાડી પાસે બેસી ગયો.

'કેમ, શી ખબર છે?' વાસીલીએ પૂછ્યું.

'શું હોય? હું તો થાકીને લોથ થઇ ગયો. ઘોડો પણ હવે ચાલે એમ નથી.'

'ત્યારે શું કરીશું?'

'ઊભા રહો પળવાર.'

નીકીટા ફરી ગયો, પણ તરત જ પાછો ફર્યો.

ઘોડાની આગળ જઇ તેણે કહ્યું: 'ગાડી લાવો મારી પાછળ

પાછળ.'

વાસીલી હવે હુકમો આપતો નહોતો, પણ નીકીટા કહે તેમ મૂંગો મૂંગો કર્યે જતો હતો.

'આ તરફ, આવો મારી પાછળ!' નીકીટાએ બૂમ પાડી જમણી તરફ જોરથી પગલાં ભર્યાં; અને લગામ પકડી ઘોડાને વહેતા બરફની એક ખાઇ તરફ લઇ ગયો.

ઘોડો પહેલાં તો અચકાયો. પણ પછી. ખાઇ કૂદી જવાશે એવી આશાએ, તેણે આગળ ઉછાળો માર્યો. પણ તેનામાં જોર રહ્યું નહોતું, એટલે તે ખાઇમાં ગળા સુધી ખૂંપી ગયો.

'નીચે ઊતરો.' વાસીલી ગાડીમાં બેસી રહ્યો હતો તેને નીકીટાએ બૂમ પાડી. એક તરફનો પોલ પકડી તેણે ગાડી ખસેડીને ઘોડાની નજીક આણી. ઘોડાને કહ્યું: 'કામ મુસ્કેલ છે, ભઇલા! પણ છૂટકો નથી. એકવાર જરા જોર કર! જરા, જરા, હાં, હાં!'

ઘોડાએ એક આંચકો માર્યો, બીજો માર્યો, પણ આગળ વધી શક્યો નહીં, ને જાણે કશાકનો વિચાર કરતો હોય એમ સ્તબ્ધ થઇને પાછો ઊભો રહ્યો.

'એ નહીં ચાલે, ભઇલા!' નીકીટાએ ઘોડાને શિખામણ દીધી. 'હવે એક જ વાર!'

ફરી નીકીટા એક બાજુનો પોલ ખેંચવા લાગ્યો, ને વાસીલી બીજી બાજુનો.

ઘોડાએ માથું ઊંચક્યું ને એકદમ આંચકો માર્યો.

'હાં! બરાબર! સાબાશ!' નીકીટા બૂમ પાડી ઊઠ્યો. 'ડરીશ મા — નહીં ડૂબી જાય તું!'

એક ધક્કો; બીજો; ત્રીજો; ને છેવટે ઘોડો ખાઇમાંથી બહાર નીકળી જઇ ઊભો રહ્યો, હાંફવા લાગ્યો, ને શરીર પર જામેલો બરફ ખંખેરી નાખવા લાગ્યો. નીકીટા એને આગળ લઇ જવા માગતો હતો. પણ વાસીલી બે જાડા ડગલાના ભારથી ને મહેનતથી એવો

હારી ગયો હતો કે એનાથી જરાયે ચલાય એવું રહ્યું નહોતું. એણે તો ગાડીમાં પડતું મૂક્યું.

'મને સાસ ખાવા દે જરા!' કહી તેણે પેલા ગામડામાં કલાના કૉલર પર જે રૂમાલ બાંધેલો તે છોડી નાખ્યો.

'હવે અહીં કશો વાંધો નથી. સૂઇ રહો તમે ગાડીમાં. હું ઘોડાને દોરી લઇશ,' નીકીટાએ કહ્યું. વાસીલી ગાડીમાં પડી રહ્યો; ને નીકીટા લગામ પકડી ઘોડાને દસેક પગલાં નીચાણ તરફ ને પછી સહેજ ઊંચાણ તરફ લઇ ગયો, ને ત્યાં ઊભો રહ્યો.

પેલી ઊંડી ખાઇમાં તો ટેકરીઓ પરથી ધસી આવતા બરફમાં તેઓ સાવ ડૂબી ગયા હોત. આ જે નવી જગાએ નીકીટા થોભ્યો તે છેક ખાઇમાં નહોતી એ ખરું, છતાં ખીણની બાજુમાં પવનના ઝપાટા સામે કંઇક રક્ષણ મળતું હતું. કેટલીક ક્ષણો આવતી જ્યારે પવનનું જોર સહેજ નરમ પડતું; પણ એવો વખત લાંબો ચાલતો નહીં, ને જાણે એ વિશ્રાન્તિનું વળતર વાળવા માટે પવન દસગણા જોશથી વાવા માંડતો, ને તેનો વંટોળ પહેલાંના કરતાં વધારે ભીષણતાથી સુસવાટા મારતો ને ઘૂમરી ખાતો. વાસીલી સાસ ખાઇને ગાડીમાંથી ઊતરી નીકીટા પાસે હવે શું કરવું એ વિષે વાત કરવા આવ્યો એ પછે એવી એક સખત ઝાપટ તેમને લાગી. બંને જણ આપોઆપ નીચા નમી ગયા, ને વંટોળનું જોર સહેજ શમે તેની રાહ જોવા લાગ્યા. ઘોડાએ પણ કાન વાળી દઇને બેચેનીથી માથું હલાવ્યા કર્યું. તોફાનનું જોર જરાક ઓછું થયું કે તરત નીકીટાએ હાથનાં મોજાં કાઢી નાખ્યાં, તેને પટાની અંદર ખોસી દીધાં, ને ઘોડાના તંગ છોડવા માંડ્યા.

'એ શું કરેછ અલ્યા?' વાસીલીએ પૂછ્યું.

'ઘોડાને છોડી નાખું છું. બીજું શું કરાય? મારામાં તો જરાયે હાય રહી નથી,' નીકીટા જાણે માફી માગતો હોય એવે અવાજે બોલ્યો.

'ગાડીમાં ક્યાંક નહીં જઈ શકાય?'

'ના, નહીં જવાય. જઈશું તો ઘોડો જીવથી જશે એટલું ખરું,' નીકીટાએ ઘોડા તરફ આંગળી કરીને કહ્યું. ઘોડો તો રાંક મોં કરી, જે વીતે તે વેઠી લેવા તૈયાર થઈને ઊભો હતો. એનાં ભીંજાઈ ગયેલાં પડખાં ઊંડા શ્વાસોચ્છ્વાસને લીધે ઊંચાંનીચાં થતાં હતાં. 'આપણે રાત અહીં રહેવું પડશે,' કહી નીકીટાએ જાણે ધર્મશાળામાં રહેવાનું હોય એવી રીતે તૈયારી કરી, ને ઘોડાના તંગ છોડવા માંડ્યા.

'પણ આપણે થીજી નહીં જઈએ?' વાસીલીએ કહ્યું.

'થીજી જઈએ તો જઈએ, પણ બીજો રસ્તો નથી હવે,' નીકીટાએ જવાબ વાળ્યો.

૬

વાસીલીએ રુવાંટીના બે ડગલા ચડાવ્યા હતા એટલે, અને ખાસ કરીને બરફની ખાઈમાં મહેનત કર્યા પછી, તેના શરીરમાં પૂરેપૂરો ગરમાવો આવ્યો હતો. છતાં, ખરેખર આ જગાએ જ રાત કાઢવી પડશે એવી ખબર પડતાં તેને શરીરે ટાઢની ધ્રુજારી આવી ગઈ. મનને શાંત પાડવા તે ગાડીમાં બેઠો, ને સિગરેટો ને દીવાસળી કાઢ્યાં.

દરમ્યાન નીકીટાએ ઘોડાની લગામ છોડી નાખી. પેટ ને પીઠ પરના તંગ છોડ્યા, રેન લઈ લીધી, ખભા પરનો પટો છોડ્યો, પોલ ખસેડી લીધા, ને એ બધો વખત ઘોડાને ઉત્સાહ આપવા તેની સાથે વાતો કરી.

પોલ ખેંચી લઈ ઘોડાને બહાર કાઢતાં તેણે કહ્યું: 'લે, બહાર આવ હવે! બહાર આવ! તને અહીંયાં બાંધી દઈશું. તને ઘાસ નીરીશ ને લગામ કાઢી લઈશ હોં. તું જરાક ઘાસ ખાશેને એટલે પાછો તાજો થઈ જશે.'

પણ ઘોડો બેચેન હતો. નીકીટાના શબ્દોથી એને ધારણ આવી હોય એમ દેખાયું નહીં. તે એકવાર એક પગ ને બીજીવાર બીજો

ઊંચો કરવા લાગ્યો; ગાડીની સોડમાં ભરાવા લાગ્યો; પવન તરફ પીઠ ફેરવી; ને નીકીટાની બાંય પર માથું ઘસવા લાગ્યો. પછી, જાણે નીકીટાએ નીરેલું ઘાસ ખાવાની ના પાડીને તેને દૂભવવો ન હોય એમ, તેણે ગાડીમાંથી ઘાસનો એક કોળિયો ભર્યો તો ખરો, પણ તરત જ આ ઘાસ ખાવાનો વખત નથી એવો નિશ્ચય કરી ઘાસ ફેંકી દીધું. પવને તે તરત જ વિખેરી નાખ્યું, વેરણછેરણ કરી નાખ્યું, ને બરફથી ઢાંકી દીધું.

'હવે આપણે કંઈક એંધાણ ઊભું કરીએ,' નીકીટાએ કહ્યું. ગાડીનું મોઢું પવન તરફ ફેરવી તેણે પોલને પટ્ટાથી બાંધ્યા, અને તેને ગાડીને મોખરે ઊભા કર્યા. 'લો, આપણે બરફથી ઢંકાઈ જઈશું ત્યારે ભલા લોકો આ પોલ જોશે ને આપણને ખોદી કાઢશે,' કરી તેણે હાથનાં મોજાં એકબીજા સાથે ફટફટાવીને પાછાં પહેરી લીધાં. 'ગૈડિયાઓએ અમને આમ કરવાનું શીખવેલું!'

દરમ્યાન વાસીલીએ ડગલો ઢીલો કરી તેની ચાળ ઊંચી કરી ઓઠું કર્યું, અને લોઢાની પેટી પર ગંધકની એક પછી એક દીવાસળી ઘસવા માંડી. પણ એના હાથ ધ્રૂજતા હતા; અને એક પછી એક દીવાસળી કાં તો સળગે નહીં, કાં તો સળગેલી દીવાસળી સિગરેટ સુધી પહોંચાડવા જાય એટલામાં હોલાઈ જાય. એમ કરતાં કરતાં છેવટે એક દીવાસળી સળગી, ને ક્ષણભર એની જ્યોતનો પ્રકાશ ડગલા પર, અંગૂઠા જોડેની વળેલી આંગળીએ પહેરેલી વીંટી પર, ને ગાદલા નીચેથી બહાર નીકળી આવેલા ને બરફે છંટાઈ ગયેલા ઓટના પરાળ પર પડ્યો. સિગરેટ સળગી એટલે વાસીલીએ આતુરતાથી એકબે દમ ખેંચ્યા, ધુમાડો મોઢામાં ઉતાર્યો, મૂછો પર થઈને તેને બહાર કાઢ્યો; ને વધારે દમ લીધા હોત, પણ પવને બળતી તમાકુને ઉખાડી નાખી, ને જેમ ઘાસને ફેંકી દીધું હતું તેમ તેને પણ દૂર ફેંકી ઉડાડી દીધી.

પણ આ થોડાક દમથી પણ વાસીલીના હોશ ઠેકાણે આવ્યા હતા.

'આપણે અહીં જ રાત ગાળ્યા વિના છૂટકો ન હોય, તો ભલે, ગાળીશું!' તેણે નિશ્ચયપૂર્વક કહ્યું. 'જરા ઊભો રહે, હું એના પર ધજા પણ લગાવું'. કહી તેણે ગળેથી છોડી લીધેલો રૂમાલ ગાડીમાં નાખી દીધેલો તે ઊચકી લીધો, હાથનાં મોજાં કાઢ્યાં, ગાડીના આગલા ભાગ પર ઊભો રહી પટા સુધી પહોંચવા લાંબો થયો, ને પટા જોડે રૂમાલ બાંધી સખત ગાંઠ વાળી દીધી.

રૂમાલ એકદમ જોરથી ફફડવા લાગ્યો. ક્યારેક પોલને વીંટળાઇ જાય, ને પાછો એકાએક છૂટો થાય, ને પહોળો થઇ ફડફડ ઊડવા માંડે.

'જો કેવો સરસ વાવટો છે!' વાસીલીએ પોતાની કારીગીરીની સ્તુતિ કરી ને ગાડીમાં પેસી ગયો. વળી કહેવા લાગ્યો: 'આપણે બે ભેગા હોઇએ તો હૂંફ તો વધારે લાગે, પણ અંદર બે જણ માય એટલી જગા નથી.'

નીકીટા કહે: 'હું તો જગા ખોળી લઇશ. પણ પહેલાં ઘોડાને ઓઢાડી લઉં. બાપડો થાકીને લોથ થઇ ગયો છે. જરા ઊંચા થાઓ!' કહી તેણે વાસીલી બેઠો હતો તેની તળેથી ગોદડી ખેંચી.

ગોદડી નીકળી એટલે તેને બેવડી વાળી, ને બેલીતંગ અને ડલ્લી કાઢી લઇને ગોદડી ઘોડાને શરીરે ઓઢાડી.

'કંઇ નહીં, જરા હૂંફ તો વળશે, બેવકૂફ!' કહી તેણે ગોદડી પર બેલીતંગ અને ડલ્લી પાછાં બાંધી દીધાં. એ કામ પતવી તે ગાડી આગળ આવ્યો, ને વાસીલીને કહ્યું: 'તમારે ગૂણપાટ તો નહીં જોઇએ નહીં, કે જોઇશે? ને થોડુંક ઘાસ મને લેવા દો.'

વાસીલીની બેઠક તળેથી ગૂણપાટ ને ઘાસ લઇ નીકીટા ગાડી પાછળ ગયો, ત્યાં બરફમાં ખાડો ખોદ્યો, એમાં ઘાસ પાથર્યું, ડગલો શરીરે સખત વીંટાળી લીધો, ઉપર ગૂણપાટ ઓઢ્યું, ટોપી મોઢા પર ખેંચાય એટલી નીચે ખેંચી, અને પવન ને બરફના ઝપાટાથી બચવા ગાડીની લાકડાની પીઠે અઢેલીને પોતે પાથરી રાખેલા ઘાસ પર બેઠો.

નીકીટાની આ રીત વાસીલીને ગમી નહીં, એટલે એ અણગમો દર્શાવવા તેણે માથું ધુણાવ્યું. ખેડૂતોની બેવકૂફી ને અભણ દશા પ્રત્યે જ તેને અણગમો હતો. તેણે રાત ગાડીમાં ગાળવાની તૈયારી કરવા માંડી.

બાકી જે ઘાસ રહ્યું હતું તે તેણે ગાડીમાં સરખું પાથરી દીધું, ને થોડુંક પોતાને પડખે મૂક્યું; પછી હાથ બાંયમાં ખોસી દીધા, સામેથી આવતો પવન માથાને ન લાગે તે માટે માથું ગાડીના ખૂણામાં ગોઠવી દીધું, ને સૂઇ ગયો.

ઊંઘી જવાની તેની ઇચ્છા નહોતી. સૂતે સૂતે તે વિચાર કરવા લાગ્યો: જે વસ્તુ એના જીવનના એકમાત્ર ધ્યેય, અર્થ, આનન્દ ને ગર્વરૂપ હતી તેના — એટલે કે પોતે કેટલા પૈસા પેદા કર્યા ને હજુ પેદા કરશે, પોતાના બીજા ઓળખીનાઓએ કેટલા પેદા કર્યા ને કોની કોની પાસે કેટકેટલી મૂડી છે, એ પૈસા તેમણે કેવા રીતે પેદા કર્યા ને પેદા કરે છે, અને એમની પેઠે પોતે પણ હજુ ઘણા વધારે પૈસા પેદા કરી શકશે તેના — જ વિચારો એને આવ્યાં કર્યા. ગોરિયાચકીનના જંગલની ખરીદી તેને મન અતિશય મહત્ત્વનો વિષય હતો. એ એક સોદામાંથી તેને દસેક હજાર રૂબલ કમાઇ લેવાની આશા હતી. એ જંગલમાં જે લાકડું તેણે પાનખરમાં જોયેલું તેની, ને પાંચ એકર જેટલા ભાગમાંનાં બધાં ઝાડ તે ગણી વળેલો તેની કિંમત તે મનમાં ગણવા લાગ્યો.

'ઓકનાં ઝાડ છે તેના લાકડામાંથી ગાડીઓનાં પાટિયાં થશે. એ મોટાં ઝાડની છાયામાં ઊગેલાં નાનાં ઝાડછોડનું તો જે થવાનું હશે તે થશે. તોયે દેસ્યાટીનદીઠ* ત્રીસેક સાસીન × લાકડું બળતણનું રહેશે,' તેણે મનમાં આંકડા મૂકવા માંડ્યા. 'એટલે કે એક એક દેસ્યાટીન પર ઓછામાં ઓછા સવાબસો રૂબલનું લાકડું રહેશે.

* ક્ષેત્રમાપનનું એક માપ. × તોલનું એક માપ.

છપ્પન દેસ્યાટીન એટલે છપ્પનસો; બીજા છપ્પનસો; છપ્પન ગુણ્યા દસ; બીજા છપ્પન ગુણ્યા દસ; ને છપ્પન ગુણ્યા પાંચ.' તેણે જોયું કે આંકડો બાર હજાર રૂબલ ઉપર જાય છે, પણ મોઢે મોઢે ચોક્સ હિસાબ તેનાથી ગણી શકાયો નહીં. 'પણ હું દસ હજાર થોડો જ પરખાવવાનો છું તે? હું તો આઠેક હજાર જ આપીશ, ને જંગલમાં વચ્ચે વચ્ચે ખુલ્લી જગા આવે છે તેના પૈસા કાપી લઇશ. સરવેયરને રાજી કરી દઇશ. એને સો રૂબલ આપીશ, કે દોઢસો આપીશ; ને એ ગણીને કહેશે કે પાંચેક દેસ્યાટીન પડતર જગાના બાદ કરવાના છે. અને એ આઠ હજારે સોદો પાકો કરશે. ત્રણ હજાર તો રોકડા. એ જોઇને એ પલળશે. એની તો કશી ફિકર નથી!' આવા વિચારો કરી તેણે હાથ વતી પૈસાનું પાકીટ દબાવી રાખ્યું.

'ભગવાન જાણે રસ્તો કેમ કરતાં ચુકાઇ ગયો. પણે જંગલ હોવું જોઇએ. પાસે ચોકીદારનું ઝૂંપડું હોય, ને કૂતરાં ભસતાં હોય. પણ સાળાં ખરે વખતે જોઇએ ત્યારે જ નહીં ભસવાનાં.' તેણે કાનેથી કોલર નીચો ઉતારી કાન માંડ્યા, પણ પહેલાંની પેઠે પવનનો સુસવાટ, પોલને બાંધેલા રૂમાલનો ફફડાટ, ને ગાડીના લાકડા સાથે અથડાતા બરફનો અવાજ, એ સિવાય બીજું કશું સંભળાતું નહોતું. તેણે કાન ફરી ઢાંકી દીધા.

'મને આવી ખબર હોત તો રાતવાસો રહી જાત. હશે, કશો વાંધો નથી; કાલે પહોંચાશે. એક જ દિવસ ખોટો થશે. ને પેલા બીજાઓ કંઇ આવી હવામાં મુસાફરી કરવાના નથી.' પછી એને યાદ આવ્યું કે કસાઇને બળદ આપેલો તેના પૈસા એની પાસેથી ૯ મી તારીખે લેવાના છે. 'એ જાતે આવવાનો હતો, પણ આવશે ત્યારે હું નહીં હોઉં, ને મારી બૈરીને પૈસા કેમ લેવા એની ખબર નહીં પડે. એને આવા કામની કશી ગતાગમ નથી.' આ વિચારની સાથે તેને યાદ આવ્યું કે ગઇ કાલની જાફતમાં પોલીસ અમલદાર

આવેલો તેની સરભરા કરતાં એની બૈરીને આવડ્યું નહોતું. 'છેવટે તો બિચારી બૈરીની જ જાત ને! એણે ક્યાંથી જોયું હોય કશું? બાપાના વખતમાં અમારું ઘર કેવું હતું? માત્ર પૈસાદાર ખેડૂતનું ઝૂંપડું; આટ દળવાની ચક્કી ને દુકાન — એટલી જ મિલકત હતી. પણ આ પંદર વરસમાં મેં કેટકેટલું મેળવ્યું છે? એક દુકાન, બે વીશી, એક લોટની ચક્કી, એક દાણાની વખાર, બે વાડીઓ સાથે આપેલી, ને લોઢાના છાપરાવાળા કોઠાર સાથેનું ઘર.' આ બધું યાદ કરતાં તેને ગર્વ ઊપજ્યો. 'બાપાના વખતમાં હતું એવું નહીં! આજે આખા જિલ્લામાં વાહવા કોની થાય છે? બ્રેખુનોવની! એ શાને લીધે? હું કામને વળગી રહું છું એને લીધે જ તો! હું મહેનત કરું છું. પેલા બીજા પથારીમાં પડી રહે છે કે વખત બગાડે છે એવું હું નથી કરતો. હું રાતે પણ એદીની પેઠે સૂઇ નથી રહેતો. તોફાન હોય કે તોફાનનો બાપ હોય તોયે હું નીકળી પડું છું. એટલે કામ થાય છે. લોકો માને છે કે પૈસા કમાવા એ રમતવાત છે. ના બાપા, ના; હાડકાં હલાવો ને મગજના ટુકડે ટુકડા કરો ત્યારે પૈસા થાય છે! આની પેઠે રાતે વગડામાં ઝપટાઇ જવું પડે, અથવા તો રાતોની રાતો મગજમાં વિચારોના વંટોળ ચાલતા હોય ને પથારીમાં પડખાં ઘસ્યા કરવાં પડે.' એ ચિતાર નજર આગળ ખડો થતાં તે મનમાં ફુલાયો. 'લોકોને લાગે છે કે નસીબ હોય તેને પૈસા મળે. મીરોનોવવાળા જુઓને. લખપતિ થઈ બેઠા છે. શાને લીધે? મહેનત કરે છે તો ભગવાન આપે છે. ભગવાન મને માત્ર સાજો રહેવા દેને તો બસ છે!'

મીરોનોવની પાસે શરૂઆતમાં કશું નહોતું છતાં તે મોટો લખપતિ થયો હતો. પોતે પણ એના જેવો લખપતિ થઇ શકશે એ વિચારનો વાસીલીને એટલો નશો ચડ્યો કે તેને કોઇની સાથે વાત કરી મનનો ભાર હળવો કરવાની જરૂર જણાઇ. પણ અહીં વાત કરનાર કોઇ ન હતું......ગોરિયાચકીન પહોંચાયું હોત તો જમીન-

દાર જોડે વાત કરત ને એને એકએ વાત બતાવત.

'જોને કેવો પવન વાય છે! અમારી આસપાસ બરફના એવા ઢગ જામશે કે સવારે અમે બહાર નીકળી શકવાના નથી!' તેની વિચારમાળા પાછી ચાલવા માંડી. એટલામાં પવનની એક સખત ઝાપટ ગાડીના આગલા ભાગને લાગી, એથી ગાડી વળી ગઈ, ને બરફ એની સાથે અથડાવા લાગ્યો. તેણે ઊંચા થઈને ચોમેર નજર નાખી. ચક્કર ચક્કર ફરી રહેલા અંધારામાં માત્ર ઘોડાનું કાળું માથું, તેની પીઠ પર ફડફડતી ગોદડી, ને તેનું જાડું ગાંઠવાળું પૂંછડું એટલું જ તે જોઈ શક્યો. આસપાસ ચોમેર, આગળ તેમજ પાછળ, એનું એ જ ધોળાશ પડતું અંધારું હતું: તેમાં વધઘટ થયાં કરતી હતી; ક્યારેક તે સહેજ આછું થતું ને ક્યારેક વધારે ગાઢ બનતું હતું.

'મેં નીકીટાનું કહેલું માન્યું એ જ ખોટું થયું. આગળ ચાલ્યા જવું જોઈતું હતું. ક્યાંક તો નીકળાત જ હોત. બીજે ક્યાંય નહીં ને પાછા ગ્રીશિંકો પહોંચ્યા હોત તોય ચાલત. તારાસને ઘેર રાતવાસો રહી જાત. હવે તો અહીં જ આખી રાત બેસી રહ્યે છૂટકો. પણ, હાં, હું શાનો વિચાર કરતો હતો? હા, એમ કે જે મહેનત કરે છે તેને ઈશ્વર આપે છે. રખડેલોને, ઊંઘણસીઓને કે બૂઠી અક્કલવાળાને નથી આપતો. પણ હવે તો બીડી પીવી પડશે!'

તે પાછો બેઠો; સિગરેટની ડબી કાઢી; પેટ પર આડો થયો, ને ડગલાની ચાળથી દીવાસળી આડે પડદો કર્યો. પણ પવન તો અંદર પેસી જઈ એક પછી એક દીવાસળી હોલવવા લાગ્યો. આખરે એણે એક સળગાવી ને સિગરેટ ચેતવી. તે મનનું ધાર્યું કરી શક્યો એથી ઘણું હરખાયો. સિગરેટ તેણે ફૂંકી તેના કરતાં વધારે તો પવન ફૂંકી ગયો, છતાં તેને બેત્રણ દમ ભરવા મળ્યા ને તેની સ્ફૂર્તિમાં વધારો થયો. તે ફરી અઢેલીને બેઠો, ડગલો ઓઢી લીધો, વિચારો કરવા માંડ્યા, જૂની વાતો યાદ કરવા માંડી, અને

એકાએક ને સાવ અણધારી રીતે તેનું ભાન જતું રહ્યું, ને તેને ઊંઘ આવી ગઇ.

તેને ઓચિંતો ધક્કો વાગ્યો હોય એવું લાગ્યું, ને તે જાગી ગયો. કાં તો ઘોડાએ ગાડીમાંથી ઘાસ ખેંચ્યું હોય; અથવા તો એના મનના કંઇક તરંગને લીધે તે ઝબકી ગયો હોય. ગમે તેમ પણ તે જાગી ગયો. તેનું હૈયું વધારે ને વધારે ઝડપથી ધબકવા લાગ્યું, ને તેને લીધે નીચે ગાડી કાંપતી હોય એવો ભાસ થયો. તેણે આંખો ઉઘાડી. આસપાસનો બધો દેખાવ જેવો ને તેવો જ હતો. તેને થયું, 'અજવાળું કંઇક વધ્યું દેખાય છે. મને લાગે છે પરોડને હવે બહુ વાર નહીં હોય.' પણ તરત જ યાદ આવ્યું કે અજવાળું વધવાનું કારણ તો ચંદ્ર ઊગ્યો એ હતું. તે બેઠો થયો ને પહેલી ઘોડા તરફ નજર નાખી. ઘોડો હજુ પવન તરફ પીઠ કરીને ઊભો હતો, ને તેનું આખું શરીર ધ્રૂજતું હતું. ગોદડી આખી બરફથી ઢંકાઇ ગઇ હતી, ને તેનો એક ભાગ ઊડીને ખસી ગયો હતો. ગોદડી ખસી ગઇ હતી; ને બરફે છવાયેલું માથું ને તેના પર પવનમાં લહેરિયાં લેતો વાળનો ગુચ્છો ને કેશવાળી હવે વધારે સહેલાઇથી દેખાતાં હતાં. વાસીલીએ ગાડીના પાછલા ભાગ પર વાંકો ડોક કરી પાછળ નજર નાખી. નીકીટાએ જ્યાં આસન જમાવ્યું હતું ત્યાં જ તે હજુ બેઠો હતો. તેણે ઓઢેલું ગુણપાટ, ને તેના પગ, બંને પર બરફના જાડા થર જામ્યા હતા.

'આ ખેડૂત થીજીને મરી ન જાય તો સારું! કેવાં રેઢિયાળ છે એનાં કપડાં! એ મરી જશે તો કદાચ મને જવાબદાર ગણવામાં આવશે. કેવા ગમાર લોકો છે! કેળવણીનું તો નામ ન મળે;' વાસીલીને વિચારો આવ્યા. ઘોડાની પીઠ પરથી ગોદડી કાઢી નીકીટા ને ઓઢાડવાનું મન તો થઇ આવ્યું. પણ પાછું થયું કે આવી ટાઢમાં બહાર નીકળીને ફરાશે કેમ કરીને? વળી એમ કરતાં કદાચ ઘોડો થીજીને મરી જાય તો? 'આ બોતને હું સાથે લાવ્યો જ શા

સારુ? પેલીની જ બેવકૂફી નડી!' એ વિચારની સાથે તેને અળખામણી પત્નીનું સ્મરણ થયું, ને તે ખસીને પાછો ગાડીના આગલા ભાગમાં પહેલાંની જગાએ પહોંચી ગયો. વળી વિચાર આવ્યો: 'મારા કાકાએ એકવાર આખી રાત આવી રીતે ગાળી હતી, ને તોયે એ હેમખેમ નીકળ્યા હતા.' પણ તરત જ બીજો એક દાખલો યાદ આવ્યો: 'પણ સેબાસ્ટિયનને લોકોએ ખોદી કાઢ્યો ત્યારે એ તો મરેલો નીકળ્યો હતો—થીજી ગયેલા મડદાની પેઠે એનું આખું શરીર અકડાઇ ગયેલું હતું. હું ગ્રીશિંકો રાતવાસો રહી ગયો હોત તો આ બધી ઉપાધિ ન થાત!'

તેણે ડગલો કાળજીપૂર્વક શરીરે વીંટાળી લીધો, જેથી એમાંની ગરમી જરા પણ એળે ન જાય, ને ગળું, ઢીંચણ, ને પગ એ બધાંને હૂંફ લાગે. પછી તેણે આંખો મીંચી ફરી ઊંઘી જવાનો પ્રયત્ન કર્યો. પણ ઘણી મથામણ કરી તોયે આંખમાં ઘેન ભરાયું જ નહીં. ઊલટી ઊંઘ સાવ ઊડી ગઇ, ને શરીરમાં સ્ફૂર્તિ લાગવા માંડી. ફરી તેણે પોતે કરેલા નફાની ને ધીરેલા પૈસાની ગણતરી કરવા માંડી. ફરી મનમાં ને મનમાં બડાશ હાંકવા માંડી, ને પોતે ને પોતાની સ્થિતિ બંનેને વિષે મનમાં ફુલાવા માંડ્યું. પણ એક બીક છૂપી રીતે ચાલી આવતી હતી, ને ગ્રીશિંકો રાત ન રહ્યાનો પસ્તાવો થતો હતો, એને લીધે રંગમાં ભંગ પડી જતો.

'ખાટલા પર ઓઢીને નિરાંતે પડી રહ્યા હોત તો કેવી જુદી સ્થિતિ હોત!' પવન ઓછો લાગે એવી, વધારે આરામવાળી જગાએ સૂવાના પ્રયત્નો કરતાં કરતાં એણે ઘણીવાર પાસાં ફેરવ્યાં, પગ પર વધારે જોરથી ડગલો વીંટાળ્યો, આંખો બંધ કરી, ને સુનમુન પડી રહ્યો. પણ કાં તો મજબૂત બનાતના બૂટવાળા એના પગ એકની એક રીતે વળેલા રહેવાથી દુખવા લાગ્યા હોય, અથવા ક્યાંકથી પવનનો સપાટો અંદર આવ્યો હોય; પણ થોડીક વાર શાન્ત પડી રહ્યા પછી તેને પેલી બેચેન કરનારી વાત ફરીફરી યાદ આવવા

લાગી કે અત્યારે તે ગ્રીશિંકોના પેલા હૂંફાળા ઘરમાં ઘસઘસાટ ઊંઘતો હોત. તે ફરી બેઠો થયો, આમતેમ ફર્યો, મોઢેમાથે ઓઢી લીધું, ને પાછો સૂઇ ગયો.

એકવાર તો તેને એવો ભણકાર આવ્યો જાણે કે દૂર કૂકડો બોલ્યો. તે રાજી થયો, ડગલાનો કૉલર ઉતાર્યો, ને કાન માંડીને સાંભળી રહ્યો. પણ એ બધા પ્રયત્નો છતાં, એ પોલની વચ્ચે આવતો પવનનો સૂસવાટ, રૂમાલનો ફડફડાટ, ને ગાડીએ અથડાતો બરફનો અવાજ, એ સિવાય કશું સંભળાયું નહીં.

નીકીટા જેવો પહેલેથી બેઠેલો તેવો જ બેસી રહ્યો હતો. ન તો એ હાલ્યો; ન તો વાસીલીએ બેવાર બૂમ પાડી તેનો જવાબ એણે આપ્યો. વાસીલીએ ગાડીની પાછળ, બરફના જાડા થરથી ઢંકાઇ ગયેલા નીકીટા સામે નજર નાખી જોઇ. 'એને છે કંઇ ચિન્તા? ઊંઘતો હશે નિરાંતે!' આ વિચાર આવતાં વાસીલીને ચીડ ચડી.

વાસીલી ઊઠ્યો ને પાછો સૂઇ ગયો. આમ વીસેકવાર એણે કર્યું. એને થયું રાત કદી પૂરી થવાની જ નથી. 'પરોડ થવા આવ્યું હશે,' એવો વિચાર આવતાં તેણે ઊઠીને આસપાસ નજર નાખી જોઇ. ફરી થયું: 'લાવને; ઘડિયાળ તો જોઉં. બટન ખોલતાં ટાઢ તો વાશે, પણ વહાણું વાવા આવ્યું છે એટલી ખબર પડે તો મનને તો જરા નિરાંત વળે. ઊઠીને ઘોડાને સામાન બાંધવા મંડાય.'

વાસીલીને હૃદયના ઊંડાણમાં તો એમ થયું હતું કે હજુ પરોડ થવા આવ્યું નહીં હોય. પણ એની બીક વધતી હતી, એટલે એના મનમાં ખરી સ્થિતિ જાણવાની, ને છતાં પોતાના મનને છેતરવાની, એમ બંને ઇચ્છાઓ થતી હતી. તેણે ડગલાનું બટન સંભાળથી ખોલ્યું, હાથ અંદર નાખ્યો, અને ઘણાં ફાંફાં માર્યાં ત્યારે હાથ જાકીટ સુધી પહોંચ્યો. એનેમેલની ફૂલની ભાતવાળું ચાંદીનું ઘડિયાળ તેણે મહામુસીબતે કાઢ્યું. દીવા વિના તો કશું દેખાય એમ હતું નહીં. સિગરેટ સળગાવતી વખતે પડેલો એમ તે

ફરી પાછો ઢીંચણ ને કોણી પર નીચો પડ્યો, દીવાસળીઓ કાઢી, ને તેમાંની એક સળગાવવા માંડી. આ વેળા એણે વધારે કાળજીથી કામ લીધું, અને મોટામાં મોટા માથાવાળી ને વધારેમાં વધારે ફોસફરસવાળી દીવાસળી આંગળી વડે શોધી કાઢી તેને પહેલે જ પ્રયત્ને સળગાવી. ઘડિયાળનો ચંદો અજવાળામાં લાવીને જોતાં તેના અચંબાનો પાર રહ્યો નહીં......બાર ઉપર દસ જ મિનિટ થઇ હતી. હજુ તો લગભગ આખી રાત બાકી હતી.

'અરેરે, રાત કેવી લાંબી છે!' એ વિચાર આવતાં તેને શરીરે ટાઢની ધ્રુજનરી આવી ગઇ. તેણે બંને ડગલાનાં બટન ફરી બાંધી લીધાં, ને ધીરજથી રાહ જોવાનો નિશ્ચય કરી ગાડીના એક ખૂણામાં ગોટિયું વાળીને ભરાઇ બેઠો. એકાએક, પવનના એકલસૂસરા ઘૂઘવાટ ઉપરાંત, તેણે બીજો નવો ને જીવતો અવાજ સ્પષ્ટ સાંભળ્યો. એ અવાજ વધારે ને વધારે મોટો થતો ગયો, અને બહુ જ સ્પષ્ટ સંભળાયા પછી પાછો એટલો જ ધીમેધીમે ધીરો પડતો ગયો. એ વરુ હતું એમાં જરાયે શંકા નહોતી. અને એ વરુ એટલું પાસે હતું કે એણે અવાજ બદલ્યો તે વખતની એનાં જડબાંની હિલચાલ પણ પવનમાં સંભળાઇ. વાસીલીએ ડગલાનો કોલર નીચો ઉતારી કાન માંડ્યા. ઘોડાએ પણ કાન હલાવી સાંભળવાનો પ્રયત્ન કર્યો; અને વરુએ એની ગર્જના બંધ કરી એટલે ઘોડાએ એક પછી એક પગ ઊંચા કરીને પાછા જમીન પર મૂકવા માંડ્યા, ને ચેતવણીરૂપે હણહણ્યો. આ પછી વાસીલીને ફરી ઊંઘ આવી નહીં તેમ તેના જીવને શાન્તિ પણ ન વળી. પોતાના હિસાબ, પોતાનો વેપાર, પોતાની પ્રતિષ્ઠા, પોતાની યોગ્યતા, ને પોતાની માલમતાનો જેમજેમ વધારે વિચાર તે કરવા લાગ્યો તેમતેમ તેના મનમાં ભયનું જોર વધતું ગયું; અને પોતે ગ્રીશિંકામાં રાત ન રહ્યો એનો પસ્તાવો તેના ચિત્તને બેચેન કરવા ને તેના તમામ વિચારોમાં ભળવા લાગ્યો.

'પૂળો મૂક એ જંગલ પર! ઇશ્વરની કૃપાથી એના વિનાયે લીલાલહેર છે. અરે ભગવાન, અમે ત્યાં રાત રહી ગયા હોત તો!' તેણે મનમાં જ કહેવા માંડ્યું. 'લોકો કહે છે બહુ દારૂ પીનારા માણસો જ બરફમાં થીજીને મરી જાય છે, ને મેં તો દારૂ પીધો છે.' પોતાને થતી લાગણીઓ તપાસતાં તેણે જોયું કે પોતે થથરવા લાગ્યો હતો. થથરાટ ટાઢનો હતો કે બીકનો એની તેને ખબર નહોતી. તેણે ગોટપોટ ઓઢીને પહેલાંની જેમ સૂઇ રહેવાનો વિચાર કર્યો, પણ તેનાથી સુવાયું નહીં. એકની એક સ્થિતિમાં તેનાથી રહેવાય જ નહીં. તેને ઊઠવાનું મન થયું; તેના મનમાં જે ભય જુવાળની પેઠે ચઢ્યે જતો, હતો ને જેની સામે પોતે સાવ લાચાર છે એમ તેને લાગવા માંડ્યું હતું, તે ભયને જીતવા તેને કંઇ પણ કરવાનો વિચાર આવવા લાગ્યો. તેણે ફરી સિગરેટ ને દીવાસળીઓ કાઢી. પણ હવે ત્રણ જ દીવાસળી બાકી રહી હતી, ને તે ખરાબ હતી. ત્રણે પરનો ફૉસફરસ ઘસાઇ ગયો, ને એકે સળગી નહીં.

'જાને જહાનમમાં! બદમાસ! તારું મોઢું કાળું કર!' તે બબડવા લાગ્યો. કયા માણસને કે કઇ ચીજને તે ગાળ દેતો હતો એનું તેને ભાન નહોતું. કચરાયેલી સિગરેટ તેણે ફેંકી દીધી. દીવાસળીની પેટી પણ ફગાવી દેવા જતો હતો, પણ તેમ ન કરતાં હાથની ગતિને રોકી લઇ પેટી ગજવામાં મૂકી દીધી. તેના મનને એટલી બધી બેચેની થતી હતી કે એક જગાએ બેસવું કે સૂવું તેને અશક્ય થઇ પડ્યું. તે ગાડીમાંથી ઊતર્યો. પવન સામે પીઠ કરી પટો ઢીલો કર્યો, ને કમર પર નીચો ઉતારી બાંધી દીધો.

'અહીં પડી રહીને મોતની રાહ જોયાં કરવાથી શો લાભ? એના કરતાં તો ઘોડા પર બેસીને ભાગી જવું સારું!' આ વિચાર એને એકાએક સૂર્યો. 'ઘોડાની પીઠ પર કોઈ માણસ હશે તો તે ચાલશે.' નીકીટાની યાદ આવતાં વિચાર આવ્યો: 'એને તો જીવવું

મરવું સરખું છે. એની જિંદગીની શી કિંમત છે? એને જિંદગી ગયાનું દુ:ખ નહીં થાય. પણ મારે તો ભગવાનની કૃપાએ ઘેર લીલી વાડી છે, એટલે મારે તો જીવવાની બહુ જરૂર છે.'

તેણે ઘોડાને છોડ્યો, તેની ગરદન પર લગામ નાખી, ને ચડવાનો પ્રયત્ન તો કર્યો; પણ તેના ડગલા ને બૂટનું વજન એટલું ભારે હતું કે તેનાથી ચડી શકાયું નહીં. પછી તેણે ગાડીમાં ચડી ત્યાંથી ઘોડા પર ઠેકવાનો પ્રયત્ન કરી જોયો. પણ તેનું વજન એક બાજુ આવવાથી ગાડી ઊલળી, ને ફરી તેનાથી બેસાયું નહીં. છેવટે તેણે ઘોડાને ગાડી પાસે આણ્યો, સંભાળ રાખીને પોતે ગાડીની એક તરફ સમતોલપણે ઊભો રહ્યો, ને જેમતેમ કરીને ઘોડાની પીઠ પર ઊંધો પડ્યો. પળવાર એ રીતે પડી રહ્યા પછી તે સહેજ આગળ વધ્યો, એક પગ નીચે નાખ્યો, ને છેવટે બેઠો થઈ ગયો. પગને તંગના લટકતા છૂટા પટા પર ટેકવ્યા. ગાડીના ખખડાટથી નીકીટા જાગ્યો. તે ઊંચો થયો, ને તે કંઈક કહે છે એમ વાસીલીને લાગ્યું.

'તારા જેવા બેવકૂફોનું જ સાંભળશે ને! વિનાકારણ આ રીતે મરી જાઉં હું?' વાસીલી બોલી ઊઠ્યો. ડગલાની ચાળના છૂટા છેડા ઢીંચણ નીચે દબાવી દીધા, ઘોડાને ફેરવ્યો, ને જે દિશામાં જંગલ અને ચોકીદારનું ઝૂંપડું હોવાં જોઈએ એવું એનું અનુમાન હતું તે દિશાએ ચાલ્યો ગયો.

૭

નીકીટા ગુણપાટ ઓઢીને ગાડી પાછળ બેઠો ત્યારથી બિલકુલ હાલ્યો નહોતો. જે માણસો કુદરતના સમાગમમાં રહે છે ને જેમણે દારિદ્રય ભોગવ્યું હોય છે તેમનામાં હોય છે એવી ધીરજ એનામાં હતી; અને એ કલાકો સુધી, ક્યારેક દિવસો સુધી પણ, રાહ જોઈ શકતો. ને છતાં બેચેન કે ચિડિયલ બની જતો નહીં. તેણે શેઠની

હાક સાંભળી તો ખરી પણ જવાબ ન આપ્યો, કેમ કે તેને હાલવું કે બોલવું નહોતું. ચા પીધાથી તેમજ બરફની ખાઇમાંથી ચડતી વખતે કરેલી સખત મહેનતથી તેના શરીરમાં જે ગરમાવો આવેલો તે હજુ જરાજરા ટકી રહ્યો હતો. પણ તેને ખબર હતી કે એ ગરમાવો હવે લાંબો વખત નહીં ટકે. અને ફરી ચાલીને ગરમાવો મેળવવા જેટલી શક્તિ તેના શરીરમાં રહી નહોતી; કેમકે કોઇ ઘોડો થાકીને થંભી જાય ને ચાબૂક પડે તોપણ ચાલે નહીં, ને એને ખાવાનું અપાય તે પછી જ એ ફરી કામ કરી શકશે એમ એના શેઠને ખબર પડે, એના જેવી નીકીટાની દશા હતી. તેણે જે પગે કાણાવાળો બૂટ પહેર્યો હતો તે પગનો અંગૂઠો અકડાઇને જૂઠો પડી ગયો હતો. વળી તેના આખા શરીરમાં શીત વ્યાપતું જતું હતું.

'હું કદાચના,—કદાચ શું, ઘણું કરીને—આજે રાતે જ મરી જઇશ,' એવો વિચાર એને આવ્યો ખરો, પણ એ વિચાર એને દુઃખપ્રદ કે ભયાનક લાગ્યો નહીં. તેનાથી એને ખાસ દુઃખ ઊપજ્યું નહીં, કેમકે એની આખી જિંદગી ફુરસદમાં ને રંગરાગમાં નહોતી ગઇ, એટલું જ નહીં પણ સતત વૈતરું કરવામાંથી એને કાચરેય માથું ઊંચું કરવા વારો નહીં આવેલો, ને એવા ગદ્ધાવૈતરાથી તેનો જીવ અકળાવા લાગ્યો હતો. વળી એ વિચારથી એને ખાસ ડર ન લાગ્યો, કેમકે એણે આ દુનિયામાં વાસીલી જેવા કેટલાયે શેઠોની નોકરી કરી હતી એ ખરું; પણ જે મોટા શેઠે તેને આ દુનિયામાં મોકલ્યો હતો તે શેઠ જ પોતાનો ખરો માલિક ને અન્નદાતા છે એ ભાન એણે મનમાં નિરંતર જાગતું રાખ્યું હતું; અને એને ખબર હતી કે મરતી વખતે પણ પોતે એ મોટા શેઠના જ તાબામાં હશે, ને એ શેઠ એના બૂરા હાલ નહીં થવા દે. 'માણસને સગાંસંબંધી ને ઘરબાર વગેરે જે લાંબા વખતથી જોયું ને ભોગવ્યું હોય તે છોડીને જવું વસમું તો લાગે. પણ એનો કંઇ ઇલાજ નથી. હું નવી વસ્તુઓને ટેવાઇ જઇશ.'

'પાપ?' તેને વિચાર આવ્યો; ને તેની સાથે તેણે જે દારૂબાજી કરેલી, દારૂમાં પૈસા વેડફી નાખેલા, બૈરીને મારેલી, ગાળાગાળી કરેલી, દેવળ અને ઉપવાસ વગેરે પ્રત્યે દુર્લક્ષ કરેલું, ને તેણે પાદરી આગળ પોતાનાં પાપની કબૂલાત કરી ત્યારે પાદરીએ તેને જે જે કામ માટે ઠપકો આપેલો, એ બધું યાદ આવ્યું. 'એ પાપ તો હતાં જ એમાં શંકા નહીં. પણ એ કંઈ મેં રાજીખુશીથી કરેલાં? ભગવાને જ મને એવો બનાવ્યો તેને હું શું કરું? અને પાપ? હવે નાસીને ક્યાં જાઉં?'

આમ પહેલાં તો એને એ રાતે પોતાની શી વલે થશે એના વિચાર આવ્યા. પછી એણે એ વિચાર ફરીફરીને ન કર્યા, પણ જે જે સ્મરણો મનમાં આપોઆપ જાગે તેને માટે રસ્તો મોકળો કરી દીધો. એકવાર એને મારથાનું આગમન, મજૂરોની દારૂબાજી, ને પોતે લીધેલી દારૂત્યાગની પ્રતિજ્ઞા યાદ આવ્યાં. પછી આજની મુસાફરી, તારાસનું ઘર, ને ભાઈભાઈની જુદા-થવાની વાત યાદ આવ્યાં. પછી પોતાનો છોકરો, ગોદડીથી ઢંકાઈને ઊભેલો ઘોડો મુખોરટી, અને ગાડીમાં પાસાં ફેરવતા, ઊઠબેસ કરતા, ને એમ કરીને ગાડીને ચરડ ચરડ બોલાવતા શેઠ, એ બધું યાદ આવ્યું. તેણે વિચાર કર્યો. 'મને લાગે છે, ભલા માણસ, કે તમે નીકળ્યા એનો તમને જ પસ્તાવો થતો હશે. આવી જિંદગી છોડીને જવું વસમું તો લાગે જ ને! એ કંઈ અમારા જેવી વૈતરાની જિંદગી નથી.'

પછી આ બધાં સ્મરણો ઝાંખાં પડતાં ગયાં, મગજમાં એની સેળભેળ ચાલી, ને તેને ઊંઘ આવી ગઈ.

પણ વાસીલીએ ઘોડા પર ચડતી વેળા, જે ગાડીને અઢેલીને નીકીટા બેઠો હતો તેને હલાવી, તેને લીધે ગાડી ખસી ગઈ, ને તેનું પાટિયું નીકીટાને પીઠમાં વાગ્યું, એટલે તે જાગી ગયો; ને તેને મને કમને પણ બેઠક બદલવી પડી. તેણે મુસીબતે પગ લંબાવ્યા, ને તેના પરથી

બરફ ખંખેરી ઊભો થયો, કે તરત જ તેને આખે શરીરે ટાઢની સખત ધ્રુજારી આવી ગઇ. વાસીલી ચાલ્યો જાય છે એમ જોઇને તેણે બૂમ પાડી : 'શેઠ, ઘોડાને પેલી ગોદડી હવે નથી જોઇતી, તે મારે માટે મૂકતા જાઓ. હું તે ઓઢી લઉં.'

પણ વાસીલી થોભ્યો નહીં. તે તો ભૂકી જેવા બરફમાં અલોપ થઇ ગયો.

નીકીટા એકલો પડ્યો, એટલે ક્ષણવાર તો તેણે વિચાર કરી જોયો કે હવે શું કરવું ? તેને લાગ્યું કે હવે કોઇ ઘોડા શોધવા નીકળી પડવા જેટલી તાકાત તો શરીરમાં રહી નથી. જૂની જગાએ બેસાય એવું પણ હવે રહ્યું નહોતું. ખાડો આટલી વારમાં બરફથી આખો પુરાઇ ગયો હતો. એને થયું કે ગાડીની અંદર પણ હૂંફ વળે એમ નથી; કેમકે ઓઢવાનું કશું રહ્યું નહોતું, ને પહેરેલા ડગલાથી હવે શરીરને જરાયે હૂંફ વળતી નહોતી. જાણે એકલું ખમીસ જ પહેર્યું ન હોય એટલી ટાઢ વાતી હતી. તેને બીક લાગી. 'હે ભગવાન, હે સ્વરગમાં બેઠેલા પિતા !' તે ગગણ્યો. 'હું એકલો નથી, પણ મારી ધા સાંભળનાર પરમેશ્વર બેઠેલો છે ને તે મને તજી દેવાનો નથી,' એવું ભાન થતાંવેંત તેના મનને ધારણ આવી. તેણે ઊંડો નિસાસો નાખ્યો. ગુણપાટ માથે મૂકી તે ગાડીમાં પેઠો, ને જે જગાએ એનો શેઠ સૂઇ ગયેલો તે જ જગાએ સૂઇ ગયો.

પણ તેને ગાડીમાંયે હૂંફ વળી નહીં. પહેલાં તો આખું શરીર શરીર ટાઢથી થથરવા લાગ્યું. પછી ધ્રુજારી શમી ગઇ, ને તે ધીરેધીરે બેભાન બનવા લાગ્યો. મોત આવે છે કે ઊંઘ, એની એને ખબર રહી નહીં; પણ એમાંથી જે આવે તેને માટે પોતે સરખો તૈયાર છે એમ એને લાગ્યું.

૮

દરમ્યાન વાસીલીએ પગ વડે ને લગામના છેડા વડે ઘોડાને

ચલાવી, જે દિશામાં જંગલ અને ચોકીદારનું ઝૂંપડું છે એવી અટકળ તેણે કરી હતી તે દિશાએ વાળ્યો હતો. બરફ તેની આંખોમાં ભરાઇ જતો હતો; ને પવનનો તેને રોકવાનો નિશ્ચય હોય એમ દેખાતું હતું. છતાં તેણે તો માથું નીચું નમાવ્યું; ને ઘોડાની ડલ્લી તેને ખૂંચતી હતી તેની ને પોતાના શરીરની વચ્ચે ફરીફરી ડગલાની ચાળ ખોસ્યાં કરી; ને ઘોડાને હાંકયે રાખ્યો. ઘોડો જે દિશામાં એને વાળવામાં આવતો હતો તે દિશામાં, મુશ્કેલીથી છતાં શેઠનો હુકમ માથે ચડાવીને, રવાલની ચાલે ચાલતો હતો.

વાસીલીએ પાંચેક મિનિટ ઘોડાને સીધો ચલાવ્યો. પણ તેને ઘોડાનું માથું ને ધોળા બરફનું રણ એ સિવાય કશું દેખાતું નહોતું. ઘોડાના ખભા આગળ ને પોતાના ડગલાના કોલરની આસપાસ પવનનો સુસવાટ થતો હતો તે સિવાય કશું સંભળાતું નહોતું.

એકાએક સામે એક કાળું ધાબું દેખાયું. તેનું હૃદય હરખથી નાચી ઊઠ્યું, ને તેણે ઘોડો એ ધાબા તરફ વાળ્યો. તેને કલ્પનામાં ગામડાનાં ઘર પણ દેખાવા માંડ્યાં હતાં. પણ એ કાળું ધાબું સ્થિર નહોતું, હાલ્યાં કરતું હતું; અને એ ગામડું નહોતું, પણ બે ખેતર વચ્ચેની પાળ પર બરફમાં ચોંટી રહેલાં ઊંચાં ઠૂંઠાં ઝાડવાંનાં હતાં. તે પવનના સપાટામાં જોરથી ઊડી રહ્યાં હતાં; ને પવન એ સહુને એક દિશામાં વાળી તેની વચ્ચે થઇને સૂસવી રહ્યો હતો. નિર્દય પવનની સતામણી ભોગવી રહેલાં એ ઝાડવાંને જોઇ વાસીલીને કોણ જાણે કેમ પણ કંપારી આવી ગઇ. તેણે ઘોડાને ઉતાવળે હાંક્યો. તેને એ ખ્યાલ ન રહ્યો કે ઝાડવાં પાસે થઇને પસાર થયા પછી તેણે દિશા સાવ બદલી નાખી હતી, ને હવે તે પહેલાંથી ઊલટી જ દિશામાં જતો હતો; પણ એના મનમાં તો એમ જ હતું કે હું ઝૂંપડાની દિશામાં જઇ રહ્યો છું. ઘોડો ફરીફરી જમણી બાજુ વળવા જતો હતો, ને વાસીલી એને ફરીફરી ડાબી બાજુ વાળતો હતો.

ફરી સામે કંઈક કાળું કાળું દેખાવા લાગ્યું. તે ફરી હરખાયો. તેને ટાઢક વળી કે હાશ, હવે તો ગામડું આવ્યું. પણ એ તો ફરી એની એ જ ઝાડવાંવાળી ખેતરની હદ હતી. એનાં એ જ ઝાડવાં પવનમાં ઊછળી રહ્યાં હતાં. એ જોઈને એના હૃદયમાં કંઈક અકળ બીક પેસી ગઈ. પણ એ એનાં એ ઝાડવાં હતાં એટલું જ નહોતું; કેમકે એની પાસે જ ઘોડાનાં પગલાં પડેલાં હતાં ને તેના પર ક્યાંક ક્યાંક બરફ ફરી વળેલો હતો. વાસીલી થોભ્યો, ને તેણે નીચા નમી કાળજીથી નિરીક્ષણ કર્યું. એ ઘોડાનાં જ પગલાં હતાં; ને તેમાંથી કેટલાંક જ બરફ છવાઈ વળવાથી ભૂંસાયેલાં હતાં. એટલે એ એના ઘોડાનાં જ પગલાં હોઈ શકે. એનો અર્થ એ કે તે એક નાના સરખા કુંડાળામાં ફરી આવ્યો હતો. તેને થયું આ રીતે તો હું મરી જ જવાનો. પણ એ બીકને વશ ન થવા માટે તેણે ઘોડાને વધારે જોરથી હાંક્યે રાખ્યો, ને બરફથી છવાયેલા અંધારામાં ડોકયાં કરવા માંડયાં, પણ ત્યાં તો ક્યાંક ક્યાંક હાલતાં ને સહેજમાં સરકી જતાં ધોળાં ધાબાં જ દેખાવા લાગ્યાં. એકવાર એને એવો ભણકાર આવ્યો જાણે કૂતરાં ભસ્યાં કે વરુએ ગર્જના કરી. પણ એ અવાજ એટલા ઝાંખા ને અસ્પષ્ટ હતા કે એ ખરેખર સંભળાયા કે એના મને ઠાલી કલ્પના જ કરી એ તેને સમજાયું નહીં. એટલે તે થોભી ગયો, ને બહુ ધ્યાન દઈને સાંભળવા લાગ્યો.

એકાએક કંઈક ભયંકર, કાન ફાડી નાખે એવો, અવાજ તેને કાને ભટકાયો, ને તે બેઠો હતો તેની નીચે બધું કાંપી ને હાલી ઊઠ્યું. તેણે ઘોડાની ગરદન પકડી, પણ ઘોડો પણ આખે શરીરે કાંપતો હતો, એટલે પેલો ભીષણ અવાજ વધારે ભયંકર લાગવા માંડ્યો. થોડીક પળ તો વાસીલીનો જીવ હેઠો બેઠો નહીં, તેમ શું થાય છે એની એને સમજ પડી નહીં. વાત તો એ હતી કે ઘોડાએ, કાં તો હોશમાં આવવા અથવા મદદ માગવા, જોરથી ને

પડઘો પડે એવી રીતે હણહણાટ કર્યો હતો. 'હત્ તારીની, સાવ બેવકૂફ! કેવો ડરાવી માર્યો મને, કમજાત!' વાસીલી મનમાં બોલી ઊઠ્યો. પણ ભયનું કારણ કળાયું તોયે તે ભયને દૂર કરી શક્યો નહીં.

'મારે જરા સ્વસ્થ થવું જોઇએ ને પૂરો વિચાર કરી લેવો જોઇએ,' તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો. છતાં તેનાથી થોભી શકાયું નહીં, ને તેણે ઘોડાને હાંક્યે રાખ્યો. તેમ કરતાં તેને એ ભાન ન રહી કે તે પવનની સામે જવાને બદલે પવન જે તરફ વાતો હતો તે તરફ જ જઇ રહ્યો છે, ને પવન પીઠ પાછળથી આવવા લાગ્યો છે. તેનું શરીર, ને ખાસ કરીને પગ વચ્ચેનો જે ભાગ ડલ્લી ને અડતો હતો ને ડગલાથી ઢંકાતો નહોતો તે ભાગ ટાઢથી કળવા લાગ્યો ને ઘોડો ધીરે ચાલે ત્યારે વિશેષ કળતો. તેના હાથપગ ધ્રૂજવા લાગ્યા, ને શ્વાસોચ્છ્વાસ જોરથી ચાલવા લાગ્યો. બરફના આ ભયાનક રણમાં મોત આવીને મને ઉપાડી જાય છે, ને એની ચૂડમાંથી છૂટવાનો કોઇ ઉપાય રહ્યો નથી, એમ એને લાગવા માંડ્યું.

અચાનક ઘોડો ઠોકર ખાઇને પડ્યો, બરફની ખાઇમાં વહેતા વહેળામાં ડૂબવા લાગ્યો, ને પડખાભેર આડો પડી ગયો. વાસીલી કૂદીને ઊતરી પડ્યો. જે તંગ પર એણે પગ ટેકવેલો હતો તેને એણે કૂદવા જતાં એક બાજુ ખેંચી પાડ્યો, અને એ તંગ જે ડલ્લીને વીંટાળેલો હતો તે ડલ્લી પકડી રાખી. તે કૂદીને ઊતરી પડ્યો કે તરત ઘોડો મહેનત કરીને ઊભો થઇ ગયો, આગળ વધ્યો, એક ને બે એમ કૂદકા માર્યા, ફરી હણહણ્યો, અને ગોદડી ને ડલ્લી પોતાની પાછળ ખેંચી અલોપ થઇ ગયો. વાસીલીને ખાઇમાં એકલો મૂકતો ગયો.

વાસીલી ઘોડાની પૂંઠે આગળ વધવા ગયો તો ખરો; પણ બરફ એટલો ઊંડો જામેલો હતો ને એના ડગલા એટલા વજનદાર હતા કે ડગલે ડગલે તેના પગ ઢીંચણ સુધી બરફમાં ખૂંપતા ગયા. વીસેક ડગલાં ભર્યાં પછી તે હાંફીને અટકી ગયો. 'જંગલ, બળદ,

સાંથે આપેલું ખેતર, દુકાન, વીશી, ઘર, પતરાંના છાપરાવાળો કોઠાર, ને મારો વારસ! એ બધું શી રીતે છોડાય? આનો અર્થ શો? ના ના, એ તો ન જ હોય!' આ વિચારો એના મનમાં ઝબકારાની પેઠે આવી ગયા. પછી એ જે ઝાડવાંની પાસે થઈને ગયો આવ્યો હતો તે યાદ આવ્યાં; ને તેનું મન બીકથી એવું ઝલાઈ ગયું કે પોતાની ખરેખર આ દશા થઈ રહી છે એમ એ માની જ ન શક્યો. 'આ શું સ્વપ્નું હશે?' તેને થયું. તેણે એમાંથી જાગવાનો પ્રયત્ન કર્યો, પણ જાગી શકાયું નહીં. ખરેખરો બરફ એના મોઢા પર વાગતો હતો, એના શરીર પર પડતો હતો, ને એના જમણા હાથ પરનું મોજું ખોવાઈ ગયેલું એટલે તે હાથ ઠરી જવા આવ્યો હતો. અને આ ખરેખરું વેરાન વગડું હતું; તેમાં તે હવે પેલાં ઝાડવાંની પેઠે એકલો પડ્યો હતો; ને વેગે ધસી આવતા, રોક્યું રોક્યા નહીં એવા, ને નિરર્થક મોતના જડબામાં ઘસડાઈ રહ્યો હતો.

'હે મા! હે સ્વરગની રાણી! હે પવિત્ર પિતા નિકોલસ! હે સંયમના શીખવનાર!' તેણે મનમાં કહ્યું. આગલે દહાડે દેવળમાં પ્રાર્થના થયેલી; ત્યાં કાળા મોંવાળી ને ઢોળવાળા ચોકઠામાં મઢેલી મૂર્તિ હતી; એ મૂર્તિ આગળ ધરવાને તેણે મીણબત્તીઓ વેચેલી; એ મીણબત્તીઓ સળગી ન સળગી ત્યાં તો તરત ઉઠાવી લઈને તેની પાસે પાછી આણવામાં આવેલી; ને એ તેણે ભંડારિયામાં મૂકી દીધેલી; * એ બધું તેને યાદ આવ્યું. એ જ ચમત્કાર કરનાર સંત નિકોલસને તેણે પ્રાર્થના કરી કે 'મને ઉગારો.' પોતે બચી જાય તો સંત નિકોલસ આગળ આભારની પ્રાર્થના કરાવવી ને થોડીક મીણ-

* દેવળનો વહીવટ કરનાર પંચના એક સભ્ય તરીકે વાસીલી મીણબત્તીઓ વેચતો તે લોકો મૂર્તિઓ આગળ ધરવાને ખરીદતા. પૂજા પૂરી થયે તે ભેગી કરી લેવામાં આવતી; જેથી એ પાછી ફરી વેચી શકાય, ને એ રીતે દેવળની આવકમાં વધારો થવા પામે.

બત્તીઓના દીવા કરવા એવી માનતા રાખી. પણ તેને સ્પષ્ટતાથી ને નિઃશંકપણે એમ સમજાઈ ગયું કે મૂર્તિ, તેનું ચોકઠું, મીણબત્તીઓ, પૂજારી; ને પૂજા એ બધું દેવળમાં બહુ અગત્યનું ને જરૂરી છે, પણ અહીં એનો કશો ગજ વાગવાનો નથી; અને એ મીણબત્તીઓ ને પૂજા અને એની અત્યારની દુર્દશા એ બેની વચ્ચે કશો સંબન્ધ નથી, ને હોઇ શકે પણ નહીં. તેણે પાછો વિચાર કર્યો: 'પણ ના, હું નિરાશ થાઉં એ બરાબર નથી. ઘોડાનાં પગલાં પર બરફ છવાઈ વળે તે પહેલાં મારે એ પગલાં જોઈજોઇને જવું જોઇએ. ઘોડો મને બહાર દોરી જશે; અથવા કદાચ હું જ એને પકડી પાડીશ. માત્ર મારે ઉતાવળ કરવી ઠીક નથી; નહીં તો હું અહીં જ ખૂંપી જઇશ ને પછી નીકળવા આરો નહીં રહે.'

ધીરેધીરે જવાનો નિશ્ચય તો એણે કર્યો; છતાં તે ઉતાવળે પગલે ચાલવા લાગ્યો; વચ્ચે દોડ્યો પણ ખરો. ફરીફરી પડે, ઊભો થાય, ને પાછો પડે. બરફ જ્યાં જ્યાં ઊંડો જામેલો નહોતો ત્યાં ઘોડાનાં પગલાં ક્યારનાં ભૂંસાઇ ગયાં હતાં. 'ભોગ મળ્યા!' વાસીલીને થયું. 'ઘોડાનાં પગલાં હવે મને નહીં જડે, ને હું ઘોડાને પકડી નહીં શકું.' પણ એ જ ક્ષણે એને કંઇક કાળું કાળું દેખાયું. એ ઘોડો હતો. ઘોડો હતો, એટલું જ નહીં પણ ગાડી, તેના પોલ, ને રૂમાલ એ બધું હતું. ડલ્લી અને તંગ તેના એક પડખા પર ગૂંચળું થઇને પડ્યાં હતાં. ઘોડો અગાઉની જગાએ નહીં પણ પોલની પાસે ઊભો હતો; અને રેન પર તેનો પગ પડેલો હોવાથી તેનું માથું નીચે ખેંચાતું હતું, એટલે તે વારંવાર માથું હલાવતો હતો. બન્યું એમ હતું કે જે ખાઈમાં અગાઉ નીકીટા પડેલો તેમાં જ વાસીલી પણ પડી ગયો હતો; ઘોડો તેને પાછો ગાડી પાસે લાવતો હતો; ને ગાડી ઊભેલી ત્યાંથી માત્ર પચાસ ડગલાં જેટલે છેટે જ તે ઘોડાની પીઠ પરથી સરી પડેલો.

૯

પડતાં આથડતાં જેમતેમ કરીને ગાડી પાસે પહોંચ્યા પછી વાસીલી ગાડી પકડીને ઘણીવાર હાલ્યાચાલ્યા વિના ઊભો રહ્યો, ને પોતે શાન્ત પડવા ને હાંફ ઉતારવાનો પ્રયત્ન કરવા લાગ્યો. નીકીટા તેની અગાઉની જગાએ નહોતો. ગાડીમાં કશુંક પડ્યું હતું, ને તેના પર બરફ જામ્યો હતો. વાસીલીએ માન્યું કે એ નીકીટા જ હોવો જોઇએ. તેના મનમાંથી બીક સાવ નીકળી ગઇ હતી. તેને હવે બીક રહી હોય તો તે એટલી જ કે તે ઘોડા પર બેઠેલો હતો ને ખાસ કરીને ખાઇમાં એકલો પડી ગયેલો ત્યારે તેને ભયંકર બીક લાગેલી ને થથરાટ છૂટેલો એવું રખે ફરી થવા પામે. એ બીક તેણે ગમે તે ભોગે ટાળ્યે છૂટકો હતો. એ ટાળવા માટે તેણે કંઇક કરવું રહ્યું—શરીર ને મનને કશા કામમાં પરોવવાં રહ્યાં. સહુથી પહેલું કામ તો તેણે એ કર્યું કે પવન આવતો હતો તે તરફ પીઠ ફેરવી ને ઉપલા મોટા ડગલાનાં બટન ખોલી નાખ્યાં. પછી હાંફ સહેજ ઊતરી ગઇ એટલે, તેણે બૂટમાંથી ને ડાબા હાથના મોજામાંથી બરફ ખંખેરી નાખ્યો (જમણા હાથનું મોજું ખોવાઇ ગયેલું તે જડવાની આશા નહોતી, ને અત્યારે તો તે ક્યાંક એકાદ ફૂટ જાડા બરફના થર નીચે પડ્યું હશે). પછી, ખેડૂતો પાસેથી અનાજ ખરીદવા તે દુકાન છોડીને જતો ત્યારે કરવાનો તેનો રિવાજ હતો તેમ, તેણે કમરપટો નીચો ઉતાર્યો, તેને સખત બાંધ્યો, ને કામ માટે તૈયાર થઇને ઊભો. સૌથી પહેલું તો ઘોડાનો પગ લગામમાં અટવાઇ ગયેલો તે છોવડવાનું તેને સૂઝ્યું. એ કર્યા પછી, તે પહેલાં ગાડીના આગલા ભાગમાં જે લોઢાને ખીલે તેને અગાઉ બાંધેલો તે જ ખીલે ફરી બાંધી દીધો. એટલું કરીને તે ઘોડાના પાછલા ભાગની આસપાસ ફરી તંગ અને ડસ્રી સરખાં કરવા ને તેને શરીરે ઓછાડ ઓઢાડવા જતો હતો. પણ એ જ પળે તેણે જોયું કે ગાડીમાં

કંઈક સળવળાટ થઈ રહ્યો છે. એટલામાં તો નીકીટાનું માથું તેના પર છવાઈ ગયેલા બરફમાંથી ઊંચું થયું. નીકીટાનું અડધું શરીર અકડાઈ ગયું હતું. તે મહાપરાણે ઊઠીને બેઠો થયો. જાણે માખીઓ ઉડાડતો હોય એમ વિચિત્ર રીતે નાક સામે હાથ હલાવવા લાગ્યો. વાસીલીને લાગ્યું એ મને બોલાવે છે. વાસીલી! ઓછાડ ઓઢાડ્યા વિનાનો જ મૂકીને ગાડી પાસે ગયો.

'શું છે? શું કહે છે?'

'હું મ......રી જાઉં છું, એ,' નીકીટાએ થોથરાતી જીભે, ને મહામુસીબતે કહ્યું. 'મારું જે લેણું નીકળે તે મારા છોકરાને આપજો. મારી બૈરીને આપશો તોયે વાંધો નથી.'

'હેં, તું ખરેખર અકડાઈ ગયો છે.?'

'મને લાગે છે મોત મને લઈ જાય છે. ઈસુ ભગવાનને ખાતર મારું બોલ્યુંચાલ્યું માફ કરજો......' નીકીટાએ અશ્રુમિશ્રિત સ્વરે કહ્યું, અને માખીઓ ઉડાડતો હોય એવી રીતે મોઢા સામે હાથ હલાવવો ચાલુ રાખ્યો.

વાસીલી અડધી મિનિટ હાલ્યાચાલ્યા વિના અવાચક ઊભો રહ્યો. પછી એકદમ, સરસ ખરીદી કરતો હોય ત્યારે જેવા નિશ્ચયથી બે હાથે તાબોટા પાડવાની તેને ટેવ હતી તેવા જ નિશ્ચયથી તેણે એક ડગલું પાછળ ભર્યું, અને બાંયો ઊંચી ચડાવી નીકીટાના શરીર પરથી ને ગાડીમાંથી બરફ ઉસેડવા માંડ્યો. એટલું કરી તેણે ઉતાવળે કમરપટો છોડ્યો; મોટા ડગલાનાં બટન ખોલી નાખી તેને પહોળો કર્યો; અને નીકીટાને હડસેલો મારી સુવાડી દઈ, પોતે તેના પર સૂઈ ગયો; ને નીકીટાને પોતાના મોટા રુવાંટીના ડગલા વડે જ નહીં, પણ પોતાના આખા હૂંફાળા શરીર વડે ઢાંકી દીધો. ડગલાની ચાળ છૂટી રહી હતી તે નીકીટાના શરીર અને ગાડીની બાજુની વચ્ચે ખોસી દીધી, ને તેની કોરને પોતાના ઢીંચણ વડે દબાવી રાખી. એવી રીતે વાસીલી ઊંધે મોઢે સૂઈ ગયો, ને માથું ગાડીના આગલા ભાગ

આ સ્થિતિમાં તેને હવે ઘોડાની હાલચાલ કે પવનનો સૂસવાટ સંભળાય એવું ન રહ્યું; ફક્ત નીકીટાનો શ્વાસોચ્છ્વાસ જ સંભળાવા લાગ્યો. પહેલાં, ને લાંબા વખત સુધી, નીકીટા અચેતન જેવો પડી રહ્યો. પછી તેણે ઊંડો નિસાસો નાખ્યો ને સહેજ હાલ્યો.

'લે, તું તો કહે છે ને મોત આવે છે! ચૂપચાપ પડી રહે ને ગરમાવો આવવા દે. આપણા લોકો એમ જ કરે છે...' વાસીલીએ કહેવા માંડ્યું.

પણ એને જોઇને ભારે આશ્ચર્ય થયું કે આથી વધારે કશું તેનાથી બોલી શકાયું નહીં. તેની આંખમાં આંસુ આવ્યાં, ને તેનું નીચલું જડબું જોરથી ધ્રૂજવા લાગ્યું. તે બોલતો બંધ થઇ ગયો, ને તેને ડૂમો ભરાઇ આવ્યો. તેને થયું: 'મને લાગે છે હું બહુ છળી ગયો હઇશ, તેથી મારા શરીરમાં જરાયે શક્તિ રહી નથી.' પણ આ અશક્તિ એને અકારી ન લાગી, એટલું જ નહીં પણ તેનાથી એને જેવો અસાધારણ આનંદ આવ્યો તેવો પહેલાં કદી આવ્યો નહોતો.

'આપણા લોકો આમ જ કરે છે,' તે ગણગણ્યો; ને તેણે વિચિત્ર ને ગંભીર કોમળતાનો ભાવ મનમાં અનુભવ્યો. તે લાંબા વખત સુધી આવી રીતે પડી રહ્યો. આંખમાં આંસુ આવેલાં તે ડગલા પર લૂછી નાખ્યાં; ને જમણી બાજુની ચાળને પવન વારંવાર ઉડાડતો હતો તેને પોતાના ઢીંચણ નીચે ખોસી દીધી.

પણ એની આનંદની અવસ્થા વિષે કોકને કહેવાની એને એટલી બધી તીવ્ર ઇચ્છા થઇ આવી હતી કે તેણે કહ્યું: 'નીકીટા!'

'ટાઢ નથી વાતી; હૂંફ લાગે છે!' નીચેથી અવાજ આવ્યો.

'બરાબર છે, દોસ્ત. હું તો મરી જવાનો જ હતો. તું ઠરીને મરી જાત, ને હું પણ......'

પણ ફરી પાછાં તેનાં જડબાં કાંપવા લાગ્યાં, તેની આંખો આંસુથી ભરાઇ આવી, ને તે વધારે બોલી શક્યો નહીં.

'હશે, કશી ફિકર નહીં,' તેણે વિચાર કર્યો. 'મારી વાત હું જાણું છું તે જાણું છું.'

તે ચૂપ થઇ ગયો, ને એ રીતે લાંબો વખત પડી રહ્યો.

નીકીટા એને નીચેથી હૂંફ આપતો હતો, ને રુવાંટીના ડગલા ઉપરથી. માત્ર એના હાથ, જેના વડે તેણે ડગલાની ચાળ નીકીટાને બંને પડખે દબાવી રાખી હતી—ખાસ કરીને મોજા વિનાનો જમણો હાથ—,અને તેના પગ, જે પવનના સપાટાથી ફરીફરી ઉઘાડા થઇ જતા હતા, તે જ અકડાવા લાગ્યા હતા. પણ તે પોતાના પગનો કે હાથનો વિચાર કરતો નહોતો. તેના મગજમાં તો નીચે પડેલા ખેડૂતને હૂંફ કેમ આપવી એ એક જ વિચાર રમી રહેલો હતો. તેણે અનેકવાર બહાર ઘોડા તરફ નજર નાખી, ને જોયું કે એની પીઠ ઉઘાડી થઇ ગઇ છે, ગોદડી ને ડલ્લી નીચે બરફ પર પડ્યાં છે, ને પોતે ઊઠીને એને ઓઢાડવું જોઇએ. પણ નીકીટાને છોડતાં, ને પોતે જે પરમ આનંદની અવસ્થામાં હતો તેમાં ક્ષણવાર પણ વિક્ષેપ પાડતાં, એનો જીવ ચાલ્યો નહિ. તેના મનમાં હવે બીક છાંટાભાર રહી નહોતી.

'કશી ફિકર નથી. આ વેળા અમે એને જવા દેવાના નથી!' જેટલી બડાશથી તે પોતાના ખરીદીવેચાણના સોદા વિષે વાત કરતો તેટલી જ બડાશથી તેણે નીકીટાને આપેલી હૂંફ વિષે મનમાં કહ્યું.

વાસીલીને એ સ્થિતિમાં પડી રહેતાં એક કલાક ગયો, બીજો ગયો, ત્રીજો ગયો; પણ એને વખત વહી જવાનું ભાન રહ્યું નહોતું. પહેલાં તો બરફનું તોફાન, ગાડીના પોલ; હાંસડી સાથે પોતાની નજર સામે થથરતો ઘોડો, એ દૃશ્યો એના મન આગળ ફરીફરી આવવા લાગ્યાં. પણ પછી પોતાની તળે પડેલો નીકીટા યાદ આવ્યો; પછી તહેવાર, બૈરી, પોલીસ અમલદાર, મીણબત્તીની પેટી એ બધાંનાં સ્મરણો એની સાથે ભળવા લાગ્યાં. પાછો ફરી નીકીટા—આ વેળા પેલી પેટી તળે પડેલો—યાદ આવ્યો. પછી ખેડૂતો, ઘરાકો ને

વેપારીઓ, અને ઘરની સફેદ દીવાલો, તેનું લોઢાનું છાપરું, તેની નીચે પડેલો નીકીટા, એ બધું તેની કલ્પનામાં ખડું થયું. પછી આ બધાં સ્મરણો શૂન્યમાં ભળી ગયાં. જેમ મેઘધનુષના રંગો ભેગા થઈને શ્વેત પ્રકાશ થાય છે, તેમ આ જુદાં જુદાં સ્મરણો એકમાં ભળી ગયાં, ને તેને ઊંઘ આવી ગઈ.

લાંબા વખત સુધી તે નિઃસ્વપ્ન નિદ્રામાં પડ્યો રહ્યો, પણ પરોઢ થવાના અરસામાં તેને ફરી જાતજાતનાં દૃશ્યો દેખાવા લાગ્યાં. તેને એવો ભાસ થયો જાણે તે પોતે મીણબત્તીની પેટી પાસે ઊભો રહ્યો છે, ને તિખોનની વહુ દેવળના પરવ માટે પાંચ કોપેક (પૈસા) ની મીણબત્તી માગે છે. એક મીણબત્તી કાઢી એને આપવાની તેની ઇચ્છા તો હતી; પણ તેના હાથ ગજવાંમાં સખત ઝલાઈ ગયા હતા તેથી ઊંચા થઈ શક્યા નહીં. એને પેટીની આસપાસ ફરવાનું મન થયું, પણ એના પગ હાલે જ નહીં. એના નવા ને ચોખ્ખા રબરના ઊંચા હોલબૂટ પથ્થરની ફરસને ચોંટી ગયા હતા. તે ન તો ઊંચા કરી શકાય; ને ન હોલબૂટમાંથી પગ બહાર નીકળે. પછી એવો દેખાવ આવ્યો કે મીણબત્તીની પેટી તે પેટી નથી પણ પથારી છે; ને એકદમ વાસીલીને એવું દેખાયું કે પોતે ઘેર પથારીમાં સૂઈ રહ્યો છે. તે પથારીમાં સૂતો છે ને તેનાથી ઊઠી શકાતું નથી. પણ ઊઠવું જરૂરી હતું, કેમકે પેલો પોલીસ અમલદાર ઇવાન માતવે થોડી જ વારમાં આવવાનો હતો, ને વાસીલીને તેની જોડે — કાં તો જંગલનો સોદો કરવા અથવા ઘોડાના તંગ સરખા કરાવવા — જવાનું હતું.

એણે એની વહુને પૂછ્યું: 'નિકોલા, હજુ પેલો આવ્યો નથી?' 'ના, નથી આવ્યો,' નિકોલાએ જવાબ આપ્યો. તેણે કોકને આગલાં પગથિયાં પર ચડતું સાંભળ્યું. 'એ જ હોવો જોઇએ.' 'ના, એ તો આગળ ચાલ્યો ગયો.' 'નિકોલા! એ નિકોલા! પેલો હજુ નથી આવ્યો?' 'ના.' વાસીલી હજુ પથારીમાં સૂતો હતો, ને તેનાથી

ઉઠાતું નહોતું, પણ તે એકચિત્તે વાટ જોઈ રહ્યો હતો. એની આ પ્રતીક્ષા અકળ હતી, છતાં તેમાંથી એને આનંદ આવતો હતો. પછી એકાએક એના આનંદની અવધિ આવી ગઇ. જેની તે વાટ જોઇ રહ્યો હતો તે આવ્યો—ઇવાન માતવે નહીં, પણ બીજો કોઇ; પણ જેની તે પ્રતીક્ષા કરી રહ્યો હતો તે આ જ હતો. એણે આવી વાસીલીને બોલાવ્યો. એણે જ વાસીલીને હાક મારી હતી, ને તેને નીકીટા પર સૂઇ જવાનું કહ્યું હતું. એ જ પાછો એને તેડવા આવ્યો, એથી વાસીલી રાજી થયો.

'આવું છું !' તેણે હરખભેર બૂમ પાડી. એ બૂમથી તે જાગી ઊઠ્યો. પણ તે ઊંઘી ગયો ત્યારે જે માણસ હતો તેનો તે જ માણસ તે જાગ્યો ત્યારે નહોતો. તેણે ઊઠવાનો પ્રયત્ન કર્યો પણ ઉઠાયું નહીં; હાથ હલાવવાનો પ્રયત્ન કર્યો પણ હાથ હલાવાયો નહીં; પગ હલાવવાનો પ્રયત્ન કર્યો પણ પગ હલાવાયો નહીં; માથું ફેરવવાનો પ્રયત્ન કર્યો પણ માથું ફેરવાયું નહીં. આથી તેને નવાઇ લાગી, પણ બેચેની જરાયે થઈ નહીં. એ સમજ્યો કે આ મોત છે, છતાં એનાથી પણ એ જરાયે અસ્વસ્થ થયો નહીં. તેને યાદ આવ્યું કે નીકીટા તેની નીચે સૂતો છે, તેને હૂંફ વળી છે, ને તે જીવતો છે. વળી પાછો તેને એવો ભાસ થયો જાણે તે પોતે નીકીટા છે ને નીકીટા તે વાસીલી છે, ને વાસીલીનો જીવ તેના પોતાના શરીરમાં નથી પણ નીકીટાના શરીરમાં છે. તેણે કાન માંડ્યા, તો નીકીટાને શ્વાસ લેતો, ને સહેજ ઘોરતો પણ, સાંભળ્યો. 'નીકીટા જીવતો છે, એટલે હું પણ જીવતો છું,' તેણે મનને કહ્યું. જાણે પોતાનો મોટો વિજય થયો ન હોય!

પાછું તેને પૈસા, દુકાન, ઘર, ખરીદી ને વેચાણ, મિરોનોવની દોલત, એ બધું ફરી યાદ આવ્યું; અને વાસીલી બ્રેખુનોવ નામના પેલા માણસે આ બધી ચીજોની જંજાળ શા સારુ વહોરી હતી ને તેની ઉપાધિ શા સારુ વેઠી હતી એ સમજવું તેને મુશ્કેલ થઇ પડ્યું.

એ વાસીલી બ્રેખુનોવને વિષે એણે વિચાર કર્યો: 'હા,' એનું

કારણ એ હતું કે એને ખરી ચીજ શી છે તેની ખબર નહોતી. એ જાણતો નહોતો, પણ હવે હું તો જાણું છું, ને ચોકસ જાણું છું. હવે મને ખબર પડી ગઇ છે!' અને જેણે તેને અગાઉ હાક મારેલી એનો અવાજ તેને ફરી સંભળાયો. 'આવું છું! હું આવું છું!' તેણે હરખભેર જવાબ વાળ્યો, ને એના રોમેરોમમાં આનંદની લાગણી વ્યાપી ગઇ. તેને લાગ્યું: 'હુ છૂટો છું, ને મને હવે કોઇ રોકી શકવાનું નથી.'

તે પછી વાસીલીએ આ દુનિયામાં ન કશું જોયું, ન કશું સાંભળ્યું, ન તેને કશી લાગણી થઇ.

આસપાસ ચોમેર હજુ બરફનાં મોજાં ઊડતાં હતાં. એના એ જ બરફના વંટોળ ઊડતા હતા. મરેલા વાસીલીનો ડગલો, થથરતો ઘોડો, માંડમાંડ દેખાતી ગાડી, અને એને તળિયે પડેલો ને મરેલા શેઠના ભારથી હૂંફ પામતો નીકીટા, બધું એ વંટોળથી ઢંકાઇ ગયું હતું.

૧૦

નીકીટા પહો ફાટતા પહેલાં જાગ્યો. તેની પીઠમાં જે શીત વ્યાપવા માંડ્યું હતું તેનાથી તેની ઊંઘ ઊડી ગઇ. તેને એવું સ્વપ્ન આવ્યું હતું જાણે તે પોતે શેઠનો આટો ગાડામાં નાખી આટાની ચક્કીમાંથી આવે છે, વહેળો ઓળંગતાં પુલ પર જવાને બદલે ભૂલથી આડો જાય છે, ને તેથી ગાડું કાદવમાં ખૂંપી જાય છે. તેણે જોયું કે તે પોતે ગાડાની તળે ભરાયો છે, ને પીઠની કમાન વાળી ગાડાને ઊંચું કરવા મથી રહ્યો છે. પણ નવાઇની વાત એ છે કે ગાડું ખસતું નથી, તેની પીઠને ચોંટી ગયું છે, ને તેનાથી નથી ગાડું ઊંચું થતું કે નથી એની તળેથી નીકળી શકાતું. ગાડાના ભારથી તેનાં પેટ ને કમર કચડાઇ રહ્યાં છે. અને ટાઢ કેવી વાય છે! ગમે તેમ કરીને પણ ગાડા તળેથી નીકળવું જોઇએ. જે કોઇ

માણસ તેના શરીર પર ગાડું દબાવી રહ્યો હતો. તેને એણે બૂમ પાડીને કહ્યું: 'બસ કર હવે! ગૂણો ઉતારી લે!' પણ ગાડું તો દબાતું રહ્યું, અને વધારે ને વધારે ટાઢું લાગતું ગયું. તે પછી તેને એક વિચિત્ર ખખડાટ સંભળાયો. તે પૂરેપૂરો જાગી ગયો, ને તેને બધું યાદ આવ્યું. ઠંડું ગાડું તે એના મરેલા ને અકડાઇ ગયેલા શેઠનું શરીર હતું. અને ખખડાટ ઘોડાએ ગાડીને બેવાર લાત મારેલી તેને લીધે થયો હતો.

'શેઠ! એ વાસીલી શેઠ!' નીકીટાએ સાવચેતીથી હાક મારી. સાચી પરિસ્થિતિ તેને સમજાવા માંડી, ને તેણે પોતાની પીઠ સીધી કરી. પણ વાસીલીએ જવાબ દીધો નહીં. તેનું પેટ ને તેના પગ અક્કડ, ટાઢાંબોળ, ને લોઢાનાં વજન જેવાં ભારે થઇ ગયાં હતાં.

'શેઠ મરી ગયા લાગે છે! સ્વરગમાં વાસ થજો એમનો!' નીકીટાએ મનમાં કહ્યું.

તેણે માથું ફેરવ્યું, આસપાસનો બરફ હાથ વડે ખોદી કાઢ્યો, ને આંખો ઉઘાડી. દિવસ ઊગી ચૂક્યો હતો, ને અજવાળું થયું હતું. પવન પહેલાંની જેમ પોલ વચ્ચે થઇને સૂસવતો હતો. બરફ પણ પહેલાંની પેઠે જ પડતો હતો; માત્ર હવે તે ગાડીને વાગતો નહોતો, પણ ચૂપચાપ ગાડી ને ઘોડો બંનેના ઉપર ફરી વળી તેમને ઊંડાં ને ઊંડાં દાટી રહ્યો હતો; અને ઘોડાની હાલચાલ કે તેનો શ્વાસોચ્છ્વાસ એમાંથી કશું હવે સંભળાતું નહોતું.

'એ પણ થીજીને મરી ગયો હોવો જોઇએ,' નીકીટાએ ઘોડાને વિષે ધાર્યું. અને ખરેખર ગાડીને તેણે મારેલી જે લાતોથી નીકીટા જાગી ગયો હતો તે અકડાઈ ગયેલાં અંગોવાળા ઘોડાએ મરીને પડતા પહેલાં ઊભા રહેવાને કરેલા છેલ્લા પ્રયાસો હતા.

'હે ભગવાન, હે નાથ! મને લાગે છે તું મને પણ બોલાવી રહ્યો છે!' નીકીટાએ કહ્યું. 'જેવી તારી પવિત્ર ઇચ્છા હોય તેમ થાઓ. પણ આ બધું કંઇ કળી શકાતું નથી......માણસ મરે તો

એક જ વાર; મોત કંઇ બેવાર 'આવતું નથી! માત્ર એ વહેલું આવે તો કેવું સારું!'

તેણે માથું ફરી અંદર ખેંચી લીધું, આંખો મીંચી દીધી, ને તે બેભાન થઇ ગયો. તેની પૂરી ખાતરી હતી કે હવે હું ચોક્કસ ને છેવટનો મરી જાઉં છું.

તે દિવસે છેક મધ્યાહ્નને ખેડૂતોએ વાસીલીને નીકીટાને પાવડા વતી બરફમાંથી ખોદી કાઢ્યા. રસ્તાથી સિત્તેર વાર ને ગામડાથી અડધોએક માઇલ દૂર તેઓ પડ્યા હતા.

બરફથી ગાડી ઢંકાઇ ગઇ હતી, પણ પોલ ને તેને બાંધેલો રૂમાલ તો દેખાતા હતા. ઘોડો પેટ સુધી બરફમાં દટાઇ ગયો હતો, ને બેલીતંગ અને ડલ્લી લટકતાં હતાં. ઘોડો સાવ ધોળો થઇ ગયેલો ઊભો હતો, ને તેનું નિર્જીવ માથું દબાઇને થીજી ગયેલા ગળા સાથે ચોંટી જવા આવ્યું હતું. તેનાં નસકોરાંમાંથી બરફના કણ લટકતા હતા. તેની આંખો જાણે આંસુથી ભરેલી હોય તેમ બરફના કણથી છવાઇ ગયેલી હતી. તે એક રાતમાં એટલો સુકાઇ ગયો હતો કે શરીરમાં ચામડી ને હાડકાં સિવાય કશું રહ્યું જ નહોતું.

વાસીલી થીજી ગયેલા મડદા જેવો અક્કડ થઇ ગયો હતો. ખેડૂતોએ એને જ્યારે ગબડાવીને નીકીટાના શરીર પરથી ઉતાર્યો ત્યારે એના પગ જેવા પહોળા કરેલા તેવા, ને હાથ લંબાવેલા, જ રહ્યા. તેની બહાર નીકળી પડતી, બાજ જેવી, આંખો થીજી ગઇ હતી; ને કાતરેલી મૂછો નીચેનું તેનું મોઢું બરફથી ભરાઇ ગયું હતું. પણ નીકીટા ટાઢથી અકડાઇ ગયેલો છતાં હજુ જીવતો હતો. તેને જ્યારે ભાન આવ્યું ત્યારે તેની તો ખાતરી હતી કે પોતે મરી જ ગયો છે, ને જે કંઇ બની રહ્યું છે તે આ લોકમાં નહીં પણ પરલોકમાં બની રહ્યું છે. જે ખેડૂતોએ તેને ખોદી કાઢ્યો ને વાસીલીના થીજી ગયેલા શબને તેના શરીર પરથી ગબડાવીને નીચે પાડ્યું તેમના બૂમબરાડા તેણે સાંભળ્યા ત્યારે પહેલાં તો તેને નવાઇ

લાગી કે પરલોકમાં પણ ખેડૂતો પહેલાંની જ પેઠે બૂમો પાડતા હશે ને તેને પહેલાંના જેવાં જ શરીર હશે? પોતે ઇહલોકમાં જ છે એમ તેને જ્યારે ખરેખર સમજાયું—ને ખાસ કરીને તેના બંને પગની આંગળીઓ થીજીને જૂઠી પડી ગઇ છે એમ તેણે જોયું—ત્યારે તેને આનંદ થવાને બદલે દુઃખ થયું.

નીકીટા બે મહિના ઇસ્પિતાલમાં પડી રહ્યો. તેના પગની ત્રણ આંગળીઓ કાપી નાખવી પડી, પણ બીજી આંગળીઓ તો સાજી થઇ. એટલે તે કામ કરે એવો થઇ શક્યો, ને બીજાં વીસ વરસ જીવ્યો. પહેલાં થોડાંક વરસ ખેતીની મજૂરી કરતો; ને પછી ઘડપણમાં ચોકીદારનું કામ કરતો. ઓણુસાલ જ તે, એની ઇચ્છા હતી તે પ્રમાણે મૂર્તિઓના ચરણ આગળ હાથમાં સળગતી મીણબત્તી રાખીને, મરી ગયો. મરતા પહેલાં તેણે બૈરીની ક્ષમા માગી, ને પીપવાળાને રાખવા માટે તેને ક્ષમા આપી. દીકરાની ને તેનાં છોકરાંની પણ વિદાય તેણે લીધી; મરતી વખતે તેના મનને એટલો ખરેખરો આનંદ થતો હતો કે 'મને ખવડાવવાનો બોજો હું દીકરા ને વહુને માથેથી ઉતારું છું; અને આ જીવનથી થાકેલો હું પરજીવનમાં જાઉં છું.' એ પરજીવન તેને પ્રતિવર્ષ ને પ્રતિક્ષણ વધારે સ્પષ્ટ ને વધારે આકર્ષક લાગતું જતું હતું. મૃત્યુ પછી જે સ્થાનમાં તે જાગ્યો ત્યાં તેની સ્થિતિ અહીંના કરતાં સારી છે કે નરસી, ને ત્યાં કંઇક મળવાની જે આશા તેણે રાખી હતી તે સફળ થઇ કે નિષ્ફળ ગઇ, તે આપણે સહુ થોડી જ વખતમાં જાણવા પામીશું.

(૧૮૯૫)

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨

: પ્રકાશક :
નંદલાલ મો. ઠક્કર
એન. એમ ઠક્કર એન્ડ કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઈ—૨

હવે પછી

કોની બ્હેન !

મૂળલેખક

લીઓ ટોલસ્ટોય

અનુવાદક

ચંદ્રશંકર શુક્લ

અમારાં કેટલાંક પ્રકાશનો

... અઠવાડિયું: લેખક: લુઈ ફીશર. અનુવાદક: ચંદ્રશંકર શુક્લ.
જગપ્રસિદ્ધ અમેરિકન પત્રકાર લુઈ ...રની ગાંધીજી સાથેની, ૧૯૪૨ ના જૂનમાં થયેલી, મુલાકાતનો ... કિ ...

...લોક ગાંધીજી: ...ચંદ્રશંકરે અને અજોડ સંગ્રહ.
ગા... જીવન ... શ્રી. ગણે... ...રના પ્રસ્તાવના સાથે. એક વિદ્વાન મિત્ર લખે
'આ પુ... ...જીના જીવંત સ્મારક જેવું ગણાશે.' કિં. રૂા. સ...

...ગાંધી... રાધાકૃષ્ણન અનુ: ચંદ્રશંકર શુક્લ.
... થયેલો
...ગ્રન્થ.
...ામી આ... પ્રસ્તાવના ... કિં. રૂા. ત્રણ

...ોવાદી આર્થિક યોજના: લે. આચાર્ય ... અનુ: ચંદ્રશંકર શુક્લ.
ગાંધીજીના વિચારોને અનુસરીને આચાર્ય અગ્રવાલે આંકેલી હિંદના આર્થિક વિકાસની યોજના. મહાત્મા ગાંધીજીના પ્રસ્તાવના સાથે. કિં. રૂા. સવા.

હિંદુ ધર્મ: રાધાકૃષ્ણન. અનુવાદક: ચંદ્રશંકર શુક્લ.
હિંદુ ધર્મનાં વિવિધ અંગોનું રસિક ને વિશદ નિરૂપણ કરતા પાંચ નિબંધો. અનુવાદકે લગભગ સાઠ શાસ્ત્રગ્રન્થોમાંથી આપેલાં આધારભૂત વચનો ને તેના ગુજરાતી અનુવાદ સાથે. કિં. રૂા. સવાચાર

વેદની વિચારધારા: રાધાકૃષ્ણન. અનુવાદક: ચંદ્રશંકર શુક્લ.
રાધાકૃષ્ણનના સુપ્રસિદ્ધ ગ્રન્થ 'ઇન્ડિયન ફિલોસોફી' ના ભાગ ૧ ના પ્રકરણ ૨–૩ નો અનુવાદ. મૂળ ગ્રન્થોના અનેક ઉતારા ને તેના ગુજરાતી અનુવાદ સાથે. કિં. રૂા. સવાબે

યુવાનોની સંસ્કાર સાધના: શ્રી. રાધાકૃષ્ણન અનુ: ચંદ્રશંકર શુક્લ.
શ્રી. રાધાકૃષ્ણને વિશ્વવિદ્યાલયો સમક્ષ વિદ્યાર્થીઓને ઉદ્દેશીને સ્વરાજ, શિક્ષણ અને સંસ્કૃતિ ઉપર આપેલા ભાષણોનો સંગ્રહ, જે અંગ્રેજીમાં Freedom and Culture એ નામે પ્રસિદ્ધ થયા છે. કિં. રૂા. દોઢ

ગાંધીજીની યુરોપયાત્રા: લે. કુમારી મ્યુરિએલ લેસ્ટર અનુ: ચંદ્રશંકર શુક્લ.
બીજી ગોળમેજી પરિષદ વખતે ગાંધીજી વિલાયત ગયેલા તે વખતના પ્રસંગ વર્ણનો, તથા મુલાકાતોનું રસિક વર્ણન આપતું પુસ્તક.

વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ, લિમિટેડ

૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.